
વર્ષ : ૬૧ ■ અંક : ૭ ■ તા.૧-૪-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક




## કોરોનાને હરાવીએ...

## વિશ્વના સૌથી મોટા કોરોના રસીકરણ અભિયાને ભારતમાં વિશ્વાસનું વાતાવરણ ઊભું કર્યું

## ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટના 3-Tનો મંત્ર



ટેસ્ટીંગ
ટ્રેસિંગ
ટ્રીટમેન્ટ
3T
સામાજિક દૂરી,
સૌથી વધુ જરૂરી...
સમજદારીપૂર્વકની સાવચેતી એ જ સાચી સારવાર

**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ▪ Issue : 7 ▪ Date 1-4-2021

**તંત્રી** : અશોક કાલરીયા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લીંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**104 + 4 Cover = Total 108 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- જે દેશની ભાવિ પેઢી રાષ્ટ્રનો ભવ્ય ઇતિહાસ ન જાણતી હોય તે દેશ સુરક્ષિત ન રહી શકે.
- ભારતે વિકાસની અને પ્રગતિની જે રફતાર જાળવી છે તેને આઝાદીના અમૃત મહોત્સવથી જન-જન સુધી પહોંચાડવી છે.
- સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસના મંત્રથી ખેડૂતો, ગરીબો, પીડિતો, શોષિતોને સાથે જોડીને વિકાસના અવસર આપીને ભારતને વિશ્વગુરુ બનાવવાનું છે.
- ગુજરાતમાં અન્ય રાજ્યની સરખામણીએ કોરોનાથી મૃત્યુદર ઓછો રહ્યો છે.
- કોરોના સામેની લડતમાં માસ્ક અને વૅક્સિન જ હાલ શ્રેષ્ઠ હથિયાર અને ઇલાજ છે.
- ત્વરિત-ફટાફટ-પારદર્શી નિર્ણયો અને સુધારાથી ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવાની પ્રતિબદ્ધતા છે.
- આત્મનિર્ભર ભારતની લક્ષ્યપૂર્તિ માટે ભારતે કમર કસી છે ત્યારે વિકાસના રોલ મોડેલ તરીકે ગુજરાતની વિશેષ જવાબદારી છે.
- ગુજરાત પૉલિસી ડ્રિવન સ્ટેટના આધાર પર ખેડૂત, ગામડું, MSME, મધ્યમ અને મોટા ઉદ્યોગ તથા સેવા સેક્ટરના વિકાસ માટે ઝડપભેર આગળ વધી રહ્યું છે.
- માઇક્રો કન્ટેનમેન્ટ ઝોન વધારી સઘન સારવાર-નિયંત્રણ-સર્વેલન્સનાં પગલાં લેવાઇ રહ્યાં છે
- 'નલ સે જલ' યોજના અંતર્ગત રાજ્યના પાંચ જિલ્લાઓમાં ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઇ છે.
- ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં દર મહિને એક લાખ નળ કનેક્શન આપવાના લક્ષ્યાંક સાથે યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)








**12 કવર સ્ટોરી** લોકોની સાથે લોકો માટે અવિરત ચાલી રહેલું "કોરોના રસીકરણ અભિયાન"

**6 સ્મરણાંજલિ**
બંધારણના ઘડવૈયા આર્ષદૃષ્ટા ડૉ. બાબાસાહેબ આંબેડકર

**8 સંવાદ**
મન કી બાત

**દાંડીયાત્રા**
22 દાંડી પદયાત્રીઓને નડિયાદમાં આવકારતાં મુખ્યમંત્રીશ્રી
26 ઐતિહાસિક વારસો ધરાવતું પર્યટન સ્થળ દાંડી
- રાજકુમાર જેઠવા
28 આજીવન ખાદીધારી ડાંગના "ગાંડા કાકા" - મનોજ ખેંગાર
31 ભારતની આઝાદીનાં ઈતિહાસનું સુવર્ણ પૃષ્ઠ : દાંડીયાત્રા

**39 નિર્ણય**

**40 આસપાસ**

**42 વિધાનસભાના દ્વારેથી**

**96 વાત વિધાનસભાની**

**98 સમાચાર વિશેષ**

**100 સાફલ્યગાથા**
બન્ની ઘાસિયાં મેદાનોની કાયાપલટે ખોલ્યાં સમૃદ્ધિના દ્વાર - આર. ડી. કમ્બોજ
102 વાત, પડધરી સખીમંડળની મહિલાઓના આર્થિક સ્વાવલંબનની - પારૂલ આડેસરા
- મનરેગા યોજના બની શ્રમિકોની "સંજીવની"

**ગૌરવ**
103 જલ જીવન મિશનમાં 'ગુજરાત બેસ્ટ પરફોર્મર સ્ટેટ'
- ટી.બી નિર્મૂલન ક્ષેત્રે ગુજરાત રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત
104 દ્વારકા મંદિર 'વર્લ્ડ અમેઝિંગ પ્લેસ'
- ગુજરાતી ચલચિત્રોના એવોર્ડ્સની જાહેરાત
105 VISWAS પ્રોજેક્ટને Smart Cities India Awards-2021 એનાયત






**20 જળશક્તિ**
સૌની યોજના : રાજકોટના આજી ડેમમાં નર્મદાનાં નીરનું અવતરણ





**106 પ્રેરણા**
ફૂલોની ખેતીથી મઘમઘ્યો વડોદરા જિલ્લો
- એસ. જે. મિશ્રા / સોનાલી મિસ્ત્રી



## ન રુકેંગે, ન થકેંગે...
## હિંમતપૂર્વક કોરોનાનો મુકાબલો...

વૈશ્વિક મહામારી કોરોનાએ ફરી પાછું માથું ઊંચક્યું છે. આજથી બરાબર એક વર્ષ પહેલાં ઘણા બધા દેશોએ પ્રતિબંધો અને નિયંત્રણો લાગુ કર્યાં હતાં. ભારતના દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમયસરનાં નિર્ણાયક પગલાં લઇને કોરોના મહામારીને ફેલાતી અટકાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. આપણા વૈજ્ઞાનિકોએ મહામારી સામે રક્ષણ આપતી રસી વિકસાવી, તેટલું જ નહીં વિશ્વના જરૂરતમંદ દેશોના નાગરિકો માટે રસી પહોંચાડી માનવતાનું કામ કર્યું.

કોરોના સામેના પ્રથમ તબક્કામાં નિર્ણાયક મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની કોઠાસૂઝ અને સંવેદનશીલતાએ રાજ્યના કરોડો લોકોના હૃદયમાં હામ ભરી છે. રાજ્ય તેમજ કેન્દ્ર સરકારે નાગરિકોનુ સ્વાસ્થ્ય જળવાય અને એમને સ્વાસ્થ્ય સંબંધી કોઇ તકલીફ ન પહોંચે તે માટે આરોગ્ય સેવાઓ સઘન બનાવી દીધી. અન્ન, આરોગ્ય અને સલામતીની પૂરતી તકેદારી રાખવામાં આવી. રિકવરી રેટ ૯૪.૫૧ ટકા ઉપર પહોંચી ગયો હતો. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી કોરોના નામનો અદૃશ્ય શત્રુ ફરી પાછો બેઠો થયો છે. આનો સામનો કરવા સૌ કોઇએ સતર્ક બની તૈયાર રહેવું પડશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના સામે લડવા ‘3T’ એટલે કે, ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટનું સૂત્ર આપ્યું છે. તેમણે રાજ્યના બધા કર્મચારીઓને કોરોના વૉરિયર્સની કેટેગરીમાં મૂકી તેમનું વૅક્સિનેશન કરાવવાનો સંવેદનશીલ નિર્ણય કર્યો છે. ન રુકના, ન ઝૂકના, ન થકના-ગુજરાત અને ગુજરાતીઓની તાસીર છે. એકે એક ગુજરાતી બાંધવને વિશ્વાસ છે કે, કોરોના સામે હિંમતપૂર્વક લડી રહ્યું છે ગુજરાત અને હારવાનો છે કોરોના.

આઝાદીની લડતમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારી દાંડીકૂચને ચીરસ્મરણીય બનાવવા માટે યોજાયેલી દાંડીકૂચ ગાંધીજીનાં મૂલ્યોને સાચા અર્થમાં નવી પેઢી સુધી પહોંચાડી રહી છે. વર્ષ ૧૯૩૦માં દાંડીકૂચ જે-જે સ્થળેથી પસાર થઈ હતી, તે જ સ્થળોએથી વર્ષ ૨૦૨૧ની દાંડીકૂચ પસાર થઈ રહી છે તેનાથી જૂનાં સંસ્મરણો ફરી પાછાં તાજાં થઇ રહ્યાં છે.


ગુજરાતે કોરોનાકાળમાં પણ પોતાના વિકાસની ગતિને જાળવી રાખી છે. વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં તેનું પ્રતિબિંબ સુપેરે જોવા મળી રહ્યું છે. રાજ્ય સરકારે અંદાજપત્રમાં બધાં ક્ષેત્રે સર્વાંગી વિકાસની નવતર કેડી કંડારી છે. નિર્ણાયક નેતૃત્વ અને જનજનનાં સાથથી ગુજરાત વિકાસની નવી ઊંચાઈ હાંસલ કરવા થનગને છે.

જય જય ગરવી ગુજરાત.

**- અશોક કાલરીયા**

## બંધારણના ઘડવૈયા

# આર્ષદૃષ્ટા ડૉ. બાબાસાહેબ આંબેડકર



ભારત રત્ન, સંવિધાનના ઘડવૈયા ડૉ. ભીમરાવ રામજી આંબેડકરનો જન્મ 14 એપ્રિલ, 1891ના દિવસે મિલિટરી હેડકવાર્ટ્સ ઓફ વોર (મહૂ. જિ. ઈન્દોર, મધ્યપ્રદેશ)માં થયો. તેઓ સૂબેદાર રામજી સકપાલ અને માતા ભીમાબાઈનું ચૌદમું સંતાન હતા.

અન્યાય સામે અવાજ ઉઠાવવાનો વારસો પિતા પાસેથી જ મળ્યો. પિતા રામજી સુબેદારે ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાએ મહારોને સેનામાં ભરતી કરવા પર મનાઈ ફરમાવી તેના વિરુદ્ધ તથા હુકમને રદ કરવા ગવર્નર સમક્ષ રજૂઆત કરી.

ઈ.સ. 1894માં પિતાની નિવૃત્તિ બાદ મળતા માસિક રૂ. 50 પેન્શનને લીધે આર્થિક સંકડામણનો સામનો કરવો પડ્યો તેથી મુંબઈ સ્થિર થવા વિચારેલું અંતે દાપોલી અને સતારા તરફ પ્રયાણ કર્યું.

ડૉ. બાબાસાહેબે કુમળી વયે જ માતાની શીતળ છાયા ગુમાવી. 1897માં છ વર્ષની ઉંમરે મોટાભાઈ આનંદરાવ સાથે કેમ્પ સ્કૂલ સતારામાં ભીમરાવને દાખલ કર્યા. પ્રતિભાશાળી ભીમરાવને તેમના પ્રિય શિક્ષક કૃષ્ણરાવ કેશવરાવે પોતાની અટક આંબેડકર આપી. ઈ.સ. 1902માં સતારાની નોકરી છૂટી જતાં પિતા સાથે મુંબઈની લોઅર પરેલની ડબલ ચાલમાં રહેવા આવ્યા. ભીમરાવને પહેલાં મરાઠા હાઈસ્કૂલમાં અને પછી એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં દાખલ કર્યા.

9 નવેમ્બર 1906ના રોજ શ્રી ભીખુ ધોત્રેની પુત્રી રમાબાઈ સાથે વિવાહ થયા. ઈ.સ. 1907માં એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં મેટ્રિકની પરીક્ષા પાસ કરી કોલેજમાં પ્રવેશ મેળવ્યો જે બદલ રા. બ. સીતારામ કેશવ બોલેની અધ્યક્ષતામાં સત્કાર સમારંભ પણ યોજાયો હતો. જેમાં કૃષ્ણાજી કેબુસ્કરે ભગવાન બુદ્ધનું ચરિત્ર પ્રસ્તક ભેટ આપ્યું. 1908માં મુંબઈ યુનિવર્સિટીમાંથી મેટ્રિકની પરીક્ષા પાસ કરી અને મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં પ્રવેશ મેળવ્યો. મુંબઈ યુનિવર્સિટીમાંથી પર્શિયન - અંગ્રેજી સાથે બી.એ. પાસ કર્યું.

ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ગુજરાત સાથે ઘનિષ્ઠ નાતો રહ્યો. ઈન્ટર પછીના અભ્યાસ માટે વડોદરાના પ્રજાવત્સલ રાજવી મહારાજ

**પ્રખર વિદ્વાન, સમાજશાસ્ત્રી, અર્થતંત્રના જ્ઞાતા, મહિલા ઉત્કર્ષના પ્રણેતા, નીડર સમાજસેવક, સાહિત્યકાર, સંશોધનકાર કાયદાશાસ્ત્રી, લેખક, પત્રકાર સાથોસાથ વંચિતોના હમદર્દ... આ સર્વે વિશેષણો પણ જે વ્યક્તિને ઓછાં પડે તેવી વિરલ વિભૂતિ એટલે મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકર. ભારતીય સંવિધાનના શિલ્પી ડૉ. બાબાસાહેબ મૂલ્યનિષ્ઠ, સમાજસુધારક અને સમગ્ર માનવજાતિના ઉદ્ધારક.**

સયાજીરાવ ગાયકવાડે (ત્રીજા) શિષ્યવૃત્તિ આપી. પરિણામે કોલેજ અભ્યાસ - ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું.

મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજની કેન્ટીનમાં વિદ્યાર્થીઓનો પ્રવેશ અપાવવાની ઝુંબેશ કરનાર ભટ્ટ મહોદયે આંબેડકરને કેન્ટીનમાં પ્રવેશ કરાવ્યો.

ગ્રેજ્યુએટ ભીમરાવ આંબેડકરને વડોદરામાં જ પ્રથમ નોકરી મળી, વળી મહારાજા સયાજીરાવ ગાયકવાડે પેટલાદના શિવરામ જેરામના અવસાનથી ખાલી પડેલી જગ્યા ઉપર તેમની રાજ્યના કાયદા કાઉન્સિલ legislatureમાં પ્રતિનિધિ તરીકે નિમણૂક કરી. આ સમયે તેઓ કારેલીબાગના અંત્યજ છાત્રાલયમાં રહેતા હતા. જેના ગૃહપતિ આર્યસમાજી આત્મારામ અમૃતસરી હતા.

ડૉ. બાબાસાહેબને અભ્યાસ માટે પણ મહારાજા સયાજીરાવ ગાયકવાડની શિષ્યવૃત્તિ પ્રાપ્ત થઈ. પરિણામે તેઓ અમેરિકામાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શક્યા હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકર નીડર પત્રકાર પણ હતા. જાન્યુઆરી, 1920માં તેઓએ 'મૂકનાયક' મરાઠી પાક્ષિકનો પ્રારંભ કર્યો. એપ્રિલ, 1927માં 'બહિષ્કૃત ભારત' નામના મરાઠી પાક્ષિકનો પણ પ્રારંભ કર્યો. તો વળી 'સમતા' પાક્ષિક સપ્ટેમ્બર 1927માં શરૂ કર્યું. ડિસેમ્બર 1930માં 'જનતા' સામયિક શરૂ કર્યું.

ડૉ. આંબેડકરે યુવાનોને માતૃભૂમિની સેવા કરવાનું આહ્વાન આપતો લેખ મૂકનાયકમાં લખ્યો હતો જેમાં પોતાના વિચારો વ્યક્ત કરતા લખ્યું,

કોઈથી ડરો નહીં પોતાના હક્ક માટે લડો, જેમ રોગ આપત્તિમાં આપણે અડચણો સહન કરવી પડે છે. એવી જ રીતે આપણા સમાજની ઉન્નતિના માર્ગમાં દુઃખ તો છે. પરંતુ ડરીને હિંમત ગુમાવી દેવી એ પૂરુંષાર્થ નથી, જે સમાજમાં આપણો ઉછેર થયો છે એના હિત માટે અને જે દેશમાં આપણે જન્મ લીધો અને મોટા થયા તે માતૃભૂમિના ઉદ્ધાર માટે ઋણમુક્ત થવા માટે કાયાનો ઉપયોગ કરો અને આપણી કીર્તિને અમર કરો.

આર્ષદ્રષ્ટા અને આજીવન કર્મયોદ્ધા ડૉ. બાબાસાહેબે રાજકીય, સામાજિક, ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક તેમજ માનવ અધિકારો આપવા માટે આજીવન - અવિરત સંઘર્ષ કરીને છેવાડાના સમાજને તેમના અધિકારો અપાવીને જ રહ્યા, ડૉ. બાબાસાહેબ આંબેડકર દેશ અને નવી પેઢીના યુવાનો માટે હરહંમેશ પ્રેરણામૂર્તિ બની રહેશે. ●

## બાબાસાહેબની જીવનગાથાની તવારીખ

- 9 મે, 1916: કોલંબિયામાં સમાજશાસ્ત્ર વિષયના એન્થ્રોપોલોજી સેમિનારમાં 'કાસ્ટ ઈને ઇન્ડિયા' સંશોધન પેપર પ્રસ્તુત કર્યું.
- 19 ઓક્ટોબર, 1916: લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પોલિટિકલ સાયન્સ, લંડનમાં એમ. એસ.સી. અને ડી. એસ.સી.ની પદવી માટે પ્રવેશ મેળવ્યો.
- જૂન, 1916: પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરવા નેશનલ ડિવિડન્ડ ઓફ ઇન્ડિયા શીર્ષક હેઠળ મહાનિબંધ (કોલંબિયા યુનિવર્સિટી) રજૂ કર્યો
- જૂન, 1917: છાત્રવૃત્તિની મુદત પૂરી થતાં ભારત પાછા આવ્યા અને ડી.એસ.સી. (અર્થશાસ્ત્ર)નો મહાનિબંધ અધૂરો મૂકવો પડ્યો.
- 28 જુલાઈ, 1920: M.Sc. અને D.Sc. ડિગ્રી માટે લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પોલિટિકલ સાયન્સમાં અને 'ગ્રેજ ઈન'માં બેરિસ્ટરના અભ્યાસ માટે દાખલ થયા.
- 29 જૂન, 1921: લંડન યુનિવર્સિટી દ્વારા M.Sc. (અર્થસાસ્ત્ર)ની પદવી પ્રાપ્ત કરી.
- 30 મે, 1921: જર્મનીમાં સંસ્કૃતનો અભ્યાસ કરવા બોન (BONN) યુનિવર્સિટીમાં પ્રવેશ.
- નવેમ્બર, 1923: પ્રોબ્લેમ ઓફ રૂપી, 'The Problem of Rupee' થિસિસ - મહાનિબંધ D.Sc. અર્થશાસ્ત્રની પદવી માટે સ્વીકૃત થયો.
- 15 ડિસેમ્બર, 1946: અખંડ ભારતની હિમાયત કરતું બંધારણ સભામાં પ્રથમ ઐતિહાસિક પ્રવચન.
- ઓગસ્ટ, 1947: સ્વતંત્ર ભારતના સંવિધાન માટેની ડ્રાફ્ટિંગ કમિટીમાં નિયુક્તિ
- ઓગસ્ટ, 1947: નહેરૂ કેબિનેટમાં સ્વતંત્ર ભારતના કાયદા પ્રધાન બન્યા.
- નવેમ્બર, 1948: ડ્રાફ્ટિંગ કમિટીના અધ્યક્ષ તરીકે સંસદમાં ભારતીય સંવિધાનનો મુસદો રજૂ કર્યો.
- 24 ફેબ્રુઆરી, 1949: સીલેક્ટ કમિટિના અધ્યક્ષ તરીકે 'હિન્દુ કોડ બીલ'ની કાર્યવાહી પૂર્ણ કરી.
- ડિસેમ્બર, 1955: Thoughts on Linguisic States (થોટસ ઓન લિંગ્વિસ્ટિક સ્ટેટસ) ભાષાવાર રાજ્ય પુનઃરચના વિશે વિચાર પુસ્તકનું પ્રકાશન
- ફેબ્રુઆરી, 1956: 'જનતા' સાપ્તાહિકનું 'પ્રબુદ્ધ ભારત' નવું નામાભિધાન કરવામાં આવ્યું.
- 14 ઓક્ટોબર, 1956: નાગપુર ખાતે બૌદ્ધ ધર્મનું દીક્ષાગ્રહણ
- નવેમ્બર, 1956: 1) The Buddha and His Dharma (બુદ્ધ અને તેમના ધર્મ) 2) Revolution and Counter Revolution (ક્રાંતિ - પ્રતિક્રાંતિ) બંને ગ્રંથનું લેખન કાર્ય પૂર્ણ કર્યું.
- 6 ડિસેમ્બર, 1956: 26, અલીપુર રોડ, દિલ્હીમાં પરિનિર્વાણ.
- 7 ડિસેમ્બર, 1956: દાદર, ચોપાટી, મુંબઈ ખાતે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો જે ચૈત્યભૂમિનાં નામે સુપ્રસિદ્ધ છે. ●



# મન કી બાત

## માર્ચ 2021

### લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યના અંશોની ઝલક પ્રસ્તુત છે.***

મારા વ્હાલા દેશવાસીઓ, નમસ્કાર, આ વખતે, જ્યારે હું મન કી બાત માટે જે પણ પત્રો આવે છે, ટીપ્પણીઓ આવે છે, જાત-જાતના ઇનપુટ્સ મળે છે, તેમના ઉપર નજર ફેરવી રહ્યો હતો, તો કેટલાય લોકોએ એક બહુ મહત્ત્વની વાત યાદ કરી. માય ગોવ પર બેંગલુરૂથી અનૂપ રાવ, નોયડાથી દેવેશ, થાણેથી સુજીત, આ બધાએ કહ્યું કે, મોદીજી આ વખતે 'મન કી બાત'ની પંચોતેરમી કડી છે. એ માટે આપને અભિનંદન. હું આપને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું કે, આપે આટલી બારીકાઈથી મન કી બાદને ફોલો કરી છે અને આપ જોડાયેલા રહ્યા છો. આ મારા માટે પણ બહુ જ ગર્વની બાબત છે. આનંદની બાબત છે, મારા તરફથી પણ આપને ધન્યવાદ છે જ, સાથે મન કી બાતના બધા શ્રોતાઓનો પણ આભાર વ્યક્ત કરૂં છું, કેમ કે આપના સાથ વિના આ સફર શક્ય જ નહોતી. એવું લાગે છે, જાણે આ કાલની જ વાત હોય, જ્યારે આપણે સૌએ સાથે મળીને આ વૈચારિક સફર શરૂ કરી હતી. ત્યારે 3 ઓક્ટોબર 2014ના રોજ વિજયાદશમીનું પાવન પર્વ હતું અને સંજોગ જુઓ કે આજે હોલિકાદહન છે.

'એક દીપથી બીજો દીપ પ્રગટે અને રાષ્ટ્ર રોશન થાય આપણું' - આ ભાવનાથી ચાલતાં - ચાલતાં આપણે આ મઝલ કાપી છે. આપણે દેશના ખૂણેખૂણેથી લોકો સાથે વાત કરી અને તેમનાં અસામાન્ય કાર્યો વિષે જાણ્યું છે. આપણે પણ અનુભવ કર્યો હશે કે આપણા દેશના અંતરિયાળ ખૂણામાં પણ કેટલી અભૂતપૂર્વ ક્ષમતા પડેલી છે! ભારત માતાના ખોળામાં કેવાં કેવાં રત્નો ઉછરી રહ્યાં છે. મારા માટે તો તે પોતે પણ સમાજ પ્રત્યે જોવાનો, સમાજને જાણવાનો, સમાજના સામર્થ્યને ઓળખવાનો એક અદભૂત અનુભવ રહ્યો છે.

આ 75 હપ્તાઓ(કડીઓ) દરમ્યાન કેટ-કેટલા વિષયોમાં પસાર થવાનું રહ્યું!? ક્યારેક નદીની વાત, તો ક્યારેક હિમાલયના શિખરોની વાત, તો ક્યારેક રણની વાત, ક્યારેક કુદરતી આફતની વાત, તો ક્યારેક માનવ-સેવાની અગણિત ગાથાઓની અનુભૂતિ, ક્યારેક ટેકનોલોજીની નવી શોધ, તો ક્યારેક કોઇ અજાણ્યા ખૂણામાં, કંઇક નવું કરી બતાવનારા કોઇના અનુભવની ગાથા. હવે તમે જ જુઓ, સ્વચ્છતાની વાત હોય કે પછી આપણા વારસાના જતનની ચર્ચા હોય, એટલું જ નહીં, રમકડાં બનાવવાની વાત હોય, તેમાં શું શું નહોતું!? કદાચ, (ગણતરી કરીએ કે) કેટલા વિષયોને આપણે સ્પર્શ્યા છીએ, તો તે પણ કદાચ અગણિત બની જશે. (ગણ્યા ગણાય નહીં તેટલા હશે.) આ 75મી કડીના પ્રસંગે સૌથી

પહેલા મન કી બાતને સફળ બનાવવા બદલ, સમૃદ્ધ કરવા બદલ અને તેની સાથે જોડાયેલા રહેવા બદલ, હું દરેક શ્રોતાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

મારા વ્હાલા દેશવાસીઓ, જુઓ કેટલો મોટો સુખદ સંયોગ છે કે આજે મને 75મી મન કી બાત કરવાની તક અને આ જ મહિનો આઝાદીના 75 વર્ષના 'અમૃત મહોત્સવ'ના આરંભનો મહિનો. અમૃત મહોત્સવ દાંડીકૂચના દિવસથી શરૂ થયો હતો અને 15 ઓગસ્ટ 2023 સુધી ચાલશે. અમૃત મહોત્સવને લગતા કાર્યક્રમો સતત પૂરા દેશમાં થઈ રહ્યા છે. અલગ અલગ સ્થળોથી આ કાર્યક્રમોની તસવીરો, માહિતી લોકો share કરી રહ્યા છે, નમો એપ પર એવી જ કેટલીક તસવીરોની સાથે ઝારખંડના નવીનજીએ મને એક સંદેશો મોકલ્યો છે. તેમણે લખ્યું છે કે તેમણે અમૃત મહોત્સવના કાર્યક્રમો જોયા અને નક્કી કર્યું કે તેઓ પણ સ્વતંત્રતા સંગ્રામ સાથે જોડાયેલાં ઓછામાં ઓછાં 10 સ્થાને જશે. તેમની યાદીમાં પહેલું નામ, ભગવાન બિરસા મુંડાના જન્મસ્થાનનું છે. નવીનજીએ લખ્યું છે કે ઝારખંડના આદિવાસી સ્વતંત્રતા સેનાનીઓની ગાથાઓ તેઓ દેશના બીજા ભાગોમાં પણ પહોંચાડશે. ભાઈ નવીન, તમારા આ વિચાર માટે હું તમને અભિનંદન આપું છું.

સાથીઓ, કોઈ સ્વતંત્રતા સેનાનીની સંઘર્ષ કથા હોય, કોઈ સ્થળનો ઈતિહાસ હોય, દેશની કોઈક સાંસ્કૃતિક ગાથા હોય, અમૃત મહોત્સવ દરમ્યાન આપ તેને દેશ સમક્ષ લાવી શકો છો. દેશવાસીઓને તેની સાથે જોડવાનું માધ્યમ બની શકો છો. તમે જોજો, જોત-જોતામાં અમૃત મહોત્સવ આવાં કેટલાંય પ્રેરણાદાયક અમૃતબિંદુઓથી ભરાઈ જશે, અને પછી એવી અમૃતધારા વહેશે જે આપણને આઝાદીનાં સો વર્ષ સુધી પ્રેરણા આપતી રહેશે. દેશને નવી ઊંચાઈએ લઈ જશે, કંઈકને કંઈક કરવાનો જુસ્સો જન્માવશે. સ્વતંત્રતા સંગ્રામમાં આપણા સેનાનીઓએ અનેક કષ્ટ એટલા માટે સહ્યાં, કેમ કે, તેઓ દેશ માટે ત્યાગ અને બલિદાનને પોતાનું કર્તવ્ય સમજતા હતા. તેઓના ત્યાગ અને બલિદાનની અમરકથાઓ હવે આપણને કર્તવ્ય માર્ગ માટે સતત પ્રેરિત કરે અને જેમ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે :

નિયતમ્ કુરૂ કર્મ ત્વમ્, કર્મ જયાયો હયકર્મણ:

તેમ, તે જ ભાવથી, આપણે બધાં, પોતાનાં નિયત કર્તવ્યોનું પૂરી નિષ્ઠાથી પાલન કરીએ. આઝાદીના અમૃત મહોત્સવનો અર્થ જ એ છે કે આપણે નવા સંકલ્પો કરીએ. તે સંકલ્પોને સિદ્ધ કરવા માટે તન-મનથી મચી પડીએ અને સંકલ્પો એવા હોય કે જે સમાજની ભલાઈના હોય, દેશના ભલા માટેના હોય, દેશના ઉજ્જવળ ભવિષ્ય માટેના હોય. અને સંકલ્પ એવો હોય કે જેમાં મારે, પોતાના ભાગે, ખુદે કંઈકને કંઈક કરવાનું હોય, મારું પોતાનું કર્તવ્ય જોડાયેલું હોય. મને વિશ્વાસ છે, ગીતાને જીવવાનો આ સોનેરી અવસર, આપણા લોકો પાસે છે.

મારા પ્રિય દેશવાસીઓ, ગયા વર્ષે આ માર્ચનો જ મહિનો હતો, દેશે પહેલી વાર, જનતાકરફ્યુ શબ્દ સાંભળ્યો હતો. પરંતુ આ મહાન દેશની મહાન પ્રજાની મહાશક્તિનો અનુભવ જુઓ. જનતા કરફ્યુ પૂરા વિશ્વ માટે એક આશ્ચર્ય બની ગયો હતો. શિસ્તનું એ અભૂતપૂર્વ ઉદાહરણ હતું. ભાવી પેઢીઓ આ એક વાતને લઈને ચોક્કસ ગર્વ લેશે. એ જ રીતે આપણા કોરોના વૉરિયર્સ(યોદ્ધાઓ) પ્રત્યે સન્માન, આદર, થાળી વગાડવી, તાળી પાડવી, દીવા પ્રગટાવવાને ગણાય.. તમને ખ્યાલ નથી કે કોરોના વૉરિયર્સનાં દિલોને તે કેટલું સ્પર્શી ગયું હતું ! અને આજ કારણ છે કે તેઓ આખું વરસ, થાક્યા વગર, અટક્યા વિના (સેવા કરતા રહ્યા) અડગ રહ્યા. દેશના એકેએક નાગરિકનું જીવન બચાવવા તન-મનથી ઝઝૂમતા રહ્યા. ગયા વર્ષે આ સમયે સવાલ હતો કે કોરોનાની રસી ક્યાં સુધીમાં આવશે ?

સાથીઓ, આપણા બધાં માટે ગર્વની બાબત છે કે આજે ભારત, દુનિયાનો સૌથી મોટો રસીકરણ કાર્યક્રમ ચલાવી રહ્યો છે. રસીકરણ કાર્યક્રમની તસવીરો વિષે મને ભૂવનેશ્વરનાં પુષ્પા શુકલાજીએ લખ્યું છે. તેમનું કહેવું છે કે ઘરના વડીલો-વૃદ્ધોમાં રસીને લઈને જે ઉત્સાહ જોવા મળે છે, તેની ચર્ચા હું મન કી બાતમાં કરું. વાત સાચી પણ છે સાથીઓ, દેશના ખૂણેખૂણાથી આપણે એવા સમાચાર સાંભળીએ છીએ, એવી તસવીરો જોઈ રહ્યાં છીએ જે આપણા હૃદયને સ્પર્શી જાય છે. હું, આપ સૌ શ્રોતાઓના આ વિચારોની પ્રશંસા કરું છું. આ બધાં વચ્ચે કોરોના સામેની લડાઈનો મંત્ર પણ ચોક્કસ યાદ રાખો કે - દવા પણ - સખ્તાઈ પણ.

મારા પ્રિય દેશવાસીઓ, મારે આજે ઈન્દોરનાં રહેવાસી સૌમ્યાજીને ધન્યવાદ આપવા છે. તેમણે એક વિષય પ્રત્યે મારું ધ્યાન ખેંચ્યું છે, અને તેનો ઉલ્લેખ મન કી બાતમાં કરવાનું કહ્યું છે. આ વિષય છે - ભારતનાં ક્રિકેટર મિતાલી રાજજીનો નવો રેકોર્ડ. મિતાલીજી તાજેતરમાં જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં દસ હજાર રન બનાવનારાં પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર બન્યાં છે. તેમની આ સિદ્ધિ બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન. (વન ડે ઈન્ટરનેશનલ) એકદિવસીય આંતરરાષ્ટ્રીય મેચોમાં સાત હજાર રન કરનારાં પણ તેઓ એકમાત્ર આંતરરાષ્ટ્રીય મહિલા ખેલાડી છે. મહિલા ક્રિકેટ ક્ષેત્રે તેમનું યોગદાન બહુ શાનદાર છે. બે દાયકાથી વધુની કારકિર્દીમાં મિતાલી રાજજીએ હજારો - લાખોને પ્રેરિક કર્યા છે. તેમના કઠોર

પરિશ્રમ અને સફળતાની ગાથા, માત્ર મહિલા ક્રિકેટરો માટે જ નહીં, બલ્કે પુરુષ ક્રિકેટરો માટે પણ એક પ્રેરણા છે.

સાથીઓ, એ વાત પણ રસપ્રદ છે કે આ જ માર્ચના મહિનામાં આપણે જયારે મહિલા દિવસ ઉજવી રહ્યા છીએ, ત્યારે અનેક મહિલા ખેલાડીઓએ ચંદ્રકો અને વિક્રમો પોતાના નામે કર્યા છે. દિલ્હીમાં નિશાનેબાજીમાં આયોજિત ISSF વિશ્વકપમાં ભારત ટોચ પર રહ્યું. સુવર્ણચંદ્રકની સંખ્યાની બાબતમાં ભારતે બાજી મારી. ભારતનાં મહિલા અને પુરુષ નિશાનેબાજોના શાનદાર પ્રદર્શનના કારણે જ આ શક્ય બની શક્યું. તેની વચ્ચે પી.વી.સિંધુજીએ BWF સ્વીસ ઓપન સુપર 300 ટૂર્નામેન્ટમાં રજતચંદ્રક જીત્યો છે. આજે શિક્ષણથી લઈને ઉદ્યોગ સાહસિકતા સુધી, સશસ્ત્ર સેનાથી લઈને વિજ્ઞાન અને ટેકનોલોજી સુધી, દરેક જગ્યાએ દેશની દીકરીઓ પોતાની અલગ ઓળખ ઊભી કરી રહી છે, મને વધારે આનંદ એ વાતનો છે કે દીકરીઓ, રમતોમાં પોતાનો એક નવો મુકામ સ્થાપી રહી છે. વ્યાવસાયિક પસંદના રૂપમાં રમતગમત એક નવી પસંદ બનીને ઉપસી રહી છે.

મારા વ્હાલા દેશવાસીઓ, થોડા સમય પહેલાં યોજાયેલી વહાણવટા ભારત શિખર પરિષદ તમને યાદ છે ને ? આ શિખર પરિષદમાં મેં શું કહ્યું હતું, તે તમને યાદ છે ? સ્વાભાવિક છે આટલા બધા કાર્યક્રમો યોજાતા રહે છે, આટલી બધી બાબતો બનતી રહે છે, તેમાં દરેક બાબત ક્યાં યાદ રહે છે ? અને એટલું ધ્યાન પણ કયાં જાય છે ? આ સ્વાભાવિક છે.

સાથીઓ, મન કી બાત દરમ્યાન, મેં પ્રવાસનના વિવિધ પાસાંઓ વિષે અનેક વખત વાત કરી છે. પરંતુ આ દીવાદાંડીઓ પ્રવાસનની દૃષ્ટિએ અજોડ હોય છે. પોતાની ભવ્ય બાંધણીના કારણે દીવાદાંડીઓ હંમેશાં લોકો માટે આકર્ષણનું કેન્દ્ર રહી છે. પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ભારતમાં પણ 71 દીવાદાંડીઓ અલગ તારવવામાં આવી છે. આ તમામ દીવાદાંડીઓમાં તેમની ક્ષમતા મુજબ સંગ્રહાલય, એમ્ફી થિયેટર, ઓપનએર થિયેટર, અલ્પાહારગૃહ, બાળઉદ્યાન, પર્યાવરણ સાનુકૂળ નિવાસગૃહો અને કુદરતી સૌંદર્ય સ્થળ તૈયાર કરવામાં આવશે.

જયારે દીવાદાંડીની વાત થઈ રહી છે તો હું એક અજોડ દીવાદાંડી વિષે આપને પણ જણાવવા ઇચ્છીશ. આ દીવાદાંડી ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં ઝિંઝુવાડા નામના એક ગામમાં છે. જાણો છો ? આ દીવાદાંડી કેમ ખાસ છે ? ખાસ એટલા માટે છે કે જયાં આ દીવાદાંડી આવેલી છે, ત્યાંથી હાલ દરિયાકિનારો સો કિલોમિટરથી પણ વધારે દૂર છે. તમને આ ગામમાં એવા પથ્થર પણ મળી જશે, જે એવું સૂચવે છે કે અહીં કયારેક એક વ્યસ્ત બંદર આવેલું હશે. એનો અર્થ એ થયો કે પહેલાં દરિયાકિનારો છેક ઝિંઝુવાડા સુધી હતો. સમુદ્રનું ઘટવું, વધવું, પાછા ખસવું, આટલે દૂર જતું રહેવું, એ પણ તેનું એક સ્વરૂપ છે.

પ્રિય દેશવાસીઓ, જીવનના દરેક ક્ષેત્રમાં નવીનતા, આધુનિકતા અનિવાર્ય હોય છે. નહીંતર એ જ બાબત કોઇકોઇ વાર આપણા માટે બોજ બની જાય છે. ભારતના કૃષિજગતમાં આધુનિકતા એ સમયની માંગ છે. ઘણું મોડું થઇ ચૂક્યું છે. આપણે ઘણો સમય ગુમાવી ચૂક્યા છીએ. ખેતીક્ષેત્રમાં રોજગારીની નવી તકો પેદા કરવા માટે, ખેડૂતોની આવક વધારવા માટે, પરંપરાગત ખેતીની સાથે જ, નવા વિકલ્પો, નવીનવી શોધોને અપનાવવાનું પણ એટલું જ જરૂરી છે. શ્વેતક્રાંતિ દરમ્યાન દેશે આ અનુભવ કરેલો છે. મધમાખી પાલન દેશમાં મધક્રાંતિ અથવા મધુર ક્રાંતિનો આધાર બની રહ્યું છે. પશ્ચિમ બંગાળના જ સુંદરવન ક્ષેત્રનું કુદરતી ઓર્ગેનિક મધ તો દેશ અને દુનિયામાં પસંદ કરવામાં આવે છે.

આવો જ એક વ્યક્તિગત અનુભવ મને ગુજરાતનો પણ છે. ગુજરાતના બનાસકાંઠામાં વર્ષ 2016માં એક આયોજન થયું હતું. તે કાર્યક્રમમાં મેં લોકોને કહ્યું કે, અહીં એટલી બધી શક્યતા છે, તો શા માટે બનાસકાંઠા અને આપણા અહીંના જ ખેડૂતો મધુરક્રાંતિનું નવું પ્રકરણ ન લખે ? અને તમને જાણીને આનંદ થશે કે, આટલા ઓછા સમયમાં બનાસકાંઠા મધ ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. આજે બનાસકાંઠાના કિસાનો મધમાંથી દર વર્ષે લાખો રૂપિયા કમાઇ રહ્યા છે. સાથીઓ,હું ઇચ્છું છું કે, દેશના વધુને વધુ ખેડૂતો પોતાની ખેતીની સાથે સાથે મધમાખીપાલનના વ્યવસાયમાં પણ જોડાય. તે ખેડૂતોની આવક પણ વધારશે, અને તેમના જીવનમાં મીઠાશ પણ ઘોળશે.

મારા વ્હાલા દેશવાસીઓ, હજી થોડા દિવસ પહેલાં જ World Sparrow Day મનાવવામાં આવ્યો. Sparrow એટલે ગોરૈયા, કયાંક તેને ચકલી કહે છે, કયાંક ચિમની કહે છે, કયાંક ધાન ચીરિકા પણ કહેવામાં આવે છે. પહેલા આપણા ઘરોમાં દીવાલો પર આસપાસના વૃક્ષો પર ચકલી ચહેકતી રહેતી હતી. પરંતુ હવે લોકો ચકલીને એમ કહીને યાદ કરે છે કે, ગયે વખતે વર્ષો પહેલાં ચકલીને જોઇ હતી. આજે તેને બચાવવા માટે આપણે પ્રયાસ કરવા પડે છે. બનારસના મારા એક સાથી ઈન્દ્રપાલસિંહ બત્રાજીએ એવું કામ કર્યું છે કે, જેને હું મન કી બાતના શ્રોતાઓને અવશ્ય જણાવવા ઇચ્છું છું. બત્રાજીએ પોતાના ઘરને ચકલીનું નિવાસસ્થાન બનાવી દીધું છે. તેમણે પોતાના ઘરમાં લાકડાના એવા માળા બનાવ્યા જેમાં ચકલી આરામથી રહી શકે. આજે બનારસના કેટલાંય

ઘર આ ઝુંબેશ સાથે જોડાઇ રહ્યાં છે. તેનાથી ઘરોમાં એક અદભુત પ્રાકૃતિક વાતાવરણ પણ બની ગયું છે. હું ઇચ્છું છું કે, પ્રકૃતિ, પર્યાવરણ, પ્રાણી, પક્ષી જેમના માટે પણ બની શકે, ઓછાવત્તા પ્રયાસો આપણે પણ કરવા જોઇએ.

મારા વ્હાલા દેશવાસીઓ, waste માંથી wealth એટલે કે, કચરામાંથી કંચન બનાવવા વિષે આપણે બધાએ જોયું પણ છે, સાંભળ્યું પણ છે, અને આપણે પણ બીજાને જણાવતાં રહીએ છીએ. કંઇક એ જ રીતે કચરાને મૂલ્યમાં બદલવાનું પણ કામ કરાઇ રહ્યું છે.

મારા વ્હાલા દેશવાસીઓ, ભારતના લોકો દુનિયાના કોઇપણ ખૂણામાં જાય છે, તો ગર્વથી કહે છે કે તે ભારતીય છે. આપણે આપણા યોગ, આયુર્વેદ, દર્શન, કોણ જાણે શું નથી આપણી પાસે, કે જેના માટે આપણે ગર્વ કરીએ છીએ ! ગર્વની વાતો કરીએ છીએ. સાથે જ પોતાની સ્થાનિક ભાષા, બોલી, ઓળખ, પહેરવેશ, ખાનપાન, વગેરેનો પણ ગર્વ કરીએ છીએ. આપણે નવું તો મેળવવાનું છે અને તે જ તો જીવન હોય છે. પરંતુ સાથોસાથ પુરાતન ખોવાનું પણ નથી. આપણે બહુ મહેનત કરીને પોતાની આસપાસ હયાત અપાર સાંસ્કૃતિક વિરાસતનું સંવર્ધન કરવાનું છે, નવી પેઢી સુધી પહોંચાડવાનું છે. આ જ કામ આજે આસામના રહેવાસી ‘સિકારી ટિસ્સૌજી’ બહુ લગનથી કરી રહ્યા છે. કાર્બિ આંગલોંગ જિલ્લાના સિકારી ટિસ્સૌજી છેલ્લાં 20 વર્ષથી કાર્બી ભાષાનું દસ્તાવેજીકરણ કરી રહ્યા છે. કોઇ એક જમાનામાં કોઇ યુગમાં કાર્બિ આદિવાસી ભાઇઓ-બહેનોની ભાષા કાર્બિ આજે મુખ્ય પ્રવાહમાંથી ગુમ થઇ રહી છે. શ્રીમાન સિકારી ટિસ્સૌજીએ નક્કી કર્યું હતું કે, પોતાની આ ઓળખને તેઓ બચાવશે. અને આજે તેમના પ્રયાસોથી કાર્બિ ભાષાની સારી એવી જાણકારી દસ્તાવેજિત થઇ ગઇ છે. તેમને પોતાના પ્રયત્નો માટે કેટલીયે જગ્યાએ પ્રશંસા પણ મળી છે, અને પુરસ્કારો પણ મળ્યા છે. મન કી બાત દ્વારા શ્રીમાન સિકારી ટિસ્સૌજી ને હું તો અભિનંદન આપું છું.

મારા વ્હાલા દેશવાસીઓ, કોઇપણ નવી શરૂઆત એટેલે કે, New Beginning હંમેશા બહુ ખાસ હોય છે. નવી શરૂઆતનો અર્થ થાય છે, નવી શક્યતાઓ - નવા પ્રયાસ. અને નવા પ્રયાસોનો અર્થ છે, નવી ઊર્જા અને નવું જોશ. એ જ કારણ છે કે, અલગઅલગ રાજયો અને વિસ્તારોમાં તેમજ વિવિધતાથી ભરેલી આપણી સંસ્કૃતિમાં કોઇપણ શરૂઆતને ઉત્સવના રૂપમાં મનાવવાની પરંપરા રહી છે. અને આ સમયે નવી શરૂઆત અને નવા ઉત્સવોના આગમનનો છે. હોળી પણ તો વસંતના ઉત્સવના રૂપમાં જ ઉજવવાની એક પરંપરા છે. જે સમયે આપણે રંગોથી હોળી ઉજવી રહ્યા હોઇએ છીએ, તે જ સમયે વસંત પણ આપણી ચારેય તરફ નવા રંગ પાથરી રહી હોય છે. આ જ સમયે ફૂલો ખીલવાનું શરૂ થાય છે અને પ્રકૃતિ જીવંત બની ઊઠે છે. દેશના જુદાજુદા વિસ્તારોમાં ટૂંક સમયમાં જ નવું વર્ષ પણ ઉજવવામાં પણ આવશે. પછી એ ઉગાદી હોય યા પુથંડૂ, ગુડી પડવો હોય કે બીહુ, નવરેહ હોય કે, પોડલા કે પછી બોઇશાખ હોય અથવા બૈસાખી, પૂરો દેશ ઉમંગ ઉત્સાહ અને નવી આશાઓના રંગમાં તરબોળ દેખાશે. આ જ સમયે કેરળ પણ સુંદર તહેવાર વિશુ ઉજવે છે. તેના પછી બહુ જલદી ચૈત્રી નવરાત્રિનું પાવન પર્વ પણ આવશે. ચૈત્ર મહિનાના નવમા દિવસે આપણે ત્યાં રામનવમીનું પર્વ હોય છે. તેને ભગવાન રામના જન્મોત્સવની સાથે જ ન્યાય અને પરાક્રમના એક નવા યુગની શરૂઆતના રૂપમાં પણ ઉજવવામાં આવે છે. આ દરમ્યાન, ચારેય તરફ ધૂમધામ સાથે જ ભક્તિભાવથી ભરપૂર વાતાવરણ હોય છે. જે લોકોને વધુ નજીક લાવે છે. તેમને પરિવાર અને સમાજ સાથે જોડે છે. પરસ્પર સંબંધોને મજબૂત બનાવે છે. આ તહેવારોના પ્રસંગે હું તમામ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવું છું.

સાથીઓ, આ દરમ્યાન, 4 એપ્રિલે દેશ ઇસ્ટર પણ ઉજવશે. Jesus Chirstના પુનર્જીવનના ઉત્સવના રૂપમાં ઇસ્ટરનો તહેવાર ઉજવવામાં આવે છે. પ્રતીકાત્મકરૂપે કહીએ તો ઇસ્ટર જીવનની નવી શરૂઆત સાથે જોડાયેલું છે. ઇસ્ટર આશાઓના પુનર્જીવિત થવાનું પ્રતીક છે. On the holy and auspicious occation, I greet not only the Christian Community in India, but also Christians globally.

મારા વ્હાલા દેશવાસીઓ, આજે મન કી બાતમાં આપણે અમૃત મહોત્સવ અને દેશ પ્રત્યેનાં આપણાં કર્તવ્યોની વાત કરી. આપણે અન્ય પર્વો અને તહેવારોની પણ ચર્ચા કરી. તેની વચ્ચે એક વધુ પર્વ પણ આવવાનું છે. જે આપણા બંધારણીય અધિકારો અને ફરજોની યાદ અપાવે છે. તે છે 14 એપ્રિલ, ડૉકટર બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતી. આ વખતે અમૃત મહોત્સવમાં તો આ પર્વ પણ ખાસ બની ગયું છે. મને વિશ્વાસ છે કે, બાબાસાહેબની આ જન્મજયંતીને આપણે જરૂર યાદગાર બનાવીશું. પોતાના કર્તવ્યોનો સંકલ્પ લઇને તેમને શ્રદ્ધાંજલિ આપીશું. આ જ વિશ્વાસ સાથે આપ સૌને પર્વ તહેવારોની એકવાર ફરી શુભેચ્છાઓ. આપ સૌ ખુશ રહો, સ્વસ્થ રહો અને ખૂબ ઉલ્લાસ મનાવો. એ જ કામનાની સાથે ફરીથી યાદ અપાવું છું, દવા પણ સખ્તાઇ પણ. ખૂબ ખૂબ ધન્યવાદ. ●



# લોકોની સાથે લોકો માટે અવિરત ચાલી રહેલું
# "કોરોના રસીકરણ અભિયાન"

કોરોના મહામારીને પગલે જાહેર થયેલા લોકડાઉનને તાજેતરમાં જ એક વર્ષ પૂર્ણ થયું છે. રાજ્ય સરકારના સુદ્રઢ પ્રયાસોથી સ્થિતિ અનેકગણી સુધરી છે ત્યારે કોરોનાની દ્વિતીય લહેરનો ભોગ ન બનવા હજીપણ સાવચેતી રાખવાની મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલે અપીલ કરી છે. આ ઉપરાંત, કેન્દ્ર તથા રાજ્ય સરકારે તમામ નાગરિકોને સમયસર વૅક્સિન આપવાનું આયોજન કર્યું છે. આ વૅક્સિનેશન અભિયાન તેના નિયત કાર્યક્રમ પ્રમાણે આગળ વધી રહ્યું છે. ત્યારે આવા સમયે નાગરિકોએ વૅક્સિનેશન લઈને પોતાની તથા પોતાના પરિવારના આરોગ્યની સુખાકારી સુનિશ્ચિત કરવી જોઈએ. ગુજરાતમાં વૅક્સિનેશનના અભિયાનને સામાન્ય નાગરિકોએ પણ બિરદાવીને તેને બળ પૂરું પાડ્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ૩ ટી એટલે કે ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટના સૂત્ર વધુ વ્યાપક રીતે લાગુ કરવા હાંકલ કરી છે. ત્યારે નાગરિકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

કોરોનાની દ્વિતીય લહેરે લોકોમાં ચિંતાનું મોજું જરૂર પ્રસરાવ્યું છે પરંતુ રાજ્ય સરકારના કોરોના રસીકરણના અભિયાને વિશ્વાસનું વાતાવરણ ઊભું કર્યું છે. જેના પરિણામે રસી લઇને સામાન્ય લોકો વધુને વધુ લોકો રસી લે અને તેની કોઇ આડઅસર નથી તેવી અપીલ કરવા સાથે રાજ્ય સરકાર પ્રત્યે આભાર દર્શન કરી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના સૌ નાગરિકોને કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં સાવચેતી સલામતી અને સતર્કતા રાખી રાજ્ય સરકાર દ્વારા કોરોના સામે લેવાઈ રહેલાં પગલાંઓમાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. નાયબ મુખ્યમંત્રી શ્રી પટેલે ઉમેર્યુ હતું કે, રાજ્યભરમાં ૨૫૦૦થી વધુ વૅક્સિનેશન સેન્ટરો પર રસીકરણની કામગીરી હાલ કરવામાં આવી રહી છે. જેમાં દરરોજ ૧.૫ લાખથી ૨.૦૦ લાખ નાગરિકોને રસીથી રક્ષિત કરવામાં આવે છે. રાજકોટના વીંછિયામાં આયોજિત કોરોના






રસીકરણ કેમ્પમાં પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, "મેં પણ રસી લીધી છે. જેની કોઈ જ આડઅસર જોવા મળતી નથી. રાજ્ય સરકારનો અભિગમ વધુને વધુ લોકો રસી લઈ કોરોના સામે સુરક્ષિત બને".

**વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં કોરોના અંગે સમીક્ષા બેઠક યોજાઈ**

દેશમાં કોરોનાના વધતા કેસ અંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ યોજાયેલી સમીક્ષા બેઠકમાં પણ વિસ્તૃત ચર્ચા અને ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના રાજ્યોમાં કોરોના સંક્રમણની વર્તમાન સ્થિતિ અંગે યોજેલી વીડિયો કોન્ફરન્સમાં સ્પષ્ટ નિર્ધાર દર્શાવ્યો હતો કે કોરોનાના વધતા કેસોને ગુજરાત સઘન આરોગ્યલક્ષી પગલાંઓ અને વ્યાપક રસીકરણ સહિતના ઉપાયોથી નિયંત્રણમાં રાખવા સંપૂર્ણ સજ્જ છે.

વડાપ્રધાનશ્રીએ દેશનાં રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે સંબંધિત રાજ્યોમાં કોરોના સંક્રમણની પરિસ્થિતિ અને રાજ્ય સરકારો દ્વારા તે સંદર્ભમાં હાથ ધરાઇ રહેલા ઉપાયોની સર્વગ્રાહી સમીક્ષા વીડિયો કોન્ફરન્સથી હાથ ધરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી-નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન સહિતના વરિષ્ઠ સચિવો સાથે આ બેઠકમાં ગાંધીનગરથી જોડાયા હતા.



મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં કોરોના- કોવિડ-19ના હાલના વધતા કેસો સામે આરોગ્યલક્ષી પગલાંઓની વિસ્તૃત જાણકારી પ્રધાનમંત્રીશ્રીને આપી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કોરોના સંક્રમણ નિયંત્રણ સામે જે મંત્ર 'દવાઇ ભી ઔર કડાઇ ભી' આપ્યો છે તેનો ગુજરાતમાં સુચારૂ અમલ કરીને ગુજરાત કોરોનાના વધતા કેસો સામે પણ અડગ રીતે પેશ આવી ઓછામાં ઓછા લોકો સંક્રમિત થાય તેની તકેદારી રાખશે તેવો વિશ્વાસ આપ્યો હતો. તેમણે આ સંદભર્માં કહ્યું હતું કે, રાજ્યમાં જે જિલ્લાઓ અને કોર્પોરેશન વિસ્તારોમાં કોવિડ કેસોની સંખ્યા વધી છે ત્યાં ધન્વંતરિ રથ અને સર્વેલન્સ વધુ તેજ ગતિએ કાર્યરત કરાયા છે. સમગ્ર રાજ્યમાં ૭૭૫ ધન્વંતરિ રથ સેવારત છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં સોશિયલ ડિસ્ટન્સિંગ અને ફરજિયાત માસ્કના નિયમોનું કડકાઇથી પાલન કરાવીએ છીએ. એટલું જ નહિ, આ નિયમોનું પાલન ન કરનારા વ્યક્તિઓ પાસેથી દંડ પણ વસૂલવામાં આવે છે.

તેમણે ઉમેર્યુ કે, રાજ્યમાં કોરોના કેસોની સંખ્યા વધતાં કન્ટેનમેન્ટ ઝોન પણ વધારીને ત્યાં સર્વેલન્સ સઘન કર્યું છે. આવા, ૩૧૪૬ કન્ટેનમેન્ટ ઝોન રાજ્યભરમાં છે અને ૪૦૦૦થી વધુ મેડિકલ ટીમની મદદથી સર્વેલન્સ હાથ ધરાઇ રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વડાપ્રધાનશ્રીને ગુજરાતમાં કોવિડ-19 વૅક્સિનેશનની વ્યાપક કામગીરીથી અવગત કરાવતાં કહ્યું કે, ગુજરાત વૅક્સિનેશનમાં દેશમાં અગ્રિમ હરોળમાં છે. અત્યાર સુધીમાં ૨૨ લાખ ૧૫ હજાર વ્યક્તિઓને કોવિડ-19 વૅક્સિનનો પહેલો ડોઝ અને ૫.૪૨ લાખને બીજો ડોઝ પણ અપાઇ ગયો છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં હાલ રોજના સરેરાશ ૧.૫૦ લાખ લોકોનું વૅક્સિનેશન કરાય છે તે વધારીને સરેરાશ દરરોજ ૩ લાખ કરવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

## રાજ્યમાં કોરોનાને કાબૂમાં લેવા શ્રેષ્ઠ આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ

*કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં રાજ્યમાં કરાયેલી શ્રેષ્ઠ આરોગ્યલક્ષી કામગીરી અને નિર્ણયો થકી કોરોનાનું સંક્રમણ ઘટાડી શકાયું છે અને નાગરિકોનો જીવ બચાવી શક્યા છીએ. રાજ્ય સરકારે જનહિતલક્ષી લીધેલાં વિવિધ પગલાંઓ અંગે સુપ્રિમ કોર્ટ દ્વારા પણ સકારાત્મક નોંધ લઈ અન્ય રાજ્યોમાં ગુજરાત મોડલને અનુસરવા જણાવાયું હતું તે આપણા સૌ માટે ગૌરવની વાત છે તેમ રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું.*

*નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કોરોના માનવ ઈતિહાસમાં અત્યાર સુધી નોંધાયેલ સૌથી મોટો રોગચાળો છે. કોરોના મહામારીને અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા શરૂઆતથી મક્કમતાપૂર્વક પગલાં ભરવામાં આવી રહ્યા છે.*

*શ્રી પટેલે ઉમેર્યું હતું કે, કોરોના સંક્રમણ અટકાવવા તથા તેને નિયંત્રિત કરવા માટે કુલ- ૧૩૫૧ ધન્વંતરિ રથ-ઍમ્બ્યુલન્સ દ્વારા રાજ્યના વિવિધ સ્થળો ખાતે દૈનિક ધોરણે જરૂરિયાતમંદ વ્યક્તિઓને ઘર આંગણે સારવાર આપવામાં આવી છે. હાઈરિસ્ક ઝોનમાં કોરોના સંક્રમણના દર્દીના વહેલા નિદાન માટે સર્વેલન્સની કામગીરી અંતર્ગત ૧૦૪ અને ૧૧૦૦ નંબરની હેલ્પલાઈન, ધનવંતરિ રથ તથા આરોગ્ય સેતુના ઉપયોગ થકી શ્રેષ્ઠ એડવાન્સ સર્વેલન્સ કરવામાં આવ્યું છે. આ માટે દરેક ધન્વંતરિ રથ દીઠ અંદાજિત ૧.૫૦ લાખનો ખર્ચ થયો છે. તે ઉપરાંત અમદાવાદ સિવિલ હોસ્પિટલને બેઝ હોસ્પિટલ બનાવવામાં આવી છે. જેમાં ૧૨૦૦ બેડની અદ્યતન સુવિધા સાથે અધતન સાધનો અને દવા સાથેનો આઈસોલેશન વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે.*



*કોરોના નિયંત્રણ માટે લીધેલાં અન્ય પગલાંઓ અંગે જણાવતાં શ્રી પટેલે ઉમેર્યું હતું કે, રાજ્યની ૭૩૮ હોસ્પિટલ તેમજ કોવિડ કેર સેન્ટર ખાતે કુલ- ૫૦,૪૫૯ આઈસોલેશન બેડ કોવિડ-૧૯ના દર્દીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા. કોવિડ-૧૯ ડેઝિગ્નેટેડ*



> *કોરોના રસીકરણને વેગ મળે અને વધુને વધુ લોકો રસીકરણ દ્વારા સુરક્ષિત થાય તેવી અપીલ સમાજના અગ્રણીઓએ પણ કરી છે. કટાર લેખક શ્રી જયભાઇ વસાવડાએ રાજકોટવાસીઓને રસ લઈને રસી મુકાવવાનો અનુરોધ કરતાં કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલા રસીકરણ અભિયાનનો સર્વ નાગરિકોએ લાભ લેવો જોઈએ અને કોરોનાને હટાવવામાં યોગદાન આપવું જોઈએ. કોરોના સામેની લડાઈમાં અજ્ઞાનનો સાથ આપવાને બદલે વિજ્ઞાનનો હાથ ઝાલીને મહત્તમ પ્રમાણમાં રસીકરણ કરાવવાથી કોરોનાને માત આપી શકાશે. કોરોના સામેની સંજીવની ઔષધિ તરીકેનો એક માત્ર શ્રેષ્ઠ ઉપાય કોરોના વિરોધી રસી જ છે, ત્યારે નાગરિકોએ સરકારી દવાખાનામાં વિનામૂલ્યે મળતી અને ખાનગી હોસ્પિટલોમાં નજીવા દરે ઉપલબ્ધ રસી મુકાવી જ લેવી જોઈએ.*



> *ભારતના વૈજ્ઞાનિકોએ આડઅસર રહિત કોરાના રસી બનાવી છે ત્યારે આ રસી લઇને કોરાનાના સંક્રમણને કાબૂમાં લેવા અને રસીકરણ અભિયાનમાં જોડાવા અનુરોધ કરતાં ગોંડલ ભુવનેશ્વરી પીઠના આચાર્ય શ્રી ઘનશ્યામજી મહારાજે કહ્યું હતું કે, આ આવી પડેલી મહામારીમાંથી બહાર આવવા વેક્સિન જ શ્રેષ્ઠ ઉપાય છે. જે લોકો રસી માટે પાત્રતા ધરાવે છે, તેઓએ સમયસર રસી મુકાવી કોરાનામુક્ત દેશની દિશામાં સહભાગી બનવાનો આ સમય છે. રસી લઇને કોરાના સામે સુરક્ષાકવચ મેળવ્યું છે. તેઓએ પણ રસી લઇને કોરાના સામે સુરક્ષાકવચ મેળવ્યું છે.*

મુખ્યમંત્રીશ્રીએ આ કોન્ફરન્સમાં એમ પણ જણાવ્યું કે, રાજ્યનાં ચાર મહાનગરોમાં તા.૩૧ માર્ચ સુધી રાત્રિના ૧૦થી સવારના ૬ સુધી કરફ્યુનો અમલ કરાવાઈ રહ્યો છે.


સાથોસાથ રેલવે સ્ટેશન, એરપોર્ટ્સ અને રાજ્યની સરહદો સાથે જોડાયેલા માર્ગો દ્વારા ગુજરાત આવતા યાત્રિકો-વ્યક્તિઓનું સ્ક્રિનિંગ પણ કરવામાં આવે છે અને લક્ષણો ધરાવતા લોકોના રૅપિડ ટેસ્ટ કરીને તાત્કાલિક જરૂરી ઈલાજ સુવિધા આપીએ છીએ. મુખ્યમંત્રીશ્રીએ કોરોના કોવિડ-19 નિયંત્રણ માટેના કેન્દ્ર સરકારના જે દિશાનિર્દેશો અપાશે તેનો રાજ્યમાં યોગ્ય અમલ કરવાની પણ ખાતરી બેઠકમાં આપી હતી.

અત્યાર સુધીમાં કુલ-૩૨,૭૪,૪૯૩ વ્યક્તિઓને પ્રથમ ડોઝનું અને ૬,૦૩,૬૯૩ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પૂર્ણ થયું છે. આમ કુલ- ૩૮,૭૮,૧૮૬ રસીકરણના ડોઝ આપવામાં આવ્યાં છે. 60 વર્ષથી વધુ વયના તેમજ 45થી 60 વર્ષના ગંભીર બીમારી ધરાવતા કુલ 2,22,186 વ્યક્તિઓનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એકપણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં કોવિડ-19ના 1640 દર્દીઓ નોંધાયા છે અને રાજ્યભરમાંથી 1110 દર્દીઓ સાજા થયા છે. સાથે રાજ્યનો રિકવરી રેટ 95.74 ટકા જેટલો છે. જ્યારે 22મી માર્ચને આ લખાય છે ત્યાં સુધી રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના લીધે 2,76,348 દર્દીઓએ કોરોનાને માત આપી છે. દરેક જિલ્લામાં ચાલી રહેલા રસીકરણ અભિયાનમાં લોકોના મુખે રાજ્ય સરકારની કુશળ કામગીરી અને વ્યવસ્થાપનની પ્રશંસા થઇ રહી છે. રસીકરણ દરમિયાન લોકોની લાગણી શબ્દોમાં છલકી છે જેને આ લેખમાં સ્થાન આપવામાં આવ્યું છે.

*હોસ્પિટલો ખાતે ૫,૦૭૦ આઈ.સી.યુ. બેડ અને ૩,૪૩૩ વેન્ટિલેટર ઉપલબ્ધ છે. એટલું જ નહિ, રાજ્યમાં ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૦થી અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા ખાતે ૨૦૦ આઈસોલેશન બેડની સુવિધા ઊભી કરવામાં આવી. તે ઉપરાંત સુરત ખાતે સ્ટેમ સેલ અને કિડની હોસ્પિટલ ખાતે કોરોનાના દર્દીની સારવાર માટે વધારાના ૧૮૦૦ બેડની સુવિધા રૂા.૧૦૦.૪૦ કરોડના ખર્ચે ઊભી કરવામાં આવી. તો બીજી તરફ સૌરાષ્ટ્ર કેન્સર કેર ઇન્સ્ટિટ્યૂટ, રાજકોટ ખાતે કોરોનાના દર્દીની સારવાર માટે વધારાના ૧૦૦ બેડની સુવિધા રૂા.૪.૫૦ કરોડના ખર્ચે ઊભી કરવામાં આવી અને જામનગર ખાતે પણ કોરોનાના દર્દીઓની સારવાર માટે રૂ.૨.૨૫ કરોડના ખર્ચે વધારાના ૪૦૬ બેડની સુવિધા ઊભી કરવામાં આવી.*

*શ્રી પટેલે વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ ના દર્દીઓને પ્રાઈવેટ હોસ્પિટલમાં પણ મફત સારવાર મળી રહે તે માટે રાજ્યની ખાનગી હોસ્પિટલોમાં ૫૦% બેડ આરક્ષિત રાખવા અંગે પણ જનહિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો હતો જેનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ઉપાડવામાં આવ્યો. આ સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ પેકેજ તૈયાર કરવામાં આવ્યું હતું.*



## અમદાવાદ

અમદાવાદના વાસણામાં રહેતા વરિષ્ઠ નાગરિક શ્રી સુલોચના બહેને કોવિશિલ્ડ વૅક્સિનનો પ્રથમ ડોઝ મેળવ્યા બાદ પ્રતિભાવ આપતા કહ્યું હતું કે, સરકાર દ્વારા સરકારી હોસ્પિટલમાં કોરોના રસીકરણ માટેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. અમારા જેવા વયસ્ક નાગરિકો માટે રજિસ્ટ્રેશનથી લઈને રસી મેળવવા સુધીનું વ્યવસ્થાપન અસરકારક છે. ખૂબ જ ટૂંકા ગાળામાં સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરીને વૅક્સિનનો પ્રથમ ડોઝ અપાયા બાદ કોઈપણ પ્રકારની આડઅસર વર્તાઈ નથી.

## કચ્છ

ભૂજની જી.કે.જનરલ હોસ્પિટલમાં મેડિકલ સ્ટુડન્ટ શ્રી મોહિનીબહેન પટ્ટણીએ વૅક્સિનનો પ્રથમ ડોઝ લઈ અન્યને પણ વૅક્સિન લેવા પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, કોરોનાને માત આપવી હશે તો હવે આપણે દ્રઢ મનોબળ રાખી વૅક્સિન લેવી જ પડશે, કોરોનાની ગાઈડલાઈનનું પાલન પણ કરવું જ પડશે. આ વૅક્સિન ફક્ત આપણી નહીં આપણા પરિવાર અને સમગ્ર સમાજની સુરક્ષા માટે છે. જેથી પરિવાર અને સમાજની સુરક્ષા માટે પણ વૅક્સિન લઈ આપણી જવાબદારી અદા કરીએ.



## ગીરસોમનાથ

વેરાવળના ભીડભંજન મહાદેવ મંદિરના પુજારી ભીક્ષુગીરી અમૃતગીરીએ કોરોનાની વૅક્સિનનો પ્રથમ ડોઝ સરકારી હોસ્પિટલ વેરાવળ ખાતેથી લઈ કોરોના સામે રક્ષિત થયા છે. તેઓએ લોકોને સ્વાનુભવે જણાવ્યું હતું કે, કોરોનાથી બચવા માટે સરકારે



કોરોનાની વૅક્સિનની શોધ કરી છે. જે વૅક્સિન સરકારી હોસ્પિટલમાં નિ:શુલ્ક આપવામાં આવે છે. સરકારશ્રી દ્વારા આપવામાં આવતી કોવિશિલ્ડ વૅક્સિનથી કોઈ આડઅસર થતી નથી અને તમામ લોકોએ રસી લેવાનો ખાસ આગ્રહ રાખી સરકારશ્રીના વૅક્સિન અભિયાનને સાર્થક કરવા સહભાગી થવું જોઈએ.

## મોરબી

હળવદના સુરવદરના ૧૦૮ વર્ષનાં લક્ષ્મીબેન અને ૧૦૫ વર્ષનાં મોતીબેનને



કોરોના વિરોધી રસી મૂકવામાં આવી હતી અને રસી મુકાવ્યા બાદ જમાનો પચાવી ગયેલાં બન્ને વૃદ્ધાઓએ અનોખી અદામાં રસી લીધાનો આનંદ પણ વ્યક્ત કર્યો હતો અને સરકારના આ મહાઅભિયાનમાં સૌ કોઈ જોડાઈને રસી લેવા અનુરોધ કર્યો હતો.



## ખેડા

ડાકોર રેફરલ હોસ્પિટલમાં શ્રી ઘનશ્યામભાઈ દેસાઈએ વૅક્સિનેશન બાદ અન્ય લોકોએ પણ વૅક્સિન લેવી જોઈએ તેમ જણાવી કહ્યું હતું કે, રસી લીધા બાદ કોઈપણ પ્રકારની આડઅસર થતી નથી તેમજ આરોગ્ય કેન્દ્રનો તમામ સ્ટાફ સારો છે. સારું માર્ગદર્શન પણ આપે છે. દિવસમાં વારંવાર હાથપગ ધોવા, માસ્ક પહેરવું તેમજ સેનેટાઈઝરનો ઉપયોગ કરવો.

## નવસારી

નવસારી સિવિલ હોસ્પિટલ ખાતે દંપતી ૭૦ વર્ષીય શ્રી અનિલકુમાર રામચંદ્ર શાહ તથા ૬૭ વર્ષીય શ્રી અરૂણાબેન અનિલકુમાર શાહે પ્રથમ રસીકરણ કરાવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, કોરોના વૅક્સિન સંપૂર્ણ સુરક્ષિત છે અને તેની કોઈ આડઅસર નથી. કોરોનાથી સુરક્ષિત રહેવું હોઈ તો વૅક્સિન અવશ્ય લેવી જોઈએ. અમે બંનેએ રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ નંબર આવતા સિવિલ હોસ્પિટલ ખાતે વૅક્સિન મુકાવી છે. નવસારી જિલ્લાના લોકો વધુમાં વધુ વૅક્સિન મુકાવી પોતાના પરિવારને કોરાનામુકત રાખે તેવો અનુરોધ કર્યો હતો.






> *મહીસાગરના પ્રસિદ્ધ નાટયકાર શ્રી કમલભાઈ જોષીએ જણાવ્યું હતુ કે, કોરોના કાળની સાંપ્રત પરિસ્થિતિ છે. એ લગભગ યુદ્ધ જેવી છે. અને અહીંયા તમારી પાસે બુલેટપ્રૂફ જેકેટ એ કોરોના રસી છે અને એટલા માટે સરકાર આટલો આગ્રહ કરે છે કે ૬૦ વર્ષથી વધુ વયના અને ૪૫ વર્ષથી વધુ વયના કોમોર્બિડ વ્યક્તિઓએ અચૂક રસી મુકાવી દેવી. સમગ્ર વિશ્વમાં ભારતમાં નિર્માણ થયેલ રસીની માંગ વધી રહી છે. ત્યારે આપણે ત્યાં તો ઘરઆંગણે આ રસી આપણને મળી રહી છે.*



> *કોરોનામુક્ત ભારતના અભિયાન માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ દ્વારા લેવામાં આવી રહેલાં પગલાંઓની સરાહના કરી જાણીતા હાસ્ય કલાકર શ્રી ધીરુભાઈ સરવૈયાએ કહ્યું હતું કે, સરકાર દ્વારા જારી કરવામાં આવતી ગાઈડલાઈનનું આપણે પાલન કરવું જોઈએ. માસ્ક, સેનેટાઇઝર અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા ખાસ તેઓએ ભાર મૂક્યો હતો. આ સાથે તેમણે રસી લઈ સાજા રહો, તાજા રહો, સૌ કોઈ મસ્ત રહો તેવી શુભેચ્છા પાઠવી હતી.*








## બનાસકાંઠા

પાલનપુરના વાદીલા કાલા હનુમાન મંદિરના મહંત શ્રી સીતારામગીરી મહારાજે જણાવ્યું હતું કે, "સરકારશ્રીની કોરોના રસીકરણ ઝુંબેશ અંતર્ગત મેં પણ કોરોનાની રસી લીધી છે તેની મને કોઇપણ પ્રકારની આડઅસર થઇ નથી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કોરોનાની રસી મુકાવવા દેશવાસીઓને આહ્વાન કર્યું છે ત્યારે આપણા પરિવાર, શહેર અને રાષ્ટ્રને સુરક્ષિત અને સલામત રાખવા હું પણ તમામ લોકોને કોરોનાની રસી મુકાવવા આહ્વાન કરું છું. આપણી સરકાર લોકોની સુરક્ષા અને સલામતીની આટલી બધી ચિંતા કરતી હોય ત્યારે કોઇપણની વાતો કે અફવાઓમાં આવ્યા સિવાય આ રસી દરેકે મુકાવવી જોઇએ.

## સુરત

સુરતના ૫૦ વર્ષીય શ્રી મુકેશભાઈ પલસાણાવાળા અને ૪૫ વર્ષીય તેમનાં પત્ની શ્રી જાગૃતિબહેને નવી સિવિલમાં પ્રથમ ડોઝ લીધો હતો. વૅક્સિન લીધા બાદ તેમના અનુભવો જણાવતાં કહ્યું કે, સૌ રસી લઈશું તો જ સુરક્ષિત રહી શકીશું. સરકારી હોસ્પિટલો ખાતે વિનામૂલ્યે રસીકરણ આપવામાં આવી રહ્યું છે તેનો સૌ કોઈને લાભ લઈને ઝડપથી વૅક્સિન મુકાવે તે જરૂરી છે. એક જવાબદાર નાગરિક તરીકે આપણી ફરજ સમજીને વૅક્સિન લઈને પરિવાર સાથે અન્યોને પણ સુરક્ષિત રાખી શકીશું. કેટલાક નાગરિકોમાં વૅક્સિનને લઈને ભય છે પરંતુ વૅક્સિનની કોઈ આડ-અસર નથી. ભારતના નાગરિકોએ પણ વૅક્સિન લઈ આપણી ભાવી પેઢીને એક સુરક્ષિત વાતાવરણ આપવું જોઈએ.

## દાહોદ

દાહોદ પ્રાંત કચેરીના શિરેસ્તેદાર શ્રી શૈલેષભાઈ પ્રજાપતિએ વૅક્સિનના બંને ડોઝ લીધા છે. તેઓ કહે છે કે, વૅક્સિન લીધા બાદ હું સંપૂર્ણ સ્વસ્થ છું. મને કોઇ પણ આડઅસર થઇ નથી. દાહોદ જિલ્લાની જનતાને હું અપીલ કરું છું કે, કોરોના બાબતની સાવધાનીઓ જેવી કે માસ્ક, સામાજિક અંતર વગેરેનું પણ અવશ્ય પાલન કરવું જોઇએ.

## જૂનાગઢ

જૂનાગઢના ધણફુલિયા ખાતે જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા સબ સેન્ટર કાર્યરત છે. ધણફુલિયાનાં સેન્ચુરી પૂરી કરનાર મણીમા કરડાણીએ પણ સબ સેન્ટર આવી રસીનો પ્રથમ ડોઝ લીધો હતો. રસી લીધા બાદ સૌને સંદેશ આપતા કહ્યું કે, આ રસી લેવામાં ડર શાનો ? રસી તો લેવી જ જોઇએ.





## મહેસાણા

મહેસાણા જિલ્લાની જનરલ હોસ્પિટલ ખાતેથી દંપતીએ સાથે રસીકરણ કરી અન્યોય માટે પ્રેરણારૂપ બન્યાં છે. ૭૮ વર્ષીય સેવંતીલાલ મોદી સાથે તેમના ધર્મ પત્ની ૭૬ વર્ષીય શાંતાબહેન મોદી સજોડ રસીકરણ કર્યું છે. કોરોના જંગમાં સામેલ થયા. આજે કોરોના વૅક્સિનનો પ્રથમ ડોઝ લીધા બાદ તેઓએ જણાવ્યું હતુ કે, અમે આજે કોરોના રસી લીધી છે. રસી લીધા બાદ કોઇ આડઅસર થઇ નથી. ત્યારે બધાએ આ રસી લેવી જોઇએ.

## પાટણ

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી ડૉ. જે.જે.વૉરાએ આ રસીકરણ ઝુંબેશમાં મહત્તમ લોકો જોડાય તે માટે અપીલ કરી હતી. ડૉ. વૉરાએ જણાવ્યું હતું કે, "કોવિડ-



૧૯ સામે સુરક્ષા માટે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે મેં પોતે આ વૅક્સિન લીધી છે. મને તેની કોઈ આડઅસર નથી આ રસી સંપૂર્ણ સુરક્ષિત છે. માટે સરકારશ્રીના નિર્ધારિત કાર્યક્રમને અનુસરીને તમામ વ્યક્તિઓએ આ રસી લેવી જોઈએ. તો જ આપણે દેશભરમાંથી કોરોના વાયરસની અસર નાબૂદ કરી શકીશું."



## પોરબંદર

પોરબંદરનાં ૬૪ વર્ષીય નિવૃત્ત શિક્ષક નરેન્દ્રભાઈ જોશી તથા તેમના પત્ની મીનાક્ષીબહેન જોશીએ પોરબંદરની ભાવસિંહજી જનરલ હોસ્પિટલમાં પહોંચીને વૅક્સિનેશન સ્ટાફ પાસે કોરોનાની રસી મુકાવીને અન્યને પ્રેરણા પૂરી પાડી હતી. આ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈએ શહેરીજનોને સંદેશો પાઠવ્યો કે, કોરોનાની રસી મુકાવવી ખૂબ જ જરૂરી છે, રસીની કોઈ જ આડઅસર થતી નથી. પતિ-પત્ની બંન્નેએ એક સાથે કોરોનાની રસી મુકાવી છે અને બંને સંપૂર્ણ સ્વસ્થ છીએ.

## સુરેન્દ્રનગર

દૂધઈ વડવાળા મંદિરના મહંત શ્રી રામબાલકદાસ બાપુએ રસીનો પ્રથમ ડોઝ લીધા બાદ પ્રતિભાવ આપતાં સૌને સંદેશ આપતાં જણાવ્યું હતું કે, "સમગ્ર વિશ્વ



કોરોનાથી પીડિત થઈ રહ્યું છે, એવા કપરા સમયમાં આપણા દેશમાં સરકાર અને વૈજ્ઞાનિકોની મહેનતના પરિણામ સ્વરૂપે આપણને સૌને વૅક્સિનનો લાભ મળ્યો છે, ત્યારે આપણે સૌએ જ્યારે પણ આપણો વૅક્સિનેશનનો વારો આવે ત્યારે વૅક્સિન અવશ્ય મુકાવવી જોઈએ. માનવ જાતના કલ્યાણ માટે જ્યારે દેશના વૈજ્ઞાનિકોએ સફળ પ્રયોગો કરીને વૅક્સિન બનાવી છે, ત્યારે આવો સૌ સહિયારા પૂરુંષાર્થથી નવનિર્માણ માટે અને રાષ્ટ્રની માનવજાતને બચાવવા માટેનું સમગ્ર દેશમાં જે અભિયાન ચાલી રહ્યું છે તે અભિયાનમાં સૌ સાથે મળીને જોડાઈએ. અને વૅક્સિન અવશ્ય મુકાવીએ.

## રાજકોટ



રાજકોટના શિક્ષણવિદ અને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખશ્રી ડી.વી. મહેતા એ રસીકરણ અંગે પ્રતિભાવ આપતાં કહ્યું હતું કે, તેઓએ પોતે પણ રસી મૂકાવી છે. કોઇ આડઅસર નથી રસીકરણના અભિયાનમાં સહભાગી થવું જોઇએ. રાજ્ય સરકારના રસીકરણ અભિયાનમાં હાલની કેટેગરી મુજબ પાત્રતા ધરાવતા સૌ લોકો રસી મુકાવે તે જરૂરી છે.

## જામનગર

જામનગર તંત્ર દ્વારા ગ્રામીણ વિસ્તારમાં લોકોજાગૃતિ ઝુંબેશની ફલશ્રુતિ રૂપે અનેક વરિષ્ઠ નાગરિકો રસી લેવાં આગળ આવ્યાં છે. જેમાંના એક શ્રી ચંદ્રકાંતભાઇ સોલંકીએ અન્ય જામનગરવાસીઓને રસી લેવા અપીલ કરતા જણાવ્યું હતું કે, સ્ટાફ દ્વારા ખૂબ જ સહકાર મળ્યો છે. રસી આપનાર સ્ટાફ



તાલીમબદ્ધ છે, રસીથી આપણે પોતાને અને બીજાને પણ સુરક્ષિત કરીએ છીએ તેથી દરેકે રસી લેવી જોઇએ.

## અમરેલી



સાવરકુંડલાના ગુજરાત રાજ્યના વેરહાઉસ કોર્પોરેશનના અધિકારી શ્રી હરેશભાઇ ગોહિલે અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી હર્ષાબહેન ગોહિલે કોવિડ-૧૯ વૅક્સિન લીધી. આ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, તેમને હૃદયરોગની બીમારી અને તેમના પત્નીને શ્વાસની બીમારી હોવા છતા કોવિડ-૧૯ વૅક્સિન લીધી અને તેમને આરોગ્યલક્ષી તકલીફ જણાઈ નથી. એટલે આ રસી સંપૂર્ણ સલામત છે અને બધા જ લોકોએ રસી લેવી જોઈએ. સાથે જ તંત્ર દ્વારા મહત્તમ લોકોનું રસીકરણ થાય તે માટે પ્રયાસો કરાઈ રહ્યા છે તેની પણ તેમણે પ્રશંસા કરી હતી.

## વડોદરા

વડોદરા જિલ્લાના કેલનપુરમાં અને જીઈબીના મેનેજર શ્રી નિલેશ પંડ્યા અને તેમના 84 વર્ષના માતા શ્રી નીલાબહેને એક સાથે રસી લઈને કોરોના મહામારીમાં રસી એ જ રક્ષક હોવાના સંદેશ આપ્યો હતો. 54 વર્ષીય શ્રી પંડ્યાએ કહ્યું હતું કે,



જનઆરોગ્ય અને પોતાના પરિવારના આરોગ્યના રક્ષણ માટે રસી લેવી આવશ્યક છે. આજે મારા માતુશ્રી સાથે રસી પ્રથમ ડોઝ લીધો છે અને બીજો ડોઝ પણ અચૂક પણે લેવાના છીએ. સાથે જ રસી લીધા બાદ લેવાની થતી તકેદારી અંગે પણ જાણકારી આપવામાં આવે છે. નીલાબહેન પંડ્યા કહે છે કે, રસી લેવા આવ્યા પહેલાં સવારથી મનમાં થોડો ડર હતો. પણ અહીં રસી લીધા બાદ કોઈ પણ તકલીફ પડી નથી. હવે હું અન્ય લોકોને પણ રસી લેવા માટે પ્રેરિત કરવાની સાથે પોતાના આરોગ્યના રક્ષણ માટે અવશ્ય રસી લેવી જોઈએ તેવું કહીશ.

## મહિસાગર



લુણાવાડાના દાઉદી વ્હોરા સમાજ જમાત ખાના ખાતે ૬૦ થી વધુ લાભાર્થીઓને દાઉદી વ્હોરા સમાજ જમાત ખાના ખાતે કોવિશિલ્ડ વૅક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. મહિસાગરના અબ્દેલીભાઇ લીંમડીયાવાલાએ જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી કોરોના વૅક્સિન સંપૂર્ણ સલામત અને સુરક્ષિત છે. જેથી લોકોએ કોરોના વૅક્સિન લેવાનો આગ્રહ રાખી સરકારશ્રીના વૅક્સિન ઝુંબેશમાં સહભાગી થવા આહવાન કર્યું હતું.

## ભાવનગર

ભાવનગરના બેલા ગામના શ્રી ધનજીભાઇ લાઠિયાએ કોરોના રસીનો પ્રથમ ડોઝ લઈ કહ્યું હતું કે, ડર વગર તમામ વડીલો રસી લે તે આવશ્યક છે. રાજ્ય



સરકાર દ્વારા કેમ્પ રાખી રસી આપવાની સારી વ્યવસ્થા ઊભી કરી છે એ વ્યવસ્થાનો દરેક લોકોએ લાભ લેવો જોઇએ.

આમ, સરકારની કોરોનાને નાબૂદ કરવાની જહેમત રંગ લાવી રહી છે. રસી લેનાર વ્યક્તિઓની સંખ્યા રોજેરોજ વધી રહી છે ત્યારે ગુજરાતના લોકોએ સરકારમાં મૂકેલો વિશ્વાસ ફળીભૂત થઇ રહ્યો છે. સરકારશ્રીની વૅક્સિન કોરોના ઉપર કાળ બનીને ત્રાટકી રહી છે. જેની પ્રતીતિ રસી લેનાર લોકોએ પોતાના મુખે જ સૌ કોઇને કરાવી દીધી છે.

## ભરૂચ

ભરૂચના જાગૃત્ત મહિલા અમિતાબહેન અજયભાઈ પટેલે કોરોના વિરોધી રસીનો પ્રથમ ડોઝ મૂકાવી કહ્યુ હતું કે, 'વેક્સીન સંપૂર્ણ સુરક્ષિત અને સલામત છે. કોરોનાથી બચવા માટેનો એકમાત્ર ઉપાય વેક્સિન છે. વધુમાં વધુ લોકો વેક્સિન મુકાવે તે જરૂરી છે. રાજ્ય સરકાર લોકોને સ્વસ્થ અને સુરક્ષિત રાખવા પરિશ્રમ કરતી હોય તો જાગૃત્ત નાગરિક તરીકે આપણે સરકારના દરેક અભિયાનમાં જોડાવું એ આપણી ફરજ છે. ●





# સૌની યોજના

## રાજકોટના આજી ડેમમાં નર્મદાનાં નીરનું અવતરણ

એક સમયનું સૌરાષ્ટ્ર એટલે સતત પાણીની અછત ભોગવતો પ્રદેશ. ઉનાળાની શરૂઆતની સાથે પીવાના પાણીની સમસ્યાની પણ શરૂઆત થતી. એમાં પણ ગામડાઓના ખેડૂતો પશુપાલકોની હાલત કફોડી બનતી. પાણી વીના પશુઓ માટેના ઘાસચારાની અછતનો સામનો કરવો પડતો. પીવાના પાણી માટે દૂર દૂર સુધી ભટકવું પડતું. સરકાર દ્વારા પણ ટેન્કર દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવતી. પરંતુ આવી સ્થિતિના કાયમી ઉકેલ માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીનેતૃત્વમાં સૌરાષ્ટ્રને પીવાનું પાણી અને સિંચાઈ ઉપલબ્ધ કરાવવા માટે સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ યોજના- 'સૌની યોજના' અમલી બનાવી. જેને રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની ગુજરાત સરકાર આગળ વધારી રહી છે.

સૌની યોજના સૌરાષ્ટ્રની તારણહાર બનતી જોવા મળી રહી છે. સૌરાષ્ટ્રમાં પીવાના પાણી તથા સિંચાઈ માટે ચાર લિંક દ્વારા ડેમ નર્મદાનાં નીર ભરવાની યોજના છે. જેનો તબક્કાવાર અમલ થઈ રહ્યો છે. સૌની યોજનાના મીઠા પરિણામો આજે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોને મળવાનાં શરૂ થઈ ગયાં છે. વાત કરીએ સૌરાષ્ટ્રના આર્થિક પાટનગર સમા રાજકોટ. આજી ડેમ રાજકોટના મોટાભાગના વિસ્તારને પીવાનું પાણી પૂરું પાડે છે. ઉનાળાના સમયમાં આજી અને ન્યારી ડેમ ઉનાળાની શરૂઆતની સાથે સૌરાષ્ટ્રના મોટાભાગના ડેમો સૂકાભઠ્ઠ બની જતા હતા. એમા પણ આજી ડેમ બાળકો માટે રમતનું મેદાન બની જતું આવી સ્થિતિ રાજકોટના શહેરીજનોએ નિહાળી છે.

આજે સ્થિતિમાં 360 ડિગ્રીનો બદલાવ આવ્યો છે. ઉનાળાના ધોમધખતા તાપમાં વરસાદ વિના આજી ડેમની સપાટીમાં 10 ફૂટનો વધારો થયો છે. આ સૌરાષ્ટ્રવાસીઓ માટે કોઈ ચમત્કારથી ઓછું નથી. આ ચમત્કાર થયો છે સૌની યોજનાના પરિણામે. સૌની યોજના આજે સૌરાષ્ટ્રના દોઢ કરોડ લોકોને પીવાનું પાણી પૂરું પાડવા માટેનો મુખ્ય આધાર બની છે. માત્ર રાજકોટ જ નહીં પરંતુ સૌરાષ્ટ્રના મોટા ભાગના ડેમને સૌની યોજના અંતર્ગત લિંક કરી તબક્કાવાર નર્મદાના પાણીથી ભરવામાં આવશે, જેના પરિણામે સૌરાષ્ટ્રની પીવાના પાણીની સમસ્યા કાયમી માટે હલ થશે.

રાજ્ય સરકારે ઉનાળામાં પીવાના પાણીની અછત ન સર્જાય તે માટે અત્યારથી ડેમ આગોતરુ આયોજન કરી ડેમમાં નર્મદાનાં નીર ઠાલવવાનું શરૂ કર્યું છે. આજી ડેમમાં અત્યાર સુધીમાં 550 એમસીએફટી પાણી છોડવામાં આવ્યું છે. હજુ આગામી દિવસોમાં વધુ 100 એમસીએફટી પાણી છોડવામાં આવશે. જેમ ચોમાસામાં ડેમમાં પાણીના સ્તરમાં વધારો જોવા મળે તેવો વધારો ઉનાળામાં જોવા મળી રહ્યો છે. ડેમમાં પાણીનો પૂરતો જથ્થો હોવાના કારણે પક્ષીઓ પણ તરસ છીપાવવા ડેમના મહેમાન બન્યાં છે. રાજ્ય સરકારના આ સંવેદનશીલ નિર્ણયથી રાજકોટવાસીઓ પણ પીવાના પાણીને લઈ ચિંતામુક્ત બન્યા છે.

આ તો વાત થઈ રાજકોટની પરંતુ સૌની યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦ સુધીમાં ૪૮ જળાશયો, ૧૦૦ કરતાં વધુ તળાવો અને ૬૦૦ કરતાં વધુ ચેકડેમોમાં આશરે ૩૨,૭૦૦ મિલિયન ઘનફૂટ નર્મદાનાં નીર ભરવામાં આવ્યાં છે. સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન યોજના (સૌની યોજના) શું છે એની આછેરી ઝલક માણીએ..

નર્મદાનાં પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્ર વિસ્તારમાં વિવિધ લિન્ક નહેરો મારફત સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ જળાશયોમાં સંગ્રહીત કરવાના સુદ્રઢ



### તબક્કો - ૧

**પ્રથમ તબક્કામાં ૧૨ પેકેજોની કામગીરી મહદઅંશે પૂર્ણ થવાથી ૧૬ જળાશયો દ્વારા ૧.૬૬ લાખ એકર વિસ્તારમાં સિંચાઇ સુવિધા ઉપલબ્ધ બની છે. ૪ શહેરી વિસ્તાર અને ૪૯૦ ગામોમાં પીવાના પાણીની સુવિધા પાંચ જળાશયો દ્વારા ઉપલબ્ધ થઇ છે.**

આયોજન માટે સૌની યોજનાનું અમલી બની છે. નર્મદાના પૂરના વધારાના પાણી પૈકી એક મિલિયન એકર ફીટ પાણી (૪૩૫૦૦ મિલિયન ઘન ફૂટ) સૌરાષ્ટ્ર વિસ્તારને સરકાર દ્વારા ફાળવણી કરવામાં આવી છે. જેનાથી સૌરાષ્ટ્રનાં ૧૧૫ હયાત જળાશયો ભરીને સિંચાઈ વ્યવસ્થા વધુ મજબૂત કરીને આશરે ૯૭૦ કરતાં વધુ ગામોના ૮,૨૪,૮૭૨ એકર જેટલા વિસ્તારમાં પિયતનો તથા પીવાના પાણીનો લાભ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોને આવરી લેતી ચાર લિંક પાઈપલાઈન નહેરો તરીકે આયોજન કરવામાં આવ્યું છે.

૧. **લિન્ક-૧ :** મચ્છુ -૨ બંધથી સાની બંધ સુધી (૨૦૮ કિ.મિ.)
૨. **લિન્ક-૨ :** લીંબડી-ભોગાવો-૨ (વડોદ) બંધથી રાયડી બંધ સુધી (૨૯૯ કિ.મિ.)
૩. **લિન્ક-૩ :** વઢવાણ ભોગાવો-૨ (ધોળીધ જા) બંધથી વેણુ-૧ બંધ સુધી (૨૯૯ કિ.મિ.)
૪. **લિન્ક-૪ :** લીંબડી-ભોગાવો-૨ (વડોદ) બંધથી હીરણ-૨ બંધ સુધી (૫૬૫ કિ.મિ.)


૧૩૭૧ કિ મી. લંબાઈમાં ૬ ફૂટ થી ૧૦ ફૂટના વ્યાસની માઈલ્ડ સ્ટીલના પાઈપની ચાર જુદી જુદી લિંક વડે આયોજન સાકાર થશે. સમગ્ર યોજના ત્રણ તબક્કામાં અમલીકરણ કરવાનું સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. ●



### તબક્કો - ૨

**સૌની યોજનાથી વધુ વિસ્તારને સિંચાઇનું, પીવાનું તથા ઘરગથ્થુ વપરાશના પાણીનો લાભ આપવા માટે ચારેય લિંકના બીજા તબક્કાના રૂ.૬૪૭૩ કરોડનાં ૧૨ પેકેજો પૈકી ૯ પેકેજોની કામગીરી પૂર્ણ થઇ છે. જ્યારે બાકીનાં ૩ પેકેજોની કામગીરી પ્રગતિ હેઠળ છે જે ટૂંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે. બીજા તબક્કાના કામોથી રાજકોટ જિલ્લાના ન્યારી-૧, આજી-૩, વેરી અને ભાદર-૧, જામનગર જિલ્લાના રણજીતસાગર અને ભાવનગર જિલ્લાના માલપરા, કાળુભાર અને શેત્રુંજી જળાશયોમાં નર્મદાનાં નીર ભરવામાં આવ્યાં છે.**

**બીજા તબક્કામાં સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાનાં ૫૭ જળાશયોમાં નર્મદાનાં પાણી ભરવાનું આયોજન છે. જેનાથી ૩,૭૭,૮૫૧ એકર વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદૃઢ થશે તથા ઘરગથ્થુ વપરાશ માટે ૮૦લાખની વસ્તીને પાણી ઉપલબ્ધ થશે.**



### તબક્કો -૩

**સૌની યોજના ત્રીજા તબક્કામાં ૩૪ જળાશયોને જોડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ તબક્કા હેઠળ રૂ.૨૪૦૩ કરોડનાં પાંચ પેકેજોના કામો પ્રગતિ હેઠળ છે. આ તબક્કામાં ભાવનગર શહેરને પીવાનું પાણી પૂરું પાડતા બોરતળાવનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ કામગીરીથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં ૯ જિલ્લાનાં ૩૪ જળાશયો મારફતે ૨.૪૩ લાખ એકર વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદૃઢ થશે.**

# દાંડી પદયાત્રીઓને નડિયાદમાં આવકારતાં મુખ્યમંત્રીશ્રી

દેશની આઝાદીની લડતના ઇતિહાસમાં મહાત્મા ગાંધીજી દ્વારા કરવામાં આવેલી દાંડીકૂચની યાત્રા એક સીમાચિહ્નરૂપ છે. સાબરમતી આશ્રમથી દાંડી સુધીની યાત્રાએ દેશની આઝાદીની લડતમાં નવો જોમ જુસ્સો પૂરો પાડ્યો હતો. દેશના આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનો પ્રારંભ વડાપ્રધાનશ્રીએ દાંડીયાત્રાની ઉજવણીથી કરાવ્યો છે. 12 માર્ચથી શરૂ થયેલી દાંડીકૂચ ચોથા દિવસે નડિયાદ પહોંચી હતી. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આ યાત્રાના ૮૧ પદયાત્રિકોના સ્વાગત માટે સાંજે નડિયાદ પહોંચ્યા હતા અને ગાંધી પ્રતિમાથી સંતરામ મંદિર સુધી યાત્રામાં સહભાગી થયા હતા.



ભારતની આઝાદીનો અમૃત મહોત્સવ દેશ માટે મરી ફિટનારા - કુરબાન થનારા શહીદવીરોનાં સપનાં, પૂજ્ય બાપૂ, સરદાર સાહેબ, સુભાષચંદ્ર બોઝ જેવા સપૂતોનાં સપના સાકાર કરી મા ભારતીને વિશ્વગુરુ બનાવવાનો રૂડો અવસર છે.

સ્વતંત્રતાની લડતની આગેવાની લેનારું ગુજરાત આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આત્મનિર્ભર ભારત, ગરીબી, ભ્રષ્ટાચાર, ભય-ભૂખ વિનાનું શ્રેષ્ઠ ભારત બનવા જઈ રહ્યું છે તેની જનચેતના પણ આઝાદીના અમૃત મહોત્સવના ૭૫ વર્ષના ઉજવણી કાર્યક્રમના પ્રારંભે દાંડીયાત્રાથી આ જ ભૂમિ પરથી જાગી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ તા.૧૨ મી માર્ચે ઐતિહાસિક દાંડીયાત્રાની સ્મૃતિમાં સાબરમતી આશ્રમથી દાંડી સુધીની પદયાત્રાના ખેડા જિલ્લાના નડિયાદ ખાતેના રાત્રિ મુકામ પ્રસંગના






સાક્ષી બન્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આઝાદીના ૭૫ વર્ષની આ અમૃત મહોત્સવ ઉજવણી ત્રણ ભાગમાં ઉજવીને ૭૫ સપ્તાહ સુધી વિવિધ કાર્યક્રમો દ્વારા એવા વીર શહીદો, હુતાત્માઓ અને ૧૮૫૭ના સંગ્રામના ક્રાંતિવીરો જેમણે જીવન ખપાવી આઝાદી અપાવી તેનું ચિરસ્મરણ જન-જનમાં મન-મનમાં ઊજાગર કરવામાં આ દાંડીયાત્રા ઉદ્દીપક બનશે.

આઝાદીનો અમૃત મહોત્સવ એટલે કે ૭૫ વર્ષમાં ભારતે વિકાસની, પ્રગતિની જે રફતાર જાળવી તેને પણ આ મહોત્સવથી જન-જન સમક્ષ મુકવાની છે. મુખ્યમંત્રીશ્રીએ આ પદયાત્રામાં સાબરમતી આશ્રમથી નડિયાદ સુધીનું ૭૫ કિ.મિ.નું



અંતર પદયાત્રીઓ સાથે ચાલીને કાપનારા અને યાત્રામાં સહભાગી બનેલા કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી પ્રહલાદસિંહ પટેલનો વિશેષ આભાર સમગ્ર ગુજરાત વતી વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદસિંહ પટેલે આ અમૃત મહોત્સવના ૭૫ સપ્તાહ સુધીના બહુઆયામી અને રાષ્ટ્રવ્યાપી આયોજનની દીર્ઘદૃષ્ટિનું શ્રેય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વને આપ્યું હતું. કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રીએ દેશની આઝાદીના ૧૦૦ વર્ષ જ્યારે પૂર્ણ થાય ત્યારે પ્રત્યેક ભારતવાસી રાષ્ટ્રનિર્માણ માટે સમર્પિત ભાવથી પોતાનું યોગદાન અવશ્ય આપશે તેવો ઉત્સાહપ્રેરક માહોલ આ અમૃત મહોત્સવ ઊભો કરી રહ્યો છે તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

તેમણે પૂજ્ય બાપૂની ઐતિહાસિક દાંડીયાત્રાની આ પુનર્જીવિત પદયાત્રામાં પોતાને જોડાવા મળ્યું તે ક્ષણને ગૌરવ ક્ષણ ગણાવીને ગુજરાતના પદયાત્રીઓ સહિત પ્રશાસન, નાગરિકો સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ અવસરે ખેડાના સાંસદ શ્રી દેવુસિંહ, મહેમદાવાદના ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નયનાબહેન, નગરપાલિકા પ્રમુખ રંજનબહેન અને પ્રદેશ મંત્રી જ્હાનવીબહેન, સંતરામ મંદિરના મહંત શ્રી અને નગરજનો પદયાત્રિકોનો ઉત્સાહ વધારવા ઉપસ્થિત રહ્યાં હતાં. ●





# સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન આપનારા સ્વાતંત્ર્ય સેનાનીઓની ગાથા યુવા પેઢી સુધી પહોંચાડવી જોઈએ



આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત તા.૧૨મી માર્ચના અમદાવાદ ખાતેથી પ્રારંભ થયેલી દાંડીયાત્રાએ યાત્રાના આઠમા દિવસે બોરસદ ખાતેના સૂર્યમંદિર ખાતે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરના લેફ. ગવર્નર શ્રી મનોજ સિંહા તથા જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓએ તેઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યુ હતું.

લેફ. ગવર્નર શ્રી મનોજ સિંહાએ અહીં ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે શ્રી મનોજ સિંહાએ પૂ. મહાત્મા ગાંધીજી-સરદાર પટેલ સહિત સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને આજની યુવા પેઢીએ જાણવી જોઈએ તેમ જણાવી દેશના નાગરિકોને ગાંધીમૂલ્યોને જાળવી દેશના વિકાસમાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. શ્રી સિંહાએ આ દાંડીયાત્રામાં સામેલ થવાનું પોતાને સૌભાગ્ય મળ્યું હોવાનું જણાવી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થકી પુન: રાષ્ટ્રમાં રાષ્ટ્રભાવના જાગૃત કરી હોવાનું કહ્યું હતું.

જમ્મુ-કાશ્મીરના લેફ. ગવર્નર શ્રી મનોજ સિંહાએ બોરસદ ખાતેના સૂર્ય મંદિર ખાતેથી રાસ થઈને કંકાપુરા જવા પ્રસ્થાન થયેલ દાંડી યાત્રિકો સાથે પદયાત્રી તરીકે જોડાઈને પગપાળા યાત્રા કરી દાંડી યાત્રિકોને ઉત્સાહ વધાર્યો હતો. શ્રી મનોજ સિંહાની સાથે જિલ્લા કલેકટર શ્રી આર. જી. ગોહિલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી આશિષકુમાર, જિલ્લા પોલીસ વડા શ્રી અજિત રાજિયાન સહિત અગ્રણીઓ પણ જોડાયા હતા.

શ્રી મનોજ સિંહાએ બોરસદ ખાતેની જે.ડી.હાઈસ્કૂલ ખાતે જયાં પૂ. મહાત્મા ગાંધીજીએ રાત્રિ રોકાણ કર્યું હતું ત્યાં ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી ભાવસભર શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં.

બોરસદથી પ્રસ્થાન થયેલ દાંડીયાત્રાના માર્ગમાં આવતા ગામોમાં અગ્રણીઓ અને ગ્રામજનો દ્વારા માર્ગની બંને બાજુએ ઊભા રહીને દાંડીયાત્રિકો ઉપર પુષ્પવર્ષા કરીને તેઓનું ભાવભર્યુ સ્વાગત કર્યુ હતું.

## કરમસદ ખાતેના સરદાર સાહેબના નિવાસસ્થાનની મુલાકાત લેતા શ્રી સિંહા

આઝાદીનો અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત આણંદ આવેલા જમ્મુ અને કાશ્મીરના લેફ. ગવર્નર શ્રી મનોજ સિંહાએ સરદાર પટેલના નિવાસસ્થાને આવી પહોંચીને સરદાર પટેલની પ્રતિમાને સૂતરની આંટી અર્પણ કરી ભાવાંજલિ અર્પણ કરી હતી. શ્રી સિંહાએ સરદાર પટેલની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કર્યા બાદ સરદાર પટેલ નિવાસસ્થાની મુલાકાત લઈને રસપૂર્વક સરદાર પટેલના નિવાસસ્થાનનું અને પ્રદર્શનનું નિરીક્ષણ કર્યું હતું.

શ્રી મનોજ સિંહાને સરદાર પટેલના નિવાસસ્થાનની મુલાકાત



બાદ તેમણે સરદાર સાહેબના પૈતૃક નિવાસસ્થાનની પૂણ્યભૂમિને નમન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આજે દેશનું જે સ્વરૂપ છે તે સરદાર સાહેબના કારણે છે. રજવાડાંઓને એકત્ર કરવાનું શ્રેય આઝાદીના નાયક સરદાર સાહેબના કારણે છે. સરદાર સાહેબે જે દેશની એકતા-અખંડિતતા માટે કામ કર્યું હતું તેમ આજની યુવા પેઢીએ સરદાર સાહેબના સપનાંને સાકાર કરવા અને દેશની એકતા-અખંડિતતાને ટકાવી રાખવા અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવા સંકલ્પબદ્ધ થવા કહ્યું હતું.

શ્રી મનોજ સિંહાની સરદાર પટેલની આ મુલાકાત દરમિયાન તેમની સાથે જિલ્લા અગ્રણી શ્રી વિપુલભાઇ પટેલ, પૂર્વ સાંસદ શ્રી દિલીપભાઇ પટેલ અને કરમસદ નગરપાલિકાના પ્રમુખ શ્રી નિલેશભાઇ પટેલ સાથે રહ્યા હતા.

## નવી પેઢીને ભારતના ઐતિહાસિક વારસાની જાણકારી આપવી એ આપણી નૈતિક ફરજ

### - નર્મદા વિકાસ રાજ્ય મંત્રી શ્રી યોગેશભાઇ પટેલ

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત અમદાવાદ ખાતેથી પ્રારંભ થયેલી દાંડીયાત્રાનો તા.૧૮મીના રોજ યાત્રાના સાતમા દિવસે વહેલી સવારે ખુશનુમાભર્યા વાતાવરણમાં બોરસદ શહેરમાં પ્રવેશ થયો હતો. દાંડીયાત્રાના પ્રવેશ સમયે ભાવસભર દ્રશ્ય સર્જાવા પામ્યું હતું. આ અવસરે રાજયના નર્મદા વિકાસ રાજય મંત્રી શ્રી યોગેશભાઇ પટેલે ગાંધીજીના હસ્તે મળેલી અમૂલ્ય આઝાદી દ્વારા આત્મનિર્ભરતા-સ્વરોજગારી અને સ્વદેશીનો વ્યાપ વિસ્તારવા આહવાન કર્યું હતું. મંત્રી શ્રીએ પૂ. મહાત્મા ગાંધીના નેતૃત્વમાં અંગ્રેજ શાસન સામે કરવામાં આવેલા અહિંસક સવિનય કાનૂન ભંગની આ ચળવળ હોવાનું જણાવી ૨૪ દિવસ સુધી ચાલેલી આ લડતમાં અંગ્રેજ સરકાના મીઠા પરના એકાધિકાર તેમજ મીઠા પર લગાડવામાં આવેલ કર વિરુદ્ધ અહિંસક પ્રતિરોધ દ્વારા પ્રત્યક્ષ કાર્યવાહીનું અભિયાન શરૂ કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

એક માતા પોતાની દિવ્યાંગ દીકરાને વ્હિલચેરમાં લઇને દાંડી યાત્રિકોનું સ્વાગત કરવા આવી હતી. આ દિવ્યાંગ દીકરાની ઇચ્છા મુજબ સમગ્ર પરિવારે ફૂલો સાથે આવીને દાંડી યાત્રિકોનું સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત બોરસદ નગરપાલિકાના પ્રમુખશ્રી, કાઉન્સિલરો, ચીફ ઓફિસરશ્રી સહિત, અગ્રણી નાગરિકો, વ્યાપારીઓ અને શહેરીજનોએ યાત્રિકોનું ઉમળકાભેર ભાવભર્યું સ્વાગત કર્યું હતું. જયારે દાંડી યાત્રિકો તેમના અંતિમ પડાવ એવા રાત્રિ રોકાણના સ્થળ એવા સૂર્ય મંદિર ખાતે પહોંચ્યા હતા.

નર્મદા વિકાસ રાજય મંત્રી શ્રી યોગેશભાઇ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી આશિષકુમાર, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હંસાબહેન પરમાર, અગ્રણીઓ, નાગરિકો અને દાંડી યાત્રિકોની ઉપસ્થિતિમાં ભજનસંધ્યા યોજાઇ હતી.

આ ભજનસંધ્યામાં ભજનિકોએ પૂ. મહાત્મા ગાંધીજીના પ્રિય ભજન એવા વૈષ્ણવજન સહિત કસુંબીનો રંગ અને આઝાદીની લડત સાથે જોડાયેલા ભજનો અને ગીતોની રમઝટ બોલાવી હતી. સમગ્ર વાતાવરણ દેશભકિતના રંગે રંગાઇ જવા પામ્યું હતું. ●



# ઐતિહાસિક વારસો ધરાવતું પર્યટન સ્થળ દાંડી

✎ રાજકુમાર જેઠવા

ભારતની આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણીના અવસરે 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો પ્રારંભ તા.૧૨મી માર્ચથી અમદાવાદના સાબરમતી આશ્રમથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રારંભ કરાવ્યો છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમથી તા.૧૨મી માર્ચે ૧૯૩૦ના યોજેલી દાંડીયાત્રાની સ્મૃતિને વર્તમાન સમયમાં ઉજાગર કરતાં ૮૧ પદયાત્રીઓની સાબરમતી આશ્રમથી દાંડી સુધીની ૩૮૬ કિ.મિ.ની દાંડીયાત્રાનું ફરી ગુજરાત સાક્ષી બન્યું ત્યારે આપણે દાંડી અને તેની આજુબાજુના સ્થળોનાં મહત્ત્વ વિશે આપણે આછેરો પરિચય મેળવીએ.

### દાંડી નમક સત્યાગ્રહ સ્મારક :

નવસારીથી ૨૨ કિ.મિ.ના અંતરે આવેલા દાંડીમાં ૧૯૩૦માં દાંડીયાત્રા શરૂ કરતાં પહેલાં પૂ. બાપુએ કહેલું કે કાગડા કૂતરાના મોતે મરીશ પણ સ્વરાજય લીધા વિના સાબરમતી આશ્રમ પાછો નહીં ફરું. ૬૧ વર્ષની ઉંમરે ૨૪૧ કિ.મિ.યાત્રા ગાંધી બાપુએ ચાલતા કરીને અંગ્રેજ સરકારે મીઠા પર નાંખેલા વેરાનો વિરોધ કર્યો હતો. તા.૬ઠ્ઠી ઍપ્રિલ ૧૯૩૦ના રોજ પૂજય ગાંધી બાપુએ બ્રિટિશ સામ્રાજયની ઈમારતના પાયામાં હું આથી લૂણો લગાડું છું, એવી ધીરગંભીર વાણી ઉચ્ચારી ચપટી મીઠું ઉપાડીને મીઠાનો કાયદો તોડી અંગ્રેજ સલ્તનતના પાયા હચમચાવી નાંખ્યા હતા. દાંડી ગામે આ નમક સત્યાગ્રહ સ્મારક સ્થળે ભારતીયો સહિત વિદેશીઓ પણ મોટી સંખ્યામાં મુલાકાત લઇ પૂજય બાપુની વિચારધારાને વંદન કરે છે.

### દાંડી પ્રાર્થના મંદિર :

નવસારીથી ૨૨ કિ.મિ.ના અંતરે આવેલ ઐતિહાસિક દાંડી ખાતે મીઠાના સત્યાગ્રહ પૂર્વે પ્રથમ જાહેરસભાને પૂજય ગાંધી બાપુએ જયાંથી સંબોધી હતી અને પ્રાર્થનાસભા યોજી હતી, તે પ્રાર્થનાસભા મંદિરનું સંકુલ આજે પણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. જે વડ નીચે પૂ. બાપુએ પ્રાર્થના સભા યોજી હતી. તે વડ આજે પણ તેની સાક્ષી પૂરી રહ્યો છે. પ્રાર્થના મંદિરના ભવ્ય દ્વાર ઉપર તમામ ધર્મોના પ્રતિકની કોતરણી સર્વધર્મ સમભાવની ભાવના ઉજાગર કરે છે.

### દાંડી સૈફીવિલા બિલ્ડિંગ-ગાંધી પ્રદર્શન :

નવસારીથી ૨૨ કિ.મિ.ના અંતરે આવેલા દાંડી ખાતે મીઠાના કાયદાનો ભંગ કરતા અગાઉ પૂજય ગાંધીબાપુએ દાંડી પહોંચીને દાઉદી વ્હોરા કોમનાં ધર્મગુરુ સૈયદ તાહેર સૈફુદીનના સૈફીવીલા બિલ્ડિંગમાં રાતવાસો કર્યો હતો. તા.૫ એપ્રિલ ૧૯૩૦ના રોજ







રાતવાસો કરીને વહેલી સવારે મીઠાના કાયદાનો ભંગ કરવા અહીંથી પૂજય બાપુ નમક સ્મારક સ્થળે પહોચ્યા હતા. આ સૈફિવિલા બિલ્ડિંગમાં બાપુના જીવનકાળના વિવિધ પ્રસંગો, તેની ઐતિહાસિક ભૂમિકા, સ્વાતંત્ર્યની યાદગાર ફિલ્મો, પુસ્તકાલય, અખબારો તથા રાષ્ટ્રપિતાના સંસ્કારો સીંચી શકે તેવા ફોટોગ્રાફસ અને સાહિત્ય ફિલ્મો પ્રવાસીઓને દર્શાવાય છે.

### દાંડી બીચ :

ગાંધીજીના મીઠા સત્યાગ્રહથી વિશ્વ પ્રસિદ્ધ નવસારી થી ૨૨ કિ.મિ. દૂર આવેલો દાંડીનો દરિયાકિનારો સહેલાણીઓ માટેનું આકર્ષક પ્રવાસન સ્થળ છે. અહીંના સાગરકાંઠે સોમવતી અમાસના દિવસે મેળો ભરાય છે. જેમાં સહેલાણીઓ અને ગામવાસીઓ સાગર સ્નાનનો આનંદ લૂટે છે. સાગરકાંઠાના આસપાસનો વિસ્તાર ફળફળાદિ અને નાળિયેરીનાં વૃક્ષો તેને નયનરમ્ય બનાવે છે. દાંડીનો આ બીચ પ્રવાસીઓ માટે નિર્ભય જણાતો હોય પ્રવાસીઓ બેધડક તેનો આનંદ લૂટે છે. અહીં સ્વરાજ બાગમાં ભૂલકાંઓના મનોરંજનનાં સાધનો ઉપલબ્ધ છે. વનવિભાગનું વનચેતના કેન્દ્ર શૈક્ષણિક પ્રવાસે આવતા વિદ્યાર્થીઓ માટે માહિતીપ્રદ બની રહયું છે.

### દાંડી ખાતે અજાણી માઇસાહેબની દરગાહ :

૨૨ કિ.મિ. અંતરે આવેલ દાંડી ખાતે દાઉદીવોરા કોમના શ્રદ્ધાના પ્રતીકસમી અજાણી માઈસાહેબની આ દરગાહ આવેલી છે. દાઉદીવોરા કોમના લોકો દેશ વિદેશથી અહીં જિયારત (તીર્થયાત્રા) એ આવતા હોય છે. હિજરી સન ૯૦૦ માં મહોરમ માસની ૨૨-૨૩ તારીખોમાં હજયાત્રાથી પાછા ફરતા બે અજાણી મા-દીકરીના અહીં તણાઈને આવેલાં શબોનો મકબરો છે. માછીમારો ઘરેણાં ચોરવા જાય તો આ લાશ દૂર ખસી જતી હતી. ચીખલી ગામના મૌલવીને સ્વપ્ન સંકેત મળ્યો કે અમારા મોતનો મલાજા જળવાતો નથી, જેથી ચીખલીના મૌલવી અન્ય લોકો સાથે દાંડી પહોચી આ લાશોને બળદગાડામાં નાંખી સુરત લઇ જવા માંગતા હતા, પરંતુ બળદગાડું કાદવમાં ખૂંપી જતા ત્યાં જ તેમને દફન કરવામાં આવ્યાં. અહીં નુરબીબી અને ફાતમાબીબીના મઝાર સહિત ઉજજૈનના ધર્મગુરુ સૈયદ અબ્દુલ કાદીરનાં પત્નીનો ત્રીજા મઝાર પણ છે. અહીં મહોરંમ માસમાં મોટો મેળો ભરાય છે.

### ગાંધી કુટિર-કરાડી :

નવસારીથી ૧૩ કિ.મિ. અંતરે આવેલ જિલ્લાના જલાલપોર તાલુકાના કરાડી ખાતે પૂ. ગાંધી બાપુ પ્રસિદ્ધ દાંડી કૂચ વખતે સને ૧૯૩૦માં આવ્યા બાદ એક આંબાના વૃક્ષ નીચે ખજૂરીના છતીયાની કુટીરમાં રહ્યા હતા. કુટીરમાં તા.૧૪ એપ્રિલથી તા.૪થી મે 1930 સુધી અહીં રોકાયા હતા અને નમક સત્યાગ્રહને અહીંથી બળ મળેલું. ધરાસણા મીઠાના અગર તરફ જવાનો પત્ર પણ અહીંથી લખાયેલો. તા.૪થી મે 1930ના રોજ અહીંથી ગાંધીજીની ધરપકડ થઇ હતી.

### શહીદ સ્મારક મટવાડ :

નવસારીથી અંદાજે ૧૫ કિ.મિ.ના અંતરે આવેલ જિલ્લાના જલાલપોર તાલુકાના મટવાડ ગામે તા.૨૨ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ સાંજે ૫-૦૦ કલાકે પરદેશી શાસનનો વિરોધ કરતા ગોળી વાગવાથી કરાડી ગામના શહીદ થયેલા મોરારભાઇ વાંસીયાભાઇ પટેલ, રણછોડભાઇ લાલભાઇ પટેલ અને મટવાડના મગનભાઇ ધનજીભાઇ પટેલ એમ ત્રણ શહીદોની પુણ્ય સ્મૃતિમાં આ શહીદ સ્મારક કાંઠા વિસ્તારના દેશપ્રેમી વિરોની માભોમની મુકિત માટેની સંઘર્ષગાથાની યાદ તાજી કરાવે છે. જે વડલા પાછળથી સંતાઇને અંગ્રેજોએ ગોળીબાર કર્યો હતો, તે વડલો પણ આજે સ્મારક પાસે અડીખમ ઊભો છે.

### ગાંધી સ્મૃતિ રેલવે સ્ટેશન :

નવસારીથી આશરે ૫ કિ.મિ.ના અંતરે ગાંધીસ્મૃતિ રેલવે સ્ટેશન આવેલું છે. રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધી બાપુની અંગ્રેજ શાસકોએ મીઠાના કાયદાના ભંગ બદલ ધરપકડ કરીને એરુ નજીક ફ્રન્ટિયરમેલ ટ્રેનને રોકાવીને પૂ.બાપુને જેલમાં લઇ ગયા હતાં. તે સ્થળ ગાંધી સ્મૃતિ રેલવે સ્ટેશન તરીકે જાણીતું બન્યું છે અને આજે પણ અહીં કેટલીક લોકલ ટ્રેનોને સ્ટોપેજ મળેલાં છે. ●











# આજીવન ખાદીધારી ડાંગના "ગાંડા કાકા"



✎ મનોજ ખેંગાર

દેશને આઝાદી અપાવવા અનેક ક્રાંતિકારીઓ, યુવાનો, વિદ્યાર્થીઓ શહીદ થયા. પૂ. મહાત્મા ગાંધીજીની આગેવાનીમાં થયેલા સત્યાગ્રહ, આંદોલનમાં સમગ્ર દેશ જોડાયો. મહાત્મા ગાંધીએ અહિંસક રીતે ચળવળને ચલાવી દેશને સ્વતંત્ર બનાવ્યો. દેશ આઝાદ તો થયો પરંતુ આઝાદી બાદ દેશમાં સુસાશન સ્થાપવા અને સ્વરાજને લોકો સુધી પહોંચાડવા અનેક મહાનુભાવોએ આજીવન લોકસેવાનો ભેખ ધારણ કર્યો. આવું જ એક વ્યક્તિત્વ એટલે ડાંગના ગાંડાકાકા. જેમણે ડાંગના આદિવાસીની સેવા કરી શિક્ષિત બનાવવાનું ડાહ્યું કામ કર્યું છે.

બાળ સ્વાતંત્ર્ય સેનાની એવા શ્રી ગાંડાભાઈ છનાભાઈ પટેલનો જન્મ વર્ષ ૧૯૩૧ના રોજ ઐતિહાસિક દાંડી ગામે થયો હતો. દાંડીના આગેવાન એવા ખેડૂત શ્રી છનાભાઈ પટેલના આ કુળદીપકે તેમનું પ્રાથમિક શિક્ષણ દાંડીની પ્રાથમિક શાળામાં લીધું. નાની વયે જ માતાપિતાની છત્રછાયા ગુમાવનારા ગાંડાભાઈએ સને ૧૯૪૨માં ભારત છોડો આંદોલનમાં ભાગ લેતાં નાની વયે જ શાળા છોડી દીધી. બાળપણથી જ સ્વતંત્રતા સંગ્રામ માટેની સભા, સરઘસ, અને રેલીઓ ગજવતા થયા.

સને ૧૯૪૭માં ભારત દેશ આઝાદ થયો, ત્યાર બાદ મળેલ સ્વરાજ્યને ગામડે ગામડે સુધી પહોંચાડવાનો પ્રયાસ શરૂ થયો હતો. તે અરસામાં ડાંગના સીલોટમાળ ગામના અગ્રણી શ્રી રામજીભાઈ તથા અન્ય વડીલોએ વેડછી (વાલોડ) મુકામે શ્રી જુગતરામ દવે તથા બારડોલી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલને મળીને ડાંગ વિસ્તારમાં શિક્ષણ સાથે અન્ય સેવાકીય પ્રવૃત્તિઓની ખૂબ જ જરૂરિયાત છે તે અંગેની માગણી મૂકી સંનિષ્ઠ કાર્યકરોને ડાંગ મોકલવા વિનંતી કરી. જેના ફળસ્વરૂપે શ્રી છોટુભાઈ નાયક અને શ્રી ઘેલુભાઈ નાયકનું ડાંગમાં આગમન થયું. ટૂંક સમયમા જ શ્રી ઘેલુભાઈ નાયક વધુ અભ્યાસ અર્થે બહારગામ ભણવા ગયા અને શ્રી છોટુભાઈ એકલા પડ્યા. તે સમયે ડાંગમાં પરિસ્થિતિ ખૂબ જ વિકટ હતી. ઘણી બધી મુશ્કેલીઓ હતી. શિક્ષણ તથા સેવાનું કાર્ય પણ આગળ વધારવાનું હતું. તેથી આ પ્રકારનાં કાર્યો માટે પ્રમાણિક અને નિષ્ઠાવાન ઉત્સાહી યુવાન કાર્યકરોની જરૂરિયાત ઊભી થઇ. શ્રી ગાંડાભાઈ પટેલ કાજલી, ફણસા, ઉમરગામ વિસ્તારમા અગાઉ આ જ પ્રકારની સેવાની કામગીરી સાથે સંકળાયેલા હોવાથી શ્રી છોટુભાઈ નાયકે ગાંડાભાઈને પોતાની સાથે આમંત્રણ આપ્યું. છોટુભાઈ નાયકના આગ્રહને માન આપીને વાલોડ (વેડછી) ખાતે શ્રી જુગતરામ દવે પાસેથી માર્ગદર્શન, પ્રેરણા, અને આશીર્વાદ લઇ સને ૧૯૫૦મા શ્રી ગાંડાભાઈ પટેલ નાયકબંધુઓ સાથે શિક્ષણ અને સેવાના કાર્ય અર્થે ડાંગ આવ્યા.

વર્ષ ૧૯૫૦થી અત્યાર સુધી શ્રી ગાંડાકાકા સતત ૭૧ વર્ષથી ડાંગ જિલ્લામા આદિવાસીઓના સર્વાંગી વિકાસના ભગીરથ કાર્યમાં સહભાગી થઈ રહ્યા છે. આજે ૯૧ વર્ષની ઉંમરે પણ સંસ્થામાં ઉત્સાહભેર કામ કરે છે. શ્રી સોમાભાઈ દાંડીકર, શ્રી દિલખુશભાઈ દિવાનજી, મણિબહેન નાણાવટી જેવા સ્વતંત્રતા સેનાનીઓ સાથે સ્વતંત્રતાના પાઠ શીખ્યા. કિશોર વયે ખાદી કાંતણ, વણાટ, નઈ તાલીમ, શ્રમ, સ્વાશ્રય જેવા ગુણો જીવનમાં ઉતાર્યા. બાળવયે, કિશોર અવસ્થામાં આઝાદીની ચળવળના વિવિધ પ્રકારના કાર્યક્રમોમાં, સભાઓ સરઘસોમા ઉત્સાહભેર ભાગ લીધો.

સને ૧૯૫૦માં શ્રી ગાંડાભાઈ પટેલ ડાંગ આવ્યા, ત્યારે ડાંગ જિલ્લાની પરિસ્થિતિ ખૂબ જ વિશિષ્ટ પ્રકારની, અને વિકટ હતી. અહીં બહારથી આવીને લાંબો સમય રહેવા માટે કોઈ તૈયાર થતું ન હતું. અહીંનો સંપૂર્ણ વિસ્તાર જંગલ આચ્છાદિત હતો. ખૂબ જ ગીચ જંગલ હતું. ઊંડાણનાં ગામડાઓમાં પગપાળા ચાલીને જ પ્રવાસ કરવો પડતો. રસ્તા પણ ન હતા. વીજળી પણ ન હતી. ઉનાળામાં પાણીની ખૂબ જ તંગી રહેતી.

વર્ષોનાં વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક, અંગત સ્વાર્થ ત્યજીને પરોપકારનાં કાર્યોમાં, આદિવાસીઓના ઉત્થાન માટેના યજ્ઞમાં, પોતાના સમય અને શક્તિની આહુતિ આપનારા બાળ સ્વતંત્રતા સેનાની શ્રી ગાંડાકાકા એ જ્યારે કુસુમબહેન ધીરુભાઈ નાયક સાથે આંતરજ્ઞાતીય લગ્ન કર્યા, ત્યારે શ્રી જુગતરામ દવેએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે "અહો, કેવું સુંદર જોડું કુદરતે નિર્માણ કર્યું" ખરેખર, પોતાના જીવનસાથી તરીકે કુસુમબહેન નાયકનો તેમને બહુમૂલ્ય સહકાર પ્રાપ્ત થયો. કુસુમબહેને પણ શાળામા શિક્ષિકા તરીકેની કામગીરી નિભાવવાની સાથે પોતાના કુટુંબ ઉપરાંત, અન્ય સંબંધીઓ અને અવારનવાર આશ્રમમાં મુલાકાતે આવતા અસંખ્ય મુલાકાતીઓને હસતા મુખે નિસ્વાર્થ ભાવે અનેક પ્રકારે મદદ કરી છે. ●



# આઝાદીની ચળવળનું કેન્દ્ર : રાસ ગામ

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અને સાબરમતી આશ્રમ અમદાવાદથી પ્રસ્થાન થયેલી દાંડીયાત્રા આઠમા દિવસે બોરસદ ખાતેના સૂર્યમંદિર ખાતેથી પ્રસ્થાન થઇ રાસ ગામે આવી પહોંચતા આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હંસાબહેન પરમાર, તા.પં. બોરસદના પ્રમુખ શ્રી ધરમદેવ સિંહ ડાભી, ખંભાત પૂર્વ ધારાસભ્ય શ્રી સંજયભાઈ પટેલ, રાસ ગ્રામ પંચાયતના સરપંચશ્રી જયાબહેન પટેલ સહિત અગ્રણીઓ દ્વારા દાંડી યાત્રિકોનું ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું હતું.

બોરસદ ખાતેથી નીકળેલ દાંડીયાત્રાને રાસ ગામે જતાં રસ્તામાં આવતા કસારી, ઝારોલા ગામમાં પ્રવેશતા ગ્રામજનોએ માર્ગની બંને બાજુએ ઊભા રહીને દાંડીયાત્રિકોને પુષ્પવર્ષા કરીને ભાવસભર આવકાર આપ્યો હતો. આ રાસની ઐતિહાસિક ભૂમિ પર દાંડી યાત્રિકો આવી પહોંચતા સરદાર પટેલે જે મોટા વડ નીચે સભા યોજી હતી તે વડ આજે વલ્લભ વડથી ઓળખાય છે. ત્યાં આવી પહોંચીને પૂ. મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલની તસવીરને નમન કરી આદરપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી ભાવસભર ભાવાંજલિ આપી હતી.

દાંડીયાત્રિકો રાસ ગામે આવી પહોંચતા ઢોલ-નગારા અને દેશભકિતના ગીતોથી દાંડીયાત્રિકોનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવતાં સમગ્ર ગામ દેશભકિતના રંગે રંગાઇ જવા પામ્યું હતું. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, સ્વાતંત્ર્યના ઇતિહાસમાં બોરસદ તાલુકાનું રાસ ગામ આઝાદીની લડતમાં અગ્રેસર રહ્યું હતું. દાંડીકૂચના સત્યાગ્રહની તૈયારીઓની પૂર્વ ભૂમિકા રૂપે રાસમાં સરદાર વલ્લભભાઇ પટેલની નાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પણ સવાર થતાં બોરસદમાં પોલીસ તંત્રની દોડધામ વધી પડી હતી. રાસ ગામની ભાગોળે મોટા વડની નીચે સરદાર પટેલે તથા ગામના આગેવાનોએ સભા શરૂ કરી. ગણતરીની મિનિટોમાં બોરસદ ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટ જાતે સરદાર પટેલનું ધરપકડનું વોરંટ લઇને આવ્યા હતા અને તેઓને બોરસદમાં લાવી અંગ્રેજ સરકારે કેસ ચલાવતાં ત્રણ માસની સજા થઇ હતી. આ ઘટનાથી રાસનું નામ વાયુવેગે દેશમાં પ્રખ્યાત થયું હતું એટલું જ નહીં, સ્વાતંત્ર્યના સંગ્રામના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયું હતું.

અંગ્રેજ સરકારે હૈડિયાવેરો રાસ ગામ ઉપર નાખ્યો હતો.૧૯૩૦ના અરસામાં કરના સત્યાગ્રહમાં બોરસદ તાલુકાનાં સંખ્યાબંધ ગામો સાથે રાસની પ્રજા જોડાઇ હતી અને ધરપકડો, જપ્તી, મારઝુડ થઇ, પ્રજા ન નમી, રાસની લડત ભારે આપી હતી. ગામમાં જમીનો ખાલસા કરાવી, ઘરવખરી-ઢોર-ઢાંખરની હરાજી થઇ પણ પ્રજાએ મચક આપી ન હતી. ●

# દાંડીયાત્રામાં આયુષ વિભાગનું વિશેષ યોગદાન

દેશની આઝાદીને ૭૫મું વર્ષ શરૂ થયું છે ત્યારે તેની ઉજવણી નિમિત્તે રાજ્યમાં ''આઝાદી કા અમૃત મહોત્સવ''ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. સમગ્ર રાષ્ટ્ર ''લીવ ફોર ધ નેશન''ના મંત્ર સાથે વિશ્વગુરુ બનવા અગ્રેસર બન્યુ છે, ત્યારે ગુજરાતમાં પુનરાવર્તિત દાંડીયાત્રા શરૂ કરી દેવામાં આવી છે જે પાંચમી એપ્રિલ-૨૦૨૧ સુધી ચાલશે. સમગ્ર દાંડીયાત્રા દરમિયાન રાજ્યના આયુષ વિભાગ દ્વારા મહત્ત્વની સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે. આયુષ વિભાગ દ્વારા દાંડીયાત્રાના રૂટમાં પદયાત્રિકોને થાકમુક્ત કરવા આયુર્વેદ ઔષધસિદ્ધ તેલથી માલિશ કરી આપી સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે.

દાંડીયાત્રા અમદાવાદ, ખેડા, આણંદ, ભરૂચ, નવસારી જિલ્લામાંથી પસાર થનાર છે. તે રૂટમાં આવતાં આયુષ-ગ્રામ અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની જનજાગૃતિ માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પદયાત્રાની સાથે પદયાત્રિકોને જરૂર જણાય ત્યારે આયુષ-સારવાર ઉપલબ્ધ બની રહે તે માટે આયુષ મોબાઈલ વાનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે તે ઉપરાંત જરૂરી વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

આયુષ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલી આ મહત્ત્વની કામગીરીમાં અત્યાર સુધી કુલ ૪૧૨૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. જે અંતર્ગત નિદાન સારવાર કેમ્પ હેઠળ ૫૩૩, રોગ પ્રતિકારક શક્તિવર્ધક આયુષ ઔષધ વિતરણ કાર્યક્રમ હેઠળ ૧૦૭૯, પ્રકૃતિ પરિક્ષણ કેમ્પ અંતર્ગત ૨૨, ઔષધીય વનસ્પતિ નિદર્શન કાર્યક્રમ હેઠળ ૧૪૩૦ તેમજ આયુષ પ્રચાર-પ્રસારને લગતાં સાહિત્ય વિતરણ હેઠળ ૧૦૫૬ લાભાર્થીઓએ લાભ લીધો છે. ●

# કેરળના રાજ્યપાલ શ્રી આરીફ મોહંમદ ખાને પદયાત્રીઓનો ઉત્સાહ વધાર્યો



આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે શરૂ થયેલી દાંડીયાત્રા સોળમાં દિવસે ભરૂચના અંકલેશ્વર તાલુકાના ઓમ તપોવન આશ્રમ ખાતેથી સજોદ ગામ તરફ પ્રસ્થાન થઈ હતી. સજોદ ગામેથી કેરળના રાજ્યપાલ શ્રી આરીફ મોહંમદ ખાને પદયાત્રામાં સહભાગી થઈ યાત્રિકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

સજોદ ગામની સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે પદયાત્રીઓઓને સંબોધન કરતાં રાજ્યપાલ શ્રી આરીફ મોહંમદ ખાને જણાવ્યું હતું કે, અંગ્રેજો ગાંધીજીની દાંડી યાત્રાને નાનકડી કૂચ ગણીને ગંભીરતાથી લીધી ન હતી. પગપાળા યાત્રા એટલા માટે મહત્વની સાબિત થઈ કારણ કે દાંડીકૂચથી ક્યારેય અસ્ત ન થતાં બ્રિટિશ સામ્રાજ્યને હચમચાવી નાંખ્યું હતું. પગપાળા ચાલવું એ આત્મબળનું પ્રતિક છે. ભારતીય સંસ્કૃતિ શીખવે છે કે સાચું બળ સંખ્યા, નાણાં કે ભૌતિક સંસાધનોથી નહીં, પરંતુ આત્મશક્તિથી પ્રાપ્ત થાય છે. દાંડી યાત્રાના આખરી દિવસોમાં ૫૦ થી ૬૦ હજાર લોકોનું સમર્થન મળ્યું જે અંગેજો સામેની લડાઈમાં નિર્ણાયક સાબિત થયું હતુ. શ્રી આરિફ મોહંમદ ખાને વધુમાં જણાવ્યુ હતુ કે, પૂજ્ય બાપુનું દરેક કાર્ય, તેમના જીવનનું પ્રત્યેક પગલું આધ્યાત્મિકતાના તેજમાંથી ઉદ્દભવતું હતું. બાપુ માનતા હતા કે સત્ય એ જ ઈશ્વરનું બીજું રૂપ છે.


બાપુના વિચારો સાથે આજે પણ ચાલી શકાય છે. બાપુના કદમો પર ચાલીને આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવું શક્ય છે. માનવતા માટે કુરબાની આપવી એ દેશ અને દેશવાસીઓનો સ્વભાવ છે. એટલે જ વિશ્વના ૭૦ જેટલા દેશોને કોરોના વેક્સીન પૂરી પાડીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે, માનવતાના કાર્યમાં ભારત હંમેશા સ્વ નહીં પણ સર્વસ્વ નો વિચાર કરે છે એમ જણાવી દાંડી યાત્રામાં સહભાગી થવાનો અવસર મળ્યો એ બદલ કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક પ્રશાસનનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ડૉ. એમ.ડી.મોડિયા, જિલ્લા પોલીસ વડા શ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા, લાયઝન ઓફિસરશ્રી બીસનસીંગ બેદી, નિવાસી અધિક કલેક્ટરશ્રી જે.ડી.પટેલ, ગામના સરપંચશ્રી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●



## આઝાદી કા અમૃત મહોત્સવઃ CGST કર્મીઓની કરમસદ સુધી સાઇકલ યાત્રા

ભારતની સ્વતંત્રતાના 75 વર્ષ નિમિત્તે દેશભરમાં "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણી થઈ રહી છે. જેમાં સી.જી.એસ.ટી.વિભાગ વિવિધ કાર્યક્રમો દ્વારા સહભાગી બન્યું છે. તેની એક કડી રૂપે વડોદરાથી સરદાર ભૂમિ કરમસદ સુધીની સાઇકલ યાત્રાનું વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. વિભાગના પ્રિન્સિપાલ ચીફ કમિશનર અશોક મહેતા એ આજે સવારે આ સાઇકલ યાત્રીઓને જી.એસ.ટી.ભવન ખાતેથી વિદાય આપી હતી.વિભાગના 50 અધિકાર્મિકોની આ સરદાર ભૂમિ સાઇકલ યાત્રાનું નેતૃત્વ પ્રિન્સિપાલ કમિશનર શ્રી એમ કે.શ્રીવાસ્તવે કર્યું હતું. વિભાગ દ્વારા આજે અમદાવાદથી પણ આ પ્રકારની સાઇકલ યાત્રા યોજવામાં આવી હતી. પ્રવાસીઓને કરમસદના સરદાર મેમોરિયલ ખાતે આવકાર આપવામાં આવ્યો હતો જ્યાં તેમણે ભાવપૂર્વક સરદાર સાહેબની વંદના કરી હતી. ●



# ભારતની આઝાદીનાં ઈતિહાસનું સુવર્ણ પૃષ્ઠ દાંડીયાત્રા

ભારતની આઝાદીની લડતોના ઇતિહાસમાં અનેક લડાઈઓ થઈ. જેમાં વર્ષ ૧૯૩૦ની મહાત્માજીની દાંડીકૂચ એક સીમાચિહ્ન સમી છે. દેશનું હીર પ્રગટ કરે અને બ્રિટિશ સરકારનાં મૂળિયાં હચમચાવી નાખે તેવી લડત તો "મીઠા સત્યાગ્રહ"ની જ થઈ. એ માટે ગાંધીજીએ પોતાના ૮૧ સાથીઓ સાથે સાબરમતી આશ્રમથી જૂના સૂરત જિલ્લાના જલાલપુર તાલુકામાં દરિયાકિનારે આવેલા દાંડી ગામ સુધી, પગપાળા ૨૪૫ માઈલનો પ્રવાસ કર્યો અને ત્યાં દરિયાકાંઠેથી કુદરતી ચપટી મીઠું ઉઠાવી, સરકારના કાયદાનો ભંગ કર્યો. આ આંદોલનનો દેશના ઇતિહાસમાં જોટો જડવો મુશ્કેલ છે.

આ ભવ્ય કૂચની વિગતો જાણ્યા પહેલાં આપણે તેની થોડી પૂર્વભૂમિકા પણ જોવી જોઈએ. વર્ષ ૧૯૨૭માં મદ્રાસ કોંગ્રેસમાં કોંગ્રેસનું ધ્યેય બદલવામાં આવ્યું અને સ્વરાજ્યને બદલે સંપૂર્ણ સ્વાતંત્ર્યનું ધ્યેય નક્કી કરાયું. તે પછી મોન્ટફર્ડ સુધારાને પરિણામે કેટલી પ્રગતિ થઈ અને હિંદુસ્તાનના રાજ્ય બંધારણમાં "જવાબદાર રાજતંત્ર"નો સિદ્ધાંત કેટલેક દરજ્જે દાખલ કરી શકાય એમ છે, તેની તપાસ કરવા સાયમન કમિશન નીમવાની વર્ષ ૧૯૨૭ના નવેમ્બરમાં જાહેરાત થઈ. આ કમિશનમાં એકપણ હિંદી ન હતા, એટલે બધા પક્ષો નારાજ થયા હતા અને કોંગ્રેસે તો એ કમિશનનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો, મોતીલાલ નહેરુના પ્રમુખપદે એક સર્વપક્ષીય

પરિષદ નીમી અને બની શકે તેટલા બીજા પક્ષોનો ટેકો મેળવવાનું પણ ઠરાવ્યું. આ સાયમન કમિશન તા. ૩-૨-૧૯૨૮ના રોજ મુંબઈમાં ઊતર્યું અને દેશભરમાં "સાયમન પાછા જાઓ" એવા નારા સાથે તેનો બહિષ્કાર કરાયો.

કલકત્તામાં મળેલી કોંગ્રેસમાં એમ ઠરાવાયું કે તા. ૩૧-૧૨-૧૯૨૯ સુધીમાં બ્રિટિશ પાર્લામેન્ટ એ બંધારણ નહીં સ્વીકારે તો કોંગ્રેસ અહિંસક અસહકાર અને નાકરની લડતનો આશરો લેશે.


ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ તેમાં ભાગ લેવા માટેની પૂર્વશરત તરીકે ૧૧ મુદ્દાઓ વાઈસરૉય સમક્ષ રજૂ કર્યા, તેમાં સંપૂર્ણ દારૂનિષેધ, હુંડિયામણનો ઘટાડો, મીઠાવેરાની નાબૂદી, લશ્કરી ખર્ચમાં અડધોઅડધ ઘટાડો, ઉપલા વર્ગની નોકરીના પગારોમાં ઘટાડો, પરદેશી કાપડ ઉપર રક્ષણાત્મક જકાત, હિંદના દરિયાકિનારાનો વેપાર હિંદી જહાજો દ્વારા થાય તેનો સ્વીકાર, રાજકીય કેદીઓની મુક્તિ અને દેશપાર કરેલાને હિંદ પાછા ફરવાની પરવાનગી, સી.આઈ.ડી. સંસ્થા નિર્મૂળ કરવી અથવા તો તેના પર પ્રજાનો કાબૂ રાખવો અને આત્મરક્ષણ માટે હથિયારોની છૂટ મૂકવાનો સમાવેશ થતો હતો.

આ દરમ્યાન ઘણી બધી ચર્ચાઓ તથા રજૂઆતો પર વિચાર કર્યા બાદ તા. ૨જી માર્ચે ગાંધીજીએ વાઈસરોયને ઐતિહાસિક પત્ર લખ્યો અને તે રેજિનોલ્ડ રેનોલ્ડ સાથે હાથોહાથ પહોંચાડ્યો. આ પત્રનો જવાબ સહાનુભૂતિભર્યો ન હોય તો ૧૨મી માર્ચથી લડત શરૂ કરીશ એવી સ્પષ્ટતા એ પત્રમાં ગાંધીજીએ કરી હતી. પોતાની અહિંસા વિશેની અતૂટ શ્રદ્ધા, સરકારનું શોષણખોર તંત્ર, પ્રજાને હક્કો આપવાની તેની અનિચ્છા વગેરે મુદ્દાઓ તેમાં રજૂ કરાયા હતા.

ગાંધીજીના આ પત્રનો જવાબ વાઈસરૉયે આપ્યો નહીં અને તેમના મંત્રીશ્રી કર્નિગહામ માત્ર રાબેતા મુજબની કાગળ મળ્યાની પહોંચ લખી, એટલે એ પત્ર ગાંધીજીએ પ્રગટ કર્યો અને દેશભરમાં



## ૩૯૦ કિ.મિ. લાંબો દાંડી રૂટ





સત્યાગ્રહનાં નગારાં વાગતાં થયાં.

ગાંધીજીએ આંદોલનને સફળ બનાવવા માટે સમાજના વિવિધ વર્ગમાં જનજાગૃતિ અને સમજણ આપવા માટે બેઠકોનો દોર ચલાવ્યો. જેના પરિણામરૂપે આંદોલનની રૂપરેખા તૈયાર થઈ. સાબરમતીનો સત્યાગ્રહ આશ્રમ તીર્થસ્થાન થઈ પડ્યો.

૧૨મી માર્ચે દાંડીકૂચનું દિવ્ય દૃશ્ય જોવા માટે દેશ-વિદેશના હજારો લોકો અમદાવાદમાં ઊતરવા લાગ્યા. દેશપરદેશના ખબરપત્રીઓ, કેમેરાવાળા પણ મોટી સંખ્યામાં ઊતરી પડ્યા. અઠવાડિયાથી સાંજની પ્રાર્થનાસભા નદીની રેતમાં થવા લાગી. આવી એ પ્રાર્થનાસભામાં તેમના મુખમાંથી ઉદ્ગાર નીકળ્યા કે "મારો જન્મ બ્રિટિશ સામ્રાજ્યનો નાશ કરવા માટે જ થયો છે." "હું કાગડાની, કૂતરાને મોતે મરીશ, પણ સ્વરાજ્ય લીધા વિના આ આશ્રમમાં પગ મૂકવાનો નથી."

ગુજરાતના જાણીતા કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ મહાત્મા ગાંધીજીની દાંડીયાત્રા અંગે પોતાની કવિતામાં વર્ણન કર્યું હતું. આ કવિતાનું શીર્ષક હતું.. આવવું ન આશ્રમે મળે નહીં સ્વતંત્રતા.. આ 24 દિવસ ચાલેલી ઐતિહાસિક દાંડીયાત્રાના અમૃત મહોત્સવ પ્રસંગે દાંડીયાત્રા દરમિયાન ગાંધીજીએ આપેલા પ્રવચનોને સંક્ષિપ્તમાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

**તારીખ : ૧૨ માર્ચ, ૧૯૩૦ (બુધવાર) વિસામો : ચંડોળા તળાવ (બપોરે) રાત્રી નિવાસ : અસલાલી, માઇલ-૧**

આશ્રમની બહાર લોકમેદની વધતી જતી હતી. ખરેજીએ "રઘુપતિ રાઘવ રાજારામ"ની ધૂન ઉપાડી અને પ્રસંગને સર્વથા ઉચિત એવું ભક્ત પ્રીતમનું "હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામજો ને" એ ભજન બુલંદ સ્વરે ગાયું એ પછી ગાંધીજી પોતાના સત્યાગ્રહી સૈનિકો સાથે વણાટશાળાના ચોગાનમાં ખડા થયા. કસ્તુરબાએ કંકુનો ચાંલ્લો કરી તેમને હાર પહેરાવ્યો અને હાથમાં લાકડી આપી પ્રણામ કર્યા. બે ખભે બે થેલા ભરાવી, ગાંધીજી સેનાને મોખર ઊભા અને બરાબર ૬-૨૦ કલાકે આશ્રમની બહાર આવી મંગળ પ્રયાણ કર્યું. તેમની પાછળ શ્વેત દાઢીવાળા ઋષિ જેવા અબ્બાસ સાહેબ હતા અને પાછળ મૂળના ૭૮ સત્યાગ્રહીઓ ચાલતા હતા.

વિદ્યાપીઠ પાસે કૂચ આવી પહોંચી. સ્વરાજના સૈનિકો તૈયાર કરતી બાપુજીની આ પ્રિય સંસ્થા આગળ રોકાયા વિના કેમ ચાલે ? વળી ગાંધીજી અને તેમની ટુકડી પકડાઈ જાય તો તેનું સ્થાન લેવા વિદ્યાપીઠની ટુકડી બિસ્તરા બાંધીને તૈયાર બેઠી હતી. નરહરિભાઈનાં પત્ની શ્રી મણીબહેને મહાત્માજીને ચાંલ્લો કર્યો અને અક્ષતથી વધાવ્યા અને એક નાનકડી બાલિકાએ સૂતરનો હાર પહેરાવ્યો અને કૂચ આગળ ચાલી.

અસલાલી જતાં રસ્તામાં આવતાં નાનાં નાનાં બે ત્રણ ગામડાંનાં લોકો આનંદ અને ઉત્સાહથી ઊભરાતાં હતાં.

અસલાલીમાં ભાષણ કરતાં ગાંધીજીએ કહ્યું, "મારો અને સરદારનો એક જ હેતુ આ કૂચ અંગે હતો અને તે એ કે ગામડે ગામડે મીઠાના અન્યાયી કરનો સંદેશો પહોંચાડવો. જેમ ખાદીનો સંદેશ છે તેમ મીઠાનો પણ સંદેશ છે. માણસ દીઠ વર્ષે અડધો મણ અને ઢોર દીઠ એક મણ મીઠું વપરાય છે. ખેડૂતને તો ખાતરમાં



પણ મીઠું જોઈએ. પંજાબમાં ઇજારદારને ૯ પાઈએ મણ અપાય છે. જ્યારે આપણે સવા રૂપિયો આપવો પડે છે. સરદાર જેલમાંથી આવશે ત્યારે હિસાબ માગશે. બાપદાદાએ નહીં જોયાં હોય એવાં પૂર આવ્યાં ત્યારે તેમણે હજારોને બચાવ્યા, મરકીમાં પણ મદદ આપી અને બારડોલીમાં વિજય અપાવ્યો, એટલે હિસાબ લેવાનો એમને અધિકાર છે."

**તારીખ : ૧૩ માર્ચ, ૧૯૩૦ (ગુરુવાર) વિસામો : બારેજા રાત્રી નિવાસ : નવાગામ, માઈલ - ૯**

અસલાલીમાં એક રાત રહી ગાંધીજી અને સૈનિકો બીજે દિવસે બારેજા પહોંચ્યા. એ પછી અમદાવાદ જિલ્લામાંથી તેમનો ખેડા જિલ્લામાં પ્રવેશ થવાનો હતો. એટલે સરહદે તેમને વળાવવા અમદાવાદ, અસલાલી અને બીજાં ગામોમાંથી ૪-૫ હજાર માણસો આવ્યા હતા.

બપોર બારેજામાં ગાળી સાંજે મહાત્માજી નવાગામને માર્ગે ચાલ્યા. નવાગામ ખેડા જિલ્લાના માતર તાલુકાનું ગામ.

નવાગામની સભામાં પ્રવચન કરતાં ગાંધીજીએ કહ્યું, "આ ગામમાં હું આવી ગયો છું અને તેથી ગામને સારી રીતે જાણું છું. અહીંના પટેલો અને મતાદારોએ રાજીનામાં આપી દીધાં છે તે જાણીને મને આનંદ થાય છે, પણ અહીં એક વાર હું છેતરાયો છું. આ વખતે તમે એવું કરશો નહીં. પાછા કાલે જઈને કલેકટરને કહેશો નહીં કે મહાત્મા આવ્યો એટલે રાજીનામાં આપવાં પડ્યાં અને હવે પાછાં ખેંચી લઈએ છીએ. દબાણને વશ થઈ આપ્યાં હોય તો હજીપણ પાછાં ખેંચી લેજો."

કૂચમાં લોખંડી શિસ્ત રાખી હતી. જે ગામે કૂચ જવાની હોય ત્યાં ૧૬ સ્વયંસેવકોની ટુકડી આગળથી પહોંચે અને મુકામ તથા સભાસ્થાન વગેરેની ગામલોકોને મળીને ગોઠવણ કરે.

**તારીખ : ૧૪ માર્ચ, ૧૯૩૦ (શુક્રવાર) વિસામો : વાસણા (બપોરનો), રાત્રી નિવાસ : માતર, માઈલ-૧૦**

તા. ૧૪મીએ ૮-૩૦ વાગે કૂચ વાસણા પહોંચી. ગામને પાદરે રમણીય આમ્રકુંજમાં ગાંધીજીનો મુકામ રખાયો હતો અને ત્યાં એક સુંદર ઘાસની ઝૂંપડી બાંધવામાં આવી હતી. અહીં ભાષણ કરતાં ગાંધીજીએ કહ્યું - મારી "નવજીવન"માંની દરેક માગણી પ્રમાણે જ તમે મને સત્કારો છો તેથી મને અત્યંત આનંદ થયો છે. મારી સાથે એક અંત્યજ કુટુંબ છે. તેને દૂર રાખવા જ મને ગામબહાર મુકામ આપવામાં આવ્યો હોય તો હુ ઇચ્છુ કે, મને ગામની શાળામાં જ ઉતારો આપવો જોઇતો હતો. અહીંના મુખીએ રાજીનામું લખી દીધું. મુખીને સત્તા શાની છે ? પ્રજાને રંજાડવાની - એ જુલમનું કામ છે. મુખીપણાનો ત્યાગ એટલે ઘરમાંથી બલા કાઢવી.



**તારીખ : ૧૫ માર્ચ, ૧૯૩૦ (શનિવાર), વિસામો : ડભાણ, રાત્રી નિવાસ : નડિયાદ, માઈલ - ૧૫**

માતરથી ડભાણ જવા કૂચ ૬-૩૦ વાગે સવારે ઊપડી. રસ્તામાં ગામેગામ લોકોનાં ટોળાં ઊભરાયાં અને બે યુરોપિયન કુટુંબો પણ દર્શને આવ્યાં. ડભાણના લોકોએ ભારે ઉમળકાથી સ્વાગત કર્યું.

અહીં મહાત્માજીને મળવા મુંબઈથી શ્રી નરીમાન અને શ્રી મહેરઅલી આવ્યા હતા. સભામાં ભાષણ કરતાં સરભરા માટે લોકોને ધન્યવાદ આપ્યા ને કહ્યું "ખેડાની સરભરાનો મેં અગાઉ સ્વાદ ચાખ્યો છે. આ થેલી તમે મને આપી તે માટે આભાર માનું છું. અહીં સાંભળેલી હકીકત પરથી લાગે છે કે આપણે ગૌરક્ષાને બદલે ભેંસરક્ષા કરીએ છીએ. કોઈ માંદું હોય તેને ગાયનું દૂધ કે ઘી જોઈએ તો પણ ગામમાં ન મળે, એ કેટલું શરમાવનારું ? જો ગાયનો બચાવ કરવો હોય તો ગાયો વસાવો ને એની સેવા કરો.

ડભાણથી મળસ્કે ૪-૩૦ વાગે કૂચ શરૂ થઈ, તેનો નડિયાદમાં પ્રવેશ થયો.

તેમણે અહીં કહ્યું - મેં ઘણી સભાઓમાં ભાષણો આપ્યાં છે, પણ કોઈ વખતે આવડી મોટી મેદની થઈ નથી. અત્યારે આખું હિંદ શું માગે છે ? આપણને પૂર્ણ સ્વરાજ જોઈએ છે. તમે બધા આટલે દૂરથી આવ્યા છો તે મને માન આપવા આવ્યા છો તેમ માનું એવો હું મૂર્ખ નથી. તમે પૂર્ણ સ્વરાજને ખાતર આવ્યા છો. અમે અહીં સુધી આવ્યા ત્યાં સુધી આશીર્વાદનાં પૂર આવ્યાં કર્યાં છે. પણ તમારી એ આશિષ સુકાઈ ન જવી જોઈએ. સરદાર વલ્લભભાઈએ ખેડા જિલ્લામાં ઘણું કામ કર્યું છે. મેં પણ આ જિલ્લામાં કામ કર્યું છે અને તેથી આ યુદ્ધમાં મદદ કરવાની તમારી તો ત્રણગણી ફરજ છે. મને પૈસાની મદદ જોઈતી નથી, મને તો માણસો જોઈએ છે. ખેડા જિલ્લામાં વલ્લભભાઈને કેદ એટલે ખેડાને કેદ. મેં કંઈ કામ કર્યું છે એટલે તમારા ઉપર મારો અધિકાર છે.

**તારીખ : ૧૬ માર્ચ, ૧૯૩૦ (રવિવાર), વિસામો : બોરીઆવી, રાત્રી નિવાસ : આણંદ, માઈલ -૧૧**

**કૂચનો ૮-૩૫ કલાકે બોરીઆવીમાં પ્રવેશ થયો.**

ભાષણ કરતાં ગાંધીજીએ કહ્યું, ઢસાના દરબાર રાજ્ય તજીને બેસી ગયા છે, એટલે શું એમણે સદાને માટે ત્યજ્યું ? ના, ના, એ



તો વાજતે ગાજતે આપણા યુગમાં પાછું મેળવીશું. અહીં સુણાવની રાષ્ટ્રીય શાળાના શિક્ષકો ને વિદ્યાર્થીઓ તથા સોનગઢ ગુરુકુળના મુખ્ય અધિષ્ઠાતા ચતુરભાઈ આવ્યા હતા અને તેમણે ખડી ફોજ ઊભી કરવા આશીર્વાદ લીધા."

**તારીખ : ૧૭ માર્ચ, ૧૯૩૦ (સોમવાર), વિસામો : સવાર (મૌનવાર), રાત્રી નિવાસ : આણંદ**

આણંદને પાદરે ૭-૩૦ વાગે કૂચ પહોંચી. ગાંધીજીએ કહ્યું - આણંદે આજે અમારું સ્વાગત કર્યું તે માટે હાર્દિક ધન્યવાદ.

તમે હમણાં જ ભજનમાં સાંભળ્યું કે "પ્રેમપંથ પાવકની જ્વાળા" -સત્યાગ્રહનો પંથ પ્રેમ-પંથ છે, એ વેરભાવનો પંથ નથી. વેરભાવ બીજાને બાળે છે, પ્રેમ પોતાને બાળે છે ને બીજાને શુદ્ધ કરે છે. મરતી વખતે મનની અંદર પણ ક્રોધ નહીં થાય,અને મનમાં એવી ભાવના થાય, "હે ભગવાન ! આ મારનારનું તું ભલું કરજે," એવા મરણની ભેટ જ્યારે થાય ત્યારે એને સત્યાગ્રહી મરણ કહું.

**તારીખ : ૧૮ માર્ચ, ૧૯૩૦ (મંગળવાર), વિસામો : નાપા, રાત્રી નિવાસ : બોરસદ, માઈલ-૧૧**

બોરસદમાં તો જાણે ઉત્સાહની હેલી ચઢી હતી. ૭-૩૦ વાગે કૂચ ત્યાં પહોંચી ત્યારે દોઢ માઈલ લાંબુ સ્વાગત સરઘસ યોજાયું હતું. ગાંધીજીએ કહ્યું કે આ તો અંતિમયુદ્ધ છે. તે વખતે ભણવું એ દેશદ્રોહ છે. હું આ રાજ્યનો અંત છે. સ્વતંત્રતાની ઉષાદેવી સામે ઊભી છે અને આપણને વરમાળ પહેરાવવા તત્પર થઈ રહી છે. તમે બધા સરદાર વલ્લભભાઈ અને દરબાર સાહેબની સેવાની કદર કરીને યુદ્ધમાં જોડાજો.

**તારીખ : ૧૯ માર્ચ, ૧૯૩૦ (બુધવાર), વિસામો : રાસ, રાત્રી નિવાસ : કંકાપુરા, માઈલ -૧૨**

કૂચ ૮-૩૦ વાગે રાસ ગામે પહોંચી. રાસ એટલે તો રણશૂરાઓનું ગામ.

ગાંધીજીએ કહ્યું : "આજે તો રાસ ઉપર જવાબદારી આવી છે. સરદાર વલ્લભભાઈ અમદાવાદથી નીકળ્યા ત્યારે પકડાશે એવો નહોતો ખ્યાલ એમને કે મને, પણ પ્રથમ પકડાવાનું માન એમને રાસમાં મળ્યું. એટલે રાસનો ધર્મ વિશેષ થયો. તમારો પ્રેમ તમને અહીં ઘસડી લાવ્યો.

રાસથી ઊપડેલો કાફલો રાત્રે ૮-૦૦ વાગે કંકાપુરા ગામે પહોંચ્યો. ૨૦ હજારની જંગી સભાને ગાંધીજીએ સંબોધી.

ગાંધીજીએ અહીં બોલતાં કહ્યું : "તમે બહાદુરી માટે પંકાયેલા છો, પણ દોષો છે તેને લઈને તમારી ચઢતી થતી નથી. તમે કેટલાક સુધારા કર્યા છે તે માટે ધન્યવાદ. પણ હજી ઘણું કરવાનું બાકી છે. તે કરો તો તો આખા હિંદુસ્તાનમાં તમારું નામ પંકાય. આ મેં ધર્મયુદ્ધ આરંભ્યું છે અને પગપાળા મુસાફરી કરી રહ્યો છું, તેનું કારણ ઊંડું છે. આ તો ધર્મ-યાત્રા છે.

**તારીખ : ૨૦ માર્ચ, ૧૯૩૦ (ગુરુવાર), વિસામો : મહી-સાગરને સામે કાંઠે ઝૂંપડીમાં, રાત્રી નિવાસ : કારેલી, માઈલ-૧૧**

અત્યાર સુધીની કૂચ સીધી સડક ઉપર ચાલતી હતી. હવે મહી-સાગર પાર કરવાનો પ્રસંગ આવ્યો. અહીં મહીનો પટ ખરેખર સાગર જેવો વિશાળ હતો.

મહી ઉતરીને ૨-૩ માઈલ કપરામાં કપરો રસ્તો હતો. કાદવ અને કાંપ ખૂંદીને જવાનું હતું એટલે બાપુને ઊંચકી લેવાની માગણી થઈ, પણ તેમણે જવાબ આપ્યો કે મારી તો ધર્મ-યાત્રા છે અને યાત્રા તો પગે ચાલીને જ કરાય.

કારેલીમાં ટૂંકું મુદ્દાસર ભાષણ કરતાં ગાંધીજીએ કહ્યું : આપણા ને ભરૂચના સદ્ભાગ્યે જવાહરલાલ પહેલાં જ અહીં આવ્યા ને તે સાથે આખી રાતનો ઉજાગરો વેઠ્યો. ઈશ્વર અનુકૂળ હશે તો એમને અને મહાસમિતિના આગેવાનોને પરમદિવસે જંબુસરમાં મળશું."

અહીં જવાહરલાલ સાથેની ગાંધીજીની ચર્ચા વિચારણા ભવિષ્યમાં શું કરવું તે વિષેની હતી. મીઠાં ઉપરાંત બીજા કરવેરાનો ભંગ કરવાની અને કરવો તો ક્યા વેરાનો તે અંગે તેમણે ગાંધીજીની સલાહ પૂછી હતી. ગાંધીજીએ હમણાં તો આ મીઠાના કાયદા ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવું ઠીક છે એવો અભિપ્રાય આપેલો.



**તારીખ : ૨૧ માર્ચ, ૧૯૩૦ (શુક્રવાર), વિસામો : ગજેરા, રાત્રી નિવાસ : અણખી, માઈલ-૧૧**

એ જ રાત્રે સંઘ ગજેરાથી અણખી તરફ ચાલ્યો. અહીં ગામ લોકોએ ઠરાવ કર્યો કે, કોઈપણ સરકારી નોકરને કોઈપણ પ્રકારની મદદ કરવી નહીં. મીઠાનો કાયદો તોડવા ૩૫ સૈનિકો પણ નોંધાયા.

અહીં બોલતાં એમણે કહ્યું, "જ્યારે પ્રજા વફાદાર મટી જાય ત્યારે અમલદારોની સ્થિતિ દુઃખદાયક થાય. એમને લોકો કંઈ જ ન આપે. મેં સાંભળ્યું છે કે લોકો અમલદારને પાણી, અનાજ, દીવાસળી વગેરે કાંઈ જ આપતા નથી, એમ કરવાનો લોકોને હક છે. - ધર્મ છે. પણ એમને ભૂખે મારવાનો આપણો ધર્મ નથી.

**તારીખ : ૨૨ માર્ચ, ૧૯૩૦ (શનિવાર), વિસામો : જંબુસર, રાત્રી નિવાસ : આમોદ. માઈલ -૧૨**

સવારના પહોરની ખુશનુમા હવા અને અરણીનાં ફૂલોની સુવાસ લેતો સંઘ જંબુસરનો પંથ કાપી રહ્યો હતો.

અહીં ગાંધીજીએ કહ્યું : "હંમેશાં હોય તે કરતાં પણ આજે મારી પાસે વધારે કામ આવી પડ્યું છે. મહાસભાના ઘણાખરા સભ્યો અહીં હાજર છે, પણ તેમનાં ભાષણો તમે નહીં સાંભળી શકો તે માટે લાચાર. વળી અમારે વખતસર અહીંથી જવું જોઈએ એટલે મોટાં ભાષણોનો વખત નથી. સ્વાગત માટે ધન્યવાદ આપું છું અને મુખીઓએ રાજીનામાં આપ્યાં તે માટે મુબારકબાદી આપું છું."

આમોદમાં ગાંધીજીએ કહ્યું - "આ આખરી લડતમાં હિંદુ-મુસ્લિમ બંને જોડાઈ જજો. હવે તો લડતનું એવું સ્વરૂપ છે કે ગરીબ, તવંગર, વૃદ્ધ, બાળક, બધા જ સરખો ભાગ લઈ શકે. મારે તો, તમને તોફાન મારપીટ ન કરતાં એક નન્નો ભણાવવાનું શીખવવાનું છે. એક નન્નો સો દુઃખને હણે એ સાચું છે. બધા જ સરકારી નોકરો એ ભણો અને હું દાંડી જઈને કહું કે હવે મીઠાને માટે તમે બધા નીકળી પડો તો બીજે દિવસે સ્વરાજ મળે."

**તારીખ : ૨૩ માર્ચ, ૧૯૩૦ (રવિવાર), વિસામો : બુવા, રાત્રી નિવાસ : સમની, માઈલ-૧૨**

બુવામાં રાજાજી, મહાદેવભાઈ અને દેશપાંડેજી મળવા આવ્યા હતા. એક સુંદર વિશાળ વૃક્ષની નીચે બપોરે ૩-૩૦ વાગે સભા થઈ.



બુવાની સભા પૂરી કર્યા પછી ગાંધીજી ત્યાં બે કલાક વધુ રોકાયા. સમનીમાં સોમવારનો મૌનવાર ગાળવાનું ઠર્યું હતું.

રાત્રે મેદાનમાં પ્રચંડ સભા મળી તેમાં મીઠાંના કાયદાભંગ ઉપર અને ખાદી પહેરવા તથા ઉત્પન્ન કરવા ઉપર ગાંધીજીએ ભાર મૂક્યો.

**તારીખ : ૨૪ માર્ચ, ૧૯૩૦ (સોમવાર), વિસામો : સમનીમાં મૌનવાર તરીકે ગાળ્યો, રાત્રી નિવાસ : સમની**

ત્રાલસા જતાં એક ખાડી ઓળંગવી પડી. ગાંધીજી અને તેમના સાથીઓ ઢીંચણ સુધીના પાણી અને કાદવમાં ચાલી સામે પાર પહોંચ્યા. અહીં લોકોએ ભાવથી સ્વાગત કર્યું. કસ્તૂરબા ને કાકાસાહેબ કાલેલકર અહીં બાપુને મળવા આવ્યા હતા.

**તારીખ : ૨૫ માર્ચ, ૧૯૩૦ (મંગળવાર), વિસામો : ત્રાલસા, રાત્રી નિવાસ : ડેરોલ, માઈલ-૧૦**

સભામાં ભાષણ કરતાં તેમણે કહ્યું કે, ભરૂચ જિલ્લાની કૂચ પૂરી થવા આવી છે અને હવે મારે નવું કહેવાપણું કંઈ જ રહેતું નથી. આ ધર્મ યુદ્ધમાં દરેક પોતાનો કંઈને કંઈ હિસ્સો આપશે એવી આશા રાખું છું.

**તારીખ : ૨૬ માર્ચ, ૧૯૩૦ (બુધવાર), વિસામો : ભરૂચ, રાત્રી નિવાસ : અંકલેશ્વર, માઈલ-૧૩**

ભરૂચની સભામાં ગાંધીજીએ કહ્યું કે, સત્યાગ્રહી ઈશ્વરનો નાદ સાંભળીને લડે છે. ઘણી વખત એવું બને છે કે, સત્યાગ્રહી ઉપર આખું જગત થૂંકતું હોય, તે વખતે પણ તે ઈશ્વરનો નાદ સાંભળી શકે છે. હું જે કરી રહ્યો છું તે માટે તો આખું હિંદ ૧૦ વર્ષ થયાં એકપગે હતું. ૧૯૨૧થી હું બે શબ્દો કહેતો આવ્યો છું. પાકીઝગી અને કુરબાની : એટલે આત્મશુદ્ધ અને બલિદાન. એ વગર સત્યાગ્રહનો જય નહીં થાય, કેમ કે તે વિના ઈશ્વર સાથે હોય જ નહીં. જગત કુરબાની ઉપર ઝૂકી જાય છે. આ લડતમાં મને બધાની જ મદદની જરૂર છે.

અંકલેશ્વરના મુકામ દરમિયાન ત્રણ નોંધનીય પ્રસંગો બન્યા. સૈનિકો પૈકીના એક ભાઈએ ભરૂચમાં આઇસ્ક્રીમ ખાધો હતો. સત્યાગ્રહી સૈનિકોની શિસ્ત વિરુદ્ધનું એ કામ હતું. તેથી ગાંધીજીને ઘણું દુઃખ થયું. બીજો મહત્ત્વનો બનાવ એ બન્યો કે, ગાંધીજી તા. ૬ઠ્ઠી એપ્રિલે દાંડીમાં નિમકનો કાયદો તોડે, તે પછી આખા દેશમાં અનેક માણસો લડતમાં ઝંપલાવવા તૈયારી કરી રહ્યાં હતાં. તેઓ જવાબદારી સમજીને લડતમાં જોડાય તે માટે કોંગ્રેસ પ્રમુખ જવાહરલાલે સત્યાગ્રહીઓ માટે એક ટૂંકું અને સાદું પ્રતિજ્ઞાપત્ર તૈયાર કરીને ગાંધીજીને મોકલ્યું હતું. તે તેમણે "નવજીવન" અને "યંગ ઈન્ડિયા"માં પોતાની નોંધ સાથે પ્રગટ કરવા અહીંથી મોકલી આપ્યું હતું. ત્રીજો પ્રસંગ ટુકડીના કેટલાક સૈનિકો મુકરર ક્રમ છોડીને આગળ આવી વચમાં ઘૂસી જતા હતા, એટલે બાપુએ આજથી પહેલી ટુકડી છેલ્લી રહે અને છેલ્લી ટુકડીથી હારની

શરૂઆત થાય એવો નિર્ણય આપ્યો.

**તારીખ : ૨૭ માર્ચ, ૧૯૩૦ (ગુરુવાર) વિસામો : સજોદ, રાત્રી નિવાસ : માંગરોળ, માઈલ-૧૨.**

માંગરોળનું ભાષણ : આપણે આપણી નબળાઈનો સ્વીકાર કરીએ, પણ આપણી ટેક રાખનાર તો ઈશ્વર છે. જ્યાં સુધી આપણું યુદ્ધ સાચેસાચું છે, ત્યાં સુધી એમાં ઈશ્વરનો હાથ જ છે. ત્યાં સુધી આપણે કેમ ન લડીએ ? મીઠાવેરો તો ગયો જ સમજો. રહેશે તો કદાચ એક બે મહિના. અત્યાર સુધી કરવેરા હોવા છતાં આપણે નિમકહલાલ રહ્યા, પણ હવે તો નિમકહરામ થવાના છીએ."

**તારીખ : ૨૮ માર્ચ, ૧૯૩૦ (શુક્રવાર), વિસામો : રાયમા રાત્રી નિવાસ : ઉમરાછી-સૂરત જિલ્લામાં માઈલ-૧૦.**

રાયમાનું ભાષણ : આપણને પ્રિય હોય તે હંમેશાં આપણે કરી નથી શકતા. શ્રેયકર હોય તે કરીએ છીએ, એટલે દાંડી પહોંચવું જ જોઈએ. એથી આજે વસમું લાગે છતાં તમારી પાસે વિદાય લેવી પડે છે." ઉમરાછીનું ભાષણ : સ્વરાજ એક બે મહિનામાંયે મળે અને જન્મારોય જાય. સરદારનાં ને મારાં હાડકાં રાખમાં મળે ને સ્વરાજ ન યે મળે. પણ હવે તો બહારવટે નીકળ્યા છીએ. સરકારી સત્તા અસત્યનો પૂંજ છે. એ ગમે એવો મોટો પૂંજ કેમ ન હોય ? સત્યની ફૂંકથી તે ઢળી જશે; પણ એવું સત્ય આપણામાં પ્રગટ થાય ત્યારે ને ?

**તારીખ : ૨૯ માર્ચ, ૧૯૩૦ (શનિવાર), વિસામો : એરથાણ, રાત્રી નિવાસ : ભટગામ, માઈલ-૧૦**

સવારની પ્રાર્થનામાં ગાંધીજીએ કહ્યું, "આપણી યાત્રાનો આ છેલ્લો તબક્કો છે. એના આરંભે જ આપણે બધા મેલ ધોઈ નાંખીએ - દાંડીને આપણે હરદ્વાર માન્યું છે, તો હરદ્વાર જેવા પવિત્ર ધામ માટેની લાયકાત આપણે મેળવવી જોઈએ.

**તારીખ : ૩૦ માર્ચ, ૧૯૩૦ (રવિવાર), વિસામો : સાંધીએર, રાત્રી નિવાસ : દેલાડ, માઈલ-૧૦**

સાંધીએરનું ભાષણ : "જે તલાટી ભાઈએ રાજીનામું આપ્યું તેમને ધન્યવાદ આપું છું. પટેલોનાં રાજીનામાં ઠીક સંખ્યામાં આવ્યાં છે. તલાટીનું આ બીજું રાજીનામું છે. જેમ જેમ આ લડતનું રહસ્ય આપણે સમજતા જઈશું, અને જેમ જેમ ઈશ્વર ઉપર વિશ્વાસ રાખતા જઈશું તેમ તેમ આવાં રાજીનામાં વધારે ને વધારે મળતાં જશે."

દેલાડનું ભાષણ : "ગીતામાં કહ્યું છે તેમ જે વસ્તુ આરંભમાં કડવી લાગે, પણ પરિણામે મીઠી હોય તે સાત્ત્વિક છે. જે પ્રેમના અંગારા મેં મિત્રો, સાથીઓ અને સભા પાસે ભટગામમાં કાઢ્યા હતા, તે અંગારા તેમણે અંગારા તરીકે માન્યા નથી.

**તારીખ : ૩૧ માર્ચ, ૧૯૩૦ (સોમવાર), વિસામો : દેલાડમાં મૌનવાર તરીકે ગાળ્યો, રાત્રી નિવાસ : દેલાડ**

દેલાડમાં શાંતિપૂર્વક મૌનવાર ગાળી ગાંધીજીએ હાર્દિક વિદાય લીધી.

**તારીખ : ૧ એપ્રિલ, ૧૯૩૦ (મંગળવાર), વિસામો : છાપરાભાઠા, રાત્રી નિવાસ : સૂરત, માઈલ-૧૧**

છાપરાભાઠાનું ભાષણ : સ્વરાજનાં ઘણાં અંગ છે. આપણે ગાઈએ છીએ કે "સૂતરને તાંતણે સ્વરાજ", પણ એમ ગાવાથી સ્વરાજ થોડું મળવાનું હતું ? એ તો તાંતણા કાઢીએ ત્યારે મળે. આ રેંટિયાનું તો મેં ઉદાહરણ આપ્યું પણ એવું દારૂનું કામ પડેલું જ છે. ત્રીજી વાત અમદાવાદની બહેનોએ કચરો કાઢી ગામડાં સાફ કરવાની શીખવી તે છે. આપણામાં કચરો ખૂબ ભરાયો છે, તેથી આપણે સ્વરાજનો મંત્ર ભૂલી ગયા છીએ. એ કાઢતાં આપણે સમાજના અને હૃદયના મેલ કાઢીશું.

સૂરતનું ભાષણ : આપણે દુઃખ, કષ્ટ બરદાસ્ત કર્યે જ છૂટકો છે અને તેટલા સારું આ મીઠાંનો કર આપણને ઈશ્વરે સૂઝાડ્યો છે. સરકાર દાવો કરે છે કે, રાજ્ય ચલાવનારાઓએ પ્રજાના બધા માણસો પાસે કર લઈ શકાય એવી યુક્તિ શોધવી જોઈએ. મેં ઈસ્લામ, હિંદુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને જરથોસ્તના ધર્મગ્રંથો ઉથલાવ્યા છે, એ બધામાં બતાવ્યું છે કે ઔરતો અને મિસ્કીનો-ગરીબો ને સ્ત્રીઓ ઉપર કોઈ દિવસ કર હોય નહીં.

રાજકર્તાઓ ઇચ્છે તો મને પકડે, પણ તેમ કરતાં એને શરમ આવે છે, તે માટે હું તેને ધન્યવાદ આપું છું. પણ એક દિવસ મને પકડે જ છૂટકો છે અને ન પકડે તો સારું હિન્દ ધગી ઊઠવાનું છે. સરકારની તો સાપે છછુંદર ગળ્યા જેવી સ્થિતિ થઈ છે. હવે પછી કાયદા તડાતડ તૂટતા જશે ને કાયદાનો નાશ થયો ત્યાં સલ્તનત ક્યાં રહી ? એનાં બધાં અંગ ઢીલાં થઈ જવાના. આમ વગર મહેનતે, એક પણ માણસને જેલમાં મોકલ્યા વિના રાજ્ય લેવાની વાતો મારા ખિસ્સામાં પડેલી છે.

**તારીખ : ૨ એપ્રિલ, ૧૯૩૦ (બુધવાર) વિસામો : ડીંડોલી, રાત્રી નિવાસ : વાંઝ, માઈલ-૧૨**

સભામાં ભાષણ કરતાં કહ્યું, "હું જ્યારથી દક્ષિણ આફ્રિકાથી પાછો ફર્યો ત્યારથી મળેલા સાથીઓ આ ગામમાં રહે છે તેથી મને હર્ષ થાય છે. આવા ગામ પાસેથી હું અનેક પ્રકારની આશા રાખું અને આશા સફળ ન થાય તો દુઃખ પણ થાય."

**તારીખ : ૩ એપ્રિલ, ૧૯૩૦ (ગુરુવાર), વિસામો : ધામણ, રાત્રી નિવાસ : નવસારી, માઈલ-૧૩**

ધામણનું ભાષણ : "આ ધામણની આસપાસ એવા કસ્બાઓ છે, કે જેમાં મારા પુરાણા અસીલો અને સાથીઓ વસે છે. દક્ષિણ આફ્રિકાની લડતમાં મુસલમાન ભાઈઓએ મોટો ફાળો આપેલો અને ત્યાંની લડતના આગેવાન પણ મુસલમાન ભાઈ હતા.

નવસારીનું ભાષણ : નવસારી તો પારસી ભાઈઓનું મથક. પારસી કોમ એક લાખની અંદર છે. હું તેમને ઓળખ્યા વિના નથી રહ્યો અને એ મને ઓળખ્યા વિના નથી રહેતા. દાદાભાઈની પૌત્રીઓ તો લડત માટે જાણે ગાંડી અને અધીરી થઈ રહી છે અને

મીઠુબહેને તો દારૂ પીનારાઓને એ વ્યસનમાંથી છોડાવવા માતા છોડી, ઘરબાર છોડ્યા. અહીં ઘણી બહેનો છે, તેમને વિનવું છું કે તમે આ કામ ઉપાડી લો. મુક્તિ ફોજની બહેનોને આવું પુણ્ય કાર્ય કરતાં નજરે જોઈ છે. તેથી મીઠુબહેન જે ક્ષેત્ર તૈયાર કરીને બેસી ગઈ છે તે ક્ષેત્રમાં બધી બહેનો ઝંપલાવે.

**તારીખ : ૪ એપ્રિલ, ૧૯૩૦ (શુક્રવાર), વિસામો : વિજલપોર, રાત્રી નિવાસ : કરાડી, માઈલ-૯.**

વિજલપોરનું ભાષણ : "દાંડી તો મારું હરદ્વાર છે. તમે ત્યાં કોઈ નકામા ન આવશો. એમ છતાં જે આવે તે ખોરાક પાણીનો બંદોબસ્ત કરીને આવે અને દેશ સેવા માટે ઝંપલાવવાની ઈચ્છા હોય તે જ આવે. આ તો ધર્મ યાત્રા છે, ધર્મ-યુદ્ધ છે. એમાં ઉજાણી માટે કોઈ નહીં આવે. બીજી શરત એ કે ત્યાં વિદેશી વસ્ત્રો પહેરીને કોઈ નહીં આવે. દાંડીને યાત્રાનું ધામ-પૂર્ણ સ્વરાજનો કિલ્લો બનાવવો હોય તો એમજ થાય."

**તારીખ : ૫ એપ્રિલ, ૧૯૩૦ (શનિવાર), વિસામો : દાંડી, રાત્રી નિવાસ : દાંડી, માઈલ-૪, કુલ માઈલ-૨૪૧**

દાંડીનું ભાષણ : "અહીં આવવા હું સાબરમતીથી નીકળ્યો, ત્યારે અહીં પહોંચી શકીશું એવી મારા મનમાં ખાતરી ન હતી. અહીંયા હું પહોંચ્યો છું, તેમાં શાંતિનો અને અહિંસાનો પ્રભાવ ઓછો નથી.

આ લડતનું રહસ્ય સત્યાગ્રહ સર્વવ્યાપક બને તે છે. અત્યાર સુધીમાં લાખો માણસોએ મીઠાંના કરનો સંદેશો સાંભળ્યો છે. આપણે તો હવે સરકાર થાકે ત્યાં સુધી આપણા પૂર્વજો જે રીતે મીઠું બનાવતા હતા, તે પ્રમાણે ઠેરઠેર બનાવીને ઘેરઘેર વેચવાનું છે. આપણી યાત્રાનું ધામ હાલ તો દાંડી છે, પણ ખરું ધામ તો સ્વતંત્રતા દેવી છે. તેનાં જ્યાં સુધી દર્શન થયાં નથી ત્યાં સુધી આપણને શાંતિ થવાની નથી અને સરકારને પણ શાંત રહેવા દેવાના નથી.

આ દાંડીની પસંદગી મનુષ્યની નથી પણ ઈશ્વરની જ છે.

આવતી કાલથી શરૂ થતું અઠવાડિયું આત્મશુદ્ધિનું છે. છેવટે હું પ્રાર્થના કરું છું કે જે વસ્તુ લેવા માટે બહાર પડ્યા છીએ, તે ધ્યેય ખૂબ જલ્દી પ્રાપ્ત થાઓ. જે સરકારથી બીતા હોય તે ચાલી જાય. જેલથી માંડીને ગોળી ખાવા તૈયાર હોય તે જ કાલે સવારે મારી સાથે આવે. ઈશ્વર આપણી પાસે રહો, સત્યનો જય થાઓ.

નમક કા કાયદા તોડ દિયા

જે દિવસની વાટ ગુજરાત-ભારતવર્ષ અને આખું જગત જોઈ રહ્યું હતું તે તા. ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૩૦ના દિવસે બ્રાહ્મમુહૂર્તમાં ૩-૩૦ વાગે ગાંધીજી, તેમના સૈનિકો ને હજારો લોકો જાગૃત થઈ ગયા.

સવારે ૬-૦૦ વાગે ગાંધીજી અને સૈનિકો ને હજારો યાત્રીઓ સમુદ્રસ્નાન માટે કિનારે પહોંચી ગયા. કોઈએ પૂછ્યું, "બાપુજી, તમે પણ સમુદ્ર-સ્નાન કરશો કે ?" તરત જ જવાબ મળ્યો, "જરૂર, જે ધર્મ યુદ્ધનો આરંભ કરવો છે તે કાર્ય તો સ્નાન કરીને પવિત્ર બન્યા પછી જ કરાય." એમ કહી તેમણે કોઈ અવધૂતની પેઠે લંગોટીભેર સમુદ્રમાં દોટ મૂકી. સ્નાન કરીને ગાંધીજી બહાર નીકળ્યા, ત્યારે આપ્તજનો સાથે થોડો વાર્તાવિનોદ પણ કર્યો.

સમુદ્રસ્નાનથી પરવારીને ગાંધીજી લોકસમુદાય સાથે એક માઈલ,ખાંજણમાં અને ખાડાઓમાં દરિયાનું પાણી ભરાઈને સુકાઈ જવાથી તૈયાર થયેલું મીઠું શોધવા નીકળ્યા.

સરકારી માણસોની ટુકડીએ કુદરતી મીઠાની બક્ષિસને, પાવડીથી રગદોળી માટીમાં ભેળવી દેવાના સતત પ્રયત્ન કરવામાં કશી કચાશ રાખી ન હતી. તે છતાં રત્નાકરે એ પવિત્ર પૂરુંષ જ્યાં ઊભા હતા, ત્યાં એમના ચરણ આગળ જ ચકચકતા મીઠાંની અંજલિ ધરી દીધી. જેમ યજ્ઞમાંથી પ્રસાદનો કળશ પ્રકટે તેમ એ યજ્ઞપ્રસાદની ગાંધીજીએ બરાબર ૬-૩૦ કલાકે ચપટી ભરી અને હજારો લોકોનો ગગનભેદી નાદ ગાજી ઊઠ્યો, "નમક કા કાયદા તોડ દિયા."



એ ચપટી ભરતાં યજ્ઞપૂરુંષે ધીરગંભીર વાણી ઉચારી કે, "બ્રિટિશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં હું આથી લૂણો લગાડું છું."

૧૯૩૦ના એપ્રિલની તા. ૬ઠ્ઠીની આ પ્રભાતવાણી ૧૯૪૭માં ઓગસ્ટની ૧૫મી તારીખે સાચી ભવિષ્યવાણી નીવડી એ જગતે જોયું છે. ●

## આધાર કાર્ડના પુરાવા વિના પણ વડીલોને રસીકરણમાં આવરી લેવાશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વિશ્વવ્યાપી મહામારી કોવિડ-19 ના સંક્રમણ સામે આરોગ્યરક્ષા કવચ આપતી કોરોના વૅક્સિનનો લાભ સમાજના નિરાધાર-વંચિત વ્યક્તિઓ-વયસ્ક વડીલોને પણ આપવાનો સંવેદનશીલ નિર્ણય કર્યો છે.



મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર રાજ્યમાં આવેલા ભિક્ષુકગૃહો, વૃદ્ધાશ્રમો તેમજ દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓ-ગૃહોમાં વસતા ૪૫ થી ૬૦ વર્ષની વય જૂથના અને કોમોર્બિડ એટલે કે અન્ય ગંભીર બીમારી ધરાવતી વ્યક્તિઓને આધાર કાર્ડના પૂરાવા સિવાય પણ વૅક્સિનેશન અભિયાનમાં આવરી લેવાશે.

એટલું જ નહિ, આવી સંસ્થાઓ એટલે કે ભિક્ષુકગૃહો, વૃદ્ધાશ્રમો તેમજ દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓમાં વસતા ૬૦ વર્ષથી ઉપરની વયના વયસ્ક વડીલોને પણ તેમની પાસે આધાર કાર્ડ ન હોય તો પણ કોરોના વૅક્સિન આપવામાં આવશે તેમ તેમણે જાહેર કર્યુ છે. મુખ્યમંત્રીશ્રીએ આ અગાઉ રાજ્યમાં વિવિધ સ્થાનોએ વિચરણ કરતા હોય, સ્થિર વસવાટ ન હોય તેવા સાધુ સંતો, ભગવંતો, મહારાજ સાહેબ-મુનિશ્રીઓને આધાર કાર્ડ વિના પણ આ રસીકરણ અભિયાનમાં આવરી લેવાનો નિર્ણય કરેલો છે.

હવે, તેમણે સમાજના નિરાધાર, વંચિત, અનાથ વ્યક્તિઓને પણ કોરોના મહામારી સામે આરોગ્ય સુરક્ષા કવચ આપવા તેમને પણ આધાર કાર્ડના પુરાવા વિના રસીકરણમાં આવરી લેવાની અને સૌના વ્યાપક રસીકરણથી ''હારશે કોરોના-જીતશે ગુજરાત''નો મંત્ર સાકાર કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશનાં રાજ્યોની કોરોના સ્થિતિ અને રસીકરણની સમીક્ષા અંગે તાજેતરમાં યોજેલી વીડિયો કોન્ફરન્સમાં ગુજરાતમાં દૈનિક સરેરાશ રસીકરણની સંખ્યા ૧.૫૦ લાખથી વધારીને બે ગણી એટલે કે ૩ લાખ સુધી લઇ જવાની નેમ વ્યકત કરી હતી.

આ નેમને સાકાર કરવા રાજ્યના આરોગ્ય વિભાગે કોરોના રસીકરણને ઝૂંબેશ સ્વરૂપે ઉપાડીને અત્યાર સુધીમાં ૪૫ થી ૬૦ની વયજૂથના કોમોર્બિડ અને ૬૦ વર્ષથી ઉપરના વરિષ્ઠો એમ કુલ ૩૯ લાખ ૩૬ હજાર ૧૦૪ વ્યક્તિઓનું રસીકરણ પૂર્ણ કર્યુ છે.

આ હેતુસર સમગ્ર રાજ્યમાં ૫૩૮૧ સરકારી અને ૪૫૨ ખાનગી મળી કુલ ૫૮૩૩ રસીકરણ કેન્દ્રો કાર્યરત કરવામાં આવેલાં છે. ગુજરાતે ૩૯.૩૬ લાખ વ્યક્તિઓના રસીકરણ દ્વારા દેશભરમાં પાંચ અગ્રિમ હરોળના રાજ્યોમાં સ્થાન મેળવ્યું છે. ●

## અમદાવાદ શહેરને વધુ ચાર તળાવ સોંપવાનો મુખ્યમંત્રીશ્રીનો નિર્ણય

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદ શહેરમાં રાજ્ય સરકાર હસ્તકનાં વધુ ચાર તળાવનો વિકાસ કરવા માટે આ તળાવો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને વિનામૂલ્યે સોંપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મહાપાલિકાને જે ચાર તળાવ સિટી બ્યૂટિફિકેશન માટે વિનામૂલ્યે સોંપવાનો જનહિત નિર્ણય કર્યો છે, તેમાં અમદાવાદના ઘાટલોડિયા તાલુકાના ચેનપુરનું ૧૪,૬૯૪ ચો.મી. ક્ષેત્રફળનું ગામ તળાવ, અસારવાના મુઠીયા ગામનું ૪૧,૨૭૮ ચો.મિ.નું તળાવ, અસારવાના નરોડામાં આવેલ ૧,૩૧,૦૮૭ ચો.મિ.નું ગામ તળાવ અને વટવાના વિંઝોલ ખાતે ૮૧,૨૪૧ ચો.મિ.નું તળાવના વિકાસ માટે અમદાવાદ મહાપાલિકાને ફાળવવા સૂચના આપી છે.

મહાનગરપાલિકા સિટી બ્યૂટીફિકેશન અંતર્ગત આ તળાવોને કાયમી ધોરણે હરવા-ફરવા તેમજ પ્રવાસન-પિક્નિકના પર્યાવરણપ્રિય સ્પોટ તરીકે સુંદરતાથી વિકસાવશે. મુખ્યમંત્રીશ્રીએ મહાનગરોમાં રિયુઝ ઓફ ટ્રીટેડ વોટરનો જે અભિગમ અપનાવવા આહ્વાન કરેલું છે તેનો આ તળાવોમાં આવું રિસાયકલ્ડ વોટર ભરીને મહાપાલિકા સાકાર કરી શકશે.

એટલું જ નહિ, અમદાવાદ મહાનગરનું સ્યુએજ વોટર-વપરાયેલું ગંદુ પાણી એસ.ટી.પી દ્વારા શુદ્ધ કરીને આ તળાવોમાં નાખવામાં આવતાં આ તળાવો બારેય માસ ભરેલા રહેશે તેમજ આસપાસના વિસ્તારોના ભૂગર્ભ જળસ્તર પણ ઊંચા આવશે. આ તળાવોની આસપાસના વિસ્તારના નાગરિકોને હરવા-ફરવા તેમજ પ્રવાસન-પિકનીક માટેના પર્યાવરણપ્રિય સ્પોટનું નવતર નજરાણું ઘર આંગણે મળશે.

મુખ્યમંત્રીશ્રીએ આ અગાઉ માર્ચ-૨૦૨૦માં ૪ તળાવો, જૂન અને જુલાઇ મહિનામાં ૧-૧ તળાવ અને ઓગસ્ટમાં પાંચ એમ કુલ ૧૧ તળાવો અત્યાર સુધીમાં અમદાવાદ મહાનગરપાલિકાને સિટી બ્યુટીફિકેશન માટે વિનામૂલ્યે સોંપેલાં છે. હવે આ વધુ ૦૪ તળાવો પણ અમદાવાદ મહાનગરપાલિકાને સોંપવાના નિર્ણય સાથે કુલ ૧૫ તળાવોના બ્યૂટિફિકેશન અને વિકાસથી અમદાવાદ શહેરની સુંદરતામાં ચાર ચાંદ લાગશે. ●

# નાબાર્ડનો સ્ટેટ ક્રેડિટ સેમિનાર સંપન્ન



વર્કશોપ અને સેમિનાર દ્વારા નિષ્ણાતોનું માર્ગદર્શન મળી રહે છે. જે તે વિષયના તજજ્ઞો દ્વારા મળતી માહિતી ઉપયોગી પુરવાર થાય છે.તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ નાબાર્ડની ગુજરાત પ્રાદેશિક કચેરી આયોજિત સ્ટેટ ક્રેડિટ સેમિનારનું ગાંધીનગરમાં આયોજન થયું હતું.

તેમણે આ અવસરે વર્ષ ૨૦૨૧-૨૨ના સ્ટેટ ફોકસ પેપરનું વિમોચન તેમજ સરદાર કૃષિ યુનિવર્સિટી દાંતીવાડામાં શરૂ થનારા ગુજરાતના પ્રથમ નાબાર્ડ સ્પોન્સર્ડ રૂરલ બિઝનેસ ઇન્ક્યુબેશન સેન્ટર માટેના મંજૂરીપત્રોનું પણ વિતરણ કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે સ્પષ્ટ મત વ્યકત કર્યો કે આત્મનિર્ભર ભારત અને આર્થિક મહાસત્તા ભારતની લક્ષ્ય પૂર્તિ માટે ભારતે કમર કસી છે ત્યારે વિકાસના રોલ મોડેલ તરીકે ગુજરાતની વિશેષ જિમ્મેદારી છે. કૃષિ ક્ષેત્ર મહત્તમ ગ્રામીણ રોજગારી આપતું ક્ષેત્ર છે ત્યારે વધુ ને વધુ રોજગાર સર્જન આ ક્ષેત્રમાં થાય તે દિશામાં ધિરાણ-સહાય માટેની પણ તાકીદ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના વિકાસનો જે સુદ્રઢ પાયો નાંખ્યો છે તેને હવે આ સરકાર ત્વરિત-ફટાફટ અને વ્યાપક જનહિત નિર્ણયોથી ઉત્તમથી સર્વોત્તમ તરફ લઇ જવા પ્રતિબદ્ધ છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના કૃષિ, ઉદ્યોગ, સેવા સહિતનાં ક્ષેત્રોના સર્વગ્રાહી અને સાતત્યપૂર્ણ-સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ માટે ઇન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓ મજબૂત થાય તેની આવશ્યકતા પર ભાર મૂકયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિ પછી સર્જાયેલા આર્થિક માહોલમાં લોન-ધિરાણ સહાય માટે સહકારી બેંકોએ જે ઉત્સાહ દાખવ્યો છે તેવી જ રીતે રાસ્ટ્રીયકૃત બેંકો પણ જોડાય અને સમયની માંગને અનુસરે તેવું દાયિત્વ અદા કરવા અપીલ કરી હતી.

કૃષિ મંત્રી શ્રી આર. સી. ફળદુએ રાજ્યમાં પાક વીમા સહાય, શૂન્ય ટકા વ્યાજે ધિરાણ, ગોડાઉન સહાય ઉપરાંત ટેકાના ભાવે ખરીદી વગેરેમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના સંવેદનશીલ અભિગમથી ખેડૂતોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાનો નિર્ધાર પાર પડશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

કૃષિ મંત્રીશ્રીએ નાબાર્ડના સ્ટેટ ફોકસ પેપરમાં પ્રાયોરિટી સેકટર માટે ૨ લાખ ૨૪ હજાર કરોડના પોટેન્શિયલ પ્રોજેકટશન માટે આભાર વ્યકત કર્યો હતો.

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના પ્રાદેશિક નિયામક શ્રી પાણિગ્રહી, નાબાર્ડના ચીફ જનરલ મેનેજર શ્રી મિશ્રાએ ગુજરાતમાં કૃષિ, MSME, સૌની યોજનામાં ધિરાણ-સહાય અને ૩૮,૫૦૦ કરોડનું કુલ ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું થયું છે તે અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ છે તેનો આનંદ પ્રાસંગિક સંબોધનમાં વ્યકત કર્યો હતો.

આ સેમિનારમાં કૃષિ રાજ્યમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર, નાણાંના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકોના મહાપ્રબંધકો તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગોના સચિવો પણ સહભાગી થયા હતા. ●

# હવે, ગૌચર વિકાસની વાત ડિઝીટલી



મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જીવદયા, અનુકંપા અને કરૂણાના સંસ્કાર વારસાને વધુ પ્રબળ બનાવી અહિંસક-દિવ્ય-ભવ્ય ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઇ જવાની નેમ વ્યક્ત કરી હતી. સમસ્ત મહાજન દ્વારા આયોજિત મુખ્ય મંત્રીશ્રીની રજત તુલા અવસરે ગુજરાત સરકારની કાર્યનીતિ અંગે મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ઉક્ત નેમ વ્યક્ત કરી હતી. તેમણે પાંજરાપોળોને ચેક વિતરણ તથા બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના કનોડા, ગાંભુ અને પિલુચા ગામોમાં ગૌચર વિકાસ કામોનો ડિઝીટલી પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એ અબોલ-મૂંગા પશુજીવો પ્રત્યે પોતાની આગવી સંવેદના પ્રગટ કરતા જાહેર કર્યું કે, તેમની આ રજત તુલામાં આવેલી ૮૫ કિ.ગ્રામ જેટલી ચાંદીની રાશિ રાજ્યની ગૌશાળા પાંજરાપોળના મૂંગા પશુધનના કલ્યાણ કાર્યો માટે ઉપયોગમાં લેવાશે

શ્રી વિજયભાઇ રૂપાણીએ ઉમેર્યુ કે, રાજ્યમાં ગૌવંશ હત્યા કરનારને ૧૪ વર્ષ જેટલી આકરી કેદની સજાની જોગવાઇ કરીને આ કાયદો વધુ સુદ્રઢ બનાવ્યો છે. કરૂણા અભિયાન, ૩૫૦ જેટલા ફરતા પશુ દવાખાના, પાંજરાપોળના પશુઓને સહાય જેવા અનેક સંવેદનાસ્પર્શી પગલા આ સરકારે જીવદયાની પ્રેરણાથી લીધા છે. રાજ્યની પાંજરાપોળો આત્મનિર્ભર બને, પોતાના પશુધન માટે પોતે જ ઘાસચારો ઉગાડી શકે તે હેતુસર ગયા વર્ષના બજેટમાં ૧૦૦ કરોડ ફાળવ્યાં હતાં. તેજ પરિપાટીએ આ વર્ષના બજેટમાં પણ ૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. કચ્છના બન્નીમાં ઘાસચારો ઉગાડી દુકાળમાં પશુધનને ઘાસ મળી રહે તેવી વ્યવસ્થા રૂ.૧૬૦૦ કરોડના ખર્ચે સરકાર કરી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય શ્રીમતી વર્ષાબહેન દોશી, સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ સર્વશ્રી ગિરીશભાઇ અશોકભાઇ, લલીતભાઇ ધામી અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# સુરત-વાપી-ધ્રોળનાં વિકાસકામો માટે રૂ.165 કરોડની ફાળવણી

રાજ્યના સુરત અને વાપી તથા ધ્રોળ નગરોમાં માળખાકીય સુવિધા વિકાસ સહિતના રસ્તા, સ્ટ્રીટ લાઇટ, ડ્રેનેજ લાઇન, રેલવે ફલાય ઓવર તેમજ જનભાગીદારી હેઠળનાં વિવિધ કામો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રૂ. ૧૬૫.૨૦ કરોડ મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર સુરત મહાનગરપાલિકાને રૂ. ૧૧૪.૬૬ કરોડ ફાળવ્યા છે. સુરત મહાનગરમાં આ રકમમાંથી ખાનગી સોસાયટી જનભાગીદારીનાં કામો અંતર્ગત સી.સી. રોડ, સ્ટ્રીટ લાઇટ, પાણીની પાઇપલાઇન અને ડ્રેનેજ લાઇનનાં ૭૭૫ કામો હાથ ધરાવાનાં છે.

મુખ્યમંત્રીશ્રીએ આયોજનબદ્ધ શહેરી વિકાસની દિશાને વેગ આપતાં વિકાસ કામો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહાપાલિકા-નગરપાલિકાઓને સીધી જ નાણાં-ગ્રાન્ટ ફાળવણીનો અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં અત્યાર સુધી કુલ રૂ. ૩૧૨૦ કરોડની રકમ મહાનગરો-નગરોને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ફાળવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સુરત મહાનગર ઉપરાંત વાપી નગરપાલિકાને જી.આઇ.ડી.સી. જે ટાઇપ રોડ તથા નામધા રોડને જોડતો રેલવે ક્રોસિંગ ફલાય ઓવર બનાવવા માટે રૂ. ૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવી છે.

એટલું જ નહિ, ધ્રોળ નગરપાલિકાને પેવર બ્લોક નાખવાના કામ માટે રૂ. ૫૪ લાખ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ફાળવવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીના આ પારદર્શી અને ત્વરિત નિર્ણાયકતા પૂર્ણ અભિગમને પરિણામે રાજ્યનાં મહાનગરો-નગરોને વિશ્વકક્ષાના સ્માર્ટ સિટીઝ તરીકે વિકસિત થવાનો માર્ગ વધુ સરળ થયો છે. ●

# શ્રેષ્ઠ નાણાકીય વ્યવસ્થાપન અને નાણાકીય શિસ્ત ક્ષેત્રે ગુજરાત દેશનું રોલ મોડેલ



શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રીશ્રી

નાણા, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા

**"સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ" થકી ગુજરાતને "ઉત્તમ થી સર્વોત્તમ" તરફ લઈ જવાનુ લક્ષ્ય સાથે રાજ્ય સરકાર આગળ વધી છે. જેના પરિણામે રાજ્યના શ્રેષ્ઠ નાણાકીય વ્યવસ્થાપન અને શ્રેષ્ઠ નાણાકીય શિસ્ત થકી આજે ગુજરાત દેશનું રોલ મોડેલ પુરવાર થઈ રહ્યુ છે. છેલ્લા દોઢ દાયકાથી ગુજરાત રાજ્યનું બજેટ પુરાંત વાળુ આવી રહ્યુ છે. ગુજરાતે એક પણ ઓવર ડ્રાફ્ટ લેવો પડ્યો નથી જે ગુજરાતનું શ્રેષ્ઠ નાણાકીય વ્યવસ્થાપનનું ચિત્ર દર્શાવે છે. ગુજરાત વિધાનસભામાં નાણાં વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા નાયબ મુખ્યમંત્રી શ્રી અને નાણાં મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે નીચેની વિગતો જણાવી હતી.**

- નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના સમગ્ર અંદાજપત્ર નું કદ રૂા. ૨,૨૭,૦૨૮ કરોડ છે.
- અંદાજપત્ર રૂા.૫૮૮ કરોડની એકંદર પૂરાંત અને રૂા.૧,૨૦૯ કરોડની મહેસૂલી પૂરાંત દર્શાવે છે.
- ૨૦૨૧-૨૨ માટે એકત્રિત ભંડોળ હેઠળ કુલ આવક રૂા. ૨,૨૩,૯૨૦ કરોડ અંદાજવામાં આવેલ છે, જે ૨૦૨૦-૨૧ (સુધારેલ અંદાજ) કરતાં ૧૨.૬% વધુ છે.
- ૨૦૨૧-૨૨ માટે મહેસૂલી આવક રૂા. ૧,૬૭,૯૬૯ કરોડ અંદાજવામા આવેલ છે, જે ૨૦૨૦-૨૧ના મહેસૂલી આવકના સુધારેલ અંદાજ કરતાં વધુ છે.
- રાજયની પોતાની કર આવક રૂા.૧,૧૧,૭૦૬કરોડ અંદાજવામાં આવેલ છે, જે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજ કરતા ૬.૨% વધુ છે. જ્યારે બિન-કર આવક રૂા.૧૬,૮૦૨ કરોડ અંદાજવામાં આવી છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સરકારનો વિકાસલક્ષી ખર્ચ રૂા.૧,૩૨,૧૫૦ કરોડ જેટલો ઉંચો જશે જે બિન વિકાસલક્ષી ખર્ચ રૂા.૯૦,૭૦૬ કરોડની સાપેક્ષે રૂ. ૪૧,૪૪૪ કરોડ વધારે થવા જાય છે.
- ચાલુ વર્ષના અંદાજો રૂા. ૨,૨૭,૦૨૮ કરોડના અંદાજવામાં આવેલ છે, જે ૨૦૨૦-૨૧ ના અંદાજો રૂા. ૨,૧૭,૨૮૭ કરોડ ની સામે ૪.૪૮%નો વધારો સૂચવે છે અને વર્ષ ૨૦૨૦-૨૧ ના સુધારેલા અંદાજો રૂા. ૨,૦૫,૦૨૬ કરોડ ની સામે ૧૦.૭૩% જેટલો વધારો દર્શાવે છે.




- વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન કુલ વિકાસલક્ષી ખર્ચના ૫૫.૯ % જેટલી ફાળવણી સામાજિક સેવાઓ માટે કરવામાં આવેલ છે.
- રાજ્યના જાહેર દેવાનું પ્રમાણ રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનની ( GSDP ) સાપેક્ષમાં ઘટાડો: નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ નાં અંદાજ મુજબ કુલ જાહેર દેવું રાજયના એકંદર ઘરગથ્થું ઉત્પાદનના ૧૭.૪૦% ના સ્તરે અંદાજવામાં આવ્યું છે જે નક્કી કરેલ ૨૭.૧% ની નિયત મર્યાદા કરતાં ઘણું જ ઓછું.
- રાજય સરકારનો વિકાસલક્ષી ખર્ચ રૂા.૧,૩૨,૧૫૦ કરોડ જેટલો ઉંચો: જે બિન વિકાસલક્ષી ખર્ચ રૂા.૯૦,૭૦૬ કરોડની સાપેક્ષે રૂ. ૪૧,૪૪૪ કરોડ ૪૫.૮૪ ટકા જેટલો વધારો
- રાજયમાં ગુજરાતના સ્ટેટ ડી.બી.ટી. પોર્ટલ પર ૧૪ વિભાગોની ૨૫૪ સ્કીમો કાર્યરત છે.
- વર્ષ ૨૦૨૦-૨૧માં ૪.૦૯ કરોડથી વધુ લાભાર્થીઓને રૂ.૧૩,૦૫૦.૫૧ કરોડ થી વધુ રકમ લાભાર્થીઓને સંબંધિત ખાતામાં ડી.બી.ટી.થી સીધા જમા કરવામાં આવી છે.
- અટલ પેન્શન યોજના: તા.૩૦/૦૯/૨૦૨૦ સુધીમાં ૩૩૨૫૪૪૧ એનરોલમેન્ટ થયેલ છે.
- પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY): આકસ્મિક મૃત્યુ અને સંપુર્ણ વિકલાંગતાના કિસ્સામાં રૂ.૨લાખ અને આંશિક વિકલાંગતાના કિસ્સામાં રૂ.૧ લાખનું વીમા રક્ષણ તા.૩૦/૦૯/૨૦૨૦ સુધીમાં ૮૧૨૫૧૫૧ એનરોલમેન્ટ થયેલ છે.
- જીવન વીમા પોલીસીમાં વીમાધારકના કોઈપણ કારણસર થયેલા મૃત્યુ સામે તેના વારસદાર/પરિવારજનોને રૂપિયા બે લાખ ચૂકવવામાં આવશે. તા.૩૦/૦૯/૨૦૨૦ સુધીમાં

૧૦૬૫૪૩૬ એનરોલમેન્ટ થયેલ છે

- પ્રધાનમંત્રી જનધન યોજના (PMJDY) નાણાકીય સમાવેશનું સાધન: તા.૨૮/૦૨/૨૦૨૧ સુધીમાં ૧,૫૯,૪૯,૪૨૨ ખાતા ખોલેલ છે તથા તે ખાતામાં રૂ.૬૩૦૧૮૪ લાખની રકમ જમા થયેલ છે.
- ગુજરાત જૂથ(જનતા) અકસ્માત વીમા યોજના અંતર્ગત ખાતેદાર ખેડુત, ખાતેદાર ખેડુતના પતિ/પત્નિ તેમજ તેના તમામ સંતાનો, અસંગઠિત શ્રમિકો, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, કોલેજ અને આઇટીઆઇના વિદ્યાર્થીઓ અને કામદાર વગેરે પ્રકારના કુલ ૩.૯૮ કરોડ લાભાર્થીઓને આકસ્મીક મૃત્યુ અને કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાના હેતુસર આવરી લેવાયેલ છે ચાલુ નાણાકીય વર્ષમાં આ તમામ સંવર્ગના મળીને ૩૦૦૦થી વધુ લાભાર્થીઓ મળીને રૂ.૩૯ કરોડથી વધુ રકમનું ચૂકવણું કરવામાં આવેલ છે.
- પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી દ્વારા પેન્શન વિષયક નિવૃત્તિ લાભો અધિકૃત કરવાની કામગીરી ઓનલાઇન કરવામાં આવે છે.
- રાજય સરકાર દ્વારા સાતમા પગારપંચની ભલામણો સ્વીકારી તા-૦૧-૦૧-૨૦૧૬ પહેલા નિવૃત્તિ/અવસાન પામેલ કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ પેન્શનના લાભો આપવામાં આવ્યા છે.
- સાતમા પગારપંચ અન્વયે તા-૦૧-૦૧-૨૦૧૬થી લઘુતમ પેન્શન રૂ.૩,૫૦૦ થી વધારી રૂ.૯,૦૦૦ તેમજ મહતમ પેન્શન વધારી રૂ.૧,૧૨,૫૦૦ કરવામાં આવેલ છે.
- સાતમા પગારપંચની ભલામણો સ્વીકારી તા-૦૧-૦૧-૨૦૧૬થી મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની મહત્તમ રકમની મર્યાદા રૂા.૧૦,૦૦,૦૦૦ થી વધારી રૂા.૨૦,૦૦,૦૦૦. વયોવૃધ્ધ / શારિરીક / માનસિક અશક્ત પેન્શનરોને ઘેર બેઠા હયાતીની ખરાઇ કરવામાં આવે છે.
- ચાલુ નોકરીમાં અવસાન પામતા કર્મચારીના કુટુંબને દસ વર્ષ સુધી ઊંચા દરે (કર્મચારીના છેલ્લા પગારના ૫૦ % પેન્શન) કુટુંબ પેન્શન ચૂકવવામાં આવે છે. અવસાન પામેલ નિવૃત કર્મચારીના શારીરિક-માનસિક અશકત સંતાનો કે જે આર્થિક ઉપાર્જન કરવા અશકિતમાન છે તેમને આજીવન કુટુંબ પેન્શનનો લાભ આપવામાં આવે છે.
- ૮૦ વર્ષ કે તેથી વધુ ઉમરના પેન્શનરોને તેઓના મૂળ પેન્શન ઉપરાંત વધારાનું પેન્શન ચુકવામાં આવે છે.
- વર્ષ-૨૦૧૯-૨૦ માં કુલ ૪,૬૫,૬૧૦ પેન્શનરો હતાં જે ૨૦૨૦-૨૧માં ડીસેમ્બર -૨૦૨૦ સુધી વધીને ૪,૭૬,૧૯૮ થયેલ છે. જેમાં રાજય સરકારના પેન્શનરોની સંખ્યા ૩,૩૬,૬૧૩ છે. જ્યારે પંચાયતના કર્મચારી તથા પ્રાથમિક શિક્ષક પેન્શનરોની સંખ્યા ૧,૩૯,૫૮૫ છે. જેમને નિયમિત દર માસે ૧ લી તારીખે તેમના બેક એકાઉન્ટમાં પેન્શન સીધુ જ જમા કરવામાં આવે છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ફેબ્રુઆરી-૨૦૨૧ સુધીમાં ૨૬,૦૬૯ પેન્શન કેસો તથા ૬,૭૭૯ રીવીઝન પેન્શન કેસોનો નિકાલ કરવામાં આવેલ છે. તેમજ ૨,૯૬૨ સેવા ખરાઇના પ્રમાણપત્રના કેસોનો નિકાલ કરેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં પેન્શન અંગેનો ખર્ચ રૂ.૧૭,૬૬૩ કરોડ થયેલ છે. વર્ષ-૨૦૨૦-૨૧માં ફેબ્રુઆરી-૨૦૨૧ સુધીમાં રૂ. ૧૭,૦૦૮ કરોડનો ખર્ચ થયેલ છે
- હાલ વેટને કારણે પેટ્રોલ-ડીઝલ અને પી.એન.જી., સી.એન.જી. ગેસમાંથી થતી આવકના ૧૦૦ % ટેક્ષની આવક રાજ્ય સરકારની તિજોરીમાં જમા થાય છે. જે રાજ્યના વિકાસ કામોમાં વાપરવામાં આવે છે. ●





### વાવણીથી વેચાણ સુધીની વિવિધ યોજનાઓ અમલી બનાવી

# ખેડૂતોને આત્મનિર્ભર બનાવવાનો રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર




કૃષિ, ગ્રામવિકાસ, વાહન વ્યવહાર
શ્રી આર. સી. ફળદુ
કેબિનેટ મંત્રી

**ખેડૂતોને આર્થિક રીતે વધુ સધ્ધર કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગુજરાતે કૃષિ વિકાસ ક્ષેત્રે હરણફાળ ભરી છે. રાજ્ય સરકાર હંમેશાં ગુજરાતની બીજી હરિયાળી ક્રાંતિના પથદર્શક બની રહેલા લાખો ખેડૂતોની પડખે રહી છે અને રહેશે. વિશ્વમાં ફક્ત ખેતી એજ એક એવો ઉદ્યોગ છે કે, જે કુદરતી રીતે ઉપલબ્ધ સંસાધનોમાંથી અનેકગણું ઉત્પાદન આપે છે. બધી જ ઔદ્યોગિક પેદાશ આપણી જરૂરિયાત અને અનુકૂળતા મુજબ કારખાનાઓમાં ઉત્પન્ન કરી શકાય છે, પણ કૃષિ ઉત્પાદન તો જમીન અને આબોહવાના અનિયંત્રિત કુદરતી પરિબળોનો સમન્વય કરીને કરવું પડે છે. કૃષિ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન લાવવા માટે રાજ્ય સરકારે આ વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલી જોગવાઇ વિશે માહિતી મેળવીએ....**


- જળસિંચન માટે જળવ્યવસ્થાપન ખૂબ જ જરૂરી છે. વર્ષ ૨૦૦૧માં સિંચાઇ હેઠળનો વિસ્તાર ૩૮.૭૭ લાખ હેક્ટર હતો,જે વર્ષ ૨૦૨૦માં વધીને ૬૮.૮૯ લાખ હેક્ટર થયેલ છે. આમ, સિંચાઇ વિસ્તારમાં ૩૦.૧૨ લાખ હેક્ટરનો વધારો થયો છે.
- રાજ્યમાં પિયત સુવિધાઓ માટે થયેલ પ્રયત્નોને કારણે કૃષિ ક્ષેત્રે વધુ ને વધુ વિસ્તાર એકથી વધુ વખત વાવેતર હેઠળ આવતો થયો છે. સૂક્ષ્મ સિંચાઇ માટે વર્ષ ૨૦૨૦-૨૧માં ૬૭૫ કરોડની સહાય ખેડૂતોને કરવામાં આવી છે.
- ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે કે જ્યાં ખેડૂતોને ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી ભરવી પડતી નથી. અગાઉ માત્ર ૧૫૦૦૦ પ્રતિ વર્ષ નવા કૃષિ વીજજોડાણ આપવામાં આવતાં હતાં. જ્યારે છેલ્લાં ૧૭ વર્ષની સરેરાશ કરીએ તો સરેરાશ એક લાખ નવા ખેતીવાડી વીજ જોડાણ આપવામાં આવ્યાં છે.
- કિસાન સૂર્યોદય યોજના શરૂ કરીને ખેડૂતોને દિવસ દરમ્યાન વીજળી મળી રહે તેવા આયોજન માટે રૂા.૩૫૦૦ની જોગવાઇ કરવામાં આવી છે.
- ખેડૂતોના વીજબિલમાં રાહત માટે રાજ્ય સરકાર દર વર્ષે અંદાજે રૂા.૭૩૮૫ કરોડ વીજ સબસિડી તરીકે રાજયના ૧૮ લાખ ખેડૂતોને લાભ આપે છે.
- વર્ષ ૨૦૨૧-૨૨માં બીજ ઉત્પાદક ખેડૂતોને ઉત્તેજન આપવા ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ફાઉન્ડેશન/સર્ટિફાઇડ બીજ ઉત્પાદન માટે સહાય આપવા રૂ.૫૫ કરોડની જોગવાઈ.
- જેમાં આદિવાસી ખેડૂતો ભાઇઓ તથા પ્લગ નર્સરી માટે રૂા. ૧૦ કરોડની જોગવાઇ.
- રાજ્યમાં ફળ, શાકભાજી, મસાલા અને ફૂલ પાકનો વાવેતર વિસ્તાર વધારવાના સહાય કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ.૩૮.૭૪ કરોડની સહાય આપી અંદાજિત ૨૦,૮૦૦ હેક્ટરમાં કુલ ૨૭,૧૦૦ ઉપરાંત ખેડૂતોને લાભ.
- રાજ્યમાં કુલ ૧૫ જેટલી સરકાર માન્ય મુખ્ય ખાતર વિતરક સંસ્થાઓ, ૮૩૯ જેટલા હોલસેલર તેમજ ૮૫૦૦ થી વધુ સક્રિય ખાતર વિક્રેતાઓ દ્વારા રાસાયણિક ખાતરની વિતરણ વ્યવસ્થા સાથે સંકલન કરી ૪૦ લાખ મેટ્રિક ટન જેટલું રાસાયણિક ખાતર ખેડૂતોને પૂરું પાડવામાં આવ્યું છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ માં જાન્યુ-૨૧ અંતિત ૨૬,૭૭૦ ખેડૂતોને ટ્રેક્ટર ખરીદી માટે રૂ.૧૨૬.૮૫ કરોડની સહાય.
- કૃષિ યાંત્રિકીકરણ અન્વયે જાન્યુ-૨૧ અંતિત ૪૮,૯૨૪ ખેડૂતોને રૂ.૧૯૧.૯૦ કરોડની સહાય આપવામાં આવી છે.
- ખેડૂતોના લાભાર્થે વર્ષ ૨૦૨૦-૨૧ માં “સાત પગલાં ખેડૂત કલ્યાણના” અંતર્ગત વાવણીથી વેચાણ સુધીની વિવિધ યોજનાઓ અમલમાં મૂકી ખેડૂતોને વધુને વધુ આત્મનિર્ભર બનાવવાનો રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર.
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ૫૭.૩૫ લાખ લાભાર્થીઓને કુલ રૂ.૬૭૨૭.૧૪ કરોડનું લાભાર્થીઓના બૅન્ક એકાઉન્ટમાં DBTથી ચુકવણું કરવામાં આવ્યું છે.
- ભારત સરકારની મહત્ત્વાકાંક્ષી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં ગુજરાતના આદિજાતિ ક્ષેત્ર દાહોદ જિલ્લાને ગ્રિવન્સીસ રિડ્રેસલ-ફરિયાદ નિવારણની શ્રેષ્ઠતા માટે કેન્દ્ર સરકાર દ્વારા એવોર્ડ આપવામાં આવ્યો છે.
- ગુજરાતે કૃષિ ક્ષેત્રે સમગ્ર દેશને દિશા ચીંધી છે. દેશની વસ્તીના ૪.૯૯ ટકા હિસ્સો ધરાવતું ગુજરાત રાષ્ટ્રના ઘરગથ્થું ઉત્પાદનમાં લગભગ ૭.૯ ટકા હિસ્સો ધરાવે છે.
- દેશના અગત્યના પાકો જેવા કે કપાસ, મગફળી, દિવેલા, તલ, જીરૂ, ઈસબગુલ તેમજ દૂધ ઉત્પાદનમાં પ્રથમ હરોળમાં હોવાનું ગૌરવ અનુભવે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન અનાજનું કુલ ઉત્પાદન ૯૩.૨૮ લાખ ટન,કપાસનું ઉત્પાદન ૮૮.૦૧ લાખ ગાંસડી, મગફળીનું ઉત્પાદન ૪૬.૪૩ લાખ ટન અને તેલીબિયાંનું ઉત્પાદન ૬૬.૬૪ લાખ ટન થયું છે.

- ગુજરાત વિશ્વકક્ષાએ કેળા, જીરૂ, ઈસબગુલ, વરિયાળી અને દિવેલાના ઉત્પાદનમાં પ્રથમ સ્થાન ધરાવે છે. રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત કપાસમાં ૩૬ ટકા, મગફળીમાં ૪૨ ટકા, દિવેલામાં ૮૦ ટકા, વરિયાળીમાં ૭૦ ટકા અને જીરૂમાં ૬૦ ટકા ફાળો ધરાવે છે.
- ગુજરાતમાં બટાટાની ઉત્પાદકતા ૩૧ ટન અને ચણાની ૧૬૬૩ કિલો/હે. છે, જે રાષ્ટ્રીય કક્ષાએ સૌથી વધુ છે.
- બજાર વ્યવસ્થાપનમાં ગુજરાત અગ્રેસર છે. ગુજરાત રાજયમાં કુલ ૨૨૪ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ૨૧૧ મુખ્યયાર્ડ, ૧૯૩ સબયાર્ડ એમ કુલ ૪૦૪ માર્કેટ્યાર્ડ છે.
- રાજયની નિર્ણાયક સરકાર ખેડૂતોને ઝીરો ટકાના વ્યાજે ટૂંકી મુદતનું પાક ધિરાણ પૂરું પાડે છે. વર્ષ ૨૦૨૦-૨૧માં રૂા.૧૯૫૫ કરોડની ભારત સરકાર અને રાજ્ય સરકારની વ્યાજ સહાયથી ૧૩.૩૧ લાખ ખેડૂતોને આ વ્યાજ રાહતનો લાભ.
- ૧૯ લાખથી વધુ ખેડૂતો પાસેથી ૨૦૧૬-૧૭ થી ૨૦૨૧ દરમિયાન રૂ.૧૮૩૪૮ કરોડના મૂલ્યની તથા ૩૭,૦૭,૩૫૮ મેટ્રિક ટન ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.
- છેલ્લાં ત્રણ વર્ષમાં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ ભારત સરકારની એજન્સી નાફેડ દ્વારા ગુજરાત રાજ્યમાં મગફળી, મગ, અડદ, તુવેર, ચણા અને રાયડાની કુલ રૂ. ૭૨૬૨.૬૩ કરોડના મૂલ્યની કુલ ૧૪,૩૮,૨૨૯.૩૬ મે.ટન ટેકાના ભાવે ખરીદી.
- છેલ્લાં ત્રણ વર્ષમાં ભારત સરકારની એજન્સી કોટન કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (સીસીઆઇ) દ્વારા ગુજરાત રાજ્યમાં કપાસની કુલ રૂ.૪૧૯૮.૭૨ કરોડના મૂલ્યની કુલ ૭,૬૨,૩૩૦.૭૦ મે.ટન ટેકાના ભાવે ખરીદી .
- છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્ય સરકારની એજન્સી ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા રાજ્યમાં ઘઉ, મકાઇ, ડાંગર(કોમન), ડાંગર (ગ્રેડ-A) તથા બાજરીની કુલ રૂ. ૪૬૨.૮૪ કરોડના મૂલ્યની કુલ ૨,૪૫,૧૧૬.૯૬ મે.ટન ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. આમ કુલ ત્રણ વર્ષમાં રૂ.૧૧,૯૨૪.૧૯ કરોડના મૂલ્યની કુલ ૨૪,૪૫,૬૭૭.૦૨ મે.ટન ટેકાના ભાવે ખરીદી કરી છે.
- ભારે વરસાદથી થયેલ પાક નુકસાન માટે રાજ્યના ૨૦ જિલ્લાઓના ૧૨૩ તાલુકાના અંદાજિત ૩૭ લાખ હેક્ટર વિસ્તાર માટે રૂ. ૩૭૦૦ કરોડનું સહાય પેકેજ જાહેર.
- છેલ્લાં ત્રણ વર્ષમાં આકસ્મિક પરિસ્થિતિમાં ખેડૂતોને મદદરૂપ થઈને રાજ્ય સરકારે રૂ. ૫૮૦૦ કરોડથી વધુ ખેડૂતોના બેન્ક એકાઉન્ટમાં સીધા જમા કરાવ્યા છે.
- ૨૦૧૫-૧૬ થી આજ દિન સુધી રૂ. ૯૦૫૦ કરોડથી વધુ સહાય ખેડૂતોને ચૂકવવામાં આવી છે.
- રાજ્યમાં અંદાજિત ૧૮૦૦ ઓટોમેટિક વેધર સ્ટેશનની સ્થાપના કરી હવામાનના ડેટા મેળવવા રૂ.૧૧.૯૬ કરોડની જોગવાઈ.
- ખેતર પર નાનાં ગોડાઉન બનાવવા મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના હેઠળ સહાય આપવા માટે વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૨૮૦ કરોડની જોગવાઇ.
- કિસાન પરિવહન યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૩૦ કરોડની જોગવાઈ
- "દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય યોજના" અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૨૧૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- ઓછી આર્થિક ક્ષમતા ધરાવતા સીમાંત ખેડૂતો અને ખેત કામદારોને યાંત્રિકીકરણનો લાભ આપવા તેમજ અદ્યતન હેન્ડ ટુલ કિટ આપવાથી કાર્યક્ષમતામાં વધારો અને શ્રમમાં ઘટાડો થાય તે હેતુથી સીમાંત ખેડૂતોને અને ખેત કામદારોને સ્માર્ટ હેન્ડ ટૂલ કિટ આપવા વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૨૦ કરોડની જોગવાઇ.
- વર્ષ ૨૦૨૧-૨૨માં તારની વાડ યોજના માટે રૂ.૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- સમયસર રોગ-જીવાતના સર્વે થકી ઉપદ્રવની જાણકારી મેળવી તેના અસરકારક નિયંત્રણ માટે પ્રાયોગિક ધોરણે રાજ્યના ૧૦ જિલ્લામાં મોબાઈલ ક્રોપ ક્લિનિક (ફરતાં કૃષિ ક્લિનિક) માટે રૂ.૧.૪૦ કરોડની જોગવાઈ.
- રાજ્યના ખેડૂતોને મલ્ટી પર્પઝ હેતુ માટે એક ડ્રમ તેમજ પ્લાસ્ટિકના બે ટોકર (ટબ) વિનામૂલ્યે આપવા માટે રૂ. ૮૭.૪૭ કરોડની જોગવાઈ .
- ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી કરતો જિલ્લો બનાવવાના હેતુસર ડાંગ જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે રૂ. ૩૧.૫૧ કરોડની જોગવાઈ.
- પ્રાકૃતિક ખેતીમાં ખેડૂતોને પ્રોત્સાહન મળે તે માટે શરૂઆતના પ્રથમ બે વર્ષ ઉત્પાદન ઘટને સરભર કરવા પ્રથમ વર્ષે રૂ. ૧૦,૦૦૦ તથા બીજા વર્ષે રૂ. ૬,૦૦૦ નાણાકીય સહાય આપવામાં આવશે. આ યોજના હેઠળ પ્રથમ વર્ષે અંદાજિત ૩૦૦૦૦ હેક્ટર જમીન આવરી લેવામાં આવશે.
- રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમાં કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને વધુ સઘન બનાવવાના હેતુથી વર્ષ ૨૦૨૧-૨૨ માટે રૂા. ૬૯૮ કરોડની અંદાજપત્રીય જોગવાઇ. ●



## રાજ્યના વિદ્યાર્થીઓને વર્લ્ડક્લાસ એજ્યુકેશન થકી

# એજ્યુકેશનલ હબ બનવાની દિશામાં ગુજરાત અગ્રેસર



શિક્ષણ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો

શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા
કેબિનેટ મંત્રી

**વિકાસના રોલ મોડેલ બની ગયેલા ગુજરાતમાં વિદ્યાર્થીઓ-યુવાઓ સમય સાથે નહીં પરંતુ સમયથી બે કદમ આગળ ચાલે, વિશ્વની સ્પર્ધામાં ઊભા રહી શકે તેવી સર્વગ્રાહી શિક્ષણ વિકાસની સંકલ્પબદ્ધતા સાથે સરકાર કાર્યરત છે. વૈશ્વિક મહામારી કોરોનાના કપરા કાળમાં ઉદ્યોગ, વેપાર, ધંધા-રોજગાર અને સમગ્ર જનજીવન સ્થગિત હતું. લોકડાઉન હતું ત્યારે શિક્ષણ વિભાગ અનલોક હતો અને સતત કાર્યરત રહી શિક્ષકો, બાળકો-છાત્રોનું શિક્ષણ સાથેનું સાતત્ય જાળવવા ઓનલાઇન એજ્યુકેશન, મીડિયા ટીવી ચેનલ્સ, બાયસેગ જેવા માધ્યમથી વિદ્યાર્થીઓને ઘરે બેઠાં શિક્ષણ પૂરું પાડવાનો ભગીરથ પૂરુંષાર્થ પાર પાડયો છે. શિક્ષણ વિભાગની વિવિધ જોગવાઈ અંગેની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.**

- ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગથી શાળાઓમાં વર્લ્ડક્લાસ એજ્યુકેશન આપવા આગામી ૬ વર્ષમાં ૧૫,૦૦૦ સરકારી પ્રાથમિક, માધ્યમિક શાળાઓ-ગ્રાન્ટેન્ડ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં 'મિશન સ્કૂલ ઑફ એક્સલન્સ' પ્રોજેક્ટ હાથ ધરાશે
- વર્લ્ડ બેન્ક, એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) તેમજ એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) પાસેથી કુલ રૂ. ૬૩૭૫ કરોડનું ભંડોળ મેળવવામાં આવશે.
- ઐતિહાસિક મહત્ત્વ અને વિશષ્ટ પ્રકારનાં હેરિટેજ સ્થાપત્ય ધરાવતી પ્રાચીન શાળાઓના નવીનીકરણ માટે 'હેરિટેજ સ્કૂલ્સ રીનોવેશન પ્રોગ્રામ' માટે ૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ
- શાળાઓમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વૃદ્ધિ અને સ્માર્ટ ક્લાસિસની વ્યવસ્થાઓથી બે દાયકામાં ડ્રોપ આઉટ રેશિયો ૧૮.૭૯ ટકાથી ઘટાડી ૩.૩૯ ટકા જેટલો નીચો લાવી દીધો છે
- બોર્ડ પરીક્ષા હોય કે શિક્ષકોની વ્યાપક ભરતી સંપૂર્ણ પારદર્શિતા-ટ્રાન્સપરન્સીથી કાર્યવાહી કરીને ગેરરીતિઓને તિલાંજલિ આપી પેપરલીક હવે રાજ્યમાં ભૂતકાળ બની ગયું - મોબાઈલ એપ્લિકેશન પેપર બોક્સ ઓથેન્ટિકેશન એન્ડ ટ્રેકિંગ એપ્લિકેશન PATA વિકસાવી છે.
- માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ડિજિટલાઈઝેશનની પહેલ - ૧૯૫૨ થી ૧૯૭૮ સુધીની બોર્ડની પરીક્ષાઓના પરિણામના રેકોર્ડનું ડિજિટાઈઝેશન કરવામાં આવ્યું.
- પીએચ.ડીના વિદ્યાર્થીઓ માટે 'શોધ' (Scheme of Developing High quality research) અંતર્ગત ૨૦૧૯-૨૦માં રૂ.૧૩.૦૮ કરોડના ખર્ચે ૭૫૪ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી
- ૨૦૨૦-૨૧માં 'શોધ' (Scheme of Developing High quality research) માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ
- આ વર્ષે કુલ ૩ લાખથી વધુ છાત્રોને ટેબલેટનું વિતરણ કરાશે.

દેશ-વિદેશના વિદ્યાર્થીઓને ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ માટે 'સ્ટડી ઈન ગુજરાત' કેમ્પેઈન - વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ રાજ્યમાં 'સ્ટડી ઈન ગુજરાત' અંતર્ગત અભ્યાસ કરવા માટે આવે તેવું લક્ષ્ય.

- વર્ષ ૨૦૧૯-૨૦ ની સરખામણીએ ૨૦૨૦-૨૧માં બમણાથી વધારે વિદ્યાર્થીઓ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અર્થે આવ્યા છે.
- રાજ્યના યુવાધનમાં 'લીવ ફોર ધ નેશન' ની ભાવના વિકસે તે માટે મૂલ્યનિષ્ઠ શિક્ષણ
- આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં આવા મૂલ્યનિષ્ઠ શિક્ષણના ભાગરૂપે વિદ્યાર્થીઓને જોડવાની નેમ
- આ ઉજવણી દરમિયાન સ્વતંત્રતા સંગ્રામ વિષયક સેમિનાર, ગાંધી વિચાર, ઐતિહાસિક દાંડીયાત્રા જેવા વિષયોની નિબંધ સ્પર્ધા અને દેશદાઝ પ્રગટાવનાર વિવિધ કાર્યક્રમોમાં રાજ્યના છાત્રોને મોટાપાયે પ્રેરિત કરાશે.
- ભારતમાતા જગતજનની બને અને ભારત પુનઃ વિશ્વગુરુનું સ્થાન હાંસલ કરે તેવું તક્ષશિલા અને વલભી જેવી પ્રાચીન વિદ્યાપીઠ સમાન શિક્ષણ આધુનિક ટેકનોલોજી સાથે આપીને ભારતને જ્ઞાન-વિજ્ઞાનનું અધિષ્ઠાતા બનાવવાનો આપણો સંકલ્પ છે.
- ગુજરાતના વિદ્યાર્થીઓ-યુવાનો વર્લ્ડ કલાસ એજ્યુકેશન ઘરે બેઠા મેળવીને વિશ્વ સમકક્ષ બની શકે તે માટે રાજ્યના કુલ બજેટના ૧૪.૪૧ ટકા જેટલી રૂ. ૩૨,૭૧૯ કરોડની રકમ શિક્ષણ વિભાગ માટે સરકારે ફાળવી છે.
- રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૩૯૦૦ વિદ્યાસહાયકો, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં ૫૮૧૦ અને ઉચ્ચશિક્ષણ-કોલેજોમાં ૯૨૭ અધ્યાપક સહાયકોની ભરતી આવનારા સમયમાં થવાની છે.
- રાજ્ય સરકારે છેલ્લાં પાંચ વર્ષમાં સરકારી માધ્યમિક શાળાઓમાં કુલ ૧૩,૯૬૨ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ ૩૯૨૧ શિક્ષકોની ભરતી કરી છે.



- સરકારી કોલેજોમાં કુલ ૪૫૨ તેમજ અનુદાનિત કોલેજોમાં કુલ ૧૫૮૫ આચાર્ય, પ્રાધ્યાપકોની પણ ભરતી કરવામાં આવી છે.
- રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૫૦૦ સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સહિતની શાળાઓને મંજૂરી આપી છે.
- રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે લેવામાં આવેલા અનેક નિર્ણયોને કારણે છેલ્લા બે દાયકામાં સાક્ષરતા દર ૨૦૦૧માં ૬૯.૧૪ ટકા સાક્ષરતા દર હતો તે હવે ૭૮.૦૩ ટકા એ લઇ ગયા છીયે.
- ધો-૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિને કોઇ જ અવકાશ ન રહે તે માટે પરીક્ષા કેન્દ્રો ઉપર વિજિલન્સ સ્કવોડ, સી.સી.ટીવી કેમેરા અને ટેબ્લેટથી સતત દેખરેખ.
- શિક્ષણનો અધિકાર રાઇટ ટુ એજ્યુકેશન અંતર્ગત શાળાઓમાં પ્રવેશ અંગે જણાવ્યું કે RTE હેઠળ અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાં કુલ ૩,૮૬,૨૭૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.
- રાજ્ય સરકારે મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ નોંધાયેલા તમામ ૫૦.૩૫ લાખ વિદ્યાર્થીઓને ૧૬ માર્ચ ૨૦૨૦થી ૧ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી એટલે ૨૪૭ શાળાના દિવસો દરમ્યાન તમામ વિદ્યાર્થીઓને ફૂડ સિક્યુરિટી એલાઉન્સીસ અંતર્ગત રૂ. ૭૩૧.૭૫ કરોડના ખર્ચે અને ૧,૪૮,૧૧૭ મેટ્રિક ટન અનાજની ફાળવણી તબક્કાવાર કરવામાં આવી હતી.
- વૈશ્વિક કોરોના મહામારીની પ્રવર્તમાન સ્થિતિમાં સમગ્ર વર્ષ દરમિયાન શિક્ષણ કાર્ય બંધ રહ્યું છે તેવા સમયે વિદ્યાર્થીઓની મનોઃસ્થિતિ પર અસર ન પહોંચે તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્ય તમામ શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ ૯ થી ૧૨ ના અભ્યાસક્રમમાં ૩૦ ટકા ઘટાડો કર્યો છે.
- શિક્ષણ વિભાગની માંગણીઓ વિધાનસભામાં બહુમતીથી પસાર કરવામાં આવી. ●

# નાગરિકોને સસ્તો, ઝડપી અને ઘરઆંગણે ન્યાય મળે તે માટે સરકાર કટિબદ્ધ

**રાજ્યના નાગરિકોને સસ્તો, સરળ, ઘર આંગણે ન્યાય મળી રહે તે માટે હાલની સરકાર કટિબદ્ધ છે. રાજ્યમાં સુશાસન જાળવવાની નીતિ અનુસરીને ન્યાયપાલિકાને વધુ મજબૂત બનાવવા માટેની પ્રતિબદ્ધતાથી કામગીરી થઈ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દષ્ટિવંત નેતૃત્વ અને સમયબદ્ધ આયોજનના પરિણામે આજે ગુજરાત સરકારે કાયદાનું સુરાજ્ય પૂરું પાડયું છે. નાગરિકોને હવે ઇઝ ઓફ જસ્ટિસ થી ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ તરફ લઇ જવા પ્રયાણ થઈ રહ્યું છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે છેલ્લાં પાંચ વર્ષમાં જે રીતે વિવિધ કાયદાઓ હેઠળ ગુજરાતના લગભગ તમામ તાલુકાઓમાં અને પ્રત્યેક જિલ્લામાં કોર્ટની સ્થાપના કરી છે તેનાથી રોકાણકારો અને ઔદ્યોગિક સાહસિકોને ઔદ્યોગિક મામલે થતી તકરારોનો વહેલી તકે નિકાલ મળી રહે તે પ્રકારનું વાતાવરણ રાજ્યમાં ઊભું થયું છે. આગામી નાણાકીય વર્ષમાં કાયદા વિભાગ માટે રૂા. ૧,૬૯૮ કરોડની રકમની જોગવાઇ પર એક નજર કરીએ.**

- ૨૪મી માર્ચ ૨૦૨૦ થી ૩૧મી ડિસેમ્બર ૨૦૨૦ દરમ્યાન કોરોના કાળમાં હાઈકોર્ટ દ્વારા ૨૮,૬૮૩ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. જ્યારે તાબાની અદાલતોમાં પણ ૧૫મી એપ્રિલ ૨૦૨૦ થી ૩૧મી ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં ૧,૫૭,૯૩૭ જેટલા મળીને કુલ ૧,૮૬,૬૨૦ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.
- સમગ્ર દેશમાં સૌ પ્રથમ અદાલતની કોર્ટ કાર્યવાહીનું જીવંત








પ્રસારણ કરવાનું શ્રેય રાજ્યની વડી અદાલતને જાય છે વડી અદાલત દ્વારા માર્ચ - ૨૦૨૧ થી પોતાની ટેલિગ્રામ ચેનલ પણ શરૂ કરવામાં આવી છે. જેના પર હાઇકોર્ટની દરરોજની નોટિસીસ, કોઝ લિસ્ટ, સર્ક્યુલર્સ, પ્રેસ નોટ્સ અને પ્રેસ રિલીઝ જેવી મહત્વની માહિતી ઉપલબ્ધ કરાવાશે.

- સુપ્રીમ કોર્ટના દિશા-નિર્દેશના આધારે ગુજરાતની તમામ જિલ્લા કોર્ટ અને તાબાની કોર્ટોને સી.સી.ટી.વી. થી કનેક્ટ કરવામાં આવી છે. જે અન્વયે સિટી સિવિલ કોર્ટ, ઔદ્યોગિક અદાલતો, મજૂર અદાલતો, મેટ્રો કોર્ટ, સ્મોલ કોઝ કોર્ટ્સ, ફેમિલી કોર્ટ્સ અને તાલુકા કોર્ટ્સ તથા સેશન્સ કોર્ટ્સ સહિતની અદાલતોમાં ૩૪૩ કોર્ટ બિલ્ડિંગ્સ અને ૧૩૪૫ કોર્ટ રૂમ્સમાં સી.સી.ટી.વી. મૂકવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. હાઇકોર્ટ દ્વારા ડિજિટલાઇઝેશન તથા સી.સી.ટી.વી અંતર્ગત કામગીરી સંદર્ભે કુલ રૂ. ૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે તથા આગામી વર્ષ માટે રૂા. ૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- બદલાતા ગુનાના પ્રકારો અને ગુનો આચરનારની બદલાતી માનસિકતાને ધ્યાનમાં રાખીને નવા કાયદાઓ ઘડવામાં આવેલ છે અને તે કાયદા હેઠળના કેસો ઝડપથી ચાલે તે માટે ૫૭૭ સ્પેશ્યિલ કોર્ટોની સ્થાપના કરવામાં આવી છે.
- છેલ્લાં ત્રણ વર્ષમાં તાબાની અદાલતોમાં કુલ ૨૬,૩૯,૭૧૩ કેસોનો નિકાલ થયો છે. સ્પેશ્યિલ કોર્ટ દ્વારા છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન કુલ ૭,૫૫,૪૮૧ કેસોનો ન્યાયિક નિર્ણય કરવામાં આવ્યો છે.વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિસ્ટ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ (ગુજસીટોક), લોકોના નાણાં પડાવી લેવાના કિસ્સા અટકાવવા ધ બેનિંગ ઓફ અનરેગ્યુલેટેડ ડીપોઝીટ સ્કીમ એક્ટ, લેન્ડગ્રેબિંગ (પ્રોહિબિશન) એક્ટ, ડીસેબિલિટી એક્ટ અને પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સુઅલ ઓફેન્સિસ એક્ટ (પોક્સો) જેવી વિવિધ સ્પેશિયલ કોર્ટો શરૂ કરવામાં આવી છે.
- આજે ગુજરાત રાજયમાં ૨૫૦ ન્યાયિક તાલુકાઓ પૈકી એક માત્ર જોટાણાને બાદ કરતાં રાજયના તમામ તાલુકાઓ ખાતે જે.એમ.એફ.સીની કોર્ટો કાર્યરત છે.
- લોકઅદાલતમાં પક્ષકારો વચ્ચેની તકરારોનો કાયમી અંત લાવી મતભેદ અને મનભેદ દૂર કરે છે. વર્ષ ૨૦૧૬-૨૦૨૦ના સમય દરમિયાન ૫૦,૯૬૧ લોક અદાલત દ્વારા ૯,૧૩,૨૭૫ કેસો ફેસલ કરીને રૂા. ૯,૮૧૪.૨૫ કરોડની રકમ એવોર્ડ્સ તથા વળતર તરીકે ચૂકવવામાં આવી છે.
- કોરોના મહામારીના કપરા કાળ દરમિયાન ગુજરાત સ્ટેટ લિગલ સર્વિસ ઑથૉરિટી દ્વારા પ્રથમ વખત આયોજિત E-LokAdalat દ્વારા કુલ-૨૩,૩૨૮ કેસોનો સમાધાનના માધ્યમથી નિકાલ કરાયો . જેમાં કુલ રૂપિયા ૮૧૨ કરોડ જેટલું વળતરનું એવોર્ડ કરવામાં આવ્યું છે.
- અંતરીયાળ અને છેવાડાના તાલુકાઓમાં પણ ન્યાયતંત્ર માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળી રહે તે માટે કોરોનાના કપરા કાળમાં પણ રાજ્યમાં દાંતીવાડા, સુઇગામ, ફતેપુરા, ગીરગઢડા, ખેરાલુ તથા સરસ્વતી જેવા તાલુકાઓમાં હાઇકોર્ટના પરામર્શમાં રહી નવી કોર્ટ બિલ્ડિંગોનું નિર્માણ કરીને કોર્ટ કાર્યરત કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે નવા અને ચાલુ કામો માટે કુલ રૂા. ૩૫૫.૯૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- ચૅરિટીતંત્ર વહીવટ સરળતાથી ચાલી શકે તે માટે સરકાર તેમાં સહભાગી થાય છે. જાન્યુઆરી - ૨૦૨૦થી ઓગસ્ટ - ૨૦૨૦ દરમ્યાન જ્યારે કોરોનાનો કેર તેની પરાકાષ્ઠાએ હતો તેવા સમયમાં પણ સિદ્ધિરૂપ અંદાજે ૯૯૯૭ જેટલી અરજીઓનો ગુજરાતના ચૅરિટીતંત્ર દ્વારા નિકાલ કરવામાં આવ્યો છે. ●

# ટેકનોલોજીના માધ્યમથી મહેસૂલી સેવાઓ વધુ ઝડપી, સરળ અને પારદર્શી બની છે



શ્રી કૌશિકકુમાર પટેલ
કેબિનેટ મંત્રી મહેસૂલ

**મહેસૂલ વિભાગમાં પણ ક્રાંતિકારી મહેસૂલ સુધારાઓના અમલીકરણ થકી મહેસૂલી સેવાઓ વધુ ઝડપી, સરળ અને પારદર્શી બને તે માટે નાગરિકોના હિતમાં રાજ્ય સરકારે અનેક જનહિતલક્ષી સુધારાઓ કર્યા છે. ટૂંકાગાળામાં અનેક મહેસૂલી સુધારાઓના પરિણામે જ ક્રાંતિકારી પરિણામો મળ્યાં છે. રાજ્યના ઝડપી વિકાસ માટે ઝડપી નિર્ણય જેમની કાર્યપદ્ધતિનો મહામંત્ર છે. વર્ષ 2021-22માં 46 નવી બાબતો સાથે રૂ. 4,547 કરોડનું બજેટ મહેસૂલ વિભાગનું આયોજન છે. વહીવટની સાથે રાજ્ય સરકારની આવક માટે પણ મહેસૂલ વિભાગ ખૂબ અગત્યનો વિભાગ છે. મહેસૂલ વિભાગની સેવાઓ સરળતાથી અને સામાન્ય લોકોને ઝડપથી મળી શકે તે માટે ટેકનોલોજીના ઉપયોગથી પરિવર્તન લાવવામાં આવ્યું છે. સ્ટેમ્પ ડ્યૂટી મહેસૂલ આવકનો મહત્ત્વનો સ્રોત છે. ભૂમાફિયાઓને અંકુશમાં રાખવા મહત્ત્વપૂર્ણ નિર્ણયો લઈ મજબૂત કાયદાનો અસરકારક અમલ કરવામાં આવી રહ્યો છે.**

**મહેસૂલ વિભાગનું આગામી વર્ષનું સ્પષ્ટ અને નિર્ણાયક આયોજન...**

- વર્ષ 2021-22માં 46 નવી બાબતો સાથે રૂ. 4,547 કરોડનું બજેટ.
- 80 લાખથી વધુ સર્વે નંબરના 8 કરોડ જેટલા 7/12ના ડોક્યુમેન્ટ અપલોડ.
- ઈન્ટિગ્રેટેડ ઓનલાઈન રેવન્યુ એપ્લિકેશન સિસ્ટિમથી 25 જેટલી સેવાઓ ઓનલાઈન.
- લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ 983 અરજીઓની પ્રાથમિક તપાસ પૂર્ણ.
- 4000 ઈ-સ્ટેમ્પિંગ કેન્દ્રોમાં 1 કરોડ 36 લાખથી વધુ લોકોએ લાભ લીધો.
- 708 જેટલી સૂચિત સોસાયટીઓમાં 63,600થી વધુ મિલકતને મંજૂરી.
- અરજદારોને ઉત્તમ સુવિધા મળી રહે તે માટે તમામ કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્રોનું આધુનિકીકરણ કરવા રૂ. 18 કરોડની જોગવાઈ.
- 10 સબ-રજિસ્ટ્રાર કચેરીઓને મોડેલ કચેરીઓ બનાવવા માટે અને હાલની 16 જેટલી કચેરીઓ અપગ્રેડ કરવા માટે રૂ. 15 કરોડની જોગવાઈ.
- મહેસૂલ વિભાગ દ્વારા i-ORA 2.0 દ્વારા ફેસલેસ સિસ્ટિમને આગળ ધપાવવા વધુ 4 પૂર્વ ચકાસણી અધિકારી સહિત કુલ 70 કર્મચારી/અધિકારીના મહેકમ માટે રૂ. 338 લાખની જોગવાઈ.
- ખેતીની જમીનની માપણી આધુનિક પદ્ધતિથી અને સચોટપણે થાય તે માટે વધુ 131 નવાં ડી.જી.પી.એસ. મશીનો વસાવવા કુલ રૂ. 32.75 કરોડની જોગવાઈ.
- નગરપાલિકા વિસ્તારમાં જમીન માપણી આધુનિક રીતે તેમજ વિવાદ રહિત કરાવવા માટે ઈ.ટી.એસ. (ઈલેક્ટ્રોનિક ટોટલ સ્ટેશન) મશીનની ખરીદી માટે રૂ. 12.80 કરોડની જોગવાઈ.
- કચેરીઓ તથા સ્ટાફ ક્વાટ્ર્સના બાંધકામ માટે કુલ રૂ.39 કરોડની જોગવાઈ.
- પૂર/અછતની રાહત રેઈન ગેજ સ્ટેશનોની સંખ્યા વધારવા માટે કુલ રૂ.5 કરોડની જોગવાઈ.
- જમીન દફતર ખાતાની કચેરીઓના આધુનિકીકરણ માટે રૂ. 3 કરોડની જોગવાઈ.
- i-ORA પોર્ટલને સુદ્રઢ કરવા અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા અને રાજકોટ જિલ્લામાં મહેકમ ઊભું કરવા માટે રૂ. 2 કરોડની જોગવાઈ.
- વર્ષ 2020-21ના નાણાકીય વર્ષમાં રૂ. 8,582 કરોડથી વધુ મહેસૂલી આવકનો અંદાજ.

## મહેસૂલ વિભાગે કરેલી જનહિતકારી બાબતો પર ઊડતી નજર...

- 7/12ના 1 કરોડ 20 લાખ કરતાં વધુ સર્વે નંબરના મહેસૂલી રેકર્ડ ઓનલાઈન કરવામાં આવ્યાં.



- 80 લાખથી વધુ સર્વે નંબરના 8 કરોડ જેટલાં 7/12ના પાનાનું સ્કેનિંગ, અપલોડિંગ અને વેરિફિકેશન પૂર્ણ કરી ઓનલાઈન કરવામાં આવ્યાં.
- 6 કરોડથી વધુ ફેરફાર નોંધોના ડોક્યુમેન્ટ્સ ઓનલાઈન અપલોડ કરવામાં આવ્યા.
- સમગ્ર રાજ્યમાં નવેમ્બર 2019થી i-ORA 2.0 (ઈન્ટિગ્રેટેડ ઓનલાઈન રેવન્યુ એપ્લિકેશન) સિસ્ટિમ લાગુ કરી 25 જેટલી સેવાઓ ઓનલાઈન કરવામાં આવી.
- 19 જેટલી સેવાઓને ફેસલેસ કરવામાં આવી.
- i-ORA પર તા.15.3.2021 સુધીમાં 1 લાખ 18 હજારથી વધુ અરજીઓમાંથી 1 લાખથી પણ વધુ અરજીઓનો નિકાલ
- છેલ્લાં બે વર્ષમાં i-ORA પોર્ટલ પર વારસાઈની 1 લાખ 97 હજારથી વધુ અરજીઓ ઓનલાઈન કરવામાં આવી
- ઈ-ધરા કેન્દ્રમાં વારસાઈ અંગેની કુલ 1 લાખ 86 હજાર અરજીઓ પ્રાપ્ત થઈ.
- વર્ષ 2004 થી વર્ષ 2021 સુધીમાં ગામ નમૂના નં. 6, 7/12 તથા 8-અ ની ગ્રામ પંચાયત ખાતેથી 24 કરોડથી વધુ નકલો તથા ઈ-ધરા કેન્દ્ર ખાતેથી 50 કરોડથી વધુ નકલોનું વિતરણ
- AnyROR પરથી ઓનલાઈન 100થી વધુ દેશોમાં રહેતા ગુજરાતીઓ પોતાની જમીનોની માહિતી ઓનલાઈન મેળવતા થયા.
- દર માસે 50 લાખ વાર સર્ચ થતી આ વેબસાઈટ એ તમામ સરકારી વિભાગોમાં સૌથી વધુ હિટ્સ ધરાવતી વેબસાઈટ.
- ભૂમાફિયાઓને અંકુશમાં લઈ ખેડૂતો અને કાયદેસરના જમીન માલિકોનાં હિતોનું રક્ષણ કરવા માટેના કાયદા અંતર્ગત 2694થી વધુ અરજીઓમાંથી 983 અરજીઓની પ્રાથમિક તપાસ પૂર્ણ, 173 અરજીઓ મંજૂર, 112 એફ.આઈ.આર. (FIR), 451 ઇસમો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો.
- ગેરકાયદેસર જમીન પચાવી પાડનારને 10 થી 14 વર્ષની સજા અને મિલકતની જંત્રી કિંમત સુધીના દંડની જોગવાઈ.
- તમામ પ્રકારના નોન જયુડિશિયલ ફિઝિકલ સ્ટેમ્પ પેપરનું વેચાણ તા.1/12/2019 થી બંધ
- રાજ્ય ભરમાં 4000 ઈ-સ્ટેમ્પિંગ કેન્દ્રો જેનો કુલ 1 કરોડ 36 લાખ વધુ લોકોએ લાભ લીધો. જેનાથી રૂ. 3009 કરોડથી વધુ આવક થવા પામી.
- 337 જેટલાં ફ્રેન્કિંગ કેન્દ્રો કાર્યરત જેનાથી રૂ. 2002 કરોડથી વધુ આવક.
- રજિસ્ટ્રેશન ફી, કોર્ટ ફી તેમજ અન્ય સ્ટેમ્પ ડ્યૂટીની આવક મળીને રાજ્યને કુલ રૂ. 6410 કરોડથી વધુ સ્ટેમ્પ ડ્યૂટીની આવક થવા પામી.
- લોકોના સમયની બચત થાય તે માટે વધુ દસ્તાવેજ નોંધણી માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટની વ્યવસ્થા
- વર્ષ 2020-21માં 10 લાખ 25 હજારથી વધુ ઓનલાઈન દસ્તાવેજની નોંધણી થઈ જેના થકી રૂ. 802 કરોડની નોંધણી ફી અને રૂ. 198 કરોડથી વધુ સ્ટેમ્પ ડ્યૂટીની ઓનલાઈન રકમ સ્વરૂપે રાજ્ય સરકારને આવક
- રાજ્ય સરકાર દ્વારા મહિલાઓ મિલકતની ખરીદી કરે તો 1 ટકા રજિસ્ટ્રેશન ફી ની માફી અત્યારસુધીમાં 27 લાખથી વધુ મહિલાઓને મળ્યો લાભ, સરકાર દ્વારા રૂ. 1,763 કરોડથી પણ વધુ રજિસ્ટ્રેશન ફીની માફી આપવામાં આવી.
- લેન્ડ રેકર્ડના મોડ્ર્નાઈઝેશન પ્રોગ્રામને મહેસૂલ વિભાગે સાકાર કરી 18,000થી વધુ ગામો અને 12 હજારથી વધુ પ્રમોલગેટ ગામોના 1 કરોડ 20 લાખથી પણ વધારે સર્વે નંબરોની રિ-સર્વેની કામગીરી કરી.
- રિ-સર્વે પછી હક્ક પત્રક (ગામ નમૂના નં. 7) સાથે જે તે સરવે નંબરનો નકશો આપનાર ગુજરાત પ્રથમ રાજય.
- ભારત સરકારની સ્વામિત્વ (SWAMITVA-સર્વે ઓફ વિલેજીસ એન્ડ મેપિંગ ઈમ્પ્રુવાઈઝ ટેકનોલોજી ઈન વિલેજી એરિયાઝ) યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં ડ્રોન ટેકનોલોજી દ્વારા માપણી કરી દરેક મિલકત ધારકને પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવ્યાં.
- 708 જેટલી સૂચિત સોસાયટીઓમાં 63,600થી વધુ મિલકતને મંજૂરી આપી જેમાં 13 હજાર 200થી વધુ પ્રોપર્ટી કાર્ડ ઇસ્યૂ અને રાજ્યને અત્યાર સુધીમાં 186 કરોડ જેટલી મહેસૂલી આવક પ્રાપ્ત થઈ.
- અમદાવાદ-મુંબઇ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત 8 જિલ્લાનાં 197 ગામોની 714 હેક્ટર જેટલી જમીન સંપાદનની કામગીરી પ્રગતિ હેઠળ.
- ખેડૂતોની સંમતિથી 395 હેક્ટર જેટલી જમીનનું રૂ.2350 કરોડનું વળતર ચૂકવીને જમીનના કબજા મેળવવામાં આવ્યાં



- મેટ્રો રેલ પ્રોજેક્ટના કામે 1.37 લાખ ચો.મી જમીન સંપાદનની કામગીરી પૂર્ણ
- ડીએફસીસીના કામે 2108 હેક્ટર જમીન અંગે રૂ.1723 કરોડ જેટલી રકમ ચૂકવીને જમીનના કબજા મેળવવામાં આવ્યા.
- સ્ટેચ્યૂ ઓફ યુનિટ માટે નવી બ્રોડ ગેજ લાઈન, એઈમ્સ હોસ્પિટલ-રાજકોટ આમ વિવિધ જાહેર હેતુઓ માટે કુલ 84 લાખ ચો.મી. થી વધુ જમીન સંપાદન કરવામાં આવ્યું.
- લોકોને ઉપયોગી થાય તે માટેનાં વિવિધ વિકાસ કામો અંતર્ગત સરકારી ધારાધોરણ મુજબ કુલ 400 લાખ ચો.મી.થી વધુ સરકારી જમીનની રાજ્યભરમાં ફાળવણી કરવામાં આવી
- અંદાજિત 400 લાખ ચો.મી. સરકારી જમીનમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી, ધોલેરા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, આવાસ યોજનાઓ, જી.આઈ.ડી.સી., શૈક્ષણિક હેતુઓ વગેરેનો સમાવેશ
- શુદ્ધબુદ્ધિપૂર્વકના ઔદ્યોગિક ઉપયોગ માટે ખરીદ કરેલ હોય તેવી જમીન અંગે GDCR હેઠળ જાહેર કરેલા ઝોન મુજબ આવી જમીનનો ઉપયોગ કરવા માટે પરવાનગી આપવાની જોગવાઈ કરવામાં આવી.
- નવી કલમ 63-AAA દાખલ કરી કૃષિ યુનિવર્સિટી, પશુપાલન યુનિવર્સિટી, શિક્ષણ, તબીબી શિક્ષણ અને આરોગ્ય જેવાં હેતુઓ માટે પૂર્વ મંજૂરીઓ સિવાય જમીનની ખરીદી કરી અને વિકાસની કામગીરી કરી શકે તે માટેની જોગવાઈનો ઉમેરો.
- ગણોતધારા હેઠળ નક્કી થયેલી ખરીદ કિંમત જે ગણોતિયાઓ ભરી શક્યા નથી તે માટે ખરીદ કિંમતની મુદત 30મી જૂન 2021 સુધી લંબાવવામાં આવી, વર્ષ 2016 થી 36 હજારથી વધુ ગણોતિયાઓએ લીધો લાભ.
- સી.એમ. ડેશ બોર્ડ પરથી પ્રેરણા લઈ રેવન્યુ વિભાગે R.M. ડેસ્ક બનાવ્યો જેના થકી પેન્ડેન્સીનું મોનિટરિંગ અને નિકાલની વ્યવસ્થા ગોઠવાઈ છે.
- ક્ષેત્રીય કચેરીઓની કામગીરીની ઓનલાઈન તપાસ માટે મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રીની કચેરીમાંથી "આઈરિસ" (IRIS-Integrated Revenue Inspection System) મોડ્યુલ કાર્યરત કરવામાં આવી
- મહેસુલી સેવાઓ સુદ્રઢ બનાવવા છેલ્લા ત્રણ વર્ષમાં 2059 અધિકારી/કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવી
- છેલ્લા 4 વર્ષમાં 'ડિજીટલ ગુજરાત' પોર્ટલ પરથી સાડા ત્રણ કરોડથી વધુ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો.
- "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (ATVT સેલ)" હેઠળ સમગ્ર રાજ્યમાં કુલ 332 જેટલા જનસેવા કેન્દ્રો પરથી 283 જેટલી સેવાઓ પુરી પાડવામાં આવે છે. ●

# સરકાર અને પ્રજા વચ્ચે સાચા અર્થમાં સેતુ બનતો માહિતી વિભાગ...

**રાજ્ય સરકારનો માહિતી વિભાગ નાનો ખરો પણ રાઈનો મહત્ત્વનો દાણો છે. સરકાર દ્વારા કરવામાં આવતી કામગીરીને નાગરિકો સુધી બેનમૂન રીતે પહોંચાડવાનું કામ અત્યંત કુશળતાથી કરવામાં તલ્લીન છે. વૈશ્વિક મહામારી કોરોનાના વિકટ અને કપરાકાળમાં સરકાર દ્વારા લેવાતા નિર્ણયો તેમજ આરોગ્યલક્ષી તેમજ જનસમુદાયનાં હિતલક્ષી કાર્યોને નાગરિકો સુધી પહોંચાડવા માહિતી વિભાગે એડીચોટી એક કરી અદભુત કામ કર્યું. માહિતી વિભાગ દ્વારા સંપૂર્ણ નિષ્ઠા સાથે કરવામાં આવેલાં કાર્યોની યાદી...**

- લોકડાઉનના પ્રથમ દિવસથી જ કોવિડ-૧૯ સંદર્ભે સરકારે હાથ ધરેલી કામગીરીની વિગતો મીડિયાના માધ્યમથી જનતાને પહોંચાડવા માટે દિવસની ચાર પત્રકાર પરિષદોનું આયોજન
- કોવિડ-૧૯ સંદર્ભે લોકોને સાચી માહિતી સમયસર મળી રહે એ માટે પ્રિન્ટ મીડિયામાં જાહેરાત
- ઈલેક્ટ્રોનિક્સ મીડિયા દ્વારા કોરોના સંદર્ભે જનજાગૃતિ કેળવાય તે હેતુસર ફિલ્મનું નિર્માણ
- સરકારે કરેલી કામગીરી નિયમિત રૂપે પ્રેસનોટ દ્વારા પ્રચાર
- જિલ્લા કક્ષાએ લોકોના પ્રતિભાવો સહિત કોવિડ ડેઝિગ્નેટેડ હોસ્પિટલમાં જઈને તબીબો- પેરા મેડિકલ સ્ટાફના પ્રતિભાવો સાથે જનજાગૃતિના અહેવાલો
- દર મહિને ૧લી અને ૧૬મી તારીખે મહિનામાં બે વાર ''ગુજરાત'' પાક્ષિકનું પ્રકાશન
- સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનો માટે ''ગુજરાત'' પાક્ષિક એક માર્ગદર્શકની ભૂમિકા અદા કરે છે.
- માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં પણ રાજ્યના છેવાડાના ખેડૂતો માટે પણ ગુજરાત પાક્ષિક આશીર્વાદરૂપ.
- ગુજરાત સરકારની કામગીરી દેશ અને દુનિયામાં પહોંચાડવા દર ત્રણ મહિને ''ધ ગુજરાત'' અંગ્રેજી સામાયિકનું પ્રકાશન
- યુવાનોને રોજગારલક્ષી માહિતી મળી રહે તે માટે મહિનામાં ચાર વખત ''રોજગાર સમાચાર'' સાપ્તાહિકનું નિયમિત પ્રકાશન.
- સાહિત્યકારો માટે પ્રતિ વર્ષ દિપોત્સવી અંક જેમાં લેખો, કાવ્યસંપુટ, લઘુકથા, નવલિકાનો દળદાર સંગ્રહ બનાવી પ્રકાશન કરવામાં આવે છે.
- સોશિયલ મીડિયા બ્રાન્ચ દ્વારા ફેસબુક, યુ ટ્યૂબ, ટ્વીટર અને ઈન્સ્ટાગ્રામ જેવાં માધ્યમો થકી ઘડીના છઠ્ઠા ભાગમાં સરકારની જનહિતલક્ષી વિગતોને પ્રજા સુધી પહોંચાડવાના સતૂત્ય પ્રયાસો કરવામાં આવે છે. ●

# રીન્યુએબલ એનર્જીના માધ્યમથી ગુજરાત દેશને રાહ ચીંધશે

**રાજ્યના નાગરિકોને ગુણવત્તાલક્ષી અને સસ્તી વીજળી પૂરી પાડવાના મક્કમ નિર્ધાર સાથે ગુજરાત સરકાર આગળ વધી રહી છે. આજે સમગ્ર દેશમાં ખાનગી કંપનીઓ પાસેથી સૌથી સસ્તી વીજળી ખરીદીને ગ્રાહકોને પૂરી પાડતું દેશનું એકમાત્ર રાજ્ય ગુજરાત છે. ગ્રીન એનર્જી ક્લીન એનર્જીના નિર્માણ માટે રીન્યુએબલ એનર્જીના માધ્યમ થકી ગુજરાત દેશભરને રાહ ચીંધશે. આ માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી ગુજરાત સરકારે સમયબદ્ધ આયોજન કર્યુ છે. વિકસતા જતા યુગમાં રીન્યુએબલ એનર્જી જ ઉર્જા માટે પ્રેરકબળ બની રહેશે. કોલસા આધારિત વીજ વપરાશને ધીરે ધીરે ઘટાડી ક્લીન એન્ડ ગ્રીન એનર્જીનું મહત્તમ ઉત્પાદન કરવા સોલાર પોલીસી બનાવાઇ છે. ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે વિધાનસભામાં ઉર્જા વિભાગ અંગે આપેલી માહિતીની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.**



શ્રી સૌરભભાઇ પટેલ
ઉર્જા કેબિનેટ મંત્રી

- રાજ્યની ૫૯૬ ખાનગી કંપનીઓ પાસેથી વીજળીની ખરીદી જે અંતર્ગત ૩૨૯૮૦ મીલિયન યુનિટ વીજળી ખરીદીને સસ્તી વીજળી ગ્રાહકોને આપવામાં આવે છે.
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) દ્વારા સ્પર્ધાત્મક ભાવો મંગાવીને રાજ્યની ઉર્જાની જરૂરિયાતને સમજ્યા બાદ કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા અનુસાર "સ્ટાન્ડર્ડ બિડિંગ ડોકયુમેન્ટ" અનુસાર જ વીજળીની ખરીદી થાય છે.
- ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (GSECL) દ્વારા વર્ષ-2019માં જે યુનિટદીઠ વીજળી ખરીદવામાં આવી તેનો દર પ્રતિયુનિટ રૂ.5.04 નો હતો. આ ભાવે 18,332 મિલિયન યુનિટ ખરીદ કરવામાં આવ્યા હતા. જ્યારે વર્ષ -2020માં રૂ.5.43ના દરે 17,194 મિલિયન યુનિટ ખરીદાયા હતા.
- ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી વર્ષ-2019માં માત્ર રૂ.3.35 પ્રતિ યુનિટ લેખે 29,243 મિલિયન યુનિટ તથા વર્ષ-20220માં રૂ.3.08 લેખે 24,624 મિલિયન યુનિટ્સ ખરીદી કરવામાં આવ્યા હતા.
- ભારતની કુલ રીન્યુએબલ એનર્જી ઉત્પાદનમાં ગુજરાતનો ૧૩ ટકા હિસ્સો



- કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા ''રીન્યુએબલ એનર્જી પાર્ક''ના નિર્માણ થકી દૈનિક ૩૦,૦૦૦ મેગાવોટ ઉર્જા ઉત્પાદિત થશે, એક લાખ લોકોને રોજગારી મળશે
- રાજ્યમાં સોલાર રૂફટોપના નિર્માણ ક્ષેત્રે પણ ગુજરાત અગ્રેસર
- કોલસા આધારિત વીજ વપરાશને ધીરે-ધીરે ઘટાડી ક્લીન એન્ડ ગ્રીન એનર્જીનું મહત્તમ ઉત્પાદન કરવા સોલાર પોલીસી બનાવાઈ છે
- રાજ્યમાં રીન્યુએબલ એનર્જીના વિવિધ સ્ત્રોતમાંથી વર્ષ-૨૦૨૨ સુધીમાં વીજ ઉત્પાદન ૨૦ હજાર મેગાવોટ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક
- ભારતની કુલ રીન્યુએબલ એનર્જી ઉત્પાદનમાં ગુજરાતનો ૧૩ ટકા હિસ્સો
- કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા ''રીન્યુએબલ એનર્જી પાર્ક''ના નિર્માણ થકી દૈનિક ૩૦,૦૦૦ મેગાવોટ ઉર્જા ઉત્પાદિત થશે, એક લાખ લોકોને રોજગારી મળશે.
- રાજ્યમાં સોલાર રૂફટોપના નિર્માણ ક્ષેત્રે પણ ગુજરાત અગ્રેસર
- કોલસા આધારિત વીજ વપરાશને ધીરે ધીરે ઘટાડી ક્લીન એન્ડ ગ્રીન એનર્જીનું મહત્તમ ઉત્પાદન કરવા સોલાર પોલીસી બનાવાઈ છે
- રાજ્યમાં રીન્યુએબલ એનર્જીના વિવિધ સ્ત્રોતમાંથી વર્ષ-૨૦૨૨ સુધીમાં વીજ ઉત્પાદન ૨૦ હજાર મેગાવોટ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક
- સોલર રૂફ ટોપ સીસ્ટમ સ્થાપિત કરવામાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે રહ્યુ છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ માટે બે લાખ સોલર રૂફ ટોપ સીસ્ટમ અને ૬૦૦ મેગાવોટની સ્થાપિત ક્ષમતાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. જે લગભગ પરિપૂર્ણતાને આરે છે.
- સૂર્ય ગુજરાત યોજનાને કારણે સ્વચ્છ અને પ્રદુષણ મુક્તઉર્જા ઉત્પન્ન થશે. વીજ બીલમાં પણ લોકોને રાહત થશે. એટલુ જ નહીં પરંતુ ઘરવપરાશના વીજ ગ્રાહકો સ્વવપરાશ ઉપરાંતની

વીજળી વેચીને આવક પણ કરી શકશે.

- સોલાર રૂફટોપ થકી ગુજરાતમાં હાલ ૯૪૩ મેગાવોટ વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. સમગ્ર દેશના સોલાર રૂફટોપ વીજ ઉત્પાદનમાં ૨૨ ટકા જેટલો હિસ્સો માત્ર ગુજરાતનો છે.
- ગુજરાત સોલાર રૂફટોપ થકી વીજ ઉત્પાદનમાં પણ નંબર -૧ છે.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ વિન્ડ એનર્જી, સોલાર એનર્જી, બાયોમાસ એનર્જી અને મીની હાઈડેલ રીન્યુએબલ એનર્જીના સ્ત્રોતમાંથી હાલના તબક્કે ૧૨,૨૬૭ મેગાવોટ ઉત્પાદન ગુજરાતમાં થઈ રહ્યું છે.
- જેને આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં ૨૦,૦૦૦ મેગાવોટ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે. એટલું જ નહિ, આગામી વર્ષ - ૨૦૩૦ સુધીમાં આ ઉત્પાદનનો લક્ષ્યાંક ૬૭ હજાર મેગાવોટ સુધી લઈ જવાનો નિર્ધાર છે. જેમાંથી ૨૦ હજાર મેગાવોટ જેટલી વીજ અન્ય રાજ્યોને આપી રાજ્યના આર્થિક ભંડોળમાં વધારો કરાશે.
- રાજ્ય સરકાર દ્વારા જીસેકને સોલાર પ્રોજેક્ટસના વિકાસ માટે જમીન ફાળવણી માટેની પણ નીતિ બનાવવામાં આવી છે. જ્યાં વધારાની ક્ષમતા છે તેવા ગેટકો સબ સ્ટેશને ૩૦ વર્ષ માટે એક રૂા.પ્રતિ હેક્ટરના ભાવે જમીન લીઝ પર આપવામાં આવે છે. જે અંતર્ગત છેલ્લા એક વર્ષમાં ૫૮૫ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થયું છે.
- વિશ્વના સૌથી મોટા "રીન્યુએબલ એનર્જી પાર્ક"નો કચ્છ ખાતે ભૂમિપૂજન કરવામાં આવ્યુ હતું. આ રીન્યુએબલ એનર્જી પાર્ક ખાતે ૩૦,૦૦૦ મેગાવોટ ઉર્જા ઉત્પાદિત થશે.
- રૂ. ૧.૫૦ લાખ કરોડના રોકાણથી બનનાર આ પાર્ક વિકાસની નવી દિશાઓ કંડારશે એટલુ જ નહી પરંતુ રાષ્ટ્રની સલામતીની સાથે પર્યાવરણની સુરક્ષા પણ કરશે.
- પ્રતિવર્ષ પાંચ કરોડ ટન કાર્બન ડાયોકસાઈડને પેદા થતો અટકાવશે એટલું જ નહી એક લાખથી વધુ લોકોને રોજગારી પણ મળશે. પર્યાવરણની દ્રષ્ટીએ આ પ્લાન્ટથી થતો ફાયદો નવ કરોડ વૃક્ષો વાવવાથી થતા ફાયદા જેટલો મળશે.
- ભારત રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે વિશ્વમાં ચોથા સ્થાને છે. છેલ્લા ૬ વર્ષથી ઉર્જા ક્ષમતા ૧૬ ગણી વધી છે.
- કલાઈમેટ ચેન્જ સામેની લડાઈમાં ભારત આખા વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે. "ગુજરાત" એ ૨૪ કલાક વીજળી આપનાર અગ્રીમ રાજય છે.
- સૌર ઉર્જા નીતિ બનાવનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ અને દીર્ઘદ્રષ્ટિ પૂર્ણ આયોજનના પરિણામે ઓછા સમયમાં દેશમાં ૩૬ હજાર મેગાવોટથી વધુ સૌર ઊર્જાની ક્ષમતા હાંસલ કરી શકયા છીએ.



- ખેડૂતોને દિવસે વીજળી આપતું દેશનું એકમાત્ર રાજ્ય ગુજરાત
- રાજ્ય સરકારના દ્રષ્ટિવંત આયોજનને મળી સફળતા : ગુજરાત આજે પણ વીજ સરપ્લસ રાજ્ય
- આગામી બે વર્ષમાં રાજ્યના તમામ ગામડાઓને આવરી લઈને કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત ખેડૂતોને દિવસે વીજળી પુરી પડાશે.
- રાજ્ય સરકારે રૂ.૩૫૦૦ કરોડના ખર્ચે આ યોજના હેઠળ ૪૦૦૦ ગામોને વીજળી પૂરી પાડી દીધી છે અને કોઈ જ પ્રકારના અવરોધ વગર ખેડૂતો વીજળી મેળવી રહ્યા છે.
- આ યોજના હેઠળ રાજ્ય સરકારની ચારેય વીજ કંપનીઓ અંતર્ગત 31 જિલ્લાના 186 તાલુકાઓ ૩૯૧૫ ગામો આવરી લઈને અત્યાર સુધીમાં 3,38,281 ગ્રાહકોને આવરી લેવાયા છે અને 13456 ગ્રાહકો માટે વીજળી પૂરી પાડવાની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.
- આગામી બે વર્ષમાં 188.67 કિલોમીટરની નવી ટ્રાન્સમીશન લાઈન નાખવામાં આવશે અત્યાર સુધીમાં આ યોજના હેઠળ ચારેય કંપનીઓ દ્વારા 218 જેટલા ગ્રુપમાં આયોજન કરીને વીજ પૂરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. આ માટે દિવસ દરમિયાન પાંચ હજાર મેગાવોટ વીજળીની આવશ્યકતા છે તે રાત્રીનો વીજપુરવઠો છે એને શીફટ કરીને પૂરો પડાશે. ●

# ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં થયો છે સર્વાંગી વિકાસ



શ્રી ગણપતસિંહ વસાવા
કેબિનેટ મંત્રી
આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળકલ્યાણ

**રાજ્યની પૂર્વપટ્ટીમાં વસતા આદિવાસી સમાજ આદિ અનાદિકાળથી સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણી કરી રહ્યું છે. આ સમાજના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગુજરાત રાજ્યમાં અંબાજીથી ઉમરગામ સુધીની પૂર્વપટ્ટીમાં ૧૪ જિલ્લાઓ, ૫૩ જેટલા તાલુકાઓ, ૪ હજાર કરતાં વધારે ગામડાઓ, અને ૯૦ લાખ જેટલો આદિવાસી સમાજ ગુજરાતમાં વસવાટ કરે છે. આઝાદીની લડાઇમાં આદિવાસી સમાજનું ખૂબ મોટું બલિદાન અને ખૂબ મોટું યોગદાન રહેલું છે. આ સમાજની વર્ષો સુધી ઉપેક્ષા થતી રહી, સમાજ મુખ્યધારાથી વિખૂટો પડી ગયો હતો. મહારાષ્ટ્રમાંથી અલગ પડ્યું ત્યારે ગુજરાતમાં આદિજાતિ વિભાગ અને સમાજ કલ્યાણ ખાતાનું ભેગું બજેટ માત્ર ૫૮ કરોડ રૂપિયા હતું. વર્ષ 2001માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ 'સબકા સાથ, સબ કા વિકાસ'નાં સૂત્ર દ્વારા છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડવા વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકી. જેના થકી આદીવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે રોડ-રસ્તા, સિંચાઇ, શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી વગેરે સગવડો માટેનાં કામો થયાં છે.**

- છેલ્લાં ૧૩ વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત રૂ. ૯૭ હજાર કરોડની રકમ આદિજાતિ વિસ્તારના વિકાસ માટે વાપરવામાં આવી છે. આદિજાતિ સમુદાયના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક એમ સર્વાંગી વિકાસની દિશામાં આદિજાતિ સમુદાયે નવા આયામો સિદ્ધ કર્યા છે. આ વર્ષના બજેટમાં આદિવાસી વિભાગ માટે રૂ.૨૬૫૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- વનબંધુ કલ્યાણ યોજના ફેઝ-૨ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે આગામી ૫ વર્ષમાં રૂ. ૧ લાખ કરોડની બજેટમાં જાહેરાત કરી છે.
- ગાંધીવાદી સંસ્થાઓ દ્વારા ચાલતી આશ્રમશાળાઓ/ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ ઉચ્ચતર ઉત્તર બુનિયાદીનાં મકાનો રૂ. ૧૦૦ કરોડના ખર્ચે વર્ષ ૧૯૭૦થી જૂની હોય તેવી અંદાજે ૧૭૦ આશ્રમશાળાઓનું નવીનીકરણ કરવામાં આવશે.
- દરેક આદિજાતિ તાલુકામાં એકલવ્ય/નવોદય જેવી નિવાસી શાળા ખોલવામાં આવશે. કોલેજના વિદ્યાર્થીઓ માટે વધુ ૧૦૦ છાત્રાલયોની સ્થાપના કરવામાં આવશે. દરેક આદિજાતિ જિલ્લામાં "સ્કૂલ ઓફ એક્સેલેન્સ"ના નિર્માણ થકી આદિજાતિના ૫૦ હજાર વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા, જમવાની સુવિધા સાથે ઉચ્ચ ગુણવત્તા સભર શિક્ષણ આપવામાં આવશે.
- ગુજરાતના ડાંગ જિલ્લામાં ૧૨ મોબાઇલ ટાવરો ઊભા કરી આદિવાસી વિસ્તારોને કનેક્ટિવિટીથી જોડવામાં આવ્યા છે. હવે જ્યારે સમગ્ર આદિવાસી જિલ્લાઓમાં માંગ ઊઠી છે ત્યારે અંતરિયાળ આદિજાતિ વિસ્તારમાં મોબાઈલ કનેક્ટિવિટીનો વ્યાપ વધારવા મોબાઈલ ટાવર સ્થાપવામાં આવશે.
- આદિવાસી મહિલાઓની રોજગારી માટે ૬૦ મુખ્યમંત્રી નાહરી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે, ૨૦ હાટ બજારોની સ્થાપના, આદિજાતિ વિસ્તારોમાં ૧૦૦ વેજિટેબલ કલેકશન





કમ ગ્રેડિંગ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે. આદિજાતિ વિસ્તારમાં આવેલ એપીએમસીને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.

- રાજ્યના આદિવાસી વિસ્તારમાં ૨૪૦ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ૨૪×૭ કાર્યરત કરવામાં આવશે. ૪૦ નવાં PHC તથા ૧૦ નવા CHC ની સ્થાપના કરવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારના ૧૩૭૭ સબ સેન્ટરને વેલનેસ સેન્ટરમાં રૂપાંતરિત કરવામાં આવશે તથા ૨૮૦ જેટલા નવા વેલનેસ સેન્ટર શરૂ કરવામાં આવશે. આદિજાતિ વિસ્તારોમાં સેવાઓ આપવા માટે ડૉક્ટર અને અન્ય મેડિકલ સ્ટાફને નાણાકીય/ અન્ય રીતે પ્રોત્સાહન આપવામાં આવશે.

● આગામી પાંચ વર્ષ માં ૨.૫૦ લાખ આદિજાતિના કુટુંબોને ઘરનું ઘર બને તેવું આયોજન કરવામાં આવશે. જેમાં હળપતિ, આદિમજૂથને પ્રાધાન્ય આપી તેમના ૧૦૦% ઘરનું નિર્માણ કરવામાં આવશે.

● પૂર્વપટ્ટીમાં સિંચાઈ માટે લિફ્ટ ઈરિગેશન યોજનામાં અંદાજિત રૂ. ૨ હજાર કરોડના ખર્ચે ૧૨ મોટી એલ.આઇ. યોજનાના નવાં કામો તથા રૂ. ૨૧૫૬ કરોડના ખર્ચે અને ચાલુ ૧૦ કામો આગામી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

● અંદાજિત રૂ. ૧૪૦૬ કરોડના ખર્ચ દ્વારા દક્ષિણ ગુજરાતની પાંચ નદીઓ પર ૨૬ વીયર/બેરેજ બનાવવાનાં નવાં કામો અને તે આધારિત લિફ્ટ ઇરિગેશન સ્કીમોનું આયોજન છે. ૬૦૦૦ ચેકડેમોનું અને ૩૨૦૦ પાઝર તળાવોનું નિર્માણ કરવામાં આવશે.

● બારમાસી રસ્તા અંતર્ગત ૧૦૦થી ઓછી વસ્તી ધરાવતાં તમામ ફળિયાઓનું રસ્તાથી જોડાણ કરવામાં આવશે તથા આંતરરાજય જોડાણ ધરાવતા રસ્તાઓ બનાવવા તથા અતિવૃષ્ટિ અને ભારે વરસાદને કારણે વિખૂટા પડી જતા રસ્તા પર કોઝવેના સ્થાને નાના પુલોનું નિર્માણ કરવામાં આવશે.

● વન અધિકારના કાયદાના અમલ પછી આ સરકાર દ્વારા વ્યક્તિગત દાવાઓના ૯૦,૮૨૧ લાભાર્થીઓને ૧૪,૭૬૪૫ એકર જંગલની જમીનના આદેશપત્રો આપવામાં આવ્યા છે. ૭૧૮૭ સામુદાયિક દાવાઓ મંજૂર કરવામાં આવેલા છે. જેના સામે ૧૧,૬૦,૮૫૭ એકર જંગલ જમીનના અધિકારો આપવામાં આવ્યા છે

● સામુદાયિક દાવા માન્ય કરવા સંદર્ભે સમગ્ર દેશમાં ગુજરાત રાજય મધ્યપ્રદેશ પછી બીજા ક્રમે છે. ગુજરાત રાજય માળખાકીય સુવિધાઓ માટે જંગલની ૧૨૧૯ દરખાસ્તો મંજૂર કરવામાં આવેલ છે અને ૧૫૩૮ એકર જમીન ફાળવવામાં આવેલ છે. આમ વ્યક્તિગત, સામુદાયિક અને માળખાકીય સુવિધા માટેના તમામ દાવાઓ થઇ ને કુલ ૯૯૫૪૬ દાવાઓ મંજૂર કર્યા તથા ૧૩,૧૦,૦૪૦ એકર જેટલી કુલ જમીન ફાળવવામાં આવી.

● આદિવાસી બાળકોના શિક્ષણની સાથે શારીરિક, માનસિક વિકાસ થાય તેના આરોગ્યમાં સુધારો થાય, તે માટે દૂધ સંજીવની યોજના હેઠળ આંગણવાડી, પ્રાથમિક શાળામાં ભણતાં બાળકોને, ધાત્રી માતાઓના સહિત ૨૨ લાખ લાભાર્થીઓ માટે રૂ. ૩૦૬ કરોડની બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

● રાજય સરકાર દ્વારા ૧૭ લાખ જેટલા આદિવાસી વિદ્યાર્થીઓને પ્રિ.એસ.એસ.સી., પોસ્ટ મેટ્રિક વગેરે જેવી કુલ-૫૭૪ કરોડની શિષ્યવૃત્તિ ચુકવવા માટે આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.



● રાજયમાં આવેલી સમરસ હોસ્ટેલનો 13000 આદિવાસી વિદ્યાર્થીઓ લઈ રહ્યાં છે. આ સાથે, રાજપીપળા ખાતે રૂ. 350 કરોડના ખર્ચે આકાર લઈ રહેલી બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીમાં ત્રણ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરશે.

● આઝાદીની રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેનાર આદિવાસી વીર સ્વાતંત્ર્ય સેનાની માટે નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર ખાતે ૨૫ એકર જમીનમાં રૂ. ૧૦૩.૧૮ કરોડ ખર્ચે રાષ્ટ્રીય કક્ષાનું સંગ્રહાલય બનાવવા આવી રહ્યું છે. જેમાં 97 જેટલી સ્વતંત્રતાની લડતોની વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ મ્યુઝિયમ માટે રૂ. 26 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

● રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ અને ઠકકરબાપાની પ્રેરણાથી સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત આશ્રમશાળાઓ/ઉત્તરબુનિયાદી આશ્રમશાળા, ઉચ્ચતર ઉત્તરબુનિયાદી આશ્રમ શાળાઓના જર્જરિત મકાનો ગત નાણાકીય વર્ષમાં ૫૦ કરોડ અને આ વર્ષ માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ કરી છે.

● રાજ્ય સરકારે આદિવાસી દીકરીઓના શિક્ષણની ચિંતા કરી છે. આદિજાતિ વિસ્તારમાં ધો-૯ માં અભ્યાસ કરતી કુલ-૪૮૦૦૦ વિદ્યાર્થિનીઓ માટે સાયકલ સહાય માટે રૂ.૧૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ●

# રાજ્યમાં કોઇ ભૂખ્યુ ન સુવે તે માટે રાજ્ય સરકારના પરિણામલક્ષી પગલાં : અન્ન નાગરિક પુરવઠાની સુદ્રઢ વ્યવસ્થા



શ્રી જયેશ રાદડીયા
કેબિનેટ મંત્રી

અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત



શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા
અન્ન નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી

**નિર્ણાયકતા, પારદર્શિતા, સંવેદશીલતા અને પ્રગતિશીલતા જેના ચાર મુખ્ય સ્તંભો પર કાર્ય કરી રહેલી ગુજરાત સરકારે તમામ નાગરિકોને પૂરતું અને સમયસર અન્ન મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ છે. અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગનું મુખ્ય ધ્યેય ''સર્વજન હિતાય, સર્વજન સુખાય'' સુત્રને ચરિતાર્થ કરી નાગરિકોને અન્ન સલામતી અને પોષણ સલામતી પૂરી પાડવાનું છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટેના બજેટમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગ માટે રૂા.૧૨૨૪.૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જે અંગેની માહિતી અત્રે પ્રસ્તુત છે.**

## રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩

- રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ નોંધાયેલા લાભાર્થીઓને તેમની પાત્રતા મુજબ અન્ન સલામતી માટે રાહતદરે ઘઉં અને ચોખાનું દર માસે વિતરણ.
- માર્ચ-૨૦૨૧ની સ્થિતિએ અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબો મળી કુલ- ૭૧.૪૪ લાખ કુટુંબોની ૩૪૬.૯૦ લાખ જનસંખ્યાને NFSA હેઠળ આવરી લેવાયા.
- રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' હેઠળ 'અગ્રતા ધરાવતા કુટુંબો' (Priority Households-PHH)ની ઓળખ કરવા માટેના ધોરણોમાં છૂટછાટ સાથેના ફેરફાર કરી બાકી રહેલ લાભાર્થીઓના સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં હવેથી NFSA કેટેગરીમાંથી વિભાજીત થતાં કુટુંબની વિગતો ચકાસી NFSA પાત્રતા ધરાવતા હોય તેવા કાર્ડધારકોને નવું રેશનકાર્ડ NFSA કેટેગરીનું જ આપવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા તમામ દિવ્યાંગ લાભાર્થીઓને NFSA હેઠળ સમાવવાનો નિર્ણય.
- રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ નોંધાયેલ જે ગંગાસ્વરૂપ બહેનો (વિધવા બહેનો) NFSAમાં સમાવવાનો નિર્ણય.
- NFSA હેઠળ વૃદ્ધ વ્યક્તિની પાત્રતાની ઉંમર ૬૫ વર્ષથી ઘટાડીને ૬૦ વર્ષ કરવામાં આવી.
- રાજ્ય સરકાર દ્વારા વિસંગતતા દૂર કરીને ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં ત્રણ પૈંડાવાળા યાંત્રિક વાહન ધરાવતા (ઓટોરિક્ષા/છકડો/મીની ટેમ્પો) વાહનચાલકો પાત્રતા ધરાવતા હશે તો NFSA હેઠળ તેઓનો સમાવેશ કરીને રાશનનો લાભ અપાશે.
- રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળના બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડ હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમિકોને NFSA હેઠળ લાભ .
- તા.૦૧/૦૪/૨૦૧૬ થી અત્યાર સુધીમાં અગાઉ કાર્ડ વિભાજન વખતે NFSA માંથી Non-NFSA કરેલ હશે તેઓને પાત્રતાના આધારે NFSA હેઠળ સમાવેશ કરવામાં આવશે. આ ફેરફારથી વધુ નવા ૧૦ લાખ જેટલા જરૂરિયાતમંદ કુટુંબોના આશરે ૫૦ લાખ લાભાર્થીઓ અન્ન સલામતી કાયદા હેઠળ આવરી લેવાશે.

## COVID-19 મહામારીના લોકડાઉન દરમ્યાન થયેલ કામગીરી:-

- લોકડાઉન દરમ્યાન રાજ્યમાં ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા'' (N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૬૫.૪૦ લાખ કુટુંબોની ૩.૨૧ કરોડ જનસંખ્યા તથા N.F.S.A. હેઠળ સમાવેશ થઇ શકેલ ન હતા તેવા ૩.૪૦ લાખ BPL કુટુંબોની ૧૪.૯૨ લાખ જનસંખ્યાને N.F.S.A. હેઠળ સમાવી કુલ ૬૮.૮૦ લાખ કુટુંબોની ૩.૩૬ કરોડ જનસંખ્યાને એપ્રિલ થી જૂન માસ દરમ્યાન ઘઉ, ચોખા, ચણા દાળ, ખાંડ તથા મીઠાના “ફૂડ બાસ્કેટ”નું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.
- લોકડાઉનના એપ્રિલ તથા મે-૨૦૨૦ મહિનાના કપરા સમયમાં N.F.S.A. હેઠળ સમાવેશ થઇ શકેલ નથી તેવા રાજ્યના ૬૧.૦૪ લાખ APL-1 કેટેગરીના મધ્યમવર્ગીય પરિવારોની ૨.૫૦ કરોડ જનસંખ્યાને સહુ પ્રથમવાર પ્રતિ કુટુંબ માસિક ૧૦ કિ.ગ્રા. ઘઉ, ૩ કિ.ગ્રા. ચોખા, ૧ કિ.ગ્રા. ચણાદાળ તથા ૧ કિ.ગ્રા. ખાંડના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું.
- રાજ્ય સરકાર દ્વારા માહે એપ્રિલ તથા મે-૨૦૨૦ માસમાં રાજ્યના રેશનકાર્ડ વગરના, નિરાધાર, જરૂરિયાતમંદ લોકો, સંકટગ્રસ્ત, પરપ્રાંતીય મજૂરોને રાજ્યની “અન્નબ્રહ્મ” યોજના હેઠળ સમાવેશ કરીને તથા યોજનાનો વ્યાપ વધારીને ઘઉ, ચોખા, ચણાદાળ, ખાંડ તથા મીઠાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ.
- ભારત સરકાર દ્વારા મે મહિનામાં “આત્મ નિર્ભર ભારત યોજના” પેકેજ જાહેર કરાતાં, રાજ્ય સરકાર દ્વારા રાજ્યની યોજનાને ભારત સરકારની યોજનામાં વિલય કરીને “અન્ન

બ્રહ્મ-આત્મ નિર્ભર ભારત યોજના" અમલમાં મૂકી માહે મે મહિના અંતથી ઓગષ્ટ-૨૦૨૦ માસ દરમ્યાન પ્રતિ વ્યક્તિ ૩.૫ કિ.ગ્રા. ઘઉં અને ૧.૫ કિ.ગ્રા.ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા અનાજ તથા પ્રતિ કુટુંબ ૧ કિ.ગ્રા ચણાના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું.

- કોરોના કાળ દરમ્યાન રાજય સરકારે કુલ ૨૦૦૦ કરોડ મુલ્ય(બજાર કિંમત)ના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરેલ છે.

### મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ :-

- COVID-19ની મહામારીની પરિસ્થિતિમાં રાજ્યના ૬૮.૮૦ લાખ NFSA કાર્ડ ધારકો તથા ૬.૩૮ લાખ બાંધકામ ક્ષેત્રના શ્રમિકોને રૂ.૧૦૦૦ની નાણાકીય સહાય DBT દ્વારા લાભાર્થીઓના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવી. આ માટે રાજય સરકારને રૂ.૬૫૦ કરોડનો ખર્ચ થયો.

### પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY):-

- ભારત સરકારની આ યોજના હેઠળ રાજ્યના N.F.S.A. હેઠળ સમાવિષ્ટ ૬૮.૮૦ લાખ કુટુંબોની ૩.૩૬ કરોડ જનસંખ્યાને માહે એપ્રિલથી નવેમ્બર -૨૦૨૦ સુધી સતત ૮ માસ દરમ્યાન તેઓને મળવા પાત્ર ઘઉં તથા ચોખા ઉપરાંત પ્રતિ વ્યક્તિ ૩.૫ કિ.ગ્રા. ઘઉં અને ૧.૫ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા અનાજ તથા પ્રતિ કુટુંબ ૧ કિ.ગ્રા ચણાના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું.

### વન નેશન વન રેશનકાર્ડ:-

- ભારત સરકાર દ્વારા અમલમાં મુકાયેલ "વન નેશન વન રેશનકાર્ડ" યોજના હેઠળ ગુજરાત રાજ્યને દેશના રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, ઉત્તર પ્રદેશ, બિહાર સહિતનાં ૩૦થી વધુ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોની જાહેર વિતરણ વ્યવસ્થા સાથે સંકલન કરવામાં આવેલ છે.

### નવી બાબત:-

- રાજયમાં "અન્ન સલામતી કાયદા" હેઠળ સમાવેશ કરાયેલ તમામ ૭૧ લાખ રેશન કાર્ડધારકોને વર્ષમાં બે વાર કુટુંબ દીઠ ૧ લિટર કપાસિયા તેલ રાહત દરે વિતરણ માટે રૂ. ૩૭.૩૨ કરોડની જોગવાઇ.
- PNG/LPG ગેસ કનેક્શન આપવા માટે "એક્સટેન્ડેડ રાજ્ય PNG / LPG સહાય યોજના" હેઠળ રૂ.૫૦ કરોડની જોગવાઇ:-

### આધાર આધારિત વિતરણ વ્યવસ્થા:-

- આધાર આધારિત વિતરણ વ્યવસ્થા માટે જાન્યુઆરી - ૨૦૨૧ અંતિત સ્થિતિએ રાજયમાં ૭૦,૭૫,૧૫૭ એન.એફ.એસ.એ. યોજના હેઠળના રેશનકાર્ડ પૈકી ૭૦,૨૨,૩૬૫ રેશનકાર્ડમાં એટલે કે ૯૯ % આધાર નંબરનું સીડિંગ પૂર્ણ .

### કાનૂની માપ વિજ્ઞાન તંત્ર:-





- વર્ષ ૨૦૨૧-૨૨ માટે બજેટ જોગવાઇ - રૂ. ૨૨.૯૧ કરોડ
- જે અંતર્ગત રાજ્ય સરકાર તા.૧-૪-૨૦૧૧ થી બહાર પાડેલ ગુજરાત કાનૂની માપ વિજ્ઞાન (અમલી) નિયમો-૨૦૧૧ માં કરેલ જોગવાઇ મુજબ અમલીકરણની કામગીરી બજાવે છે. ગ્રાહકોના હિતનું રક્ષણ કરવા માટે વેપારીઓ, ઉદ્યોગકારો, રેલવે, પોસ્ટ ઓફિસ વગેરે દ્વારા વપરાતાં વજનમાપનાં સાધનોની ચકાસણી કરવામાં આવે છે.
- આનાથી, તંત્રની કામગીરી ઝડપી, પારદર્શક અને સરળ બનશે તથા વેપારીઓને સરળતાથી પોતાના ધંધાના સ્થળે પ્રમાણપત્રો/પરવાના ઉપલબ્ધ થશે.

### રાજય ગ્રાહક તકરાર નિવારણ અંગેની કામગીરી:-

- ગુજરાત રાજ્ય સરકારે અમદાવાદ મુકામે રાજય ગ્રાહક તકરાર નિવારણ કમિશન ૧૯૮૯ થી શરૂ કરેલ છે અને તે અનુસાર જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનોની રચના કરાવામાં આવી છે. હાલ ગુજરાત રાજ્યમાં ૩૮ જિલ્લા કમિશનો કાર્યરત છે.
- ક્લબિંગનાં ૧૨ જિલ્લાઓ પૈકી નર્મદા, દાહોદ, પોરબંદર અને ડાંગ ખાતે ફોરમનાં બિલ્ડિંગ બનાવવામાં આવેલ છે. જ્યાં અઠવાડિયામાં ૧ દિવસે તમામે હાજર રહી કેસની કામગીરી કરવામાં આવે છે.

- કમિશનની રચના થઈ ત્યારથી અત્યાર સુધીમાં કુલ ૬૧,૬૨૪ કેસ દાખલ થયેલ છે, જે પૈકી ૫૬,૨૬૧ કેસોનો નિકાલ થયો છે.
- જિલ્લા ફોરમોની રચના થઈ ત્યારથી અત્યાર સુધી કુલ ૨,૫૮,૬૪૯ કેસ દાખલ થયેલ છે, જે પૈકી ૨,૨૯,૪૨૮ કેસોનો નિકાલ થયો છે.

### વર્ષ ૨૦૨૦-૨૧માં ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ખરીદીની માહિતી:-

- રાજય સરકારે ખેડૂતોના વિશાળ હિતમાં ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ મારફતે વર્ષ ૨૦૨૦-૨૧માં ઘઉં, ડાંગર, મગફળી, બાજરી, મકાઇ, તુવેર જેવી વિવિધ જણસીઓની લઘુતમ ટેકાના ભાવે ખરીદીની કામગીરી.
- ૧,૦૯,૬૭૭ ખેડૂતો પાસેથી રૂા.૧૦૬૯ કરોડના મૂલ્યની મગફળીની ૨.૦૩ લાખ મે.ટન જથ્થાની ખરીદી.
- કુલ ૨૩૮૦૪ ખેડૂતો પાસેથી ડાંગરની કુલ ૧.૧૦ લાખ મે.ટન ની ખરીદી.
- ૪૭૫૦૨ ખેડૂતો પૈકી ૧૮૮૮૪ ખેડૂતો પાસેથી રૂા.૧૪૮ કરોડના મૂલ્યના ૭૭૧૧૫ મે.ટન ઘઉંના જથ્થાની ખરીદી.
- ૬૫૩૨ ખેડૂતો પાસેથી રૂા.૬૭ કરોડના મૂલ્યના ૧૧૫૫૦ મે.ટન તુવેરના જથ્થાની ખરીદી.
- હાલમાં ચણા, ઘઉં, રાયડો તથા તુવેરની ખરીદી ચાલુ છે.
- અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગની માંગણીઓને વિધાનસભા ગૃહે બહુમતીથી પસાર કર્યું હતું. ●



## સુવિધા અને સવલત સાથે ગુજરાતના શહેરોનો શાનદાર વિકાસ

**શહેરોના સર્વાંગી વિકાસ માટે અને આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાના મક્કમ નિર્ધાર સાથે રાજ્ય સરકાર આયોજનબદ્ધ પગલાં લઇ રહી છે. જેના પરિણામે દેશનાં સૌથી શ્રેષ્ઠ રહેવાલાયક શહેરોમાં ગુજરાતના અમદાવાદ, રાજકોટ અને ગાંધીનગર શહેરની પસંદગી થઇ છે. તે જ દર્શાવે છે કે, ગુજરાત આજે શહેરી વિકાસ ક્ષેત્રે દેશનું રોલ મોડલ પુરવાર થઇ રહ્યું છે. ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાને રાખી સ્માર્ટ સીટીની સાથોસાથ ગ્રીન એન્ડ ક્લીન શહેરો બનાવવામાં આવી રહ્યાં છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં શહેરી વિસ્તારના સાર્વત્રિક વિકાસ માટે કુલ ૧૩૪૯૨.૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ અંગેની મુખ્ય જોગવાઈઓનો સારાંશ નીચે મુજબ છે.**

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના આગામી વર્ષ ૨૦૨૩-૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.
- આ યોજના હેઠળ શહેરોમાં આંતરમાળખાકીય સુવિધા સાથે રોડ, રસ્તા, પાણી, વીજળી, ભૂગર્ભ ગટર, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન, જનભાગીદારી યોજના હેઠળ ખાનગી સોસાયટીઓમાં માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં આ યોજના હેઠળ આશરે રૂ.૩૯,૦૦૦ કરોડ જેટલી માતબર રકમ શહેરી વિસ્તારો માટે ફાળવવામાં આવી છે.
- આંતરમાળખાકીય સુવિધા માટે રૂ. ૪૫૬૩ કરોડ જેટલી રકમ ફાળવણી.
- અમદાવાદ તથા સુરત મેટ્રો રેલની કામગીરી માટે રૂ.૫૬૮ કરોડની ફાળવણી.
- પ્રધાનમંત્રી આવાસ યોજનાની નિતિને સુસંગત રાજય સરકારશ્રીની મુખ્યમંત્રી ગૃહ યોજનાને સાંકળી રૂ. ૧.૦૦ લાખની કૌટુંબિક વાર્ષિક આવકની મર્યાદામાં સુધારો કરી રૂ. ૩.૦૦ લાખ કરવા માં આવી છે.
- નવીન કેટેગરી તરીકે ઇડબલ્યુએસ-૧ કેટેગરી ૩૦ ચો.મિ. સુધીના આવાસો માટે તથા ઇ.ડબલ્યુ.એસ.-૨ કેટેગરી ૩૧ થી ૪૦ ચો.મિ. સુધીના આવાસોનો લાભ આપવા માટે ઠરાવ કરી અત્યાર સુધીમાં અંદાજે ૭ લાખ જેટલા આવાસો મંજૂર કરાવવામાં આવ્યા છે. શહેરી આવાસન માટેની આ યોજના માટે રૂ. ૯૩૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે.
- સ્વચ્છ ભારત મિશન હેઠળ શહેરોને સ્વચ્છ બનાવવા માટે કુલ રૂ.૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજના

હેઠળ શહેરોમાં શૌચાલયો, કૉમ્યૂનિટી ટોઇલેટનું બાંધકામ કરવામાં આવે છે. ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી સિટીઝનો કોન્સેપ્ટ સિદ્ધ કરવા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

- શહેરી વિસ્તારોમાં સસ્તી, ઝડપી અને અવરજવરની સુવિધા શહેરીજનો માટે પૂરી પાડવા અમદાવાદ તથા સુરત મેટ્રો રેલની કામગીરી માટે રૂ.૫૬૮ કરોડની ફાળવણી કરી છે
- રાજ્યમાં અકસ્માતે થતી આગની ઘટનાઓને નિવારવા અને ઘટના સ્થળે તુરંત અગ્નિશામક સાધનો અને માનવબળ પહોંચી શકે તે માટે નવું લોંચ કરવાનું થતું ફાયર સેફટી કોપ પોર્ટલ અન્વયે તાલીમ કેન્દ્ર ખાતે આઉટ સોર્સિંગથી મહેકમ, માનદવેતન અને આઇ.ટીનાં સાધનો ખરીદવા માટે કુલ રૂ.૬૦ કરોડની નવી બાબત તરીકે ફાળવણી કરવામાં આવી છે.
- અમૃત મિશન અંતર્ગત રાજ્યનાં ૩૧ શહેરોમાં મુખ્યત્વે ૮ મહાનગરપાલિકા + ૨૨ વર્ગ 'અ' ની નગરપાલિકા + દ્વારકા નગરપાલિકાનો સમાવેશ કરવામાં આવેલ છે. તે અંતર્ગત માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા ચાલુ વર્ષે રૂ.૬૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- સ્માર્ટ સિટી મિશન અંતર્ગત રાજયના ૬ સ્માર્ટ સિટી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદના વિકાસના કામો, એરિયા રિડેવલપમેન્ટ, કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર, CCTV ઇન્ટરનેટ કનેક્ટિવિટી વગેરે કામો માટે ચાલુ વર્ષે રૂ.૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- કેન્દ્ર સરકાર દ્વારા યોજવામાં આવેલ સ્માર્ટ સિટી એવોર્ડ પ્રતિયોગિતા અંતર્ગત ગુજરાત રાજ્યની સ્માર્ટ સિટીસને વિવિધ શ્રેણીઓમાં ૧૩ એવોર્ડ મળ્યા છે. જેમાં સુરત શહેરને "Best City" તથા વડોદરા શહેરના ઇન્ટિગ્રેટેડ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટરના પ્રોજેકટને "Project Award for Governance" તરીકે ચયન કરી એવોર્ડ એનાયત કરવામાં આવ્યાં છે. ●









# રોજગાર કચેરીઓ દ્વારા નોકરી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ



શ્રમ અને રોજગાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ

શ્રી દિલીપકુમાર ઠાકોર
કેબિનેટ મંત્રી

**સૌના જીવનમાં શ્રમ અને કૌશલ્ય બંનેનું મહત્વ છે. વ્યક્તિ થકી સમાજ અને સમાજ થકી રાષ્ટ્ર બને છે. શ્રમ અને રોજગાર વિભાગના શિરે આ વ્યક્તિ ઘડતરની જવાબદારી છે. રાષ્ટ્રના કૌશલ્ય યુવાનોને ગૌરવપૂર્ણ રોજગારીની તકો ઊભી કરવી સરકારની પ્રાથમિક જવાબદારી છે. શ્રમ-રોજગાર ક્ષેત્ર વધુ સુદઢ અને સરળ બને તેવી નવી ઘણી જ ભવિષ્યલક્ષી યોજનાઓ રાજ્યની પ્રગતિશીલ સરકાર દ્વારા ઘડવામાં આવી છે. તેમજ ભવિષ્યના સમયમાં પણ સ્કીલ્ડ કે સેમી-સ્કીલ્ડ ઉમેદવારોને યથા-યોગ્ય કામ મળી રહે તે પ્રમાણેના બનતા તમામ પ્રયત્નો કરવાની કોશિશ વર્ષ 2021-22ના બજેટમાં કરવામાં આવી છે. શ્રમ અને રોજગારની માંગણીઓ પરની ચર્ચામાં સહભાગી થતાં મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરે શ્રમ અને રોજગાર વિભાગનું મહત્વનું પ્રદાન હોવાનુ જણાવી નિમ્ન લિખિત બાબતો જાણકારી આપી હતી.**

- છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા કુલ ૧૭,૦૫,૦૦૩ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી જે પૈકી ૫૩૯૪ રોજગાર ભરતીમેળાના આયોજન થકી ૧૦,૪૫,૯૨૪ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે.
- દેશના રક્ષણ કાજે ગુજરાતના નવયુવાનો વધુ પ્રમાણમાં લશ્કરમાં ભરતી થાય અને ફરજની સાથે સાથે રોજગારી પણ મેળવી શકે તે માટે આ વિભાગ મારફત ૩૦ દિવસની નિવાસી તાલીમ આપવામાં આવે છે તેમજ ૧૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે.
- છેલ્લા બે વર્ષમાં ૧૪૦ નિવાસી તાલીમવર્ગો કરી ૪૦૧૯ યુવાનોને તાલીમ આપવામાં આવી છે. જેના ફળ સ્વરૂપે છેલ્લા બે વર્ષ દરમ્યાન ૩૧૪૧ યુવાનો લશ્કરમાં પસંદગી પામ્યા છે.
- ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળના રોજગાર મહાનિયામક દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૦ માં પ્રસિદ્ધ થયેલા 'એમ્પ્લોયમેન્ટ એક્ષ્ચેન્જીસ સ્ટેટીસ્ટીકસ-૨૦૧૮' મુજબ રોજગાર કચેરીઓ મારફતે ૨૦૧૭ના વર્ષ માટે સમગ્ર દેશમાં રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે.
- મીનીસ્ટ્રી ઓફ સ્ટેટીસ્ટીક એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન, ભારત સરકાર દ્વારા જુન-૨૦૨૦ માં બહાર પાડવામાં આવેલા પીરીયોડિક લેબર ફોર્સ સર્વેના વાર્ષિક રિપોર્ટ અનુસાર ૧૫ થી ૨૯ વર્ષ ની વયમર્યાદામાં થયેલ સર્વે અનુસાર દેશના તમામ રાજ્યો કરતા ગુજરાતનો બેરોજગારીનો દર સૌથી નીચો ૮.૪ ટકા છે.
- ભારત સરકારના લેબર બ્યુરો, ચંદીગઢના વર્ષ ૨૦૧૫-૧૬ના રિપોર્ટ અનુસાર સમગ્ર ભારતનો બેરોજગારીનો દર ૫૦ (દર હજાર વ્યકિતએ) અંદાજવામાં આવ્યો છે જ્યારે ગુજરાતનો બેરોજગારીનો દર ૯ (દર હજાર વ્યકિતએ) અંદાજાયેલ છે. જે સમગ્ર દેશના રાજયોમાં સૌથી નીચો દર છે.
- "રોજગાર સેતુ" પ્રોજેકટ અંતર્ગત રાજ્યના યુવાનોને કોલ સેન્ટરના માધ્યમથી કોઈપણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી, તથા સરકારી યોજનાની માહિતી ટેલિફોનીક માધ્યમથી મેળવી શકે તે માટે દેશમાં સૌપ્રથમ વખત "રોજગાર સેતુ" પ્રોજેકટ જાન્યુઆરી-૨૧ થી અમલમાં મુકવામાં આવી છે.
- દેશમાં પ્રથમવાર કોલ સેન્ટરના માધ્યમથી કોઈ પણ ઉમેદવાર જીલ્લા રોજગાર કચેરી સાથે સીધો સંવાદ કરી શકશે. ઉમેદવાર કોઈ પણ જીલ્લાની માહિતી મેળવી શકે છે. આ સુવિધા ફક્ત એક સિંગલ નંબર - ૬૩૫૭ ૩૯૦ ૩૯૦ ડાયલ કરીને મળે છે.
- રોજગાર સેતુ પ્રોજેકટને યુવાનો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ છે. જાન્યુઆરી-૨૧ થી ચાલુ માસ દરમ્યાન ૪૮,૦૦૦ થી વધુ યુવાનોએ આ સેવાનો લાભ લીધો છે. ઓનલાઈન ભરતી મેળા રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી મેળવનાર ઉમેદવારોને વિવિધ રોજગારીની તકો પુરી પાડવા માટે સમયાંતરે રોજગાર ભરતીમેળાઓનુ આયોજન કરવામાં આવે છે.
- વર્તમાન સમયમાં નોવેલ કોરોના વાઈરસના સંક્રમણના કારણે રોજગારી મેળવનાર યુવાનો માટે રોજગારી ક્યા માધ્યમથી મેળવવી તે વિકટ સમસ્યા બની હતી. જેના કારણે રાજ્ય સરકારે ઓનલાઈન ૧૯૪૭ ભરતી મેળાઓ યોજી ૭૬,૩૨૬ ઉમેદવારોને રોજગારી આપવામાં સફળતા મેળવી છે.
- રોજગાર કચેરીઓ મારફત ૨૦૨૦-૨૧માં ૧૦૩૪ વેબીનાર યોજી ૧,૩૯,૯૧૧ ઉમેદવારોને ડિઝીટલ માધ્યમથી માર્ગદર્શન પરુ પાડવામાં આવ્યું છે.
- ગુજરાત સરકાર દ્વારા એપ્રેન્ટીસશીપ યોજનાનો લાભ વધુ યુવાનો લઈ શકે તે હેતુ થી ''મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના''તા.૦૧/૦૪/૨૦૧૮ થી અમલી કરવામાં આવી છે.
- આ યોજનાને કારણે ભારત સરકાર દ્વારા રૂા.૧૫૦૦ સ્ટાઈપેન્ડ પ્રતિ માસ ચુકવવામાં આવતુ હતુ. તે ઉપરાંત ગુજરાત સરકાર

દ્વારા સ્નાતક ઉમેદવારને રૂા.૩૦૦૦ પ્રતિ માસ, ડિપ્લોમા ઉમેવારને રૂા.૨૦૦૦ પ્રતિ માસ અને તેથી નીચેની કક્ષાના ઉમેદવારને રૂા.૧૫૦૦ પ્રતિ માસ સ્ટાઈપેન્ડ પ્રોત્સાહન રૂપે આપવામાં આવે છે. ૧૮,૧૭૪ ઔદ્યોગિક એકમોને એપ્રેન્ટીસ એક્ટ હેઠળ આવરી લઇ ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે.

- છેલ્લા બે વર્ષ (૨૦૧૯-૨૦ થી ૨૦૨૦-૨૧) દરમ્યાન કુલ ૯૩,૬૯૯ એપ્રેન્ટીસની ભરતી કરવામાં આવી છે. એટલે જ આ યોજના અંતર્ગત કુલ રૂા.૫૨૫૧.૮૨ લાખની જોગવાઇ કરવામાં આવી છે.
- ગુજરાત રાજયમાં ભારત સરકારના કૌશલ વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય દ્વારા ટાટા એજ્યુકેશન ડેવલપમેન્ટ ટ્રસ્ટ ના સહયોગથી અમદાવાદ ખાતે નાસ્મેદમાં રાજય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ૨૦ એકર જમીન પર ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ સ્કિલ (IIS) ની સ્થાપના થવા જઇ રહી છે.
- જે રીતે મેનેજમેન્ટ ક્ષેત્ર માટે ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ (IIM) અને ટેક્નોલોજી ક્ષેત્ર માટે ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (IIT) વિશ્વ પ્રસિધ્ધ છે તે જ રીતે ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ સ્કીલ (IIS) કૌશલ્ય ક્ષેત્રે પ્રસિધ્ધિ મેળવશે. આ સંસ્થામાં દર વર્ષે ઓછામાં ઓછા ૫૦૦૦ વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણવત્તાયુક્ત તાલીમ મેળવશે.
- વર્ષ ૨૦૨૧માં ૨૪૯ આઇ.ટી.આઇ.માં ૬૧૩૯ બેચોમાં કુલ ૧,૨૨,૭૮૦ બેઠકો એફીલેટેડ છે.
- ઉદ્યમવૃત્તિ અને ગ્રામીણ સમુદાયને મજબૂત બનાવવા માટે સ્વ સક્ષમ યોજના(કૌશલ્ય વર્ધન કેન્દ્ર ૨.૦) અમલી છે, આ યોજના થકી ગ્રામ્ય કક્ષાએ જ લોકોને રોજગારી/સ્વરોજગારી પ્રદાન થકી લોકોનું સ્થળાંતર ઓછું થશે.
- રાજ્ય સરકાર દ્વારા ગિફ્ટ સીટી, ગાંધીનગરને ગ્લોબલ ફાયનાન્સીયલ અને આઈ.ટી. હબ તરીકે વિકસાવવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યો છે. આથી ગિફ્ટ સીટી હાલમાં ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાયનાન્શીયલ સર્વિસિસ સેન્ટર (આઈ.એસ.એફ.સી.) બનવા જઈ રહ્યું છે.
- ગિફ્ટ સીટી ગાંધીનગર ખાતે એરોસ્પેસ એવીએશન, બેન્કીંગ ફાયનાન્સ, સર્વિસ-ઈન્શ્યોરન્સ, ઈલેક્ટ્રોનિક્સ, ઓફિસ એડમીનીસ્ટ્રેશન, ફેસીલીટી મેનેજમેન્ટ, હેલ્થકેર તથા આઈ.ટી. વગરે સેક્ટરના સી.ટી.એસ. અંતર્ગત લાંબાગાળાના નોન એન્જીનીયરીંગ વ્યવસાયો તથા ટુંકા ગાળાના સર્વિસ સેક્ટરના વ્યવસાયો શરૂ કરવાના આયોજન સાથે નવી આઈ.ટી.આઈ. શરૂ કરવા માટે જમીન માટે થનાર ખર્ચ માટે રૂા.૧૦૦ લાખની બજેટ જોગવાઈ નાણાકીય વર્ષ-૨૦૨૧-૨૨ માં નવી બાબત તરીકે થયેલ છે.
- રાજયના અસંગઠિત શ્રમયોગીઓને નોકરી પરથી છુટા ન કરવા તથા લોકડાઉનના સમયગાળાનો પુરેપુરો પગાર ચુકવવા સંબંધે તા.૨૧/૦૩/૨૦૨૦ ના પરિપત્રથી ઉદ્યોગો તથા સંસ્થાઓના માલિકોને સૂચના પણ આપવામાં આવી હતી.
- રાજ્યના ઉદ્યોગોમાં કામે રોકાયેલા શ્રમિકો માટે માહે એપ્રિલ-૨૦૨૦ થી સપ્ટેમ્બર-૨૦૨૦ ના સમયગાળાના મોંઘવારી ભથ્થામાં રૂ.૧૪.૧૦ નો વધારો જાહેર કરવામાં આવ્યો.
- લોકડાઉન દરમિયાન શ્રમિકોની વેતન સંબંધી ફરિયાદોના નિકાલ અર્થે રાજ્ય કક્ષાએ હેલ્પલાઇન નંબર ૧૫૫૩૭૨ શરૂ કરીને તેના ઉપર મળતી ફરિયાદોનો ૨૪ કલાકમાં નિકાલ કરવાની સંબંધિતોને સૂચના આપવામાં આવી હતી.
- લોકડાઉન જાહેર થતા પગપાળા સ્થળાંતર કરી રહેલ શ્રમિકોને તેઓની પ્રાથમિક જરૂરિયાતો સંતોષવા ૨૩૬ શેલ્ટર હોમ્સ શ્રમતંત્ર અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (જી.એસ.ડી.એમ.એ.) દ્વારા રાજ્યભરમાં શરૂ કરવામાં આવ્યા હતા.
- જુન-૨૦૧૭ થી શ્રમિક અન્નપુર્ણા યોજના અંતર્ગત નોંધાયેલા બાંધકામ શ્રમિકને રાહત દરે રૂ.૧૦ માં પોષ્ટિક આહાર આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજ્યમાં કુલ ૧૨ જીલ્લામાં ૩૬ શહેરોમાં ૧૧૯ ભોજન વિતરણ કેન્દ્રો ઉપર થી કુલ ૧૧૪.૬૦ લાખ ભોજન વિતરણ કરવામા આવ્યું છે
- રાજયમાં બાંધકામ ક્ષેત્રે કાર્યરત શ્રમિકો તથા તેઓના કુટુંબીજનોને તેઓ જયાં કાર્ય કરતા હોય તે બાંધકામ સાઇટ/કડિયાનાકા વગેરે જગ્યાઓ ઉપર આરોગ્યને લગતી પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવાના હેતુથી ધન્વન્તરી આરોગ્ય રથ નામે મોબાઇલ મેડીકલ વાન બાંધકામ શ્રમયોગિ કલ્યાણ બોર્ડ દ્વારા (ડીસેમ્બર-૨૦૧૫ થી) કાર્યરત કરવામાં આવી છે.
- કુલ ૫૦ મોબાઈલ મેડીકલ વાન (૩૪ ધન્વન્તરી આરોગ્ય રથ અને ૧૬ મોબાઈલ મેડીકલ વાન) રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં કાર્યરત છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ડીસેમ્બર-૨૦૨૦ અંતિત કુલ રૂપિયા ૮૮૩.૬૮ લાખનો ધન્વન્તરી આરોગ્ય રથ પાછળ ખર્ચ થયો છે.
- શ્રમિકોના બાળકોને ધોરણ-૧ થી ૧૨ તથા મેડીકલ / ટેકનિકલ કોર્ષના અભ્યાસ માટે રૂ.૫૦૦ થી રૂ.૪૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે. જે તેઓના બેંક ખાતામાં સહાય સીધી જમા કરાવવામાં આવે છે. ડીસેમ્બર-૨૦૨૦ અંતિત કુલ ૧,૫૬,૪૫૨ બાંધકામ શ્રમિકોના સંતાનોને કુલ રૂ.૯૦.૧૦ કરોડથી વધુની સહાય ચુકવણી કરવામાં આવ્યો છે.
- અંત્યેષ્ઠી સહાય યોજના અંતર્ગત નોંધાયેલ બાંધકામ શ્રમયોગીનું ચાલુ મેમ્બરશીપ દરમ્યાન મૃત્યુ થાય તેવા કિસ્સામાં મૃત્યુ પામનાર શ્રમયોગીના વારસદારને રૂ.૭૦૦૦ ની સહાય કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત (ડીસેમ્બર -૨૦૨૦ અંતિત) કુલ ૬૮૯ લાભાર્થીઓને કુલ રૂ.૩૪ લાખ

ની સહાય ચુકવવામાં આવી છે.

- અકસ્માત મૃત્યુ સહાય યોજનામાં રૂ.૩ લાખની સહાય ચુકવવામાં આવે છે. આ ઉપરાંત, સરકારે ચાલુ કામે અકસ્માતના કારણે કાયમી અશક્ત બનેલા બાંધકામ શ્રમયોગીના કિસ્સમાં પણ રૂ.૩ લાખ ની સહાય આપવામાં આવે છે.
- પ્રસુતિ સહાય અને મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના અંતર્ગત ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા પ્રસુતિ સહાય યોજના હેઠળ નોંધાયેલ મહિલા બાંધકામ શ્રમિકને પોષણયુક્ત આહાર મળી રહે તે હેતુથી કુલ રૂ.૭૫૦૦ની નાણાંકીય સહાય આપવામાં આવે છે.
- સંવેદનશીલ સરકારે મહિલા બાંધકામ શ્રમિકોના સશક્તિકરણના ધ્યેયને સાકાર કરવા કુલ રૂા.૨૭,૫૦૦ ની સહાય કરવામાં આવે છે.
- મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજનામાં દીકરીનો જન્મ થાય ત્યારે બાંધકામ શ્રમિકની દિકરીના નામે રૂ.૧૦,૦૦૦ના ૧૮ વર્ષની ઉંમરે પાકતા બોન્ડ આપવામાં આવે છે. આ યોજના હેઠળ કુલ ૩૯૬ લાભાર્થીઓ માટે રૂપિયા ૩૨.૩૦ લાખની ચુકવણી કરવામાં આવી છે.
- જોખમી કારખાનાઓમાં જી.વી.કે.-ઈ.એમ.આર.આઈ. દ્વારા ઈન્ડસ્ટ્રીયલ હાઈજીન મોનીટરીંગની કામગીરી કરવા રૂ ૨૫૦ લાખની નવી બાબત માટે જોગવાઇ કરવામાં આવેલ છે.
- સ્ટેટ ક્રાઈસીસ પ્લાન અપડેટ કરવા વર્ષ ૨૦૨૧-૨૨માં નવી બાબત રૂ ૫ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. સ્ટેટ ક્રાઈસીસ પ્લાન છેલ્લે જુલાઇ ૨૦૧૬માં અપડેટ કરવામાં આવેલ છે. આમ જોખમી કારખાનાઓની સંખ્યામાં થયેલ વધારો તેમજ કેમીકલ દુર્ઘટનાઓની શકયતાઓને ધ્યાનમાં રાખીને સ્ટેટ ક્રાઈસીસ પ્લાન વર્ષ ૨૦૨૧-૨૨ માં અપડેટ કરવાનો થાય છે. જે અપડેટ કરવા વર્ષ ૨૦૨૧-૨૨માં નવી બાબત રૂ ૫ લાખ ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- "ઔદ્યોગિક શ્રમયોગી અને ઈન્ડસ્ટ્રીયલ હોસ્ટેલ આવાસ (MASIHA) યોજના" અંતર્ગત પ્રથમ તબક્કે સાણંદ, મહેસાણા, સાપર-વેરાવળ, અંકલેશ્વર, બેચરાજી તથા મોરબી એમ કુલ છ જીઆઈડીસી ખાતે રૂ.૧૦૦૦ લાખની બજેટ જોગવાઈ સાથે શરુ કરવામાં આવશે.
- ઔદ્યોગિક શ્રમયોગીઓને બેટરી ઓપરેટેડ દ્વી-ચક્રી વાહનની ખરીદી માટે નાણાકીય સહાય આપવા અંગેની "ગો ગ્રીન શ્રમિક યોજના"ને સરકારશ્રી દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં મંજૂરી આપવામાં આવેલ છે અને જે પેટે ૨૦૦૦ લાભાર્થીઓ માટે રુ.૫૦૦ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. ●

# પરિવહન ક્ષેત્રે ગુજરાત અગ્રેસર

**ગુજરાત રાજ્યની પરિવહન સેવાઓને નાગરિકો સુધી પૂરી પાડનારા ત્રણ મુખ્ય આધારસ્તંભ છે. એક વાહન વ્યવહાર ખાતું, બીજો ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને ત્રીજો ગુજરાત રાજ્ય રોડ સેફ્ટી ઑથોરિટી. માર્ગ સલામતી એ અમારી સરકારનો મુખ્ય ઉદ્દેશ છે. સલામત ડ્રાઈવિંગ ઉદ્દેશને ફળીભૂત કરવા માટે રાજ્ય સરકારે ગુજરાત રોડ સેફ્ટી ઑથોરિટી એક્ટ ૨૦૧૮ ઘડી તેને અમલમાં મૂક્યો છે. દેશભરમાં ગુજરાત માત્ર દ્વિતીય રાજ્ય છે જેમાં આવી ઑથોરિટી અસ્તિત્વ ધરાવે છે. ગુજરાતએ ૯૯.૩૪ ટકા ગામડાઓમાં પરિવહન શક્ય બનવાની અનેરી સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્યના દરેક જિલ્લાને અદ્યતન અને સુવિધાયુકત આરટીઓ કચેરી નાગરિકો માટે ઉપલબ્ધ કરાવવી એ ગુજરાત સરકારની નેમ છે. ઓનલાઇન ઇ-ચલણની અમલવારી, વિદ્યાર્થીઓ, પત્રકારોને કનશેસન જેવી ઘણી યોજનાઓ થકી વાહન વ્યહવાર વિભાગ લોકોને ઉપયોગી થઇ રહ્યો છે.**



શ્રી આર. સી. ફળદુ
કેબિનેટ મંત્રી
કૃષિ, ગ્રામવિકાસ,
વાહન વ્યવહાર

**વાહન વ્યહવાર વિભાગનું આગામી દીર્ઘદૃષ્ટિમય આયોજન...**

- દાહોદ, ભાવનગર, ડાંગ અને ગોધરા ખાતે નવી આરટીઓ કચેરી બાંધકામ કરવામાં આવનાર છે.
- ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક માટે અરજદારોને પ્રતીક્ષા ન કરવી પડે અને પારદર્શક પ્રક્રિયા રહે તે માટે સરકારે નવા ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બનાવવાનો નિર્ણય કર્યો.
- અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણા, રાજકોટ, ભાવનગર,



હિંમતનગર, જૂનાગઢ અને પંચમહાલ ખાતે નવા ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક બનાવવામાં આવશે.

**વાહન વ્યવહાર વિભાગની વિકાસની યશગાથા**

- રાજ્યની આરટીઓ સંબંધિત તમામ ૮૦ સેવાઓને સારથી ૪.૦ અને વાહન ૪.૦ એપ્લિકેશન દ્વારા નાગરિકોને ઓનલાઈન ઉપલબ્ધ કરી દેવામાં આવી છે.
- શિખાઉ લાયસન્સની કામગીરી ૩૬ આરટીઓના બદલે ૨૨૧ આઇ.ટી.આઇ. અને ૨૯ પોલિટેકનિકથી શરૂ કરવામાં આવતાં ૮.૫૫ લાખ અરજદારો દ્વારા આ સેવાનો લાભ.
- અરજદારની ઉપસ્થિતિ વગર પૂરી પાડવામાં આવેલ વધારાની વાહન અને સારથી સંબંધિત કુલ-૧૭ સેવાઓ શરૂ, ૪૫ લાખ લોકોને દર વર્ષે આરટીઓ કચેરીની મુલાકાત લેવી પડતી હતી તેમાંથી મુક્તિ મળી છે.
- ૧૪ નવેમ્બર-૨૦૧૯નો દિવસ ઐતિહાસિક, રાજ્યના નાગરિકોની માંગણીઓને ધ્યાનમાં રાખીને ત્રણ ઐતિહાસિક નિર્ણયો : રાજ્યમાં ચેકપોસ્ટ નાબૂદી, શિખાઉ લાયસન્સ આપવાની કામગીરી માત્ર ૩૬ આરટીઓના બદલે ૨૨૧ આઇ.ટી.આઇ. અને ૨૯ પોલિટેકનિકથી પણ શક્ય બનાવવામાં આવી તેમજ ફેસલેસ કામગીરી માટે અરજદારની ઉપસ્થિતિ વગર વાહન અને સારથી સંબંધિત સેવાઓની અમલવારી શરૂ કરવાનો નિર્ણય
- રાજ્યમાં ચેકપોસ્ટ નાબૂદ થતાં મેન્યુઅલ મેમો બનાવવાની પદ્ધતિ ને બદલે ઇ-ચલણ એપ્લિકેશન ઉપર ઓનલાઇન મેમો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી, કુલ બનેલ ઇ-મેમોની સંખ્યા ૧૦.૫૦ લાખ ડિઝિટલાઇઝ સ્વરૂપે ઉપલબ્ધ.
- એસ.ટી નિગમ ૧૬ વિભાગો, ૧૨૫ ડેપો અને ૨૦૯ કંટ્રોલ પોઇન્ટથી ૮,૩૦૦ થી વધુ બસો દ્વારા ૭,૪૯૬ શિડ્યૂલ થકી ૪૪,૨૬૮ ટ્રીપોથી કુલ ૩૩.૮૬ લાખ કિલોમિટરનું સંચાલન કરી દૈનિક ૨૫ લાખ મુસાફરોને અસરકારક જાહેર પરિવહનની સુવિધા પૂરી પાડે છે.
- એસ.ટી નિગમ દ્વારા ગુજરાતનાં ૯૯.૩૪ ટકા ગામડાને જાહેર પરિવહનની સેવામાં આવરી લેવામાં આવ્યા છે.
- કોવિડ-૧૯ના લોકડાઉનના સમયગાળા દરમ્યાન મજૂરો /શ્રમિકો, કામદારોને પોતાના વતનમાં લઈ જવા માટે નિગમની બસો દ્વારા ગુજરાતની સરહદ સુધી વિશેષ ટ્રીપો ગોઠવવામાં આવી.
- ગુજરાત એસ.ટી. નિગમનું વર્ષ ૨૦૦૧ પહેલાં ૧૦૯.૯૦ કરોડ કિલોમિટરનું વાર્ષિક સંચાલન થતું હતું જે વધીને અત્યારે વર્ષ ૨૦૨૧માં ૧૧૬.૯૨ કરોડ કિલોમિટરનું વાર્ષિક સંચાલન થયું છે.
- ગ્રામીણ વિદ્યાર્થિનીઓને ૧૦૦ ટકા (ફ્રી) ના રાહત દરે પાસ ઈસ્યૂ કરવામાં આવે છે.
- સુપર એક્સપ્રેસ, ગુર્જરનગરી, મીની બસ, નોન-એ.સી.સ્લીપર, એસ.સી. સ્લીપર તેમજ વોલ્વો જેવી વૈવિધ્યસભર અને પ્રીમીયમ સર્વિસોથી સંચાલન કરવામાં આવે છે.
- કેન્સરના દર્દીઓને ભાડામાં ૧૦૦% અને થેલેસેમિયા તેમજ સિકલસેલ એનિનિયાના દર્દીઓને ભાડામાં ૫૦% રાહત દરની યોજના અમલમાં છે.
- માન્ય પત્રકારો તથા રેડિયો અને ટીવીના પ્રતિનિધિઓને ભાડામાં ૧૦૦% રાહત દરની યોજના ઉપલબ્ધ
- મુસાફરોને લગ્નપ્રસંગે રાહત દરે ગ્રૂપબુકિંગ યોજના અમલમાં છે.
- તમામ બસો GPSથી સજ્જ છે, લાઇવ મોનિટરિંગ મુસાફર દ્વારા શક્ય.
- અત્યાધુનિક "બસ સ્ટેશન"ની સાથોસાથ અપગ્રેડેટ વર્કશોપ ઉપલબ્ધ
- PPP ધોરણે એરપોર્ટ જેવી સુવિધાયુક્ત નવીન "બસ પોર્ટ" બનાવવાનું કાર્ય પ્રગતિમાં. ●





# સૌનો સાથ - સૌનો વિકાસના મંત્ર સાથે વંચિતોનો સાતત્યપૂર્ણ વિકાસ...



સામાજિક ન્યાય અને અધિકારીતા શ્રી ઈશ્વરભાઈ પરમાર કેબિનેટ મંત્રી

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિઓ, લઘુમતીઓ, બિન અનામત વર્ગો, દિવ્યાંગ, નિરાધાર, વૃદ્ધ અને થર્ડ જેન્ડર આ સર્વે જનસમૂહની રાજ્યની લગભગ ૮૦%થી વધુ વસ્તી ધરાવતા સમાજના અગત્યના ભાગની સેવા કરે છે. સમાજના નબળા વર્ગો તેમજ ખાસ પ્રકારના જરૂરિયાત ધરાવતા અનાથ, નિરાધાર બાળકો, દિવ્યાંગો, કિન્નરો અને વૃદ્ધો જેવા વર્ગો સુધી નિરંતર પ્રયાસો વડે રક્ષણ, શિક્ષણ અને તાલીમ દ્વારા પુનઃસ્થાપના પ્રયત્નો ગુજરાતભરમાં વિવિધ યોજનાઓ થકી થઈ રહ્યા છે. રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના, સંત સુરદાસ યોજના, પાલક માતા-પિતા યોજના સૌનો સાથ- સૌનો વિકાસ મંત્રને સાર્થક કરવામાં અગત્યની પૂરવાર થઈ રહી છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના વિકાસનો વર્ષ ૨૦૨૧-૨૨નો રોડ મેપ**

- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની કુલ જોગવાઈ રૂ.૪ હજાર ૩૫૨ કરોડ ૫૩ લાખ.
- અનુસૂચિત જાતિ કલ્યાણ માટે રૂ.૧ હજાર ૩૧ કરોડ સહિત અનુસૂચિત જાતિ પેટા યોજના (SCSP) માટે રૂ.૫ હજાર ૨૯૬ કરોડ ૨૯ લાખ
- આર્થિક પછાત વર્ગો, લઘુમતીઓ, વિચરતી વિમુક્ત જાતિઓ સહિત બક્ષી પંચ જાતિઓ તથા આર્થિક નબળા વર્ગોનાં કલ્યાણ માટે રૂ.૧ હજાર ૮૨૯ કરોડ ૧૨ લાખ
- સમાજ સુરક્ષા માટે રૂ.૧ હજાર ૪૭૫ કરોડ ૪૪ લાખ
- શૈક્ષણિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિ માટે રૂ.૬૪૬ કરોડ ૫૬ લાખ અને વિકસતી જાતિ માટે રૂ.૯૯૧ કરોડ ૯૩ લાખ, કુલ રૂ.૧ હજાર ૬૩૮ કરોડ ૫૦ લાખની જોગવાઇ
- આર્થિક ઉત્કર્ષની યોજનાઓ અંતર્ગત અનુ.જાતિ માટે રૂ.૯૩ કરોડ ૪૭ લાખ અને વિકસતી જાતિ માટે રૂ.૧૧૯ કરોડ ૪૬ લાખ, કુલ રૂ.૨૧૨ કરોડ ૯૩ લાખની જોગવાઇ
- આરોગ્ય, વસવાટ અને અન્ય સામાજિક યોજનાઓ માટે અનુ. જાતિની રૂ.૧૨૮ કરોડ ૯૩ લાખ અને વિકસતી જાતિની રૂ.૧૮૨ કરોડ ૫૭ લાખ મળી કુલ રૂ.૩૧૧ કરોડ ૫૦ લાખની જોગવાઇ વિચરતી-વિમુકત જાતિઓ માટે રૂ.૧૦૫ કરોડ ૯૯ લાખની જોગવાઇ કરવામાં આવી છે.
- લઘુમતી વર્ગની વિકાસની યોજનાઓ માટે રૂ.૭૪ કરોડ ૬૨ લાખ
- બિન અનામત વર્ગો માટે રૂ.૫૦૬ કરોડ ૭૫ લાખની જોગવાઇ
- ડૉ.બાબાસાહેબ આંબેડકરએ વડોદરાના કમાટી બાગમાં ઘટાદાર વૃક્ષની નીચે સંકલ્પ લીધો હતો એ જગ્યાએ "સંકલ્પ ભૂમિ" સ્મારક બનાવવાના કામમાં ખૂટતી રૂ.૧૨ કરોડ જેટલી માતબર રકમને મંજૂરી
- સરસ્વતી સાધના સાઇકલ યોજના હેઠળ ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની ૨૨ હજાર વિકસતી જાતિની અંદાજે ૧ લાખ ૬૦ હજાર કન્યાઓને વિનામૂલ્યે સાઇકલ માટે બજેટમાં રૂ.૭૧ કરોડની જોગવાઇ.
- ડૉ.આંબેડકરજીના જીવન સાથે જોડાયેલ યાદગાર ઘટના પ્રસંગ "સંકલ્પ ભૂમિ" સ્મારકને મૂર્તિમંત કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય.
- ધોરણ-૧ થી ૧૦માં અભ્યાસ કરતા અંદાજે અનુસૂચિત જાતિના ૪ લાખ ૨૦ હજાર અને વિકસતી જાતિના ૩૮ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ.
- પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અંદાજે અનુસૂચિત જાતિના ૩ લાખ ૩૫ હજાર અને વિકસતી જાતિના ૩૨ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય
- વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ અને ગણવેશ સહાય માટે કુલ રૂ.૫૪૯ કરોડ જોગવાઇ
- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેની લોન યોજનામાં વર્ષ ૨૦૨૧-૨૨માં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને રૂ.૧૫ લાખની લોન આપવા બજેટમાં રૂ.૬૬ કરોડની જોગવાઇ



- ડૉ.આંબેડકર આવાસ યોજનામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે રૂ.૪૫ કરોડ અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં વિકસતી જાતિના ૧૨ હજાર લાભાર્થીઓને મકાન બાંધવા માટે સહાય આપવા રૂ.૧૦૪ કરોડની જોગવાઇ
- કુંવરબાઇનું મામેરૂં યોજનામાં અત્યાર સુધી સરકારશ્રી દ્વારા રૂ.૧૦ હજાર ચુકવવામાં આવતા હતાં. જેમાં વધારો કરી હવેથી રૂ.૧૨ હજાર ચૂકવવાનો નિર્ણય.
- અનુસૂચિત જાતિની ૮ હજાર અને વિકસતી જાતિની ૨૫ હજાર દીકરીઓ મળી કુલ-૩૩ હજાર દીકરીઓના મામેરાની સહાય માટે રૂ.૩૯ કરોડ ૬૦ લાખની જોગવાઇ
- સાતફેરા સમૂહ લગ્ન યોજનામાં અનુસૂચિત જાતિના ૧ હજાર ૯૦૦ અને વિકસતી જાતિના ૪ હજાર ૬૬૬ મળી કુલ ૬ હજાર ૫૬૫ યુગલોને રૂ.૧૨ હજારની સહાય આપવા રૂ.૯ કરોડ ૬૫ લાખની જોગવાઇ
- સમાજમાં સામાજિક સમરસતા જળવાય તે માટે શરૂ કરવામાં આવેલ ડૉ.સવિતા આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજનામાં ૮૦૦ યુગલોને સહાય આપવા માટે રૂ.૮ કરોડની જોગવાઇ
- સત્યવાદી રાજા હરિશ્ચંદ મરણોત્તર સહાય યોજના ગરીબ વર્ગના અનુસૂચિત જાતિની વ્યકિતને મરણ પ્રસંગે કફન-કાઠી માટે સહાય આપવા બજેટમાં રૂ.૬ કરોડ ૫૦ લાખની જોગવાઇ
- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના નિગમોની વ્યકિતલક્ષી ધિરાણ યોજનાઓ માટે રૂ.૮૨ કરોડની જોગવાઇ
- સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટ હેઠળ અનુસૂચિત જાતિની ૨૮ વિકસતી જાતિની ૨૮ અને અગરિયા જાતેની ૫ આદર્શ નિવાસી શાળાઓમાં ડિઝિટલ કલાસરૂમ બનાવવા માટે રૂ.૩ કરોડ ૪૦ લાખના ખર્ચે રૂ.૫ લાખની મર્યાદામાં કિટ્સ વિતરણનું આયોજન.
- દેવભૂમિ દ્વારકા ખાતે જિલ્લા કક્ષાનું ડૉ.આંબેડકર ભવન બાંધવામાં આવશે, જેના માટે બજેટમાં રૂ.૧ કરોડની જોગવાઇ
- રાજ્યનાં ત્રણ સ્થળોએ ૧૦૦ની ટોચ મર્યાદા ધરાવતા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવા માટે રૂ.૧૦૦ લાખની જોગવાઇ
- ૮૦ ટકા કે તેથી વધુ બૌદ્ધિક અસમર્થતા/મંદબુદ્ધિ ધરાવતી દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ.૧ હજાર પેન્શન આપવાની યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા કરવા તથા સેરેબ્રલ પાલ્સી અને ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર દિવ્યાંગતાવાળાને લાભ આપવા માટે રૂ.૯ કરોડની આ બજેટમાં જોગવાઇ
- દિવ્યાંગ કલ્યાણ માટે દિવ્યાંગ ફંડમાં રૂ.૨૦૦ લાખની આ બજેટમાં જોગવાઇ
- ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર અને ગૃહ, ઓઢવ-અમદાવાદના બાંધકામ માટે રૂ.૧૦૦ લાખની જોગવાઇ
- મંદબુદ્ધિની બહેનોનું ગૃહ, નરોડા-અમદાવાદની સંસ્થા ફરતે કોટ બનાવવા માટે રૂ.૧૦૮ લાખની આ બજેટમાં જોગવાઇ
- સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ સંસ્થાકીય તેમજ બિન સંસ્થાકીય માળખાઓ દ્વારા ચલાવવામાં આવે છે. જેમાં રીતે કાર્યરત છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ જોગવાઈ રૂ.૧ હજાર ૪૭૫ કરોડ ૪૪ લાખની જોગવાઇ
- સમાજ સુરક્ષાની કચેરી દ્વારા ૨૦૨૧-૨૨માં રૂ.૧ હજાર ૪૭૫ કરોડ ૪૪ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.
- દિવ્યાંગોના કલ્યાણ ક્ષેત્રે અંદાજે રૂ.૨૧૮ કરોડ ૮૦ લાખ
- બાળ કલ્યાણ ક્ષેત્રેની યોજનાઓ માટે રૂ.૧૪૮ કરોડ ૮૫ લાખ
- વૃદ્ધ પેન્શન, નિરાધાર વૃદ્ધ યોજના અને વય વંદના યોજના અંતર્ગત વૃદ્ધોને પેન્શન આપવા માટે રૂ.૧ હજાર ૩૧ કરોડ.
- દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ માટે રૂ.૬ કરોડ ૩૪ લાખની જોગવાઇ
- દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ કુલ ૭ હજાર લાભાર્થીઓ માટે રૂ.૧૦ કરોડ
- દિવ્યાંગ ઓળખકાર્ડ યોજના હેઠળ એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજના અન્વયે કુલ ૪૨ કરોડ
- દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ ૧ હજાર ૫૦૦ લાભાર્થીઓ માટે રૂ.૭ કરોડ ૫૦ લાખ અને
- નિરાધાર વૃદ્ધોને આર્થિક સહાય યોજના હેઠળ ૧ લાખ ૪૫ હજાર લાભાર્થીઓ માટે રૂ.૧૫૦ કરોડ ૪૬ લાખની જોગવાઇ
- રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન અને વય વંદના યોજના હેઠળ ૯ લાખ ૫૦ હજાર લાભાર્થીઓ માટે રૂ.૮૮૨ કરોડ
- રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ ૮ હજાર લાભાર્થીઓ માટે રૂ.૧૬ કરોડ
- પાલક માતા-પિતા યોજના હેઠળ ૧૯ હજાર ૭૫૦ લાભાર્થીઓ માટે રૂ.૬૬ કરોડ.
- શેરો પોઝિટિવ ઇલનેસ યોજના હેઠળ ૩ હજાર ૫૦૦ લાભાર્થીઓ માટે રૂ.૧ કરોડની વાર્ષિક જોગવાઇ. ●



# સુદ્રઢ જળ વ્યવસ્થાપનથી ખુલ્યાં સમૃદ્ધિનાં દ્વાર



પાણી પુરવઠો, પશુપાલન, ગ્રામ ગૃહનિર્માણ

શ્રી કુંવરજીભાઇ બાવળિયા
કેબિનેટ મંત્રી

**ગુજરાતના ખેડૂતોને સિંચાઈની પૂરતી સેવાઓ પૂરી પાડીને ખેડૂતોની આવક બમણી કરવાના મક્કમ નિર્ધાર સાથે રાજ્ય સરકાર આગળ વધી રહ્યાં છે. સરકારના આ પ્રયાસોના સુભગ પરિણામો ખેડૂતોને પણ મળી રહ્યા છે. રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પણ ખેડૂતો માટે સતત ચિંતિત છે અને રાજ્ય સરકાર તમામ સંજોગોમાં કિસાનોની પડખે ઊભા રહી સુવિધાઓ પણ પૂરી પાડી રહ્યો છે. વિધાનસભા ખાતે વર્ષ ૨૦૨૧-૨૨ની જળસંપત્તિ પ્રભાગની સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ માટે મહેસૂલની રૂ.૧૧૪૪ કરોડ અને મૂડી હેઠળ રૂ.૩૮૨૭ કરોડની વિગતો રજૂ કરતાં નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલે કહ્યું હતું કે, ભારતની કુલ જમીનના ૬ ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે અને વસ્તીનો હિસ્સો ૫ ટકા થાય છે. જયારે રાજયમાં પાણીની ઉપલબ્ધિ રાષ્ટ્રની કુલ ઉપલબ્ધિના ૫ ટકા થાય છે. ગુજરાત રાજય માટે અગત્યનો પ્રશ્ન ભૌગોલિક પરિસ્થિતિના કારણે પાણીની અસમાન વહેંચણીના લીધે થાય છે. મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ૬૯% પાણીની ઉપલબ્ધિ છે જયારે ઉત્તર ગુજરાતમાં ફકત ૧૧%, સૌરાષ્ટ્રમાં ૧૭% અને કચ્છમાં 3% પાણીની ઉપલબ્ધિ છે. ગત વર્ષે ૨૦૨૦માં રાજયમાં ઘણા સારા પ્રમાણમાં વરસાદ થતા રાજયનાં ૨૦૪ જળાશયોમાં ૧૫,૧૨૮ મિલિયન ઘનમીટર પાણીનો જથ્થો ચોમાસા દરમિયાન સંગ્રહ થયો તેમજ નર્મદા ડેમ પણ ઓવરફલો થયો હતો. આ જથ્થો છેલ્લાં ૧૧ વર્ષમાં આ જળાશયોમાં સંગ્રહ થયેલ જથ્થાની સરખામણીમાં સૌથી વધુ છે. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગૃહમાં વિભાગને લગતી કામગીરી અંગેની વિગતો આપી હતી. જેની એક ઝલક અહીં આપવામાં આવી છે.**

- જળસંપત્તિ વિભાગ હેઠળનાં ૧૯ મોટાં અને ૯૦ મધ્યમ જળાશયોના કેનાલ માળખામાં નહેર સુધારણા, સહભાગી સિંચાઇ વ્યવસ્થાપનનો લક્ષ્યાંક રાખ્યો છે.
- વર્ષ ૧૯૯૫ પછી રાજય સરકારે રાજયમાં ૯૨ નવી મધ્યમ અને નાની સિંચાઇ યોજનાઓ હાથ ધરી છે.
- જેમાંથી ૭૫ બંધોની સંપૂર્ણ કામગીરી અને ૧૨ બંધોની હેડવર્ક્સની કામગીરી પૂર્ણ કરી છે.
- જયારે ૪ બંધોના કામ પ્રગતિ હેઠળ છે અને ૧ યોજના આયોજન હેઠળ છે.
- રાજયમાં છેલ્લાં ૧૯ વર્ષમાં સિંચાઇની પરિસ્થિતિમાં સને ૨૦૦૧માં પિયત વિસ્તાર ૩૮.૭૭ લાખ હેકટરથી વધીને સને ૨૦૨૦માં ૬૮.૮૯ લાખ હેકટર જેટલો થયો છે.
- વર્ષ ૧૯૮૫થી ૧૯૯૫ સુધીના દસ વર્ષમાં રૂ.૧૮૩ કરોડની ફાળવણી કરાઇ છે. જેની સામે છેલ્લાં દસ વર્ષમાં જળસંપત્તિનાં કામો માટે સરેરાશ રૂ.૪૫૬૬ કરોડની ફાળવણી કરાઇ છે.
- જળસંપત્તિ પ્રભાગની કામગીરી માટે વાર્ષિક ફાળવણીમાં લગભગ પચીસ ગણો વધારો.
- સૌરાષ્ટ્રની સૂકી ધરતીને નવપલ્લવિત કરવા સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઇ યોજના 'સૌની યોજના' કાર્યાન્વિત કરી છે.
- સૌની યોજના હેઠળ સૌરાષ્ટ્રના ૫ જિલ્લાનાં ૧૬ જળાશયોના ૧,૬૬,૦૦૪ એકર વિસ્તારની સુદૃઢીકરણની તબક્કા-૧ની કામગીરી પૂર્ણ કરાઇ છે.
- 'સૌની યોજના'ના બીજા તબક્કામાં ૧૦ જિલ્લાનાં ૫૭ જળાશયોના ૩,૭૭,૮૫૧ એકર વિસ્તારને સિંચાઇનો લાભ.
- 'સૌની યોજના'ના ત્રીજા તબક્કામાં ૩૪ જળાશયો જોડવા માટે રૂ. ૨૪૦૩ કરોડનાં કામો ઝડપભેર પૂર્ણ થઇ રહ્યાં છે.
- રાજકોટની જીવાદોરી સમાન આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં નર્મદાનું પાણી ભરવામાં આવી રહ્યું છે.
- ભાવનગરને પીવાનું પાણી પૂરું પાડતા બોર તળાવની પાઇપલાઇનની કામગીરી પૂર્ણ કરી યોજના કાર્યાન્વિત કરી છે.
- ત્રીજા તબક્કાની કામગીરી પૂર્ણ થયેથી ૯ જિલ્લાનાં ૩૪ જળાશયો મારફતે ૨.૪૩ લાખ એકર વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદૃઢ થશે.
- 'સૌની યોજના' માટે આ વર્ષે રૂ.૧૦૭૧ કરોડની બજેટ જોગવાઇ કરાઇ છે.
- 'સૌની યોજના'ની પૂર્ણ થયેલી કામગીરીથી છેલ્લાં ચાર વર્ષમાં કુલ ૪૯ જળાશયો, ૧૦૩ તળાવો અને ૬૦૬ કરતાં વધુ ચેકડેમોમાં ૩૨,૭૦૦ મિલિયન ઘનફૂટ નર્મદાનાં પાણી ભરવામાં આવ્યાં છે. સૌરાષ્ટ્રના અગત્યના ભાદર-૧ ડેમની સંગ્રહક્ષમતા કરતા પાંચ ગણા જેટલું થાય છે.
- પ્રાયોગિક ધોરણે મોટી પાનેલી અને રામધરી નાની સિંચાઇ યોજનાઓ દ્વારા અનુક્રમે ૧૪૦૦ અને ૪૨૬ હેક્ટર કમાન્ડને સૂક્ષ્મ પિયત પદ્ધતિ હેઠળ આવરી લેવાનાં કામોને રૂ. ૩૬ કરોડની મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાઓ માટે રૂ.૯ કરોડની જોગવાઇ.
- ઉત્તર ગુજરાતના સુકાભઠ્ઠ વિસ્તારોમાં સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત કડાણા ડેમથી બનાસકાંઠાના રાહ ગામ સુધી ૩૩૨ કિલોમિટર લાંબી નહેર બનાવી છે. જેના કારણે આશરે ૧,૭૦,૦૦૦ એકર જમીનમાં સિંચાઇનો લાભ મળી રહ્યો છે.

- નર્મદા મુખ્ય નહેર આધારિત ચૌદ પાઈપલાઈનોમાંથી બાર ઉદ્‌વહન સિંચાઇ યોજનાઓ પૂર્ણ કરી તથા સુજલામ્ સુફલામ્ સ્પ્રેડિંગ કેનાલ પૂર્ણ કરીને ૧૧૧૧ જેટલાં તળાવો/ચેકડેમોનું જોડાણ કર્યું છે.
- આ ઉપરાંત આ યોજનાથી ૬૬૧ ગામો અને ૮ શહેરોને પીવાનું પાણી પણ પૂરું પાડવામાં આવી રહ્યું છે.
- બનાસકાંઠા જિલ્લા માટે અગત્યની થરાદથી સીપુ સુધીની પાઈપલાઈનનાં કામો પ્રગતિમાં છે. આ યોજના માટે રૂ.૨૨૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેનાથી થરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાના ૬૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે.
- પિયજથી ઉણાદ અને ધાંધુસણથી રેડલક્ષ્મીપુરાની પાઈપલાઈનની કામગીરી ભૌતિક રીતે પૂર્ણ કરેલ છે.
- પ્રગતિ હેઠળની ખેરવા-વિસનગર પાઈપલાઈન માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરાઇ છે. જેનાથી ૩૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે.
- સર્વેક્ષણ હેઠળની અન્ય પાઈપલાઈનો તેમજ આનુષંગિક કામો માટે રૂ. ૪૩.૫૦ કરોડની જોગવાઇ કરાઇ છે.
- સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ૧૨ પાઈપલાઈનથી હાલમાં બે કિ.મિ.ની મર્યાદામાં આવતાં ૭૩૭ તળાવો જોડવામાં આવ્યાં છે.
- રાજય સરકારે પાઈપલાઈનથી ત્રણ કિ.મિ.ની મર્યાદામાં આવતાં વધારાનાં ૨૯૫ તળાવોનું જોડાણ કરી ભરવા માટે મહત્ત્વનો નિર્ણય કરાયો છે. આ કામો માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરાઇ છે.
- અટલ ભૂજલ યોજના અંતર્ગત ભૂગર્ભ જળની ગુણવત્તા સુધારવાની અટલ ભૂજલ યોજના હેઠળ ભારત સરકારે ગુજરાત રાજયના છ જિલ્લા માટે ૫ વર્ષના સમયગાળા માટે રૂ.૭૫૭ કરોડની ફાળવણી કરાઇ છે.
- અટલ ભૂજલ યોજના હેઠળ ઉત્તર ગુજરાતના Over exploited કક્ષાના આવતા અમદાવાદ અને બનાસકાંઠા ગાંધીનગર, મહેસાણા તેમજ પાટણ જિલ્લાના તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ યોજનાની પ્રાથમિક કામગીરી માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- રાજ્યના પંચાયત સિંચાઈ વિભાગ અંતર્ગત કુલ ૩૩ જિલ્લામાં રૂ. ૧૮૩.૭૦ કરોડનાં ખર્ચે કામો હાથ ધરાયાં છે. જેનાથી આશરે ૫૩૪૩૯ હેક્ટર વિસ્તારમાં ફાયદો થશે.
- પંચાયત હસ્તકના નાની સિંચાઈ યોજના સુધારણા, કેનાલ રિપેરિંગ તેમજ પૂર સંરક્ષણ દીવાલો અને ચેકડેમ રિપેરિંગના કામો માટે રૂ. ૭૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના પાણી દ્વારા સિંચાઇ સુવિધાઓ વધારવાના આયોજનના ભાગરૂપે રૂ.૫૬૦૭ કરોડની યોજના તૈયાર કરાઇ છે, જેની સૈધ્ધાંતિક મંજૂરીની દરખાસ્ત સરકારશ્રીમાં વિચારણા હેઠળ છે. આ યોજના માટે રૂ. ૩૫ કરોડની જોગવાઇ કરાઇ છે . તેનાથી ૧,૪૨,૦૦૦ એકર વિસ્તારને સિંચાઇનો લાભ થશે.
- આદિજાતિ વિસ્તારમાં વસતા અનુસૂચિત જનજાતિના લોકો માટે કુલ રૂ.૧૩૪૯ કરોડની બજેટ જોગવાઇ કરાઇ છે.
- આદિજાતિ વિસ્તારોમાં ૧૩ મોટી ઉદ્વહન સિંચાઇ યોજનાઓ રૂ. ૫૦૪૨ કરોડના ખર્ચે હાથ ધરાઇ છે
- આ યોજનાઓથી ૧૧ જિલ્લાના ૩૧ તાલુકાનાં ૭૯૩ ગામોના ૩,૪૮,૮૧૦ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.
- આ ૧૩ યોજનાઓમાંથી ૩ યોજનાઓ પૂર્ણ થઇ છે જ્યારે ૧૦ (દસ) યોજનાઓ પ્રગતિ હેઠળ છે.
- કડાણા જળાશય આધારિત કડાણા-દાહોદ પાઇપ લાઇન યોજનાથી ૨૪,૭૦૦ એકર સિંચાઇ વિસ્તારને લાભ મળે છે.
- કડાણા જળાશય આધારિત કડાણા-દાહોદ પાઇપ લાઇનનું વિસ્તૃતીકરણ કરી દાહોદ જિલ્લાના વધુ ૧૧૦૦ એકર વિસ્તારને આવરી લેવા રૂ.૨૨૬ કરોડની ઉદ્‌વહન સિંચાઇ યોજનાનું આયોજન કરાયું છે. જેના માટે રૂ. ૧૧૦ કરોડની જોગવાઇથી ૭૪ તળાવો અને ૧૨ નદીઓ/કાંસમાં પાણી ભરવાનું આયોજન કરાયું છે.
- દક્ષિણ ગુજરાતમાં નર્મદા, સુરત અને ભરૂચ જિલ્લાના તાલુકા



માટે કરજણ જળાશય આધારિત રૂ.૪૧૮ કરોડની પાઇપ લાઇન યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ યોજના પૂર્ણ કરવા માટે રૂ. ૩૬ કરોડની જોગવાઇ કરાઇ છે. જેનાથી ૧૮૫૦૦ એકર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે.

- સુરત જિલ્લામાં રૂ.૫૯૦ કરોડના ખર્ચે કાકરાપાર-ગોરધા-વડ ઉદ્વહન પાઇપલાઇન યોજનાથી માંગરોળ અને માંડવી તાલુકાના આશરે ૪૮,૯૦૦ એકર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થયા છે. જેના માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરાઇ છે.
- ઉકાઇ જળાશય આધારિત સોનગઢ, ઉચ્છલ, નીઝર અને કુકરમુંડા તાલુકાના અંદાજે ૬૭,૨૦૦ એકર વિસ્તારને લાભ આપવા માટેની રૂ.૯૬૨ કરોડના ખર્ચે સોનગઢ-ઉચ્છલ-નીઝર ઉદવહન પાઇપલાઇન માટે રૂ. ૩૩૦ કરોડની જોગવાઇ કરાઇ છે.
- સુરત તથા નર્મદાનાં કુલ ૭૩ ગામોના ૫૩,૭૦૦ એકર વિસ્તારમાં સિંચાઇ સુવિધાનો લાભ આપવા માટે રૂ. ૭૧૧ કરોડની તાપી-કરજણ લિંક પાઇપલાઇન યોજનાનાં કામો પ્રગતિ હેઠળ છે, જેના માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઇ કરાઇ છે.
- પંચમહાલ, મહિસાગર જિલ્લાના તાલુકા માટે રૂ.૧૩૭ કરોડની અંદાજિત કિંમતની પાનમ ઉચ્ચસ્તરીય કેનાલ આધારિત યોજના માટે તથા રૂ.૩૧૫ કરોડની અંદાજિત કિંમતની પાનમ જળાશય આધારિત પંચમહાલ જિલ્લાના પૂર્વપટ્ટી વિસ્તાર માટેની યોજનાઓ માટે રૂ. ૧૮૫ કરોડની જોગવાઇ કરાઇ છે.
- સુજલામ્ સુફલામ્ કેનાલથી પાદેડી ગામ પાસેથી પાઇપલાઇન દ્વારા ખાનપુર તાલુકાનાં વિવિધ તળાવો ભરવાની રૂ. ૫૮ કરોડના અંદાજિત કિંમતની યોજનાનાં કામો પ્રગતિમાં છે. જેનો લાભિત વિસ્તાર ૪૫૦૦ એકર છે.
- કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર આધારિત મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના શિયાળ અને લુણાવાડા તાલુકાના શામણા તળાવમાંથી પાઇપલાઇન દ્વારા કડાણા, સંતરામપુર અને લુણાવાડા તાલુકાનાં વિવિધ તળાવો ભરવાની રૂ.૫૪ કરોડના અંદાજિત કિંમતની યોજનાનાં કામો પ્રગતિમાં છે. જેનો લાભિત વિસ્તાર ૨૭૦૦ એકર છે.
- સંતરામપુર તાલુકાનાં ગ્રામીણ તળાવો તથા મોરલનાકા અને બાબરી એમ.આઈ. તળાવને વડા તળાવ પાસે આવેલા પંપિંગ સ્ટેશનમાંથી પાઇપલાઇન દ્વારા લિંક કરી પાણી ભરવાની રૂ.૧૯ કરોડના અંદાજિત કિંમતની યોજનાના કામો પ્રગતિમાં છે. જેનો લાભિત વિસ્તાર ૪૭૦૦ એકર છે. ઉપરોક્ત ત્રણ કામો માટે રૂ.૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- વાત્રક નદીના જમણા તેમજ ડાબા કાંઠા પાસે વેલ પોઇન્ટ બનાવી અરવલ્લી જિલ્લાના માલપુર, મેઘરજ અને મોડાસા તાલુકાઓનાં ૬૦ તળાવો ભરી ૪૭૦૦ એકર વિસ્તારને સિંચાઇનો લાભ આપવા માટે અંદાજિત રકમ રૂ. ૧૧૨ કરોડની યોજના તથા (૨) શામળાજી પાસે આવેલ મેશ્વો જળાશયમાંથી પાણી ઉદવહન કરી ભિલોડા તથા મેઘરજ તાલુકાનાં ૨૬ તળાવો ભરી ૬૦૦૦ એકર વિસ્તારને સિંચાઇનો લાભ આપવા માટે અંદાજિત રકમ રૂ. ૫૩ કરોડની યોજનાને મંજૂરી અપાઇ છે. આ બંને યોજના માટે રૂ. ૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- આ ઉપરાંત નદી/કેનાલ અને જળાશયો આધારિત નાની ઉદવહન સિંચાઇ યોજનાઓ રૂ. ૩૪ કરોડની જોગવાઇ કરી છે.
- આદિજાતિ વિસ્તારમાંનાં જળાશયોનાં હયાત કેનાલ માળખાની સુધારણા અને સુદ્રઢીકરણ માટે રૂ.૬૮ કરોડની જોગવાઇ કરી છે.
- જળાશયોના કમાન્ડ વિસ્તારમાં સહભાગી સિંચાઇ વ્યવસ્થાપનની કામગીરી માટે રૂ.૧૬ કરોડની જોગવાઇ કરી છે.
- નાના, મોટા ચેકડેમો તથા તળાવો ઊંડાં કરી જળસંચયનો વ્યાપ વધારવા માટે રૂ. ૪૯ કરોડની જોગવાઇ કરી છે.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (Pradhan Mantri Krishi Sinchai)ના હર ખેત કો પાની (HKKP) ઘટક હેઠળ ડાંગ જિલ્લામાં ૨૫૧૨ ખુલ્લા કૂવા બનાવી સિંચાઇની સુવિધા આપવાનું આયોજન માટે રૂ.૭૦ કરોડની જોગવાઇ છે.
- જળસંચયની કામગીરી માટે રૂ.૩૧૨ કરોડની જોગવાઇ કરી છે.
- સિંચાઇ યોજનાઓની પાણીની મૂળ સંગ્રહશક્તિ જળવાઇ રહે તે માટે રાજય સરકાર દ્વારા સુજલામ સુફલામ જળઅભિયાન વર્ષ ૨૦૧૮થી હાથ ધરાયું છે.
- આ યોજના અંતર્ગત છેલ્લાં ત્રણ વર્ષમાં ૪૧,૪૮૮ કામો હાથ ધરાયાં છે. જેના કારણે ૧૩૦.૪૭ માનવદિનને રોજગારી મળી અને જળસંગ્રહ શક્તિમાં ૪૨૦૬૪ લાખ ઘનફૂટ વધારો થયો છે.
- ચેકડેમોની મરામત માટે રૂ. ૫૩ કરોડની જોગવાઇ સૂચવેલી છે.
- સાબરમતી નદીને પુનર્જીવિત કરવા માટે રૂ.૨૦૦ કરોડના ખર્ચે હાથ ધરેલી હીરપુરા અને વાસણા બેરેજ માટેના રૂ.૫૦ કરોડની જોગવાઇ તથા જળસંચય માટે રૂ. ૧૬૦ કરોડની જોગવાઇ સૂચવેલી છે.



- આદિજાતિ સિવાયના વિસ્તારની યોજનાઓના હયાત કેનાલ માળખાના સુધારણા અને સુદ્રઢીકરણ (Extension Renovation and Modernization) માટે પણ રૂ.૨૭૯ કરોડની જોગવાઇ સૂચવી છે.
- વણાંકબોરી વીયર આધારિત મહી કમાન્ડની ૨૧૦ કિ.મિ. લંબાઈની નહેરોને સી.સી. લાઈનિંગ કરવાનું તેમજ ૩૬ સ્ટ્રક્ચરનું નવીનીકરણ કરવાનું આયોજન કરાયું છે.
- કરજણ સિંચાઈ યોજનાની જમણાકાંઠા મુખ્ય નહેરમાંથી નીકળતી ધાનપોર, રૂંઢ, પોઈચા અને ગોરા ડિસ્ટ્રિબ્યુટરીની સુધારણા માટે કુલ રૂ. ૩૩ કરોડના ખર્ચે આયોજન કરાયું છે.
- હેરણ વીયર સિંચાઈ યોજનાની નહેરોની સુધારણા માટે રૂ. ૧૪ કરોડના ખર્ચે આયોજન કરાયું છે.
- દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ઉકાઇ, કાકરાપાર અને દમણગંગા જળાશયોના હયાત કેનાલ માળખાની સુધારણા અને સુદ્રઢીકરણનાં કામો પ્રગતિમાં છે. જેના થકી ૩૯,૫૨૦ એકરથી વધુ વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદૃઢ બનશે.
- સૌરાષ્ટ્ર વિસ્તારમાં હાલમાં નહેર સુધારણા (Extension Renovation and Modernization) હેઠળ શેત્રુંજી, ભાદર-૧, આજી-૨,રાવલ, મચ્છુન્દ્રી, મચ્છુ-૧, મચ્છુ-૨, હિરણ-૧, રંઘોળા અને ધાતરવડી-૧ સિંચાઇ યોજનામાં નહેર લાઇનિંગનાં કામો પ્રગતિ હેઠળ છે.
- જયારે ન્યારી-૨માં પાઇપ કેનાલનાં કામો માટે રૂ. ૬૭ કરોડની જોગવાઇ રાખવામાં આવી છે. જેના થકી ૨૩,૯૦૦ એકર વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદૃઢ બનશે.
- હયાત યોજનાઓની બંધ સુરક્ષાની કામગીરી થકી હેઠવાસના ગામોની સુરક્ષા નિશ્ચિત કરવાના આયોજનની કામગીરી માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ છે.
- કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં આવેલા વિવિધ ડેમોના આધુનિકીકરણ કરવા વર્લ્ડ બેન્ક સહાયથી ડેમ રીહેબિલિટેશન અને ઇમ્પ્રુવમેન્ટ (DRIP) પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલો છે.
- ગુજરાત રાજયમાં ફેઝ-II અંતર્ગત કુલ ૭ (સાત) ડેમનો સમાવેશ કરવા દરખાસ્ત કેન્દ્રીય જળ આયોગ, નવી દિલ્હી ખાતે રજૂ કરાઇ છે.
- આ દરખાસ્તમાં ઉત્તર ગુજરાત વિસ્તારની ધરોઇ, મધ્ય ગુજરાત વિસ્તારની કડાણા અને પાનમ, દક્ષિણ ગુજરાત વિસ્તારની ઉકાઇ અને સૌરાષ્ટ્ર વિસ્તારની હિરણ-૧, શેત્રુંજી તેમજ મછુંદ્રી યોજનાઓ છે. DRIP હેઠળ ગુજરાતના બંધોની મરામતની કામગીરી કેન્દ્ર તથા રાજ્ય સરકારના હિસ્સા (૭૦:૩૦) મુજબ હાથ ધરવાની થાય છે. જેના માટે રૂ. ૪૬ કરોડની જોગવાઇ છે.



- અનુસૂચિત જાતિના ખેડૂતો માટે નવા ટયૂબવેલ માટે રૂ.૨ કરોડની જોગવાઇ સૂચવાઇ છે.
- ભાડભૂત બેરેજ યોજના અંતર્ગત ભરૂચ પાસે નર્મદા નદી ઉપર રૂ.૫૩૨૨ કરોડની અંદાજિત ખર્ચની ભાડભૂત યોજનાની કામગીરી શરૂ કરાઇ છે.
- ભાડભૂત યોજના અંતર્ગત ભાડભૂત બેરેજના બાંધકામની કામગીરી તા.૧૫-૧૦-૨૦૨૦ ના રોજ શરૂ કરાઇ છે અને ઓક્ટોબર-૨૦૨૪માં પૂર્ણ કરવા આયોજન છે. જેનાથી ૨૧૦૦૦ મિલિયન ઘનફૂટ (૫૯૯ મિલિયન ઘનમીટર) મીઠા પાણીનો સંગ્રહ થવાથી ભૂગર્ભજળની ગુણવત્તામાં સુધારો થશે અને નર્મદા નદીમાં ૭૦ કિલોમિટર લંબાઈમાં ખારાશ અટકશે.
- આ યોજનાથી ભરૂચ જિલ્લાનાં ૧૭ ગામોને પૂરની સામે રક્ષણ મળશે. દહેજ-સુરત (હજીરા) વચ્ચેના માર્ગ અંતરમાં ૩૭ કિલોમિટર જેટલો ઘટાડો થશે.
- ભાડભૂત બેરેજના બાંધકામની કામગીરી રૂ.૪૧૬૭ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી છે. ભાડભૂત બેરેજ યોજનાના અંતર્ગત ૧૬૪૮ મીટર લાંબો બેરેજ, ૯૦ દરવાજા, નદીના બંન્ને કાંઠે ૨૦ કિલોમિટર લાંબા પૂરસંરક્ષણ પાળા, બેરેજની ઉપર ૬-લેન બ્રિજનું બાંધકામ હાથ ધરવામાં આવશે.
- આ યોજનાના બાંધકામ બાદ મરામત અને જાળવણીની કામગીરી દસ વર્ષ માટે ઇજારદારશ્રીએ કરવાની રહેશે.
- વર્ષ ૨૦૨૧-૨૨ માટે બજેટમાં આ કામગીરી માટે રૂ.૧૪૫૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

વિધાનસભા ખાતે જળસંપત્તિ પ્રભાગની અંદાજપત્રીય માંગણીઓ મંજૂર કરાવવામાં આવી હતી. આમ ગુજરાત સરકારે ઘરઆંગણે જળઅવતરણની ઝુંબેશને વેગવંતી બનાવી, ખેડૂતો હોય કે લોકો, તમામને સંતુષ્ટ કરવા પ્રયાસોમાં સફળતા મેળવી છે. ●

# સાગરખેડૂ અને મત્સ્યોધોગના સર્વાંગી વિકાસ માટે પરિણામલક્ષી પગલાં



શ્રી જવાહરભાઈ ચાવડા
કેબિનેટ મંત્રી
પ્રવાસન, મત્સ્યોદ્યોગ

**ગુજરાતના ૧૬૦૦ કિ.મિ.ના વિશાળ દરિયાકિનારાના ૧૪ જિલ્લાઓના ૧૦૫૮ ગામો મત્સ્યપાલન પર આધારિત છે. ત્યાંના લોકોનો મુખ્ય વ્યવસાય માછીમારી છે. ગુજરાતમાં ૧૦૭ નોટિફાઇડ ઉતરાણ કેન્દ્રો છે. આમ ગુજરાત રાજયનો દરિયાકિનારો દેશના દરિયાકિનારાનો આશરે પાંચમો ભાગ થાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે ફિશરીઝ ક્ષેત્ર સાથે સંકળાયેલા અસંખ્ય માછીમાર ભાઇ-બહેનોનાં જીવનધોરણને ઊંચું લઇ આવવાનાં લક્ષ્યાંક સાથે ભારત સરકારમાં નવા ફિશરીઝ વિભાગનું ગઠન કરવાનો આવકારદાયક નિર્ણય કર્યો છે. આથી નાણાકીય વર્ષ ૨૦૨૧ -૨૦૨૨ ના અંદાજપત્રમાં કુલ રૂપિયા ૪૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેનું વિહંગાવલોકન કરીએ.**

- ગુજરાત રાજ્યની મત્સ્ય પરદેશ નિકાસ દેશની કુલ મત્સ્ય નિકાસના ૨૧.૭૧ ટકા છે.
- મત્સ્યોદ્યોગ વિભાગ હસ્તક નોટિફાઈડ થયેલ કુલ૧૦૭ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો પૈકી હાલ કુલ-૮ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો રૂપેણ (જિ.દેવભૂમિ દ્વારકા), હિરાકોટ (જિ.ગીર-સોમનાથ), ધામલેજ (જિ. ગીર-સોમનાથ), ઉમરસાડી (જિ.વલસાડ), નવીબંદર (જિ. પોરબંદર), ચોરવાડ (જિ. જૂનાગઢ), સૈયદ-રાજપરા(જિ. જૂનાગઢ), સરતાનપર (જિ. ભાવનગર)ને વિકસાવવા માટેના ઇજનેરી અભ્યાસોની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.
- મત્સ્યોદ્યોગ વિભાગ હસ્તક નોટિફાઈડ થયેલ કુલ ૧૦૭ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો પૈકી હાલ ઉમરસાડીજિ. વલસાડ, ચોરવાડજિ. જૂનાગઢ ખાતે મત્સ્યઉતરાણ કેન્દ્રો પર પાઈલોટ પ્રોજેક્ટ તરીકે ફ્લોટિંગ જેટી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો નવી બાબત તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.
- ગીર સોમનાથ જિલ્લાના નવાબંદર ખાતે અદ્યતન સુવિધાઓ સાથેનું યુરોપિયન યુનિયન સ્ટાન્ડર્ડ પ્રમાણેનું મત્સ્યબંદર વિકસાવા માટે સરકાર દ્વારા રૂ. ૨૯૫.૮૫ કરોડના ખર્ચને વહીવટી મંજૂરી આપવામાં આવી છે. સદર પ્રોજેકટના ઓફ સોર સ્ટ્રકચર અને ડ્રેજિંગ કામોના ટેન્ડર ઓનલાઈન પ્રસિદ્ધ કરાયાં છે.
- મત્સ્યોદ્યોગ વિભાગ હસ્તક આવેલા નવાબંદર, માઢવાડ, સુત્રાપાડા, વેરાવળફેઝ-૨, પોરબંદર ફેઝ-૨ જેવી કુલ પાંચ અલગ અલગ જગ્યા ઉપર મત્સ્યબંદરો વિકસાવવા આયોજન હાથ ધરાયું છે.
- ભારતસરકાર દ્વારા FIDF (Fisheries and aquaculture infrastructure development fund) યોજના અંતર્ગત ઉપરોક્ત પાંચ મત્સ્યબંદરોને FIDF હેઠળ નાબાર્ડ માંથી પ્રત્યેક મત્સ્યબંદર દીઠ રૂ.૧૫૦.૦૦કરોડ, આમ કુલ રૂ.૭૫૦.૦૦કરોડની નાણાકીય સહાય(લોન) માટેની મંજૂરી આપવામાં આવી છે.
- મત્સ્યોદ્યોગ વિભાગ હસ્તક નોટિફાઈડ થયેલાં કુલ ૧૦૭ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ઉપર EOI(Expression of Interest) દ્વારા ડ્રેજિંગના કામો પીપીપી ધોરણે કરાવવા માટેની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.
- મત્સ્ય કેન્દ્રો ખાતે માળખાકીય સુવિધાઓનાં આધુનિકીરણ માટે અને મૂળભૂત સુવિધાઓને સબળ બનાવવા માટે રૂ.૨૫૦૦લાખની જોગવાઇ કરવામાં આવી છે.
- પાકિસ્તાન સત્તાવાળા દ્વારા અત્યાર સુધીમાં પકડવામાં આવેલ ૭૬૪૯(૧૯-માર્ચ-૨૦૨૧ સુધી)માછીમારો પૈકી ૭૧૨૯ માછીમારોને પાકિસ્તાન કસ્ટડીમાંથી મુકત કરાવવામાં આવ્યા છે. જેના માટે બજેટમાં રૂ. ૨૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.
- દરિયાઈ જીવસૃષ્ટિને બચાવવા અને ફક્ત પરિપકવ માછીમારી જ થાય તે હેતુથી લાઇનફિશીંગમાંબાન મૂકવાનો મુદ્દો વિચારણા હેઠળ છે.
- હાલમાં રાજ્ય સરકાર દ્વારા ૧૦૬૭૭ માછીમાર બોટધારકોને ડીઝલની ખરીદી પર ૧૦૦ ટકા વેટ રાહત ચૂકવવાની યોજના અમલમાં છે. આ સબસિડીની રકમ જિલ્લા તિજોરી મારફત માછીમાર લાભાર્થીના બેંકખાતામાં D.B.T.(ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) દ્વારા સીધી જ જમા કરાવવામાં આવે છે.
- ડીઝલ સબસિડી ઝડપથી અને સરળ રીતે માછીમારોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે માટે LPG સિલિન્ડરની સબસિડી રીતે ચૂકવવા માટે રાજ્ય સરકાર દ્વારા હાલમાં Online ડીઝલ સબસિડી માટેનું સોફ્ટવેર તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે. ●



# ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસરતા : ઇન્ડસ્ટ્રિઅલ આઉટપુટમાં ગુજરાત દેશમાં પ્રથમ

**દેશમાં સૌથી વધુ રૂા. ૧.૧૯ લાખ કરોડ વિદેશી મૂડી રોકાણ ગુજરાતમાં કરવામાં આવ્યું છે. તેનું મુખ્ય કારણ ગુજરાતમાં સલામતી, રોડ રસ્તા, ઔદ્યોગિક નીતિ, સ્કીલ્ડ લેબર, વીજળી જેવી ઉપલબ્ધતા ખૂબ સરળતાથી મળી રહે છે. વિધાનસભામાં ઉદ્યોગ વિભાગ પર અંદાજપત્રની માંગણી પર જવાબ રજૂ કરતાં ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજય દેશના સકલ ઘરેલુ ઉત્પાદ (GDP)માં 8%ની હિસ્સેદારી ધરાવે છે. રાજ્યમાં કોરોના કાળના છ માસના ટૂંકા સમયગાળામાં એટલે કે, એપ્રિલ, 2020થી સપ્ટેમ્બર, 2020 દરમિયાન રૂ.1.19લાખ કરોડનું વિદેશી મૂડીરોકાણ આવ્યું છે, જે દેશના કુલ FDI નો 53% હિસ્સો ધરાવે છે. આ બાબત રાજ્યના અપ્રતિમ વિકાસ અને અહીંની વિકાસલક્ષી નીતિઓની ગવાહી આપે છે.**

**શ્રી સૌરભભાઈએ જણાવ્યું હતું કે, ભારત સરકારના "નીતિ આયોગ"ના અહેવાલ અનુસાર, નિકાસના ક્ષેત્રમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે, જે દેશની કુલ નિકાસનો 23% હિસ્સો ધરાવે છે. વળી, સ્ટાર્ટ અપ અને લોજિસ્ટિક્સમાં પણ ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. એટલું જ નહિ, ઇન્ડસ્ટ્રિઅલ આઉટપુટમા પણ 17%ની હિસ્સેદારી સાથે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને આવ્યું છે.**

**ઉદ્યોગ વિભાગે હાંસલ કરેલી સિદ્ધિઓ અને અંદાજપત્રમાં કરવામાં આવેલી જોગવાઈઓ અંગેની વિગતો જાણીએ....**

- નવી ઔદ્યોગિક નીતિ રાજ્યમાં મોટા પાયે રોકાણો અને રોજગારી આકર્ષી રહી છે. જો ભારત સરકારના અહેવાલોને અનુસરીએ તો રાજ્યમાં બેરોજગારીનો દર સૌથી ઓછો એટલે કે માત્ર 3.4% જેટલો જ છે.
- ટેક્સટાઇલ પૉલિસીમાં રૂ.1500 કરોડ, MSME ક્ષેત્રને રૂ.1500 કરોડ, અન્ય મોટા ક્ષેત્રો : ઓટો, એરો-સ્પેસ અને ડિફેન્સ પૉલિસી માટે રૂ.950 કરોડથી વધુની જોગવાઈ, સ્વરોજગાર માટેની યોજનાઓ તથા કુટિર ઉદ્યોગો માટે રૂ.570 કરોડથી વધુની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્યમાં "બલ્ક ડ્રગ પાર્ક" તથા "મેડિકલ ડિવાઇસ પાર્ક"ને નવી બાબત તરીકે લાગુ કરીને રૂ. 25 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ગુજરાતે રૂ.1.58 લાખ કરોડનું વિદેશી મૂડીરોકાણ (ફોરેન ડિરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ) પ્રાપ્ત કર્યું, જે દેશમાં સર્વોચ્ચ છે. ગતવર્ષની સરખામણીએ વર્ષ 2020-21માં FDI નો પ્રવાહ 540% જેટલો વધ્યો છે. તેનું કારણ છે : ઘરેલુ રોકાણ અને ખાસ કરીને "ઇન્ડસ્ટ્રિયલ એન્ત્રોપ્રીનિયર મેમોરન્ડમ્સ" (IEMs) ની સંખ્યામાં થયેલો વધારો. IEMsનાં રોકાણો અને અમલીકરણ બંનેમાં ગુજરાત પ્રથમ બે ક્રમાંકિત રાજ્યોમાં છે.
- MSME Felicitation Act લાગુ કરીને નવા આવનારા તમામ "મધ્યમ અને નાનાં કદનાં સાહસો"ને



(MSME) ના રાજ્ય સરકારની મંજૂરી લેવામાંથી 3 થી 5 વર્ષની છૂટછાટો આપવામાં આવી છે.

- નિકાસ એ રાજ્યની પરંપરાગત વ્યવસાયિક દૃઢતા રહી છે. 48 મોટાં બંદરો દ્વારા રાજ્યએ માલ અને ચીજવસ્તુઓની દુનિયાના 185થી વધુ દેશોમાં નિકાસ કરી છે. ગૂડ્સ અને કોમોડિટી (માલ અને ચીજવસ્તુઓ)ની નિકાસને વેગ આપવા માટે રાજ્યના 33 જિલ્લાઓમાંથી આશરે 120થી વધુ ઉત્પાદનોની પસંદગી પણ કરવામાં આવી છે.
- અમદાવાદની નજીક 1450 એકરમાં " મલ્ટી-મોડલ લોજિસ્ટિક પાર્ક"નું નિર્માણ થશે. જે દેશનો સૌથી મોટો મલ્ટી-મોડલ લોજિસ્ટિક પાર્ક હશે. આ પાર્કના નિર્માણ માટે આશરે રૂ.50,000 કરોડનું રોકાણ કરવામાં આવશે, જે 25000થી વધુ લોકોને રોજગારી પૂરી પાડશે.
- ગુજરાતનો બેરોજગારીનો દર શહેરી વિસ્તારની શ્રેણીમાં દેશમાં સૌથી ઓછો એટલે કે માત્ર 3.4%નો છે. રાજ્ય સરકાર દ્વારા ટાટા ગ્રૂપની ભાગીદારીમાં અમદાવાદ નજીક "ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સ (IIS) નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ ઇન્સ્ટિટ્યૂટમાં આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સ, સાઇબર સિક્યુરિટી, એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ફેક્ટરી ઑટોમેશન, બિગ ડેટા એનાલિટિક્સ સહિતનાં કૌશલ્યો આધારિત અભ્યાસક્રમો ભણાવવામાં આવશે. અહીંથી આશરે 5000 વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ જરૂરી કૌશલ્યો કેળવીને પાસ થશે.
- ગુજરાત સરકારે નવી ઔદ્યોગિક નીતિ-2020 તૈયાર કરી દીધી છે, જે રાજ્યના હાલના વિકાસ દરને વધુ વેગવંતો બનાવશે. આ નીતિમાં વૈશ્વિક રોકાણનાં વલણોને જોઈને 15 મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. સ્ટાર્ટ અપ્સ શરૂ કરનારા લોકોને સોફ્ટ સ્કિલ્સની મદદ કરવામાં આવશે, જેથી તેઓ વૈશ્વિક સ્તરે પણ આગળ વધવાની આશા સેવી શકે.
- "ધોલેરા ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટ" રૂ.987 કરોડના ખર્ચે તૈયાર થશે, જે ઓક્ટોબર, 2023 સુધીમાં કાર્યરત થઇ જવાની સંભાવના છે. પ્રથમ ચરણમાં આ એરપોર્ટની ક્ષમતા 3200 મીટરના રન-વે તથા 3.5 મિલિયન પેસેંજર્સની હશે.
- "ગાંધીનગર રેલવે સ્ટેશન રિ-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ"માં રેલવે સ્ટેશન, 318 રૂમની ફાઈવ-સ્ટાર હોટેલ, મહાત્મા મંદિર કન્વેનશન એક્ઝિબિશન તથા હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડના આકર્ષણો ધરાવે છે, જે સંયુક્ત રીતે ગુજરાત સરકાર અને "ગાંધીનગર રેલ-વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ" (GARUD- ગરુડ) દ્વારા લાગુ કરવામાં આવશે, જેમાં ગુજરાત સરકાર અને રેલવે મંત્રાલયની અનુક્રમે 74:26ની ભાગીદારી રહેશે. ●

# સર્વાંગી વિકાસના પાયામાં સુદ્રઢ વહિવટી વ્યવસ્થાપન


**ગુજરાતમાં રોજગારીની ઉજ્જવળ તકોનું નિર્માણ કરી રોજગારીના ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. રોજગારીના ક્ષેત્રમાં અગ્રેસર ગુજરાત સરકાર દ્વારા સરકારમાં રોજગારીની ઉજ્જવળ તકોનું નિર્માણ થાય તે હેતુથી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જુદા-જુદા વહીવટી વિભાગોમાં સીધી ભરતી અર્થે દસવર્ષીય ભરતી કેલેન્ડર બનાવીને સમયાનુસાર ભરતીનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના યુવાનોને સરકારી સેવામાં જોડાવા એ અમારી પ્રાથમિકતા છે અને રહેશે જ. વર્ષ-૨૦૧૪ થી વર્ષ-૨૦૨૦ સુધીમાં ૧૩૫૩૦૭ અધિકારી/કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. વિધાનસભામાં સામાન્ય વહીવટ વિભાગની અંદાજપત્રીય માગણીઓ અંગે ચર્ચા કરતાં નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલે આ માહિતી આપી હતી. તેમણે ગૃહને જણાવેલી તલસ્પર્શી વિગતો પરથી ફલિત થાય છે કે ગુજરાત સરકારે પૂર્વ આયોજનનું સફળતાપૂર્વક અમલીકરણ કરી ગુજરાતના સર્વગ્રાહી વિકાસની કટિબદ્ધતા દર્શાવી છે. જેની એક ઝાંખી અત્રે પ્રસ્તુત કરવામાં આવી છે.**

- રાજ્ય સરકારના જુદા-જુદા વહીવટી વિભાગો તથા તેઓના તાબા હેઠળના ખાતાના વડાની તથા ક્ષેત્રીય કચેરીઓની જુદા-જુદા સંવર્ગની જગ્યાઓનું દસ વર્ષનું ભરતી કેલેન્ડર નિયત કરાયું છે.
- વર્ષ-૨૦૧૪, વર્ષ-૨૦૧૫, વર્ષ-૨૦૧૬, વર્ષ-૨૦૧૭, વર્ષ-૨૦૧૮, વર્ષ-૨૦૧૯ તથા વર્ષ-૨૦૨૦માં અનુક્રમે અંદાજિત ૧૯૫૦૦, ૧૬૦૦૦, ૧૫૮૦૦, ૪૫૦૦૦, ૧૦૦૦૦, ૧૧૦૨૩ અને ૧૭૯૮૪ મળીને કુલ ૧૩૫૩૦૭ અધિકારી/કર્મચારીઓની ભરતી કરાઇ હતી.
- વર્ષ-૨૦૨૦ માં વિવિધ ભરતી બોર્ડ દ્વારા ભરતી કરવામાં આવી છે. જેમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૧૯૬૨, ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ દ્વારા ૧૦૪ની ભરતી કરાઇ હતી.



- ડીજી અને આઇજી પોલીસ કચેરી, ગૃહ વિભાગ દ્વારા ૧૧,૫૪૦ અને ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ દ્વારા ૪,૩૭૮ શિક્ષકોની ભરતી કરાઇ હતી.
- કોવિડ-૧૯ લોકડાઉનના કારણે વિવિધ દેશોમાં ફસાયેલા ગુજરાતના લોકો તરફથી આવેલી ૧૮૦૦ જેટલી વિનંતી ભારત સરકારના વિદેશ મંત્રાલય તેમજ વિદેશોમાં ભારતીય મિશન કચેરીઓને મોકલાઇ હતી.
- કોવિડ-૧૯ લોકડાઉનના કારણે ફસાયેલા અને વંદે ભારત મિશન હેઠળ વિદેશોમાંથી ભારત આવનારા ગુજરાતી લોકોને જરૂરી સહાયતા પૂરી પાડવામાં આવી હતી.
- ગુજરાત રાજ્યમાં ફસાયેલા અન્ય રાજ્યોના પ્રવાસી મજૂરો/શ્રમજીવીઓના સ્થળાંતર તથા ભોજન વ્યવસ્થા અર્થે સંકલન કરી લોકડાઉનના સમય દરમિયાન આશરે ૧.૭૬ લાખથી વધુ લોકોને સહાય અપાઇ હતી.
- ભારત સરકારના મંત્રીશ્રીઓ તથા અન્ય રાજ્યોના ધારાસભ્યો તરફથી પ્રવાસી મજૂરો સંબંધિત મળેલ રજૂઆતો પરત્વે જિલ્લા પ્રશાસન તથા વિવિધ NGO નો સંપર્ક કરી જરૂરી સહાય પહોંચાડવામાં આવી હતી
- આ તમામ કાર્યવાહીનું સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીને દૈનિક ધોરણે રિપોર્ટિંગ કરવામાં આવ્યું હતું.
- જરૂરી મેડિકલ વસ્તુઓ જેવી કે ૧૬૦૦ પીપીઈ કિટ, ૯.૬૦ લાખ દવાઓ, ૧.૦૪ લાખ ફેસમાસ્ક, ૧.૧૭ લાખ હાથ મોજાં, ૧૦ હજાર ફેસ શિલ્ડ અને ૧ લાખ ગોગલ્સ GMCL, HLL, BECIL પાસેથી મેળવાયાં હતાં.
- ગુજરાત ખાતે વેન્ટિલેટર સપ્લાય કરવા માટે સુદ્રઢ સંકલન કરાયું હતું.
- કોવિડ-૧૯ મહામારીને કારણે વિદેશમાં ફસાયેલા ગુજરાતી વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ, યાત્રાળુઓ, બિઝનેસમેન અને શ્રમિકોને 'વંદે ભારત મિશન'ની કામગીરી હેઠળ પરત લાવવા કામગીરી કરાઇ હતી.
- રાજ્ય સરકારના બિન-નિવાસી ભારતીય પ્રભાગ, ગુજરાત પ્રવાસન નિગમ તેમજ આરોગ્ય વિભાગ દ્વારા તે માટે સંયુક્ત પ્રયાસો હાથ ધરાયા હતા.
- ૯૩૨ ફ્લાઈટ અને ૧ નેવલ શીપ દ્વારા ગુજરાત લવાયેલા ૧,૧૬,૭૩૬થી વધુ ગુજરાતીઓને ઇન્સ્ટિટ્યૂશનલ /હોમ ક્વૉરન્ટાઇન અંગેની કામગીરી સરકારે હાથ ધરી હતી.
- અન્ય રાજ્યોમાં લોકડાઉન દરમિયાન ફસાયેલા ગુજરાતીઓને રાજ્યમાં પરત લાવવાની સુસંકલિત સફળ કામગીરી રાજ્ય સરકારે કરી છે.
- રાજ્ય સરકારની ઉત્તમ સંકલનની કામગીરીના પરિણામરૂપે ૪,૯૭,૫૬૨ વ્યક્તિઓ અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં પરત ફર્યાં હતા.
- કોવિડ-૧૯ દરમ્યાન રાજ્યમાં કાર્યરત NGO દ્વારા બે કરોડથી વધુ ફૂડ પેકેટ્સનું વિતરણ, ૧૦ લાખ ડેટોલ સાબુ, ૧.૨૫ લાખ N-95 માસ્કનું વિતરણ કરાયું હતું.
- State Development Vision - 2030 માટે અસરકારક નીતિ ઘડવા અને વિકાસની સમીક્ષા કરવા, ગ્રામ પંચાયતથી તાલુકા પંચાયતથી જિલ્લા પંચાયત દ્વારા છેવાડાના માનવી સુધી પહોંચવાનો સરકારનો પ્રયાસ છે.
- Gujarat Socio-Economic Analytics Centre (G-SEAC) ખાતે નિષ્ણાતોની સેવાઓ મેળવવા માટે રૂ.૩૩ લાખની જોગવાઇ કરવામાં આવી છે.
- SDGsના સ્થાનિકીકરણની માટે વિવિધ જાગૃતિ માટેના કાર્યક્રમો અને ક્ષમતાવર્ધન તાલીમ કાર્યક્રમો તેમજ તે માટે audio-visual aids તૈયાર કરવા માટે રૂ.૧૨ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

નાયબ મુખ્ય મંત્રીશ્રીએ સામાન્ય વહીવટ વિભાગની રજૂ કરેલી માંગણીઓને વિધાનસભા ગૃહે મંજૂરી આપી હતી. આમ સામાન્ય વહીવટમાં ગુજરાત સરકારની કાર્યકુશળતાની ઝલક આપવા સાથે ભાવિ યોજનાઓનું ચિત્ર તેમણે રજૂ કર્યું હતું, જેમાં ગુજરાત સરકારની તમામ ક્ષેત્રોમાં સર્વગ્રાહી વિકાસની કટિબદ્ધતા વ્યક્ત થઇ હતી. ●




# રાજ્યના તમામ નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા



શ્રી પ્રદીપસિંહ જાડેજા
ગૃહ રાજ્ય મંત્રી

**ગુજરાત સરકારે રાજ્યમાં ગરીબ પરિવારો, મહિલાઓની સુરક્ષાને પ્રાધાન્ય આપી IPC, પાસા, ફિશરીઝના હયાત કાયદાઓમાં સુધારાઓ કરીને કાયદાકીય જોગવાઈઓ વધુને વધુ કડક બનાવ્યા છે. ગુજરાતમાં છેલ્લાં ૨૫ વર્ષથી સ્થિર શાસનને કારણે તેમજ રાજયના પોલીસતંત્રની ઉત્તમ કામગીરીથી શાંતિ, સલામતી અને સુરક્ષાનું જતન થઇ રહ્યું હોવાથી આજે સમગ્ર દેશમાં ગુજરાત સુરક્ષાની દૃષ્ટિએ અગ્રેસર રાજય બન્યું છે. રાજયના નાગરિકોને શાંતિ સલામતીનો અહેસાસ થાય એ માટે રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન અને નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા ગૃહ વિભાગને વધુ સુસજ્જ બનાવવા પૂરતી તકેદારી સાથે અંદાજપત્રમાં રૂા. ૭,૯૬૦ કરોડની જોગવાઈ કરી છે. વિધાનસભામાં ગૃહ વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચાનો પ્રત્યુત્તર આપતા મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ નીચેની બાબતો જણાવી હતી.**







- પોલીસ વિભાગને માત્ર માનવબળથી નહીં પરંતુ આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ કરવામાં આવશે
- છેલ્લાં દસ વર્ષમાં પોલીસ તંત્રમાં ૮૪ હજાર જેટલો માનવબળમાં વધારો કરાયો છે.
- ૧૨,૨૯૮ જગ્યાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
- અન્ય રાજ્યોની સરખામણીમાં નેશનલ ક્રાઈમ રેટની સામે ગુજરાતમાં ખૂબ જ ઓછો ક્રાઈમ રેટ
- સાયબર ક્રાઈમ અટકાવવા ૪ શહેરો ઉપરાંત તમામ રેન્જમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે
- સાયબર ક્રાઈમ માટે રાજકોટ, વડોદરા, સુરત માટે ડી.વાય. એસ.પી. સહિત ૩૩ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે.
- સુરત શહેરના ચોતરફી વિકાસને ધ્યાને રાખી આગામી દિવસોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવા સારુ ૮૬૨ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે.
- ૭૫ નવાં વાહનો આપવામાં આવશે વધારાના બે નવાં પોલીસ સ્ટેશનો શરૂ કરી દેવામાં આવ્યાં છે. તેમજ આગામી દિવસોમાં ચાર નવાં પોલીસ સ્ટેશન શરૂ કરાશે. આર્થિક ગુના નિવારણ માટે ઈકો સેલની શરૂઆત
- સુરત શહેરમાં સાયબર ક્રાઈમ સામે લડવા માટે મહેકમમાં ૪૬ નવી જગ્યાનો વધારો કરવામાં આવ્યો છે.
- ભ્રષ્ટાચારને નાથવા સારુ એ.સી.બી.ના તંત્રને વધુ સદ્રઢ કરવા સારૂ નવુ મહેકમ તથા ટેકનોલોજીથી સુસજ્જ કરવા વગેરે માટે રૂા. ૬૦ કરોડની ફાળવણી કરવામાં આવી.
- પોલીસ જવાનોને સહાયરૂપ થવા રૂા.૫૦ કરોડના ખર્ચે ૧૦ હજાર જેટલા બોડી વોર્ન કેમેરા ફાળવવામાં આવશે.
- ભારતમાં બોડી વોર્ન કેમેરાનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરનાર ગુજરાત પ્રથમ રાજય બનશે.
- VISWAS પ્રોજેક્ટ અંતર્ગત ફેઝ-૧માં રૂા. ૩૨૯ કરોડ ફાળવેલ હતા અને તેના વિસ્તૃતીકરણ માટે ફેઝ-૨માં રૂા. ૯૦ કરોડની ફાળવણી
- ફેઝ-૨માં ૫૦ જેટલા Tier - 2 શહેરો, નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, ચેકપોસ્ટ વગેરે આવરી લેવાશે
- નિર્દોષને ન્યાય મળે અને ગુનેગારોને સજા થાય તે માટે કન્વિક્શન રેટ ઈમ્પ્રુવમેન્ટ સારુ ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની કચેરીમાં ૨૯ કાયદા અધિકારીની નિમણૂક કરાશે.
- આંતરરાજય સરહદ ઉપર આવેલાં ટોલનાકાઓ ઉપર તેમજ રાજકોટ અને વડોદરા શહેરમાં રૂા.૧૫૦ કરોડના ખર્ચે વધુ ૮ હજાર કેમેરા લગાવવામાં આવશે.
- આ કામગીરીના સુચારુ સંચાલન માટે ૨૧ જેટલી નવી

જગ્યાઓ પણ ભરવામાં આવશે.

- પોલીસ સ્ટેશન સી.સી. ટીવી પ્રોજેક્ટ હેઠળ પોલીસ સ્ટેશનમાં થતી કાર્યવાહીનું મોનિટરિંગ કરવા માટે રાજ્યનાં ૬૨૨ પોલીસ સ્ટેશનમાં ૭,૩૫૪ જેટલા સી.સી. ટીવી કેમેરા ઇન્સ્ટોલ કરી કાર્યરત કરવામાં આવ્યા છે.
- સ્ટેટ ક્રાઇમ રેકર્ડ બ્યૂરો હેઠળ શરૂ કરવામાં આવેલા ઇ-ગુજકોપ પ્રોજેક્ટ મારફતે રાજ્યનાં તમામ ૬૨૫ પોલીસ સ્ટેશન અને અન્ય ૧,૩૪૮ જેટલી પોલીસ કચેરીઓને સાંકળી લેવામાં આવી છે.
- પાસપોર્ટ માટે જરૂરી પોલીસ વેરીફિકેશન ઇ-ગુજકોપની મદદથી નાગરિકો ઘેર બેઠા સરળતાથી કરી શકે છે. અત્યાર સુધીમાં ૧૬ લાખ નાગરિકોનું વેરીફિકેશન કરવામાં આવ્યું છે.
- ઇ-ગુજકોટ પ્રોજેક્ટ હેઠળ પોકેટ કોપ સેવા શરૂ કરવામાં આવી છે. જે માટે ૪,૯૦૦ જેટલા ટેબલેટ પોલીસ કર્મચારીઓને ફાળવવામાં આવશે. તે માટે નવી સેવા હેઠળ રૂા. ૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- જેલ તંત્રને અસરકારક બનાવવા વર્ષ ૨૦૨૧-૨૨માં રૂા. ૩૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- દેવભૂમિ દ્વારકા ખાતે નવી જિલ્લા જેલનું નિર્માણ હાથ ધરવામાં આવશે.
- મહિલાઓ અને બાળકોની સુરક્ષા, સલામતીને વધુ અસરકારક બનાવવા ૧૮૧ અભયમ્ હેલ્પલાઇન અંતર્ગત ૧૦૦ ઇનોવા કાર ખરીદ કરવામાં આવશે
- રાજ્યની ૧,૬૦૦ કિ.મિ. લાંબી દરિયાઇ સરહદની સુરક્ષા માટે ૨૨ કોસ્ટલ પોલીસ સ્ટેશનો, ૨૫ કોસ્ટલ ચેક પોસ્ટ, ૪૬ કોસ્ટલ આઉટ પોસ્ટ કાર્યરત
- દરિયાઇ સુરક્ષા સર્વેલન્સ માટે ૩૦ ઇન્ટરસેપ્ટર બોટ્સ, મારફતે દરિયાઇ સરહદનું અસરકારક રીતે પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.
- રાજ્યના એન્ટી કરપ્શન બ્યૂરોની કામગીરીને અસરકારક બનાવવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૦ માં એ.સી.બી. દ્વારા કન્વિકશન રેટમાં ૧૭ ટકાનો વધારો થયો છે.
- છેલ્લાં ૫ વર્ષમાં ૧૨૩ કરોડથી વધુની અપ્રમાણસરની મિલ્કતો શોધી કાઢવામાં આવી છે.
- હોમગાર્ડ અને ગ્રામ રક્ષક દળની કામગીરીને વધુ અસરકારક બનાવવા વર્ગ-૩ ના સંવર્ગની ૮૦ જગ્યાઓ ભરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે.
- પોલીસ કર્મચારીઓને અદ્યતન સુવિધાયુક્ત રહેણાકનાં મકાનો માટે તથા પોલીસ ખાતાના બિન રહેણાકનાં મકાનો માટે રૂા. ૭૩૯ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ●

# સહકારી ક્ષેત્રે સર્વાંગી વિકાસ



શ્રી ઈશ્વરસિંહ પટેલ
*સહકાર રાજ્ય મંત્રી*

**સહકારી સંસ્થાઓ એ સહકારના સાત સિદ્ધાંતો અનુસાર લોકશાહી ઢબે, નહિ નફો નહિ નુકસાનના ધોરણે, પોતાના સભાસદોના વિકાસ સાથે સમાજ પરત્વે પોતાનું ઉત્તરદાયિત્વ અદા કરતાં સ્વૈચ્છિક સંગઠનો છે. સહકારી સંસ્થાઓએ રાજ્યમાં આર્થિક ઉપાર્જનમાં તો મહત્ત્વનું યોગદાન આપેલું જ છે, સાથેસાથે રાજ્યમાં સામાજિક સમરસતાની ભાવના ફેલાવવાનું પણ અગત્યનું કાર્ય કર્યું છે. રાજ્યમાં સહકારી પ્રવૃતિના વિકાસ માટેના સાનુકૂળ વાતાવરણના કારણે જ રાજ્યમાં હાલમાં ૮૧,૦૦૦ કરતાં વધુ સહકારી મંડળીઓ કાર્યરત છે. રાજ્યમાં સહકારી પ્રવૃત્તિ વધુ મજબૂત બને અને સહકારી પ્રવૃતિ સાથે જોડાયેલ સભાસદો આર્થિક રીતે વધુ સક્ષમ બને તે માટે રાજ્ય સરકાર વિવિધ યોજનાઓ થકી સહાય આપવા કટિબદ્ધ છે. તે માટે સહકાર વિભાગ માટે આ વર્ષે રૂા.૧૩૪૬.૯૧ કરોડની અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવી છે.**

- ૧ રાજ્ય સહકારી બેંક, ૧૮ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો તથા ૯,૭૦૦ થી વધારે પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ મંડળીઓના ત્રિસ્તરીય સહકારી ધિરાણ માળખા થકી ગ્રામીણ સ્તરે જરૂરિયાતમંદ તમામ ખેડૂત ખાતેદારોને ધિરાણ મળી રહે તેવી વ્યવસ્થા રાજ્યમાં અમલમાં છે. રાજ્યના કુલ ૪૬.૬૦ લાખ ખેડૂત ખાતેદાર પૈકી ૨૭.૬૭ લાખ ખેડૂત સભાસદોને ત્રિસ્તરીય સહકારી માળખા દ્વારા આવરી લેવામાં આવ્યા.
- ખેડૂતોને વ્યાજનું ભારણ ઓછું થાય અને તેનાથી ઉત્પાદન ખર્ચ ઓછું થાય એ માટે રાજ્ય સરકારે સમયસર પાક ધિરાણ ભરતા ખેડૂતો માટે વર્ષ ૨૦૧૭-૧૮ થી ૪ ટકા વ્યાજ રાહત આપવાની યોજના અમલી.
- આ યોજના અંતર્ગત ચાલુ નાણાકીય વર્ષ માટે રૂ.૧૦૦૦ કરોડની જોગવાઇ મંજૂર થઈ છે. જેની સામે અત્યાર સુધીમાં રૂ. ૯૮૪.૧૬ કરોડની ચુકવણી કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત આ વર્ષે રૂ.૧૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- ખેડૂતોનો માલ બગડી ન જાય તે માટે રાજ્યની સંવેદનશીલ સરકાર દ્વારા રાજ્યમાં ખેત પેદાશોના સંગ્રહ માટે ગોડાઉનો ઊભાં કરવા સહાય આપવાની વિવિધ યોજનાઓ અમલમાં છે. આ યોજના અંતર્ગત પ્રાથમિક ખેતી વિષયક સહકારી

મંડળીઓને ૭૩% સુધીની સહાય આપવામાં આવે છે.

- આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૨૧૭ ગોડાઉન દ્વારા કુલ ૨.૭૩ લાખ મેટ્રિક ટનની સંગ્રહ શક્તિ ઊભી થઈ છે. તે ઉપરાંત વ્યક્તિગત ખેડૂતો, ખેતી વિષયક સહકારી મંડળીઓને ૧૦૦ થી ૫૦૦ મેટ્રિક ટનના ગોડાઉન બનાવવા પ્રોજેક્ટ કોસ્ટના ૨૫% સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૨૩૭૮ ગોડાઉન થકી ૨,૨૭,૮૮૯ મેટ્રિક ટન સંગ્રહ શક્તિ ઊભી થઈ છે.
- આ યોજના અંતર્ગત લાભાર્થીઓને અત્યાર સુધીમાં રૂ. ૨૯ કરોડ સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ-૨૦૨૧-૨૨ માટે તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘોના વિવિધ પ્રોજેક્ટ માટે ૫૦% કેપિટલ સહાયની યોજના હેઠળ રૂ.૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રાજયની બજાર સમિતિઓમાં માળખાગત સુવિધાઓ ઊભી થાય તે માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ.
- બજાર સમિતિઓમાં મોટા કદના વેરહાઉસ ગોડાઉન બનાવવા સહાય આપવાની યોજના અંતર્ગત રૂ.૧૦૦ કરોડની જોગવાઇ.
- ખેડૂતો ગ્રાહકોને સીધો જ માલ વેચી શકે જેથી તેઓને સારા ભાવ મળી રહે અને ગ્રાહકોને પણ વાજબી ભાવે ખેતપેદાશ મળી રહે તે માટે અપની મંડી યોજના અંતર્ગત જરૂરી બજાર ઊભું કરવા રૂ.૦.૫૦ કરોડની જોગવાઇ.
- ખરીદવેચાણ અને સંગ્રહવ્યવસ્થા યોજના હેઠળ રૂ.૭૮ કરોડની જોગવાઈ.
- રાજ્યની ૧૨૨ બજાર સમિતિઓને ઈ-નામ સાથે જોડવામાં આવી છે.
- ગુજરાત રાજ્યમાં શ્વેતક્રાંતિના ભાગ સ્વરૂપે ત્રિસ્તરીય સહકારી દૂધ ઉત્પાદનની વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે.ગુજરાતમાં દૂધ સહકારી પ્રવૃત્તિના નેજા હેઠળ અંદાજે ૩૫ લાખ જેટલા સભાસદો છે. જેમના થકી રાજ્યમાં દૈનિક દૂધ એકત્રીકરણ ૨૧૫ લાખ લિટર પ્રતિદિન સુધી પહોચ્યું છે.
- રાજ્યમાં આ સભાસદોને દૈનિક રૂ. ૯૦ થી ૧૦૦ કરોડ પ્રતિદિન દૂધની કિંમત ચૂકવવામાં આવી રહી છે.
- રાજ્યની દૂધ સહકારી મંડળીઓ દ્વારા લોકડાઉનના સમય દરમ્યાન પણ મંડળી સભાસદોનું ૧૭૭ લાખ લિટર તેમજ બિન સભાસદ પશુપાલકોનું દૈનિક ૧૫ લાખ લિટર દૂધ સંપાદન કરવામાં આવ્યું હતું.
- રાજ્ય સરકાર દ્વારા લોકડાઉન દરમ્યાન નાના વેપારીઓ, મધ્યમ વર્ગની વ્યક્તિઓ, વ્યક્તિગત કારીગરો તથા શ્રમિકો માટે આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અમલમાં મૂકવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત ગુજરાત રાજય સહકારી બેન્ક/જિલ્લા સહકારી બેન્કો/ મલ્ટીસ્ટેટ કો.ઓ. બેન્કો/નાગરિક સહકારી બેન્કો/ક્રેડિટ કો.ઓ. સોસાયટીઓ/ ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીઓ મારફત ૨% ના દરે લાભાર્થીઓને ૩ વર્ષની મુદ્દત માટે રૂ.૧,૦૦,૦૦૦ સુધીની રકમનું બિન તારણ ધિરાણ પૂરું પાડવામાં આવ્યું છે.
- આ યોજના અન્વયે તા ૩૦મી ઓક્ટોબર ૨૦૨૦ સુધીમાં કુલ રૂ.૧૫૬૩.૧૯ કરોડ રકમનું ધિરાણ મંજૂર. રાજય સરકારશ્રી દ્વારા ધિરાણ કરનાર સંસ્થાને ૨% થી ૪% ઈન્સેન્ટિવ તથા લાભાર્થીઓને ૬% વ્યાજ સહાયની રકમ ચૂકવવાની થાય છે. જે પરત્વે સહકારી સંસ્થાઓનેરૂ.૨૭.૧૨ કરોડની ચુકવણી. વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષના બજેટમાં રૂ.૮૦.૦૦ કરોડની જોગવાઈ.
- લોકડાઉન દરમ્યાન નાના વેપારીઓ, મધ્યમ વર્ગની વ્યક્તિઓ, વ્યક્તિગત કારીગરો તથા શ્રમિકો માટે આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-૨ અમલી.
- આ યોજના હેઠળ તારીખ:-૧૯ જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં કુલ રૂ.૯૩૯.૨૩ કરોડ રકમનું ધિરાણ મંજૂર થયું છે.
- રાજ્ય સરકારશ્રી દ્વારા ધિરાણ કરનાર સંસ્થાને ૨% થી ૪% ઈન્સેન્ટિવ તથા લાભાર્થીઓને ૪% વ્યાજ સહાયની રકમ ચૂકવવાની થાય છે. વર્ષ ૨૦૨૦-૨૧ વર્ષ માટે કન્ટિજન્સી ફંડ તથા એડિશનલ ઓથોરાઈઝેશન દ્વારા રૂ. ૧૯૮૮.૦૭ લાખની ગ્રાન્ટની ફાળવણી થઇ છે. જે પૈકી સહકારી સંસ્થાઓને રૂ.૩.૩૩ કરોડની ચુકવણી. વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં રૂ.૩૮.૦૦ કરોડની જોગવાઇ.
- રાજ્યનો સહકારી ખાંડ ઉદ્યોગ ભારત સરકાર દ્વારા શેરડીના પ્રતિ મેટ્રિકટનના જાહેર કરવામાં આવતા એફ.આર.પી. (ફેર એન્ડ રેમ્યુનરેટીવ પ્રાઇઝ) ભાવ કરતાં પણ સારા ભાવો આપે છે.
- રાજ્યના સહકારી ખાંડ ઉદ્યોગને રક્ષણ મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૨૧-૨૨માં જુદી જુદી યોજનાઓ હેઠળ રૂા.૨૫.૪૧ કરોડની જોગવાઇ .
- શેરડી પિલાણ સીઝન ૨૦૧૮-૧૯ ના શેરડી પેમેન્ટ માટે ખાંડ મિલોએ લીધેલી સોફ્ટલોન સામે, ભારત સરકારે એક વર્ષ માટે ૭% ની વ્યાજ રાહત માટેની યોજના અમલમાં મૂકી છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે આ યોજના હેઠળ ખાંડ સહકારી મંડળીઓને વ્યાજ સહાયની ચુકવણી કરવા માટે રૂા. ૨૩ કરોડની જોગવાઈ.
- વિધાનસભામાં સહકાર વિભાગની માંગણીઓ બહુમતિથી પસાર કરવામાં આવી હતી. ●

# રાજ્યનાં મહિલા અને બાળકોની સંભાળ લેતી રાજ્ય સરકાર

**મહિલાઓ તેમના સશક્તીકરણ માટે જરૂરી અધિકારો માટે જાગૃત થાય તે સમયની જરૂરિયાત છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા મહિલાઓ અને આવતીકાલનું ભવિષ્ય એવાં બાળકો માટે વિવિધ યોજનાઓના માધ્યમથી કાર્ય કરી રહી છે. આ સાથો-સાથ વર્ષ ૨૦૧૪-૧૫ થી "જેન્ડર બજેટ" તૈયાર કરવામાં આવે છે. જેન્ડર બજેટ એ મહિલાઓને વિકાસના તમામ ક્ષેત્રે મુખ્યપ્રવાહમાં લાવવા માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી મહિલાલક્ષી નાણાકીય ફાળવણી છે. આપણે જાણીએ છીએ કે, દરેક સભ્યસમાજમાં મહિલાઓનું સ્થાન મહત્ત્વનું છે. આર્ય સમાજના સંસ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીજીએ મહિલાઓને શિક્ષિત કરવા પર ભાર મૂકતાં જણાવ્યું હતુ કે, સ્ત્રીઓને શિક્ષિત અને સુસંસ્કૃત કરવાથી દેશની સાચી અને સંપૂર્ણ ઉન્નતિ શક્ય બનશે. ત્યારે સમાજમાં સંખ્યાબળની દૃષ્ટિએ પણ સમાન દર ધરાવતા મહિલાઓના વિકાસ માટે રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આ વર્ષનાં બજેટમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે રૂ.૩૫૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હવે કરીએ ગુલાબી બજેટ ઉપર એક નજર...**



શ્રી ગણપતસિંહ વસાવા
કેબિનેટ મંત્રી
આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળકલ્યાણ



શ્રીમતી વિભાવરીબેન દવે
મહિલા અને બાળકલ્યાણ રાજ્ય મંત્રી





- રાજ્ય સરકારના બજેટને મહિલાલક્ષી અભિગમથી તૈયાર કરવા માટે દર વર્ષે જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ તૈયાર કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ ના "જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ" માં કુલ રૂ. ૮૭,૧૧૧.૧૦ કરોડની મહિલાલક્ષી જોગવાઈ કરવામાં આવી છે.
- જેન્ડર બજેટ ૨૦૨૧-૨૨ માં ૮૬૭ જેટલી યોજનાઓ આવરી લેવાઈ છે. આ પૈકી ૧૮૯ જેટલી યોજનાઓ સંપૂર્ણપણે મહિલાલક્ષી છે, જેમાં મહિલાઓ અને કન્યાઓની શિક્ષણ, આરોગ્ય, પોષણ, કૌશલ્યવર્ધન અને આર્થિક સશક્તીકરણ જેવી વિશેષ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રૂ.૫૧૧૨.૮૮ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ દીકરીઓના જન્મદરમાં વધારો કરવા, શિક્ષણમાં ડ્રોપ આઉટ રેટ ઘટાડવા અને બાળલગ્ન પ્રથા નાબૂદ કરવા વહાલી દીકરી યોજના અમલમાં મૂકી છે. "વહાલી દીકરી" યોજનામાં દીકરીઓને કુલ રૂા.૧,૧૦,૦૦૦ ની સહાય આપવામાં આવે છે. આ યોજના માટે બજેટમાં રૂા.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- વિધવા સહાય યોજનાનું નામ બદલી ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ મળવાપાત્ર સહાયમાં વધારો કરી હવે રૂા.૧૦૦૦ ને બદલે રૂ.૧૨૫૦ જેટલી રકમ આપવામાં આવે છે.
- હાલમાં રાજ્યમાં ૮ લાખથી વધુ ગંગા સ્વરૂપા બહેનોને આ લાભ મળી રહ્યો છે. આ માટે વર્ષ ૨૦૨૧-૨૨ ના બજેટમાં રૂ.૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ સહાય સીધા તેમના બેન્ક એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે.
- વિધવા બહેન હોય તેનું દુઃખ આપણે સમજી શકીએ છીએ. સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે નિર્ણય કર્યો છે કે, વિધવા બહેન પુનઃ લગ્ન કરે તો તેને રૂ. ૫૦ હજારની સહાય આપવી. જે માટે વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે રૂપિયા ત્રણ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ગુજરાત એક માત્ર રાજ્ય છે જેમાં ૬ માસ થી ૩ વર્ષનાં

બાળકો, સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓને ઘરે લઇ જવા ટેક હોમ રેશન (THR) આહાર આપવામાં આવે છે. ટેક હોમ રેશન (THR) માટે આગામી વર્ષના બજેટમાં રૂ. ૫૦૦ કરોડ જેટલી જોગવાઇ કરવામાં આવી છે.

- ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ શાળાએ જતી તેમજ ન જતી તમામ કિશોરીઓ માટે પૂર્ણા યોજના અન્વયે દર મહિને સરેરાશ ૧૧ લાખ જેટલી કિશોરીઓને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં જેના માટે રૂ. ૨૨૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈનની નવી મોબાઈલ એપ્લિકેશનમાં હિંસાથી પીડિત મહિલાઓને જરૂરી માર્ગદર્શન એક જ જગ્યાએથી મળી રહે. અત્યાર સુધીમાં ૮ લાખ ૨૫ હજારથી વધુ મહિલાઓને આ સેવા પૂરી પાડવામાં આવી છે. ૧ લાખ ૬૬ હજાર મહિલાઓને રેસ્ક્યુ વાનની સેવા પૂરી પાડવામાં આવી છે. ચાલુ વર્ષના બજેટમાં આ અંગે રૂ. ૧૧.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- રાજ્યની મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને, કુટુંબના આર્થિક વિકાસમાં ફાળો આપી શકે તે માટે ગૃહઉદ્યોગ, વ્યવસાય શરૂ કરવા માટે ગુજરાત રાજ્ય આર્થિક વિકાસ નિગમ દ્વારા મહિલા સ્વાવલંબન યોજના અમલમાં લાવવામાં આવેલ છે. છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૫૭૯, બહેનોને રૂ. ૯,૬૭,૪૮,૬૯૦ લોન તથા રૂ. ૩,૦૪,૩૧,૦૮૭ સબસિડી આપવામાં આવી છે. ●



# વાત વન અને પર્યાવરણ ક્ષેત્રે વિકાસની



શ્રી ગણપતસિંહ વસાવા
કેબિનેટ મંત્રી
આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળકલ્યાણ



શ્રી રમણલાલ પાટકર
વન રાજ્ય મંત્રી

**વૃક્ષ અને વનોના લાભોથી સૌ કોઈ માહિતગાર છે. વૃક્ષો અને વન માનવીને ઘણું બધું આપે છે, છતાં બદલામાં કોઇ અપેક્ષા રાખતું નથી. વૃક્ષો આપણા એક વફાદાર મિત્ર તરીકે હંમેશાં કાર્ય કરે છે. પર્યાવરણની સુરક્ષા એ આજની સૌથી મહત્ત્વની જરૂરિયાત છે. ગ્લોબલ વોર્મિંગની પડકારજનક સમસ્યાને પહોંચી વળવા માટે વિશ્વમાં અનેક પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે આ પ્રયાસોમાં ગુજરાત પણ સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં વન અને વન બહારના વિસ્તારમાં વૃક્ષોનો વધારો થાય, લોકભાગીદારી થકી વન અને વન્ય સૃષ્ટિનું રક્ષણ થાય, વન ઉપર આધારિત લોકોની આજીવિકામાં વધારો થાય, તે માટે વન વિભાગ દ્વારા અગાઉના વર્ષોમાં અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકેલી છે. વન વિભાગની આ તમામ પ્રવૃત્તિઓને પૂર્ણ કરવા માટે રાજ્ય આયોજન હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષ માટે રૂ.૧૭૮૪ કરોડની કુલ જોગવાઇ કરવામાં આવી છે. તો ચાલો કરીએ આ લીલાછમ વિકાસ પર એક નજર...**

- રાજયમાં અત્યાર સુધીમાં સ્થાપિત ૨૦ સાંસ્કૃતિક વનોનાં નવીનીકરણ અને આધુનિકીકરણ માટે વર્ષ ૨૦૨૧-૨૨ ના



બજેટમાં રૂ.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

- રાજ્ય કક્ષાના વન મહોત્સવની ઉજવણીની સાથે "સાંસ્કૃતિક વન" નિર્માણ કરવાનો નવો અભિગમ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં અત્યાર સુધીમાં કુલ-૨૦ સાંસ્કૃતિક વનોનાં નિર્માણ કરવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૨૦-૨૧માં રાજકોટ આજી ડેમ વિસ્તાર ખાતે રામ વન નામે સાંસ્કૃતિક વન ઊભું કરવામાં આવ્યું છે.
- રાજયમાં આવેલાં વનોના વિકાસ અને સંવર્ધન હેતુસર રૂ.૨૮૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- વન વિસ્તાર સિવાયના વિસ્તારોમાં સામાજિક વનીકરણને વેગવંતુ બનાવવા માટે રૂ.૨૧૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- યુઝર એજન્સી પાસેથી મળેલ રકમમાંથી વળતર વનીકરણ અને વન વિકાસની કામગીરી માટે કેમ્પા ફંડ અંતર્ગત રૂ.૧૮૨ કરોડની જોગવાઇ
- વન્યપ્રાણીની વ્યવસ્થા અને વિકાસ માટે રૂ.૧૭૬ કરોડની જોગવાઇ કરાઇ છે.
- ઘાસચારા સ્વાવલંબન યોજના અંતર્ગત ૨,૪૪૦ હેકટર ઘાસિયા મેદાનોને પુન:જીવિત કરી ઘાસ ઉત્પાદન ક્ષમતા વધારવા અને ઘાસ ગોડાઉન બાંધકામ માટે વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં રૂ.૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- અછત અથવા કુદરતી આફત વખતે માલઢોર માટે ઘાસ ઉપલબ્ધ કરાવવા સારુ વન વિભાગ દ્વારા ઘાસ ઉત્પાદન કરતા વીડી વિસ્તારનું વ્યવસ્થાપન કરવામાં આવે છે. અછતની પરિસ્થિતિ વખતે મહેસૂલ વિભાગના હુકમો પ્રમાણે આ ઘાસનું અછતગ્રસ્ત વિસ્તારમાં વિતરણ કરવામાં આવે છે. આગામી સમયમાં ઘાસની સંગ્રહશક્તિ વધારવા માટે ૧૦૦ જેટલાં નવાં ગોડાઉન બનાવીને બે કરોડ કિ.ગ્રા.ની ઘાસની સંગ્રહશક્તિ





વધારવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે

- કેવડિયા ખાતે વિશ્વ વિખ્યાત સ્ટેચ્યૂ ઓફ યુનિટી પરિસરમાં ૧૪૦ હેકટર વિસ્તારમાં સરદાર પટેલ ઝૂઓલોજિકલ પાર્ક બનાવવામાં આવશે. જે દેશ-વિદેશના પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.
- વન વિસ્તાર બહારના વૃક્ષની સંપદા દૃષ્ટિએ દિલ્હી અને ગોવા જેવાં નાનાં રાજ્યો પછી ગુજરાત દેશમાં ત્રીજું સ્થાન ધરાવે છે. રાજ્યમાં ૨૦૦૩ માં વૃક્ષોની સંખ્યા ૨૫.૧૦ કરોડ હતી, જે ૨૦૧૭ ની ગણતરી પ્રમાણે ૩૪.૩૫ કરોડ થયો છે. એટલે કે ૩૬.૮૫ % જેટલો વધારો થયો છે.
- ગુજરાત રાજ્ય ૧૬૦૦ કિ.મિ. જેટલો લાંબો દરિયાકિનારો ધરાવે છે. ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના ૨૦૧૭ ના સર્વે મુજબ ગુજરાતમાં ૧૧૭૭ ચો.કિ.મિ. જેટલા વિસ્તારમાં ચેર આવેલા છે. વિસ્તારની દૃષ્ટિએ ચેરની બાબતમાં ગુજરાત પશ્ચિમ બંગાળના સુંદરવન પછી સમગ્ર ભારતમાં બીજા ક્રમે આવે છે.
- ઉતરાયણ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થયેલ પક્ષીઓને સારવાર આપી બચાવવા માટે શ્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરણાથી વર્ષ ૨૦૧૭ થી રાજય વ્યાપી ‘‘કરુણા અભિયાન’’ ઉજવવામાં આવે છે. જેમાં અત્યાર સુધી ૫૫૧૪૫ ઘવાયેલાં પક્ષીઓની સારવાર કરી ૫૦૯૦૦ જેટલા પક્ષીઓને બચાવવામાં આવ્યા છે.
- ગુજરાતની ઓળખ સમાન સિંહોનાં સંરક્ષણ અને સંવર્ધન માટે રાજય સરકાર કટિબધ્ધ છે. વર્ષ ૨૦૨૦ માં કરાયેલ પૂનમ અવલોકનની વસ્તી ગણતરીમાં સિંહોની સંખ્યા ૬૭૪ જેટલી થઈ છે. સિંહોની સંખ્યામાં ૨૯ ટકા જેટલો વધારો થયેલ છે, જે ગુજરાત રાજ્ય માટે ગૌરવની વાત છે. ●

# ઉડીને આંખે વળગે એવો ગુજરાતમાં ગ્રામ વિકાસ



શ્રી જયદ્રથસિંહ પરમાર
પંચાયત રાજ્ય મંત્રી

**રાજ્યના કોઇપણ છેવાડે વસતો, કોઇપણ સમુદાય ખભેખભા મિલાવીને રાજ્યના વિકાસમાં સીધા ભાગીદાર બને તેવી વિકાસલક્ષી નીતિ સાથે ગુજરાતમાં પંચાયતીરાજ વ્યવસ્થાનું અમલીકરણ થઇ રહ્યું છે. નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસનાં કામો સહિત તેની પસંદગી અને કામોનો અગ્રતાક્રમ ગ્રામસભા અને ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન (GPDP)ના માધ્યમથી નક્કી કરે તેવો નિર્ણય કરીને પંચાયતીરાજને વધુ સુદ્રઢ બનાવ્યું છે. ગુજરાત સરકારે લોકભાગીદારીથી ગામનો સર્વાંગી વિકાસ થાય અને પ્રજાને તેમની મૂળભૂત જરૂરિયાતો સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે કટિબદ્ધતા દર્શાવી છે. નવીન પંચાયત ઘર કમ તલાટી આવાસ યોજના, સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ગામડાઓમાં ડોર ટુ ડોર ઘન કચરાનું એકત્રીકરણ, ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના, સમરસ યોજના, માનવબળની ભરતી વગેરે જેવી યોજનાઓ અને નિર્ણયો વડે ગુજરાતનાં ગામડાઓ આદર્શ ગામ બની રહ્યાં છે અને વિકાસ માટે કેસ સ્ટડી રૂપ સાબિત થઇ રહ્યાં છે.**

**ગામડાના વિકાસ માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકારે કરેલા આયોજન પર એક નજર...**

- રાજ્યનાં ગામોમાં પ્રત્યેક ગ્રામ પંચાયતને તબક્કાવાર તેનું ગ્રામ પંચાયત ઘર સોલાર રૂફટોપની સુવિધા સાથે ઉપલબ્ધ કરાવવા નવી નીતિ બનાવવાની કાર્યવાહી પૂર્ણ થવાના આરે.
- ૧૫મા નાણાપંચ હેઠળ મળનાર ગ્રાન્ટમાંથી ૭૦ ટકા ગ્રાન્ટ ગ્રામ પંચાયતોને, ૨૦ ટકા ગ્રાન્ટ તાલુકા પંચાયતોને અને ૧૦ ટકા ગ્રાન્ટ જિલ્લા પંચાયતોને ફાળે.
- માદરે વતન યોજના માટે મેચિંગ રકમ માટે બજેટમાં રૂ.૧૦૦ કરોડની જોગવાઇ.
- સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના હેઠળ ગ્રામ પંચાયતના સફાઇકરની વસૂલાતના આધારે પ્રોત્સાહક ગ્રાન્ટની ફાળવણી.
- સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ માટે રૂ.૬૦ કરોડની જોગવાઇ.
- મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ગામડાઓમાં ડોર ટુ ડોર ઘન કચરાનું એકત્રીકરણ કરવા માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ગ્રામ પંચાયતોને વ્યક્તિદીઠ માસિક રૂ.૨ ને બદલે રૂ.૪ આપવાનો નિર્ણય, જે અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૧૭૫.૨૦ કરોડની જોગવાઇ.




- વર્ષ ૨૦૨૧-૨૨માં ગ્રામ પંચાયતોમાં વેરા વસૂલાતને પ્રોત્સાહન આપવા માટે ચાલુ વર્ષની વસૂલાતની ટકાવારી ૮૦% થી વધુ હોય તો તેવી ગ્રામ પંચાયતોને ચાલુ વર્ષના વસૂલાતના ૫૦% અથવા મહત્તમ રૂ.૫ લાખ જે પૈકી ઓછું હોય તેટલી રકમ પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે આપવા માટે રૂા.૧૦ કરોડની નવી બાબત ઉમેરી મંજૂર કરવામાં આવી.
- વર્ષ ૨૦૨૧-૨૨માં સુરત,વલસાડ, વડોદરા અને ભરૂચ જિલ્લાઓની અમલાખાડી, ઢાઢર, અમરાવતી, કોલક, બાલેશ્વર અને કીમ નદી પરના પંચાયત વિસ્તારમાં આવતા ૧૯ ગામોમાં સ્વચ્છતા અને શુદ્ધીકરણ માટે કુલ રૂ.૫ કરોડની નવી બાબત ઉમેરી મંજૂર કરવામાં આવી.
- નવીન પંચાયત ઘર કમ તલાટી આવાસ યોજના અંતર્ગત રૂ.૨૩૫ કરોડના ખર્ચે કુલ ૨૦૭૭ નવીન ગ્રામ પંચાયત મકાનોનાં કામ પૂર્ણ.
- રિપેરિંગ ન થઇ શકે તેવી તમામ ગ્રામ પંચાયતોને આગામી ૨ વર્ષમાં તબક્કાવાર નવીન બનાવવાનો નિર્ણય, જે માટે વર્ષ ૨૦૨૧-૨૨માં રૂા.૬૦ કરોડની જોગવાઇ.
- પંચાયતઘરોને રિપેરિંગ કરવા માટે પંચાયત ઘરદીઠ રૂ.૫ લાખ સુધીની ફાળવણી વર્ષ ૨૦૨૧-૨૨માં રૂા.૮ કરોડની જોગવાઇ.
- ગ્રામ પંચાયત એસેટ અને રેકર્ડની વ્યવસ્થિત જાળવણી તેમજ કામોનું ડુપ્લિકેશન ન થાય તે માટે જીઓ-ટેગિંગ એસેટ રજિસ્ટર તૈયાર કરવા માટે રૂ.૫ કરોડની નવી બાબતનું ઉમેરણ.
- નવીન બનેલ ગ્રામ પંચાયત કચેરીના મકાન પર તબક્કાવાર સોલાર રૂફટોપ સિસ્ટિમ લગાવવા માટે રૂ.૬ કરોડની નવી









બાબત મંજુર.


- વર્ષ ૨૦૨૧-૨૨થી જૂના તાલુકાઓમાં નવીન સ્ટાફ ક્વાર્ટર બનાવવા માટે રૂ.૩૦ કરોડની જોગવાઇ.
- જિલ્લા પંચાયતોમાં રેકર્ડની વ્યવસ્થિત જાળવણી માટે કોમ્પેક્ટર સાથેનો રેકર્ડ રૂમ બનાવવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ.
- નવીન બનેલ જિલ્લા/તાલુકા પંચાયત કચેરીના મકાન પર તબક્કાવાર સોલાર રૂફટોપ સિસ્ટિમ લગાવવા માટે રૂ.૪ કરોડને મંજુરી.
- ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત ૨૦૨૧-૨૨માં રૂ.૮૯.૫૫ કરોડની જોગવાઇ.
- ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત રાજયના ૧૪૧૭૯ ઇ-ગ્રામ સેન્ટર ખાતેથી ઈ-સેવાઓનું વિસ્તરણ
- ગવર્મેન્ટ ટુ સિટીઝન (G2C) સેવાઓ જેવી કે આર.ઓ.આર., સિનિયર સિટીઝન પ્રમાણપત્ર, જન્મ-મરણ પ્રમાણપત્ર, ટેક્ષ કલેકશન, આવકનો દાખલો, વિધવા પ્રમાણપત્ર, કામચલાઉ રહેઠાણનો દાખલો જેવી સુવિધાઓ ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત પૂરી પાડવામાં આવે છે.
- બિઝનેસ ટુ સિટીઝન (B2C)સેવાઓ જેવી કે વીજળી બીલ, ગેસ બિલ, ટેલિફોન/મોબાઇલ બિલ કલેકશન, ખાનગી વીમા કંપનીના પ્રીમિયમ કલેકશન, ડી.ટી.એચ. રિચાર્જ , રેલ્વે, બસ અને હવાઇ મુસાફરી માટેની ઇ-ટિકિટ બુકીંગ વગેરે પૂરી પાડવામાં આવે છે.
- સમરસ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ રૂા.૬ કરોડની જોગવાઇ.
- સરકાર દ્વારા ખાલી પડનાર અને ખાલી પડેલ જગ્યાઓ ધ્યાને લઇને વર્ષ ૨૦૨૧માં આ જ કેડરોમાં ૮૫૦૯ જગ્યાઓ ભરવાનું અમારી સરકારનું આયોજન.
- રૂર્બન યોજના હેઠળ "આત્મા ગામડાનો સુવિધા શહેરની" આ મંત્ર સાથે જે તાલુકાનું મુખ્ય મથક ગ્રામ પંચાયત હોય તો, આદિજાતિ વિસ્તારનાં ૭,૦૦૦ થી વધુ અને અન્ય ગામોમાં ૧૦,૦૦૦થી વધુ વસ્તી ધરાવતાં ગામોનો યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.
- ભૂગર્ભ ગટરનાં કામો પૂર્ણ કરવા વર્ષ ૨૦૨૧-૨૨માં રૂા.૪૦ કરોડની જોગવાઇ. ●

# સરદાર સરોવર યોજના સાચા અર્થમાં જીવાદોરી



નાણા, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા

શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રીશ્રી



શ્રી યોગેશભાઈ પટેલ
નર્મદા રાજ્ય મંત્રી

**ગુજરાતના સર્વાંગી વિકાસ માટે સરદાર સરોવર યોજના સાચા અર્થમાં જીવાદોરી પુરવાર થઇ રહી છે. સરદાર સરોવર યોજના પૂર્ણ થતા ગુજરાતની પ્રજાનું વર્ષો જૂનું સ્વપ્ન સાકાર થયું છે, જેના પરિણામે તબક્કાવાર સિંચાઇનો લાભ મળતા કૃષિ ક્ષેત્રે અદ્ભુત ક્રાંતિ થતાં ખેડૂતો આજે ખુશ છે. જેના સુફળરૂપે આગામી સમયમાં ખેડૂતોની આવક બમણી થશે તેવો વિશ્વાસ રાજ્ય સરકારની કામગીરીમાંથી વ્યક્ત થઇ રહ્યો છે.**

**વિધાનસભા ખાતે નર્મદા વિકાસ યોજના વિભાગની અંદાજપત્રીય માગણીઓની ચર્ચાનો જવાબ આપતાં નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, સરદાર સરોવર યોજના એ એક આંતરરાજ્ય અને બહુહેતુક મોટી યોજના છે. જેના થકી ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશને પાણીનો લાભ મળે છે. વર્ષ ૧૯૪૬ એટલે કે આઝાદી પહેલાં ગુજરાતના પનોતા પુત્ર અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલે વચગાળાની સરકારમાં જોડાતાંની સાથે યોજનાના સ્વપ્નને સાકાર કરવાનો વિચાર મૂક્યો. વર્ષ ૧૯૫૯માં આ યોજના માટે વિધિવત દરખાસ્ત થઇ અને ૫ એપ્રિલ ૧૯૬૧ ના રોજ નર્મદા બંધનો શિલાન્યાસ થયો.આખરે ગુજરાતની પ્રજાનું વર્ષો જૂનું સ્વપ્ન સાકાર થયું તથા તબક્કાવાર સિંચાઇનો લાભ મળતા કૃષિ ક્ષેત્રે અદ્ભુત ક્રાંતિ થઇ- ખેડૂતો રાજી રાજી. ૧૨૧૦ મીટર લંબાઇ તથા ૧૬૩ મીટર ઊંચાઇ ધરાવતા કોંક્રિટ ગ્રેવિટી ડેમનું બાંધકામ તેના સ્પીલવે ઉપરના ૩૦ રેડિયલ ગેટ સહિત પૂર્ણ થતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે ડેમને રાષ્ટ્રાર્પણ કરાયો છે. સરદાર સરોવર બંધની વિગતો તેઓએ ગૃહમાં રજૂ કરી હતી.**

- સરદાર સરોવર મુખ્ય બંધની છલતીની સપાટી ૧૨૧.૯૨ મીટર સુધીનું બાંધકામ તા.૩૧ ડિસેમ્બર ૨૦૦૬ના પૂર્ણ કરાયું હતું.
- નર્મદા કંટ્રોલ ઑથોરિટીની ૮૬મી આકસ્મિક બેઠકમાં તા.૧૨-જૂન ૨૦૧૪ના રોજ સરદાર સરોવર બંધની ઊંચાઈ વધારવાની મંજૂરી આપવામાં આવી
- ૩૦ રેડિયલ ગેટ બેસાડવાની (ખુલ્લા રાખવાની સ્થિતિમાં) સાથે આ વિશાળ કાર્ય નિર્ધારિત સમય કરતા ૯ માસ વહેલા પૂર્ણ કરવામાં આવ્યું.
- સરદાર સરોવર મુખ્ય બંધની કામગીરી તેના નિર્ધારિત સમય કરતાં ૯ માસ વહેલી પૂર્ણ કરવાની સિદ્ધિ બદલ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરિગેશન અને પાવર CBIP દ્વારા "બેસ્ટ કન્સ્ટ્રક્શન એજન્સી"નો CBIP એવોર્ડ-૨૦૧૮ એનાયત કરવામાં આવ્યો.
- નર્મદા કન્ટ્રોલ ઑથોરિટીની ૮૯મી આકસ્મિક બેઠકમાં તા.૧૬ જૂન ૨૦૧૭ના રોજ ડેમના દરવાજા બંધ કરવાની મંજૂરી મળતા બીજા જ દિવસે ડેમના દરવાજા બંધ કરવામાં આવ્યા.
- સરદાર સરોવર ડેમના દરવાજા બંધ થતા ડેમની ઊંચાઈ તેની પૂર્ણ જળાશય સ્તર સુધી એટલે કે (એફ.આર.એલ) ૧૩૮.૬૮ મી. સુધીની થઈ
- જેથી સરદાર સરોવરમાં કુલ ૭.૬૭ મિલિયન એકર ફીટ (૩ મીલીયન એકર ફીટ ડેડ સ્ટોરેજ તથા ૪.૬૭ મીલીયન એકર ફીટ જીવંત સંગ્રહ) પાણીનો જથ્થો સંગ્રહ કરી શકવાની ક્ષમતા થઈ
- સરદાર સરોવરમાં જીવંત સંગ્રહ શક્તિ ૧.૨૭ મિ.લિ. એકર ફીટથી વધીને ૪.૭૩ મિ.લિ. એકર ફીટ થતાં આશરે ૩.૭૫ ગણી વધેલ. જેના લીધે ૬.૮ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ માટે પાણી ઉપલબ્ધ કરી શકાય તેમ છે.
- સરદાર સરોવર ડેમની ઊંચાઇ વધતાં જળવિદ્યુત ઉત્પાદન શક્તિમાં ૪૦%નો વધારો થયો.
- ચોમાસું ૨૦૧૯ દરમિયાન ડેમને ૧૩૮.૬૮ મીટર સુધી પ્રથમ વખત ભરવામાં આવ્યો તથા સતત બીજા વર્ષે પણ ૧૩૮.૬૮ મીટર સુધી ભરવામાં આવ્યો.
- નર્મદા યોજનાની મુખ્ય નહેરમાંથી નીકળતી શાખા નહેરો તથી તેની વિતરણ પદ્ધતિની નહેરો દ્વારા ઉત્તર ગુજરાત વિસ્તારના મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ૧૬ તાલુકાનાં ૬૪૬ ગામોના કુલ ૪,૩૪,૩૩૫ હેક્ટર વિસ્તારને સિંચાઇ હેઠળ આવરી લેવાયો છે.
- મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાની વિવિધ નહેરોની કુલ ૧૬,૪૧૭ કિ.મિ. લંબાઇ પૈકી કુલ ૧૬,૦૫૦ કિ.મિ. નાં કામો પૂર્ણ થયા છે.
- ૪,૩૪,૩૩૫ હેક્ટર પિયત વિસ્તાર પૈકી કુલ ૪,૨૯,૨૦૮ હેક્ટર માઈનોર સુધી વિસ્તાર વિકસિત થયેલ છે.
- ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન એન્ડ જીયો-ઈન્ફોર્મેટીક (BISAG) દ્વારા જાન્યુઆરી ૨૦૨૧ની સેટેલાઈટ ઈમેજરીના ઉપયોગથી અભ્યાસ કરાયો
- ચાલુ સાલે નર્મદાના પાણીથી ઉત્તર ગુજરાતમાં કુલ ૨,૯૫,૯૫૬ હેક્ટર પિયત વિસ્તારમાં રવી સિંચાઇ થઇ છે.
- ઉત્તર ગુજરાતમાં નર્મદા યોજનાના કારણે આ વિસ્તારમાં પીવાના પાણીનો પ્રશ્ન હલ થઇ ગયો છે
- આ વિસ્તારના ખેડૂતો સમયસર અને નિયમિત પાણી ઉપલબ્ધ

થતાં વિવિધ પ્રકારના પાકો લેતા થયા છે.

- નર્મદા યોજના અંતર્ગત ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં અનુક્રમે ૪૬૯, ૪૨૧ અને ૭૯૭ ગામોમાં અને અનુક્રમે ૯, ૫ અને ૭ શહેરોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે.
- પિયત વિસ્તાર બહારના સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૨૭૧ અને ૬૮૮ ગામો અને બંન્ને જિલ્લાના પાંચ શહેરોને પણ પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે.
- કચ્છ શાખા નહેરની કુલ લંબાઇ ૩૫૭.૧૮ કિ.મિ. લંબાઇ પૈકી ૩૩૬.૫૦ કિ.મિ. લંબાઇનાં કામો ફેબ્રુઆરી-૨૦૨૧ સુધીમાં પૂર્ણ એટલે કે ૯૪% પૂર્ણ થયાં છે. જ્યારે બાકીની ૨૦.૬૮ કિ.મિ. લંબાઇમાં કામો પ્રગતિમાં છે.
- કચ્છ જિલ્લામાં હાલ રૂ.૧૨૨૨ કરોડનાં કુલ ૧૯ કામો પ્રગતિમાં છે.
- ૩૫૭ કિ.મિ. લંબાઇની કચ્છ શાખા નહેર અને તેની ઉપર ત્રણ પંપીંગ સ્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ત્રણ પંપિંગ સ્ટેશન થકી કચ્છ જિલ્લાના સાત તાલુકાનાં ૧૮૨ ગામોના કુલ ૧,૧૨,૭૭૮ હેક્ટર પિયત વિસ્તારને સિંચાઇનો તેમજ ૮૭૭ ગામો અને ૧૪ શહેરોને પીવાનું નર્મદાનું પાણી આપવાનું આયોજન છે.
- કચ્છ શાખા નહેરની ૨૧૫ કિ.મિ. લંબાઇ સુધી પાણી વહન કરી મે-૨૦૧૭માં વડાપ્રધાનશ્રીના હસ્તે ટપર ડેમમાં પાણી ભરાયું હતું. જેનો લાભ કચ્છના જિલ્લાને મળ્યો છે.
- કચ્છ જિલ્લાના સુવઇ મોટી સિંચાઇ ડેમ, ફતેગઢ મોટી સિંચાઇ ડેમ, ફતેગઢ નાની સિંચાઇ ડેમ, લાકડાવાંધ ડેમ નર્મદાનાં પાણીથી ભરી આ યોજનાના વિસ્તારોમાં પણ સિંચાઇ માટે પાણી પૂરું પાડવામાં આવેલ છે.
- નર્મદા યોજનાની વિવિધ નહેરો થકી કચ્છ જિલ્લાના ૩૩,૭૯૧ હેક્ટર પિયત વિસ્તારને ચાલુ રવી સીઝનમાં સિંચાઇનો લાભ મળી રહ્યો છે.
- કચ્છ શાખા નહેરના ત્રણેય પંપિંગ સ્ટેશનની ઉદવહન ક્ષમતા વધારવા માટે વિસ્તરણના ૬૮૨ કરોડનાં કામ પૈકી ૯૪% કામો પૂર્ણ થયાં છે.
- કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાની નહેરો પાછળ અત્યાર સુધી કુલ રૂ. ૩,૨૭૨ કરોડનો ખર્ચ થયો છે. હાલમાં રૂ.૧૨૨૨ કરોડનાં કુલ ૧૯ કામો પ્રગતિમાં છે.
- કચ્છ જિલ્લામાં નર્મદા યોજના આધારિત કચ્છ જિલ્લાનાં ૮૭૭ ગામો અને ૧૪ શહેરોને પીવાનું નર્મદાનું શુદ્ધ પાણી આપવામાં આવી રહ્યું છે.
- નર્મદા યોજના અંતર્ગત સૌરાષ્ટ્ર શાખા નહેરની કુલ લંબાઇ ૧૦૪.૪૬ કિ.મિ.નું કામ પૂર્ણ કરી ૭૧ મીટર સુધી એટલે કે ૨૪ માળ સુધી પાણીનું ઉદ્વહન કરી સૌરાષ્ટ્રના તરસ્યા વિસ્તારોને પહોંચાડાયું છે.
- નર્મદાના પૂરના વધારાના પાણી પૈકી એક મિલિયન એકર ફીટ પાણી (૪૩,૫૦૦ મિલિયન ઘન ફૂટ) સૌરાષ્ટ્ર વિસ્તારને ફાળવાયું છે.
- સૌરાષ્ટ્રનાં ૧૧૫ હયાત જળાશયો ભરીને સિંચાઈ વ્યવસ્થા વધુ મજબૂત કરીને આશરે ૯૭૦ કરતાં વધુ ગામોના ૮,૨૪,૮૭૨ એકર જેટલા વિસ્તારમાં પિયતનો તથા પીવાનું પાણીનો લાભ આપવાનું આયોજન “સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ યોજના”મારફતે કરાયું છે.
- સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોને આવરી લેતી ચાર લિંક પાઈપ લાઈન નહેરો તરીકે આયોજન કરવામાં છે.
- લિંક-૧- મચ્છુ-૨ બંધથી સાની બંધ સુધી (૨૦૮ કિ.મિ.) લિંક-૨- લીંબડી-ભોગાવો-૨ બંધથી રાયડી બંધ સુધી (૨૯૯ કિ.મિ.) લિંક-૩- ધોળીધજા બંધથી વેણુ-૧ બંધ સુધી (૨૯૯ કિ.મિ.) લિંક-૪-લીંબડી-ભોગાવો-૨બંધથી હીરણ-૨બંધ સુધી(૫૬૫ કિ.મિ.) સમગ્ર યોજના ત્રણ તબક્કામાં અમલીકરણ કરવાનું સુનિશ્ચિત થયું છે.
- પ્રથમ તબક્કાનાં ૧૨ પેકેજોનું કામ પૂર્ણ થવાથી ૧૬ જળાશયો દ્વારા ૧,૬૬,૦૦૫ એકરમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થઇ છે. ચાર શહેરી વિસ્તાર અને ૪૯૦ ગામોમાં પીવાના પાણીની સુવિધા ૫ (પાંચ) જળાશયો દ્વારા ઉપલબ્ધ થઇ છે.
- સૌની યોજનાના ચારેય લિંકના બીજા તબક્કાના રૂ.૬૪૭૩ કરોડનાં ૧૨ પેકેજો પૈકી ૯ પેકેજો પૂર્ણ થયાં છે જ્યારે ૩ પેકેજની કામગીરી ૨૦૨૧સુધીમાં પૂર્ણ કરવા આયોજન છે.
- બીજા તબક્કામાં આજી-૧, ન્યારી-૧ અને વેરી તથા ભાદર જળાશયમાં પાઇપલાઇનથી પાણી ભરાતાં રાજકોટ, ગોંડલ તથા જેતપુર શહેરની પીવાના પાણીને સમસ્યાનું નિરાકરણ થયું.
- બીજા તબક્કામાં સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાના ૫૭ જળાશયોમાં



નર્મદાના પાણી ભરવાનું આયોજનથી ૩,૭૭,૮૫૧ એકર વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદૃઢ થશે તથા ઘરગથ્થુ વપરાશ માટે ૮૦ લાખની વસ્તીને પાણી ઉપલબ્ધ થશે.

- સૌની યોજના ત્રીજા તબક્કામાં ૩૩ જળાશયોને જોડવાની કામગીરી હાથ ધરાઇ છે. આ તબક્કા હેઠળ રૂ.૨૪૦૩ કરોડનાં પાંચ પેકેજોના કામ પ્રગતિ હેઠળ છે.
- સૌરાષ્ટ્ર વિસ્તારના ૯ જિલ્લાનાં ૩૩ જળાશયો મારફતે ૨.૪૩ લાખ એકર વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદૃઢ થશે.
- સૌની યોજનાનાં પૂર્ણ થયેલ કામો દ્વારા ગત વર્ષ સુધીમાં ૩૨,૭૦૦ મિલિયન ઘનફૂટ પાણી સૌરાષ્ટ્ર વિસ્તારમાં અપાયું છે.
- 'સૌની યોજના'થી ૪૯ જળાશયો, ૧૦૩ તળાવો અને ૬૦૬ ચેકડેમ ભરાયેલાં છે.
- 'સૌની યોજના' પાછળ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં રૂ.૧૫,૪૮૨ કરોડ ખર્ચ થયો છે અને સમગ્ર યોજના પાછળ રૂ.૧૮,૫૬૩ કરોડ ખર્ચ થવાનો અંદાજ છે.
- આ યોજનાના કુલ ૧૭.૯૨ લાખ હેક્ટર પિયત વિસ્તાર પૈકી ૧૬.૮૦ લાખ હેક્ટર માઈનોર સુધી વિકસિત કરાયો છે.
- ચાલુ સાલે નર્મદાના પાણીથી રાજ્યના ૧૭ જિલ્લાના ૭૩ તાલુકાના કુલ ૧૨.૦૭ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ થઇ છે જે વિક્રમજનક છે.
- ગક વર્ષે જાન્યુઆરી-૨૦૨૦માં ૧૦.૫૫ લાખ હેક્ટર રવી સિંચાઇ થઇ હતી. એક વર્ષમાં રવી સિંચાઇના લાભિત વિસ્તારમાં ૧.૫૨ લાખ હેક્ટરનો વધારો થયો છે.
- ચાલુ સિંચાઈ વર્ષમાં તા.૧૫ માર્ચ ૨૦૨૧ પછી પણ ઉપલબ્ધ થનાર પાણીના જથ્થાનો ઉપયોગ નર્મદા યોજનાના પિયત વિસ્તારના ખેડૂતોને ઉનાળુ સિંચાઇ માટે પાણી આપવાનો નિર્ણય કરાયો છે.
- અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈન (UGPL) અંદાજિત ૪૬,૩૪૭ કિ.મિ. લંબાઈ ધરાવતી પ્રપ્રશાખા નહેરો (સબમાઈનોર) પૈકી ૪૦,૪૯૭ કિ.મિ. લંબાઈનાં કામો ફેબ્રુઆરી-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કર્યાં છે
- રાજ્યના સરદાર સરોવર નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં ભૂગર્ભ પાઇપ લાઇન (UGPL) પદ્ધતિથી ૩૦૨૪૨ કી.મિ. લંબાઇના સબ માઇનોરની કામગીરી પૂર્ણ કરી ૧૧.૩૧ લાખ હેક્ટરમાં પિયત વિસ્તાર વિકાસનાં કામો પૂર્ણ.
- પિયત સહકારી મંડળી અંતર્ગત યોજનાના પિયત વિસ્તારોમાં ફેબ્રુઆરી-૨૦૨૧ સુધીમાં કુલ ૪૪૬૬ પિયત સહકારી મંડળીમાંથી ૩૪૬૭ નોંધણી થઇ છે.
- ગરૂડેશ્વર વીયરના મુખ્ય બંધના હેઠવાસમાં, ૧૧ કિ.મિ. સુધીમાં રૂ.૨૯૯.૪૬ કરોડના ખર્ચે ૩૦,૮૦૦ લાખ ઘનફૂટ પાણીનો સંગ્રહ થાય તે માટે ગરૂડેશ્વર વીયરનું બાંધકામ પૂર્ણ કરાયું છે. અને ૩૧.૭૫ મીટરના લેવલ સુધી પાણીનો સંગ્રહ થાય છે. સરદાર સરોવર યોજનામાં ૧૨૦૦ મેગાવોટની ક્ષમતા ધરાવતું નદી તળ ભૂગર્ભ જળ વીજમથક અને ૨૫૦ મેગાવોટની ક્ષમતા ધરાવતું નહેર આખુમ જળ વીજમથક એમ બે વીજ મથકો બાંધવામાં આવ્યા છે.
- બંન્ને વીજમથકોની કુલ સ્થાપિત ક્ષમતા ૧૪૫૦ મેગાવોટની છે. ફેબ્રુઆરી- ૨૦૨૦થી ફેબ્રુઆરી-૨૦૨૧ સુધીમાં કુલ ૪૯૪૮.૪૮ કરોડ યુનિટ વીજ ઉત્પાદન થયું છે જેની કિંમત રૂપિયા ૩૫૬.૧૭ કરોડ થાય છે બજાર ભાવ રૂ. ચાર પ્રતિ યુનિટ લેખે રાષ્ટ્રને રૂ. ૧૯,૭૯૪ કરોડ રૂપિયાની આવક થઈ છે.
- લઘુ જળ વીજમથકોમાં નર્મદા યોજનાની સૌરાષ્ટ્ર, કચ્છ, મિયાંગામ અને વડોદરા શાખા નહેરો ઉપર કુલ ૮૫.૪૬ મેગાવોટના સ્થાપિત ક્ષમતાના કુલ ૧૮ જગ્યાએ લઘુ જળ વિદ્યુત મથકોનું બાંધકામ પ્રગતિમાં છે. પૂર્ણ થયેલા અને હાલ વીજ ઉત્પાદન ચાલુ હોય તેવી - ૯ જગ્યા (૫૧.૧૦ મેગાવોટ) ફેબ્રુઆરી-૨૦૨૧ ના અંત સુધીમાં કુલ ૧૮.૦૦ કરોડ યુનિટ વીજ ઉત્પાદન કરવામાં આવેલ છે.
- ટોપ સોલાર પાવર પ્લાન્ટ અંતર્ગથ સાણંદ શાખા નહેર ઉપર ૧ મેગાવોટનું કેનાલ ટૉપ સોલાર પ્લાન્ટ જે એપ્રિલ ૨૦૧૨થી કાર્યરત છે.
- વડોદરા શાખા નહેર ઉપર ૧૦ અને ૫ મેગાવોટ ક્ષમતાના નહેરના બન્ને કાંઠે કેનાલ બેન્ક સોલર પાવર પ્લાન્ટ તથા ૧૦ મેગાવોટ ક્ષમતાના કેનાલ ટોપ સોલર પાવર પ્લાન્ટ, કુલ મળીને ૨૫ મેગાવોટ ક્ષમતાના સોલર પાવર પ્લાન્ટ સ્થાપવાની કામગીરી સપ્ટેમ્બર-૨૦૧૭માં પૂર્ણ કરી કાર્યરત કરાયાં છે.
- સોલાર ઊર્જાની કુલ સ્થાપિત ક્ષમતા ૩૫ મેગાવોટ થયેલ છે તથા આ ક્ષમતાથી ફેબ્રુઆરી-૨૦૨૧ સુધી માં એકંદરે કુલ ૨૨.૫૮ કરોડ યુનિટ વીજ ઉત્પાદન કરવામાં આવ્યું છે.
- ૯૪૯૦ ગામો તથા ૧૭૩ શહેરોને પીવાના પાણીના લાભ હેઠળ આવરી લેવાનું આયોજન છે જે પૈકી ફેબ્રુઆરી-૨૦૨૧ સુધીમાં ૯૦૯૫ ગામો તથા ૧૬૮ શહેરોને પીવાના પાણીના લાભ હેઠળ આવરી લેવામાં આવ્યાં છે. ૩૪ ઔદ્યોગિક એકમોને પાણી પૂરું પાડવામાં આવે છે.
- સરદાર સાહેબની વિશ્વમાં સૈથી ઉંચી એવી "સ્ટેચ્યૂ ઓફ યુનિટી"ની પ્રતિમાનું લોકાર્પણ વડાપ્રધાનશ્રીએ કર્યું.
- સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને આસપાસનાં સ્થળોએ પ્રવાસીઓ માટે અનેકવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. વિધાનસભા ગૃહમાં આ વિભાગની માંગણીને બહુમતીથી પસાર કરવામાં આવી હતી. આમ, પ્રત્યેક ગુજરાતીનું સરદાર સરોવર ડેમ અંગેનું સાત સાત દાયકાઓ જૂનું સ્વપ્ન સાકાર થયેલ છે. ●

# ગામડાઓનાં સુગ્રથિત વિકાસ માટે પ્રતિબદ્ધ રાજ્ય સરકાર

**રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી કહેતા કે સાચું ભારત ગામડાંઓમાં વસે છે. વિકાસના રાજમાર્ગમાં ગામડાંઓને જોડી રાજ્ય સરકારે તમામ ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવતાં કુટુંબોને ૨૦૨૨ સુધીમાં ઘરના ઘરનું સપનું સાકાર કરવાનો દ્રઢ નિર્ધાર કર્યો છે. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલા વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્રમાં ગ્રામીણ વિસ્તારમાં લોકોની સમૃદ્ધિ અને જીવન ધોરણની ગુણવત્તા સુધારણા માટે રૂ.૩૨૯૪.૬૫ કરોડની માતબર જોગવાઇ કરવામાં આવી છે. જેમાં ગામડાંઓના ઉત્કર્ષ માટે કરેલા વિશેષ આયોજનો દૃષ્ટિમાન થાય છે. જેની આછેરી ઝલક માણીએ...**



શ્રી આર. સી. ફળદુ
કેબિનેટ મંત્રી
કૃષિ, ગ્રામવિકાસ, વાહન વ્યવહાર



શ્રી બચુભાઇ ખાબડ
ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી

- રાજ્યના ૨૦ જિલ્લામાં પ્રવાહી કચરાના નિકાલ માટે રૂ. ૮૦૦ કરોડની જોગવાઈ.
- મનરેગા યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારમાં ઉપયોગી અસ્ક્યામતો ઊભી થાય તે માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરી છે.
- ગ્રામીણ વિસ્તારની બહેનો આર્થિક રીતે પગભર થાય તે માટે ૧.૦૬ લાખ સ્વસહાય જૂથોને બેંક મારફત કુલ રૂ.૧,૭૯૦ કરોડની કેશ ક્રેડિટ મહિલાઓની આર્થિક ઉન્નતિ માટે “મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજના” હેઠળ મહિલાઓને રૂપિયા ૧૦૦૦ કરોડ સુધીનું ધિરાણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.
- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MGNREGA) રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY - NRLM) દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DDU-GKY) પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (PMAY-G) સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ (SBM-G) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (PMKSY-WC) શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન (SPMRM) ઉપરાંત માળખાકીય સુવિધાના કાર્યક્રમોનું અમલીકરણ કરવા માટે કુલ રૂ.૩૨૯૪.૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- વિવિધ સુવિધાઓ માટે નવી બાબત તરીકે બજેટમાં કુલ રૂ ૧૭૨.૫૯ કરોડની વિશેષ જોગવાઇ પણ કરવામાં આવી છે.
- વર્ષ ૨૦૧૬થી કાર્યરત પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ રાજ્યનાં તમામ ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવતા કુટુંબોને ૨૦૨૨ સુધીમાં આવરી લેવાનો રાજ્ય સરકારનો દ્રઢ નિર્ધાર છે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને કુલ રૂ.૧,૫૨,૧૬૦ ની સહાય મળવાપાત્ર છે.
- ‘મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના’ હેઠળ, પ્રથમ હપ્તો આપ્યા બાદ ૬ માસની અંદર આવાસ પૂર્ણ કરનાર લાભાર્થીને રૂ.૨૦,૦૦૦ની અતિરિક્ત સહાય આપવાની જોગવાઈ.
- વર્ષ ૨૦૨૦-૨૧ અંતર્ગત રાજ્ય સરકારશ્રી દ્વારા ગ્રામીણ મહિલા લાભાર્થીઓને ધ્યાનમાં રાખીને આવાસની સાથે બાથરૂમ બાંધકામ માટે લાભાર્થી દીઠ રૂ.૫૦૦૦ની વધારાની સહાય માટે કુલ ૧૨૫૦.૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્યના ૨૦ જિલ્લાઓમાં પ્રવાહી કચરાના નિકાલ માટે ફિક્લ સ્લજ મેનેજમેન્ટ માટે જેટિંગ કમ સક્શન કમ ડીસીલ્ટિંગ મશીન આપવામાં આવ્યા છે.આ યોજના માટે કુલ રૂ. ૮૦૦ કરોડની જોગવાઇ કરાઈ છે.
- સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ હેઠળ કચરાના સલામત નિકાલ માટે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ અંતર્ગત ઘન કચરાના નિકાલ માટે ડોર ટુ ડોર કલેક્શન, પરિવહન, સેગ્રિગેશન અને કંપોસ્ટિંગ જેવી વેલ્યૂચેનનું નિર્માણ કરીને અંદાજિત ૩૦૦૦ જેટલાં ગામોને સ્વચ્છ ગામ બનાવવાનો નિર્ધાર..
- વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસની સવેતન રોજગારીમાં સમયસર વેતન ચૂકવણીમાં ૯૮.૧૮ % સિદ્ધિ હાંસલ કરી છે. મનરેગા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન તા.૧૬-૦૩-૨૦૨૧ અંત સુધીમાં રૂ. ૧,૨૨,૬.૧૧ કરોડનો ખર્ચ કરાયો છે.
- દીન-દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારની બહેનોને આર્થિક રીતે પગભર કરવા ૧.૦૬ લાખ સ્વસહાય જૂથોને કુલ રૂ.૧,૭૯૦ કરોડની કેશ ક્રેડિટ અપાઇ.
- DAY-NRLM યોજનામાં કુલ રૂ. ૩૦૦ કરોડની જોગવાઇ
- શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન યોજના અંતર્ગત ફેઝ-૧, ૨ અને ૩ માં કુલ ૧૬ ક્લસ્ટરની પસંદગી કરવામાં આવેલ છે. તે પૈકી ૮૭ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવેલા છે, બાકી રહેતા ૧૫૩ પ્રોજેક્ટની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ યોજનામાં વર્ષ ૨૦૨૧-૨૨ માટે કુલ રૂ.૧૦૦.૦૦ કરોડની જોગવાઇ કરાઈ છે
- વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૧૦૪ પ્રોજેક્ટ્સનો ભૌતિક લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.
- મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત જુના સ્વ-સહાય જૂથ સાથે નવા જૂથોને પણ લાભ આપવામાં આવશે. આ યોજના હેઠળ મહિલાઓને રૂપિયા ૧૦૦૦ કરોડ સુધીનું ધિરાણ આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. મહિલાઓને આ લોનની રકમ સંપુર્ણ વ્યાજરહિત આપવામા આવશે અને આ વ્યાજની રકમ રાજ્ય સરકાર ભોગવશે. ●

# યુવાઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરે તે દિશામાં બહુઆયામી આયોજન



શ્રી ઈશ્વરસિંહ પટેલ
રમત - ગમત રાજ્ય મંત્રી

**રાજયના યુવાઓને ખેલકૂદ ક્ષેત્રે પ્રોત્સાહિત કરી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત કરવા રાજય સરકાર કટિબદ્ધ છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રમશે ગુજરાત જીતશે ગુજરાતના મંત્રને સાકાર કરવા રાજ્ય સરકારે ખેલકૂદ માટે અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે. જેના પરિણામે રાજયના અનેક યુવા પ્રતિભાશાળી ખેલાડીઓએ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. યુવક, સેવા અને સાંસ્કૃતિક વિભાગ માટે અંદાજપત્રમાં કરવામાં આવેલી જોગવાઈઓની માહિતી મેળવીએ...**

- રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે રૂપિયા ૫૦૭. ૪૫ કરોડની અંદાજપત્રીય જોગવાઈઓ.
- વડનગર તાલુકામાં એથ્લેટિકની રમતના ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે ૪૦૦ મીટર સિન્થેટિક એથ્લેટિક ટ્રેક બનાવવા માટે રૂપિયા ૬૫૫ લાખની બજેટ જોગવાઈ.
- વડનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૨૦૦ જેટલા ખેલાડીઓ માટે હોસ્ટેલની માળખાકીય સુવિધાઓ ઊભી કરવા રૂપિયા ૬૫૦ લાખની બજેટ જોગવાઈ.
- કોચીઝ દ્વારા ખેલાડી માટે ઘરે રહી સ્પોર્ટ્સ સ્પેસિફિક વીડિયો તૈયાર કરી ખેલાડીઓ સુધી તાલીમ ઉપલબ્ધ કરાવે સોશિયલ મીડિયામાં સંપર્કમાં રહે અને મેન્ટરીંગ કરે તે હેતુથી મેજર ધ્યાનચંદ ઓનલાઈન તાલીમ પ્રોગ્રામ હેઠળ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના ૧૨૦ કોચીઝને લેપટોપ આપવા માટે રૂપિયા ૯૫ લાખની બજેટ જોગવાઈ.
- રાજયના યુવાનોનું શારીરીક અને માનસિક આરોગ્ય તંદુરસ્ત રહે તે માટે "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" સાથે અભિયાન યોજનાનો પ્રારંભ.
- જે અંતર્ગત રાજયની યુવા પેઢીને મોબાઈલથી શારીરિક સ્પોર્ટસ તરફ પ્રેરિત કરવા માટે તથા પ્રોત્સાહન પૂરું પાડવાના હેતુથી સોશિયલ મીડીયાના માધ્યમથી "મોબાઈલ ટુ સ્પોર્ટસ" અભિયાનનો Facebook પેજ અને YouTube ચેનલ પ્રારંભ.
- સ્પોર્ટસ પર્સન એમ્પ્લોયમેન્ટ ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સેન્ટર યોજના અંતર્ગત રાજયના આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધેલ અને રાષ્ટ્રકક્ષાએ પદક વિજેતા ખેલાડીઓને સરકારી અથવા અર્ધ સરકારી અથવા પ્રાઈવેટ સંસ્થાઓમાં રોજગારી મળે તે હેતુથી માર્ગદર્શન આપવાની વ્યવસ્થા .
- રાજ્યમાં કોરોના સંક્રમણ સંકટ વચ્ચે સૌપ્રથમ વાર ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT) ના માધ્યમથી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા પદવીદાન સમારોહનું આયોજન કરી કુલ ૫૦૭ વિદ્યાર્થીઓને પી.એચ.ડી. સહિત વિવિધ પદવીઓ પ્રદાન.
- બે ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામની સાથે રમતગમત ક્ષેત્રના વિવિધ વિષયો પર કુલ ૪૭ વેબિનાર સત્રોનું ICTના માધ્યમથી આયોજન કરવામાં આવ્યું છે.
- ફિટ ઈન્ડિયા મુવમેન્ટમાં વિવિધ કાર્યક્રમોના આયોજનની સાથે-સાથે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે રાજ્યની વિવિધ ૭ યુનિવર્સિટી સાથે એમ.ઓ.યુ.
- હાલમાં ૩૦ જિલ્લાઓમાં ૪૦ ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS)માં ૨૨૦૦ નવા વિદ્યાર્થીઓની પસંદગી કરી કુલ ૫૫૦૦થી વધારે વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે વિવિધ રમતોમાં નિષ્ણાત કોચ અને ટ્રેનર દ્વારા પ્રશિક્ષણ મેળવી રહ્યા છે.
- આગામી વર્ષે વધુ ૩ સ્પોર્ટ્સ સ્કૂલ શરૂ કરવાનું આયોજન.
- સ્વામી વિવેકાનંદ ખેલ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર - સેન્ટર ઓફ એક્સલન્સ" યોજના અંતર્ગત વિવિધ ૧૨ ઓલમ્પિક રમતોની ૧૮ નિવાસી એકેડમીઓ શરૂ કરવામાં આવી. જેમાં હાલ ૬૦૫ પ્રતિભાશાળી ખેલાડીઓ લાભ મેળવી રહ્યા છે.
- ભારત સરકાર દ્વારા પણ "ખેલો ઈન્ડિયા" યોજના હેઠળ ગુજરાતની એકેડમીને માન્યતા.
- "ખેલો ઈન્ડિયા" યોજના અંતર્ગત પસંદ થયેલા અન્ય રાજયના શ્રેષ્ઠ ખેલાડીઓ પણ ગુજરાતની નડિયાદ ખાતેની આ એકેડમીમાં પ્રશિક્ષણ મેળવી રહ્યા છે.
- આ યોજના હેઠળ ખેલાડીઓને પૌષ્ટિક આહાર, આધુનિક સાધનો, સ્પોર્ટ્સકિટ, સ્પર્ધાખર્ચ, નિષ્ણાત પ્રશિક્ષકો, મેડીક્લેમ, મનોવૈજ્ઞાનિક કાર્યશિબિર અને સ્પોર્ટ્સ મેડિસિન જેવી બાબતો માટે જરૂરિયાત મુજબ રૂ. ૨૫ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. તે પૈકી ૨૩ ખેલાડીઓને ઓલિમ્પિક-૨૦૨૦ અને ૨૦૨૪ના ટાર્ગેટેડ ખેલાડી તરીકે તૈયાર કરવામાં આવી રહેલ છે.
- રાજકોટ તથા મહેસાણા ખાતે ઈન્ડોર મલ્ટીપર્પઝ હોલની કામગીરી રૂ.૧૦ કરોડના ખર્ચે પૂર્ણ .

- અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના બીબીપુર ખાતે તાલુકા રમત-ગમત સંકુલની કામગીરી રૂ.૪ કરોડ ૫૬ લાખના ખર્ચે પૂર્ણ.
- વડનગર, સમી અને મફલીપુર જિ.- અમદાવાદમાં તાલુકા રમત સંકુલની રૂ.૬ કરોડની કિંમતની કામગીરી શરૂ કરવામાં આવી છે.
- ફીફા વર્લ્ડકપ અંડર-૧૭ વિમેન્સ,૨૦૨૨ માટે ૪ પ્રેક્ટિસ ગ્રાઉન્ડ અમદાવાદમાં રૂ.૨૦ કરોડ ૯૦ લાખની કિંમતની કામગીરી પ્રગતિમાં છે.
- સાપુતારા ખાતે ૪૦૦ મીટર સિન્થેટિક એથ્લેટિક ટ્રેક અને ફૂટબોલ ગ્રાઉન્ડની રૂ.૭ કરોડની કિંમતની કામગીરી પ્રગતિમાં.
- રાજપીપળા રમત-ગમત સંકુલ ખાતે ૧૦૦ ખેલાડીઓની ડોરમેટરી બિલ્ડિંગ રૂ.૨ કરોડ ૫૦ લાખની કિંમતની તથા ૪૦૦ મીટર સિન્થેટિક એથ્લેટિક ટ્રેક અને ફૂટબોલ ગ્રાઉન્ડ રૂ.૭ કરોડની કિંમતની કામગીરી શરૂ કરવામાં આવી.
- ચાલુ વર્ષે કલામહાકુંભની સ્પર્ધાઓ પૈકી કોવિડ-૧૯ની મહામારીના કારણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે બહાર પાડેલ ગાઇડ લાઇનને ધ્યાને લઈને ગાયન- વાદન સ્પર્ધાનું ઓન-લાઇન આયોજન કરવામાં આવ્યું.
- આ વર્ષે કોવિડ-૧૯ની મહામારી ધ્યાને રાખી ૧ માસની યોગાસન તાલીમ શિબિરનું આયોજન વેબિનારના માધ્યમથી કરવામાં આવ્યું.
- તાનારીરી પર્ફોર્મિંગ આર્ટ્સ કોલેજ, વડનગર ખાતે નૃત્ય તથા સંગીતના ડિગ્રી તેમજ ડિપ્લોમાના અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે
- રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતી નિમિત્તે ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી મારફતે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન માટે સને ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં રૂ.૫૦ લાખની બજેટ જોગવાઇ.
- રાજ્યમાં ૨ મધ્યસ્થ ગ્રંથાલયો (ગાંધીનગર અને વડોદરા) તથા ૨૬ જિલ્લામાં સરકારી જિલ્લા ગ્રંથાલય અને ૮૪ તાલુકામાં સરકારી તાલુકા ગ્રંથાલય સહિત હાલ કુલ ૨૯૮ સરકારી ગ્રંથાલયો કાર્યરત છે.આ પુસ્તકાલયોને આધુનિક બનાવવા સને ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં રૂ.૫૦૦ લાખની જોગવાઇ.
- શ્રી અરવિંદભાઇ મણીયાર પુસ્તકાલય, રાજકોટના અલભ્ય અને દુર્લભ પુસ્તકોના ડિજિટલાઇઝેશન માટે સને ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં રૂ.૫૦૦ લાખની જોગવાઇ.
- ભારત દેશનાં ૫૬૨ રજવાડાઓ જે ભારત દેશ સાથે સ્વતંત્રતાના સમયમાં જોડાઈને અંખડ ભારત દેશ બનાવ્યો તે રજવાડાઓનો વારસો (Heritage) દર્શાવતું અત્યાધુનિક સંગ્રહાલય વિક્સિત કરવા માટે રૂ.૨૫ કરોડની નવી બાબત તરીકે જોગવાઇ.






- શ્રી શ્યામજી કૃષ્ણવર્માની જીવનયાત્રાને અદ્યતન ટેકનોલોજી સાથે સાંકળીને આંતરરાષ્ટ્રીય કક્ષાના સંગ્રહાલય બનાવવા માટે રૂ.૧૫ કરોડની નવી બાબત તથા મ્યુઝિયમ અને પિક્ચર ગેલેરી, વડોદરા ખાતે અદ્યતન સાઉન્ડ અને લાઇટ શો માટે રૂ.૫ કરોડની નવી બાબત તરીકે જોગવાઇ.
- રાષ્ટ્રીય શાયર સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિમાં અત્યાધુનિક મ્યુઝિયમ માટે રૂ.૫ કરોડની નવી બાબત તરીકે જોગવાઇ.
- ગુજરાત વિધાનસભા પરિસરમાં ગુજરાતનો ઇતિહાસ દર્શાવતું અત્યાધુનિક સંગ્રહાલય વિક્સિત કરવા રૂ.૫૦ લાખની નવી બાબત તરીકે જોગવાઇ.
- વડનગર ખાતે પથ્થર કી હવેલીમાં નાગર જીવન શૈલી મ્યુઝિયમ વિકસિત કરવા રૂ.૫૦ લાખની નવી બાબત તરીકે જોગવાઇ કરવામાં આવેલ છે.
- રાજ્યનાં કુલ ૩૬૨ રાજ્ય રક્ષિત સ્મારકોની સારસંભાળ, જાળવણી તથા દેખરેખ માટે સને ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં રૂ.૫ કરોડની બજેટ જોગવાઇ.
- રાજ્યરક્ષિત સ્મારક વાવ તથા હવા મહેલ ખાતે પુરારક્ષણ તથા રિસ્ટોરેશન માટે સને ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં રૂ. ૫૦ લાખની બજેટ જોગવાઇ .
- આ માગણીઓ વિધાનસભા ખાતે બહુમતીથી મંજૂર કરાઈ હતી. ●



નાણા, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા

શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રીશ્રી



શ્રી કિશોરભાઈ કાનાણી
આરોગ્ય રાજ્ય મંત્રી

# જનઆરોગ્યની લે છે દરકાર, ગુજરાત સરકાર

**ગુજરાતના તમામ નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળી રહે અને તેમનું આરોગ્ય જળવાય તે માટે સુદ્રઢ આરોગ્ય માળખું ઊભું કરવાને રાજ્ય સરકારે અગ્રિમતા આપી છે. જેમાં પાયાની આરોગ્ય સેવાઓથી લઈને સુપર સ્પેશ્યાલિટી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે રૂ.૧૧,૩૨૨.૮૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એટલું જ નહિ, દર વર્ષે રૂ. ૪૭ કરોડથી વધુ રકમની ગ્રાન્ટ રાજ્યની વિવિધ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલને આપવામાં આવે છે. જેના થકી રાજ્યના કોઈ નાગરિકને આરોગ્યલક્ષી સેવામાં અગવડતાનો સામનો ન કરવો પડે તે માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.**

**આ અંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ માનવ વિકાસના સૂચકાંકને કેન્દ્ર સ્થાને રાખી કાર્યરત થવા સતત પ્રયત્નશીલ છે. આરોગ્ય વિભાગની દરેક પહેલ મેડિકલ, પેરામેડિકલ અને તબીબી શિક્ષણની નવી ક્ષમતા ઊભી કરવાની હોય, ૧૦૮ જેવી અત્યંત લોકપ્રિય અને જીવનરક્ષક સેવાઓ હોય કે "મા" યોજના જેવી સર્વગ્રાહી લાભકારી યોજના હોય કે વિવિધ હોસ્પિટલો અને જાહેર આરોગ્યની જુદી જુદી સંસ્થાઓનું અપગ્રેડેશન હોય, તે તમામ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરેલ છે, આવી હોસ્પિટલો ખાતે જાહેર આરોગ્ય, તબીબી સેવાઓ અને સુપર સ્પેશ્યાલિટીને લગતી કિડની, કેન્સર અને હૃદય રોગની તમામ પ્રકારની સવલતો આજે ગુજરાત રાજ્યમાં ઉપલબ્ધ છે.**

- આરોગ્ય વિભાગ માનવ વિકાસના સૂચકાંકને કેન્દ્ર સ્થાને રાખી કાર્યરત ગુજરાત સરકાર કાર્ય કરી રહી છે.
- ગુજરાત રાજ્યની જનતા માટે આરોગ્યલક્ષી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે માટે રાજ્યમાં ૯૨૩૧ પેટા કેન્દ્રો, ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૪૮ સામૂહિક આરોગ્ય કેન્દ્રો એમ ત્રિસ્તરીય આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.
- લોકોને ઘરઆંગણે આરોગ્યની સેવા આપવા ૯૮ મોબાઈલ હેલ્થ યુનિટ અને ૩૦ મોબાઈલ મેડિકલ યુનિટ મંજૂર કરાયા છે.
- જાહેર આરોગ્ય પ્રણાલીને મજબૂત બનાવવા કાર્યરત રાષ્ટ્રીય આરોગ્ય મિશન અંતર્ગત રૂ.૧૯૪૮ કરોડની જોગવાઈ કરાઈ છે.
- રાજ્યમાં જાહેર આરોગ્યનો વ્યાપ વધારવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મહેકમ અને બાંધકામ માટે રૂ.૧૩૦૩ કરોડની જોગવાઈ કરાઈ છે.
- શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ ગંભીર બીમારીઓ માટે રૂ.૩૯.૮૦ કરોડની જોગવાઈ કરાઈ છે.
- પરિવારના કોઈ સભ્યની જીવલેણ બીમારી માટે આરોગ્ય સહાય આપવા “મા” ના આશિષ રૂપી મુખ્યમંત્રી અમૃતમ યોજના અને “મા વાત્સલ્ય” યોજના અમલી કરી છે.
- મા યોજનામાં બી.પી.એલ. કુટુંબો, વાર્ષિક રૂ.૪ લાખ સુધીની આવક ધરાવતા પરિવારોને લાભ મળવાપાત્ર છે.
- મા યોજનામાં આશા બહેનો, પત્રકાર મિત્રો, ફિક્સ પગાર ધારકોના પરિવારજનો, વાર્ષિક રૂ. ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોના સિનિયર સિટીઝનો અને યુ-વીન કાર્ડ ધારકોને લાભ મળવાપાત્ર છે.
- મા યોજના હેઠળ પ્રાથમિક, સેકન્ડરી અને ટર્શરી બીમારીઓ માટે સારવાર મળવાપાત્ર છે. જે માટે કુટુંબદીઠ વાર્ષિક મહત્તમ રૂ.૫ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત નિયત સારવારનો ખર્ચ માન્ય હોસ્પિટલને સીધો સરકાર આપે છે.
- “મા” અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ ૧૨મી માર્ચ, ૨૦૨૧ સુધીમાં કુલ ૭૯.૪૯ લાખ કુટુંબોની નોંધણી થઈ છે.
- “મા” યોજના તથા આયુષ્માન ભારત યોજના અંતર્ગત કુલ ૨૫૦૨ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં સારવાર ઉપલબ્ધ છે.



- રાજય સરકારે ઈમરજન્સી મેડિકલ એકટ પસાર કર્યો છે.
- આ એકટ અંતર્ગત રાજયના લોકોને પ્રિ-હોસ્પિટલ ઈમરજન્સી ટ્રાન્સપોટેશન મેડિકલ સેવાઓ પ્રાપ્ત થાય તે માટે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે ગુજરાત જી.વી.કે. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ "ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ" અમલમાં મુકી છે.
- આ પ્રોજેકટ અંતર્ગત ગુજરાત રાજયના લોકોને ઈમરજન્સી પ્રિ-હોસ્પિટલ ટ્રાન્સપોટેશનની સુવિધા મળી રહે તે માટે ૧૫૦ એમ્બ્યુલન્સ વાન રિપ્લેસમેન્ટ કરવા રૂ.૩૦૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.
- છેલ્લા એક વર્ષમાં ૧૦૮ દ્વારા ૧૧.૧૬ લાખથી વધુ કોલ એટેન્ડ કરવામાં આવ્યા હતા.
- 108 વાન દ્વારા કોરોનાનાં ચિહ્નો ધરાવતા ૧.૩૩ લાખ જેટલા દર્દીઓને ૧૦૮ સેવાનો લાભ પૂરો પડાયો છે.
- રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં હાલ ૫૩૧૬ જેટલા તબીબો કાર્યરત છે તથા મેડિકલ કોલેજમાં શૈક્ષણિક સ્ટાફમાં ડૉક્ટરોની કુલ સંખ્યા-૧૫૪૪ જેટલી છે.
- જી.પી.એસ.સી.માં વિવિધ સંવર્ગમાં ૩૮૧૯ના માંગણા પત્રક મોકલવામાં આવ્યાં છે.
- રાજ્યમાં નર્સિંગ સેવાઓને સઘન બનાવવા માટે સ્ટાફનર્સની કુલ ૨૦૦ જગ્યાઓ મંજૂર કરવા માટે રૂ.૨૫૦ લાખની જોગવાઇ કરાઇ છે.
- રાજ્યમાં નર્સિંગ સ્ટાફની કુલ મંજૂર ૧૦,૭૫૨ જગ્યાઓ પૈકી ૮૧૭૩ જગ્યાઓ ભરેલી છે. તે ઉપરાંત ૨૦૨૭થી વધુ નર્સિંગ સ્ટાફની આઉટસોર્સિંગથી સેવા લેવામાં આવી રહી છે.
- ૧૦૨૦૦ જગ્યાઓ ઉપર નર્સિંગ સ્ટાફની સેવાઓ લેવામાં આવી રહી છે.
- નવી ૧૦૦૮ નર્સિંગની જગ્યાઓ ભરવા જાહેરાતની પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવાઇ છે.
- રાજ્યમાં તબીબી શિક્ષણ હસ્તક ૬ સરકારી મેડિકલ કોલેજો, ૬ શૈક્ષણિક હોસ્પિટલો, ૨ સરકારી ડેન્ટલ કોલેજો અને સલંગ્ન હોસ્પિટલો, ૧ એમ એન્ડ જે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થોલ્મોલોજી, ૧ ગર્વ.સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ, ૫ સરકારી ફિઝિયોથેરાપી કોલેજો, ૮ જીએમઈઆરએસ મેડિકલ કોલેજો, ૮ જીએમઈઆરએસ હોસ્પિટલો, ૩ ગ્રાન્ટ ઈન એઈડ -સુપરસ્પેશ્યાલિટી હોસ્પિટલો (ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિઝ એન્ડ રિસર્ચ સેન્ટર, યુ. એન.મહેતા ઈન્સ્ટિટયૂટ ઓફ કાર્ડિયોલોજી અને ગુજરાત કેન્સર અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ) તેમજ ૮ સરકારી નર્સીંગ કોલેજો કાર્યરત છે.
- કુલ ૪૮ સરકારી સંસ્થાઓ તબીબી શિક્ષણ ક્ષેત્રમાં સક્રિય રીતે વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની તાલીમ પૂરી પાડવા સાથે દર્દીલક્ષી વિશિષ્ટ સેવાઓ પુરી પાડે છે.
- રાજયમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે ટ્રાન્સપ્લાન્ટેશન એન્ડ એલાઇડ સાયન્સીસ યુનિર્વસિટીની સ્થાપના કરી કાર્યરત કરવામાં આવી છે.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ઈમરજન્સીમાં દર્દીઓને તાત્કાલિક, ગુણવત્તાયુકત અને ઉચ્ચ કક્ષાની તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવા માટે ટ્રોમા સેન્ટર કાર્યરત કરાયું છે.
- નિયામક આયુષ દ્વારા આયોજિત ૧૬૦૦ જેટલા નિદાન-સારવાર કેમ્પનો કુલ ૧.૫૬ લાખ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો છે.
- વર્ષ ૨૦૨૦માં સરકારી આયુર્વેદ દવાખાના/હોસ્પિટલોમાં ૨૭,૦૪,૯૭૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.
- હોમિયોપેથી દવાખાનાઓમાં ૯,૩૫,૪૮૨ દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

આમ, ગુજરાત સરકારે આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા સાથે તેમાં ઉત્તરોત્તર સુવિધા વધારવાની દિશામાં નિરંતર પ્રયાસો ચાલુ રાખ્યા છે. જેના પરિણામે આરોગ્યમય ગુજરાતનું નિર્માણ થવામાં સુગમતા પડી રહી છે અને લોકોને આરોગ્યમય જીવન તરફ ગુજરાત સરકાર દોરી તેમની યોગ્ય દરકાર લઇ રહી છે. ●





# ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જવા માટે રાજયના માર્ગો બન્યાં વિકાસના રાજમાર્ગો



શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રીશ્રી

નાણા, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા

**ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જવા માટે રાજયના રોડ- રસ્તા ગુજરાતના વિકાસનો હાઇવે પુરવાર થઈ રહ્યા છે. ત્યારે સમગ્ર રાજયમાં રસ્તાઓનું અદભુત નેટવર્ક અમે ઊભું કર્યું છે. એટલું જ નહી રાજયના છેવાડાના વિસ્તારોને પણ પાકા રોડ -રસ્તાથી આ સરકારે જોડી દીધા છે. માર્ગ અને મકાન વિભાગનું વર્ષ ૨૦૨૦-૨૧નું રૂા.૧૧૧૮૫ કરોડનું બજેટ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ગૃહમાં રજૂ કરતાં જણાવ્યું હતું વર્ષ ૨૦૦૦-૨૦૦૧ ના રૂા.૫૩૭ કરોડના બજેટના સાપેક્ષમાં ૨૦.૮૩ ગણું વધારે છે અને વૈશ્વિક મહામારી કોરોના હોવા છતાં વિભાગને ફાળવેલી વર્ષ ૨૦૨૦-૨૧ની જોગવાઇનો સંપૂર્ણ ઉપયોગ થશે. માર્ગ અને મકાન વિભાગ પર અંદાજપત્રમાં કરાયેલી જોગવાઈઓ અંગેની માહિતી નીચે મુજબ છે.**

- પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણને જોડતા પ્રગતિપથને ચાર માર્ગીયકરણ કરવાની કામગીરી તબકકાવાર પ્રગતિમાં છે, ૨૪૯ કિ.મિ. ના રૂા. ૭૭૫.૪૮ કરોડના અંદાજિત રકમનાં કામો પ્રગતિમાં રૂા.૧૫૨.૫૦ કરોડની રકમનાં પુલોનાં(સ્ટ્રકચર) કામો પ્રગતિમાં છે, ૩૨૯ કિ.મિ. લંબાઇનાં રૂા. ૧૨૫૦ કરોડનાં કામો મંજૂરીના વિવિધ તબકકામાં છે.
- ગુજરાતનાં પવિત્ર યાત્રાધામો અંબાજી, ડાકોર, પાવાગઢ અને પાલીતાણાને જોડતા રસ્તાઓને પગદંડી સહિત ૩૭૫ કિ.મિ.ના ચાર માર્ગીય કરવાના રૂા.૧૪૫૮ કરોડનાં કામ પૈકી, ૩૩૬ કિ.મિ. લંબાઇની કામગીરી પૂર્ણ કરાઇ છે.
- ગત વર્ષના બજેટમાં ૭ વર્ષથી વધુ સમય થયા હોય તેવા રસ્તાઓનું રિસરફેસિંગ આગામી વર્ષમાં હાથ ધરાશે.
- રાજય અને પંચાયત વિભાગ હસ્તકના ૨૦૦ તાલુકાઓમાં આવેલ કુલ ૧૬૮૫૭ કિ.મિ.ના લંબાઇના વિવિધ કક્ષાના રસ્તાઓને રૂા. ૪૫૦૬ કરોડની રિસરફેસિંગની મંજૂરી અપાઇ છે. જે પૈકી રૂા. ૩૩૮૦ કરોડનાં કામો મંજૂર/મંજૂરીની પ્રક્રિયામાં છે.
- ધારાસભ્યશ્રીના મતવિસ્તાર દીઠ રૂા.૫૦ કરોડની મંજૂરીઓ આપી છે.
- અમદાવાદ-મહેસાણા રસ્તાની ૫૨ કિ.મિ. લંબાઈના રસ્તાને રૂા.૮૦૦ કરોડના ખર્ચે છ માર્ગીયકરણ કરવા વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં રૂા.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- મુખ્યમંત્રીશ્રીના ફાટકમુકત ગુજરાતના અભિયાન અન્વયે રૂા.૯૧૩૦ કરોડના ખર્ચે ૨૦૪ નવીન રેલવે ઓવરબ્રિજ મંજૂર કરીને ઐતિહાસિક કામગીરી કરાઇ છે.
- ૨૯ રેલવે ક્રોસિંગ ઉપર રૂા.૮૭૩ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યા છે.
- ૭૫ રેલવે ઓવરબ્રિજ રૂા. ૩૨૫૭ કરોડના ખર્ચે પ્રગતિમાં છે.
- ૧૦૦ નવીન રેલવે ક્રોસિંગ પર રૂા.૫૦૦૦ કરોડના ખર્ચે મંજૂરી આપવામાં આવી છે.
- ભાવનગરને જોડતા બગોદરા-ધંધુકા-વલ્લભીપુરના રસ્તાને રૂા. ૪૭૨ કરોડના ખર્ચે ચાર માર્ગીયકરણની કામગીરી હાથ





ધરવામાં આવી છે.

- મોરબી-હળવદ અને જેતપર-મોરબી-અણીયાળી-ઘાટીલા ૭૦ કિ.મિ.ના રાજ્ય ધોરી માર્ગને ચાર માર્ગીયકરણ કરવાનું કામ રૂા.૩૦૯ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.
- મોડિફાઇડ એન્યુઇટી હેઠળ બગોદરા-તારાપુર-વાસદ ૧૦૧.૯૦ કિ.મિ. રસ્તાને છ માર્ગીયકરણની કામગીરી બે અનુભાગોમાં રૂા.૧૬૫૪ કરોડના રોકાણથી ચાલુ વર્ષના મધ્યભાગ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- બગોદરા-તારાપુર-વાસદ રસ્તાની કામગીરી પૂર્ણ થયેથી દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્ર તરફ જવા માટે મુસાફરીનો સમય ઘટશે, ઈંધણનો બચાવ થશે અને સલામતી વધશે.
- ગ્રામીણ વિસ્તારો વધુને વધુ સમૃદ્ધ વર્ષ ૨૦૧૬-૧૭થી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાનો પ્રારંભ કરાયો છે.
- આ યોજના હેઠળ અત્યાર સુધી કુલ રૂા.૧૬,૫૨૪ કરોડના, ૫૧,૭૧૧ કિ.મિ. લંબાઇના રસ્તા તથા નાના/મોટા પુલો સહિત કુલ ૧૯,૭૮૪ કામો મંજૂર કરવામાં આવ્યાં છે.
- આ યોજના પ્રથમ તબક્કામાં કુલ ૧૦,૧૭૧ કરોડના ૨૯૬૬૪ કિ.મિ. લંબાઇના ૧૧૧૨૫ કામો મંજૂર કરવામાં આવ્યાં છે, જે પૂર્ણતાને આરે છે.
- આ યોજનાના બીજા તબક્કામાં વર્ષ ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ કુલ ૬૩૫૩ કરોડના ૨૨૦૪૭ કિ.મિ. લંબાઇના ૮૬૫૯ કામો મંજૂર કરવામાં આવ્યાં છે.
- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ નોનપ્લાન ગ્રામીણ રસ્તાના કાચા/મેટલ સપાટીવાળા રસ્તાને મોટા પ્રમાણમાં ડામર કરવાની ઝુંબેશ સ્વરૂપે અંદાજિત ૧૬ હજાર કિ.મિ. લંબાઇની કામગીરીને પાકા ડામર સપાટીના બનાવી દેવામાં આવી છે અને ૪૦૦૦ કિ.મિ.ની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ગુજરાત સરકારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના પ્રથમ બે તબક્કા હેઠળ ૩૩,૭૪૩ પરાને જોડી સફળતાપૂર્વક કામગીરી પૂર્ણ કરી છે.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કા અંતર્ગત ગ્રામીણ માર્ગોને પહોળા કરવા ૩૦૧૫ કિ.મિ. લંબાઇના રસ્તાના રૂા.૧૭૪૯.૬૨ કરોડનાં કામો મંજૂર કરી બજેટમાં વર્ષ ૨૦૨૧-૨૨માં રૂા.૨૦૦ કરોડની જોગવાઇ કરાઇ છે.
- પાટનગર યોજના અંતર્ગત ગાંધીનગરમાં નવું સદસ્ય નિવાસ સંકુલ બનાવાશે.
- અમદાવાદ શહેર તથા ગાંધીનગર ખાતે રૂા.૪૫૦ કરોડની અંદાજી રકમથી વિવિધ કક્ષાના ૧૮૭૬ ક્વાર્ટર્સના બાંધકામ માટે વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં રૂા.૯૩.૯૫ કરોડની જોગવાઇ કરાઇ છે.
- ગાંધીનગરમાં ૧૪૫૬ ક્વાર્ટર તેમજ અમદાવાદ શહેર ખાતે ૧૫૬ ક્વાટર્સ મળી વિવિધ કક્ષાના રૂા.૪૩૯.૧૫ કરોડની અંદાજી રકમનાં ૧૬૧૨ ક્વાર્ટર્સ બનાવવાનું કામ પ્રગતિમાં છે.





- વિશ્વબેંક યોજના હેઠળ અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર કેપિટલને જોડતા રસ્તામાં ચ-0-કોબા-ઇન્દિરા બ્રિજ સુધીના ભાગને "સેફ કોરિડોર ડેમો પ્રોજેક્ટ" [SCDP] તરીકે વિકસાવવાની રૂા.૩૮.૨૫ કરોડની કામગીરી મંજૂર કરાઇ છે.
- વર્ષ ૨૦૧૪ રાષ્ટ્રીય ધોરીમાર્ગની લંબાઇ ૪૦૪૫ કિ.મિ. હતી જે વધીને ૭૧૨૯ કિ.મિ. થઇ છે. જે ૭૬ ટકાનો વધારો દર્શાવે છે.
- વર્ષ ૨૦૨૦-૨૧માં રૂા.૮૫૭.૩૨ કરોડના કુલ ૧૬૧.૪૧૫ કિ.મિ. લંબાઇનાં ૮ કામો મંજૂર કરવામાં આવ્યાં છે.
- નેશનલ હાઇવે ઑથોરીટી ઓફ ઇન્ડિયા હસ્તક અંતર્ગત દિલ્હી-વડોદરા એક્સપ્રેસ-વે પૈકી ૬૩.૪૬ કિ.મિ.માં રૂા. ૩૮૫૪ કરોડના ખર્ચે,સાંચોર-સાંતલપુર એક્સપ્રેસ-વેના ૯૩.૧૮ કિ.મિ.માં ૨૨૦૭ કરોડના ખર્ચે, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વે ૧૦૯ કિ.મિ.માં રૂા.૩૩૯૬ કરોડના ખર્ચે શરૂ થવામાં છે.
- અમદાવાદ-મુંબઇ હાઇસ્પીડ રેલવે કોરિડોર- બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે રૂા.૧૬૩૦ કરોડ ઇક્વિટી પેટે આપવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૧-૨૨માં પણ આ પ્રોજેક્ટ માટે રૂા.૧૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

આ સાથે, માર્ગ અને મકાન વિભાગની માંગણીઓ બજેટ ગૃહમાં પસાર કરી મંજૂર કરવામાં આવી હતી. ગુજરાતનાં ગામડાઓને જ નહીં પરંતુ દેશનાં આંતરરાષ્ટ્રીય શહેરોને જોડવાનાં કાર્યોમાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ સધાઇ હોવાનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ આપેલી માહિતીમાંથી પ્રતિપાદિત થાય છે. ●



પ્રવાસન, મત્સ્યોદ્યોગ શ્રી જવાહરભાઈ ચાવડા કેબિનેટ મંત્રી



શ્રી વાસણભાઈ આહિર પ્રવાસન રાજ્ય મંત્રી

# પ્રવાસીઓ માટે પહેલી પસંદ બન્યું ગુજરાત

**પ્રવાસન ક્ષેત્રે ગુજરાતે કાઠું કાઢ્યું છે અને આજે સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિશ્વના મોખરાના પ્રવાસન સ્થળોમાં સ્થાન પામ્યું છે. રાજ્ય સરકારે પ્રવાસન ઉદ્યોગને ખિલવવા પ્રતિબદ્ધતા સાથે બજેટમાં તેને વિશેષ સ્થાન આપી નાણાકીય જોગવાઇ કરી છે. ગુજરાતમાં આવતા પ્રવાસીઓની બાબતમાં છેલ્લાં પાંચ વર્ષમાં સરેરાશ વાર્ષિક ૧૩ ટકા વૃદ્ધિદર નોંધાયો છે. પ્રવાસન ક્ષેત્ર રોજગારીની વિપુલ તકો પૂરી પાડે છે. વર્ષ 2001-02માં પ્રવાસીઓની સંખ્યા 52 લાખ હતી. જે 2019-20માં વધીને 609 લાખ થઇ ગઇ છે. આમ વીસ વર્ષમાં પ્રવાસીઓની સંખ્યામાં 12 ગણો વધારો થયો છે. રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે પણ બજેટ જોગવાઇમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. વર્ષ 2001-02માં પ્રવાસન માટે રૂ.12 કરોડની જોગવાઇ કરાઇ હતી. જેમાં વર્ષ 2021-22માં 487.50 કરોડની કરાઇ છે. આમ 20 વર્ષમાં બજેટની જોગવાઇમાં 40 ગણો વધારો કરવામાં આવ્યો છે. પ્રવાસનના વિકાસની ગતિને વેગવંતી બનાવવા માટે વર્ષ 2021-22 માં ચાલુ બાબતો હેઠળ રૂ.૩૯૩.૫૦ કરોડ અને નવી બાબતો હેઠળ રૂ.૯૪ કરોડ મળી કુલ રૂ.૪૮૭.૫૦ કરોડની જોગવાઇ સૂચવાઇ હોવાનું વિધાનસભા ગૃહમાં પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડાએ જણાવ્યું હતું.**

**કોરોનાની સૌથી મોટી અસર પ્રવાસન ક્ષેત્રે પર પડી છે. પરંતુ, આપણે કોરોના સંક્રમણની સામે તકેદારી રાખીને 'જાન ભી તો જહાન ભી'ધ્યેય સાથે ટુરિઝમ સેક્ટરને ચેતનવંતુ બનાવ્યું છે. કોરાના કાળમાં પણ ગુજરાતમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ સ્થાનિક અને રાષ્ટ્રીય પ્રવાસીઓએ મુલાકાત લીધી છે. ત્યારે ગુજરાત સરકારે પ્રવાસનને વેગ આપવા લીધેલાં પગલાંની માહિતી અત્રે પ્રસ્તુત કરવામાં આવી છે.**

- રાજ્ય સરકાર સતત સાસણગીરના વિકાસ માટે સક્રિય ભૂમિકા નિભાવી રહી છે.
- સાસણગીરમાં વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં આશરે ૭૫ હોટલ રૂમ ઉપલબ્ધ હતા.
- "ખુશ્બૂ ગુજરાત કી કેમ્પેઈન" બાદ આ હોટલ રૂમની સંખ્યા અંદાજિત ૨૫૦૦ થઈ છે.
- જે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની પ્રવાસન પ્રત્યેની દીર્ઘદૃષ્ટિ દર્શાવે છે. "ખુશ્બૂ ગુજરાત કી કેમ્પેઈન" એ ગુજરાત રાજ્યના પ્રવાસન માટે 'Game Changer' સાબિત થયું છે.
- સાસણગીર ખાતે પ્રવાસીઓની સુવિધાઓનો વિકાસ કરવા ઉપરાંત પ્રવાસીઓ માટે સુવિધાજનક ૧૦ એ.સી. બસો રૂ.૩.૪૦ કરોડના ખર્ચે પૂરી પાડી છે.
- સાસણગીરની વિકાસ સુવિધા અંદાજિત રૂ.૩૫.૪૦ કરોડના ખર્ચે જૂન-૨૦૨૨ પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- વર્ષ 2005 માં માત્ર 2 દિવસથી શરૂ કરાયેલો રણ ઉત્સવ વધીને 100થી પણ વધુ દિવસનો થયો છે જે સફળતા અને લોકપ્રિયતા દર્શાવે છે.
- વર્ષ ૨૦૧૯-૨૦માં ૩.૫૦ લાખ મુલાકાતીઓ સફેદ રણની મુલાકાત લીધી છે.
- રણ ઉત્સવના આયોજનથી લોકોને વર્ષ 2018-19માં 15.12 લાખ દિવસની રોજગારી મળી છે.
- છેવાડાનું ગામ ધોરડો જે માત્ર પ્રવાસન અને પશુપાલન ઉપર આધારિત છે, તે ગામને જો રૂરલ ટૂરિઝમનો ભારત સરકારનો સર્વોચ્ચ એવોર્ડ મળે
- આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં દેશ-દુનિયાના પતંગબાજો ભાગ લેતા હોવાથી વિશ્વભરમાં પ્રચલિત થયો છે. પતંગ મહોત્સવના લીધે પતંગ ઉદ્યોગનું ટર્નઓવર વાર્ષિક રૂ.૬૧૫ કરોડથી વધુ પહોચ્યું છે. પતંગ બનાવતા સ્થાનિક લોકોને રોજગારી મળતાં તેમના જીવનધોરણમાં પણ સુધારો થયો છે.
- આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ માટે માન. વડાપ્રધાનશ્રી કહે છે કે"પતંગ ઉત્સવ દર્શાવે છે પ્રકૃતિ પ્રેમ, પર્યાવરણ પ્રેમ અને પર્યટન પ્રેમ"

## સ્ટેચ્યુ ઓફ યુનિટી

- અખંડભારતના નિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલની 182 મીટર ઊંચાઈ ધરાવતી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેને અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા પ્રવાસનના શ્રેષ્ઠ સ્થળ તરીકે દરજ્જો આપવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા કેવડિયાને 'ફેમિલી ટૂરિસ્ટ ડેસ્ટિનેશન' તરીકે ડેવલપ કર્યું છે. જેમાં સિનિયર સિટીજન માટે આરોગ્ય વન એકતા વન, યુવાનો માટે એકતા ક્રૂઝ અને રીવર રાફ્ટિંગ અને મહિલાઓ તેમજ બાળકો માટે ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક, જંગલ સફારી તેમજ એકતા મોલનો આનંદ છે. તાજેતરમાં જ દેશનાં વિવિધ શહેરોને ટ્રેન દ્વારા કેવડિયા રેલવે સ્ટેશનને જોડી દેવામાં આવ્યું છે.
- સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે અનેક વિવિધ પ્રોજેક્ટ જંગલ સફારી

પાર્ક, એકતા મોલ ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક, યુનિટી ગ્લો ગાર્ડન, કેક્ટ્સ ગાર્ડન, એકતા નર્સરી, ખલવાણી ઈકો-ટૂરિઝમ (ધોધ), નવોગોરા બ્રિજ, એકતાક્રૂઝ તેમજ આરોગ્યવન અને સી-પ્લેન જેવા પ્રકલ્પોથી પ્રવાસીઓને આકર્ષવામાં સફળતા મળી છે.

- માત્ર 553 દિવસમાં 50 લાખથી વધુ પ્રવાસીઓએ (દૈનિક સરેરાશ ૧૦ હજાર) સ્ટેચ્યૂ ઑફ યુનિટી તેમજ અન્ય આકર્ષણોની મુલાકાત લીધી છે. આ સાથે સ્થાનિક યુવાનોને પણ ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી પ્રાપ્ત થઈ છે.

### ગાંધી સર્કિટ (સ્વદેશ દર્શન સ્કીમ)

- અમદાવાદ-રાજકોટ-પોરબંદર-બારડોલી-દાંડી ગાંધી હેરિટેજ સર્કિટ ગુજરાતને ભારતના પિતા મહાત્મા ગાંધીનું જન્મસ્થળ હોવાનું ગૌરવ છે. આજે રાજ્ય મહાત્મા ગાંધીજીના સંગ્રહાલયો, મૂર્તિઓ, આશ્રમો વગેરેને સાચવી રહ્યું છે. મહાત્મા ગાંધીજીના જીવન વિશે વધુ જાણવા ઈચ્છતા લોકો ગુજરાતની મુલાકાત લઈ રહ્યા છે. જે સ્થાન પર ગાંધીજીનો જન્મ થયો હતો,તેઓ જે સ્થળ પર રહ્યા હતા,જે સ્થળેથી અભ્યાસ કર્યો હતો, તેમણે જે સ્થળ પરથી આંદોલન શરૂ કર્યાં હતાં તેવાં અનેક સ્થળો ગુજરાતમાં પ્રેરણાનાં સ્થળો છે, પ્રવાસીઓને મહાત્માના જીવનને અનુસરી શકે તે માટે સદર સ્થળોને ગાંધી ટૂરિઝમ સર્કિટ તરીકે વિકસાવવામાં આવેલ છે.



### નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરીયલ

- નવસારી જિલ્લાના દાંડી ખાતે ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા અંદાજિત રૂ. ૭૦ કરોડના ખર્ચે નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ (એન.એસ.એસ.એમ.) બનાવવામાં આવ્યું છે. જે પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

### આઝાદીનો અમૃત મહોત્સવ

- વર્ષ ૨૦૨૨માં ભારતની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થશે તેની ઉજવણીનો પ્રારંભ ૭૫ અઠવાડિયાં પહેલાં જ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૨ માર્ચ ૨૦૨૧ના રોજ ગાંધી આશ્રમ ખાતે દાંડીયાત્રા પથ ઉપર તેના સિદ્ધાંતોને અનુસરીને આત્મ નિર્ભર ભારત અંગેની કૂચનું આયોજન કરાયું છે.

### રૈયાલી ફોસિલ પાર્ક




- અંદાજિત સાડા છ કરોડ વર્ષ પહેલાં મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના રૈયોલી ગામના 52 હેક્ટર વિસ્તારમાં મહાકાય ડાયનાસોરની વિવિધ પ્રજાતિઓની સજીવ સૃષ્ટિ અસ્તિત્વમાં હતી. તેના જીવાશ્મી (ફોસિલ) અવશેષો થીજીને પથ્થર બની ગયેલાં ઈંડાં અને વિવિધ સંશોધનોને વણીને ડાયનાસોર પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારનો પ્રવાસન વિભાગ રૈયાલી સ્થિત ડાયનોસર ફોસિલ પાર્ક અને મ્યુઝિયમને વિશ્વ પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવી રહ્યો છે. આ ભારતનું સૌ પ્રથમ ડેડિકેટેડ ડાયનાસોર મ્યુઝિયમ છે. આ પાર્ક વિશ્વનો ત્રીજા નંબરનો સૌથી મોટો ફોસિલ પાર્ક છે. આ પાર્કમાં રૂ.42 કરોડથી વધુના ખર્ચે ડાયનાસોર મ્યુઝિયમનું નિર્માણ કરાશે.

### સરહદ દર્શનઃ નડાબેટ

- દેશના યુવાનોમાં રાષ્ટ્રભાવના વિકસે તેમજ દેશભક્તિના સંસ્કાર કેળવાય તે હેતુથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ભારત પાકિસ્તાનની બોર્ડર ઉપર આવેલા નડાબેટ ખાતે સીમાદર્શન કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અહીં પ્રવાસીઓની સુવિધા માટે વિવિધ પ્રકલ્પોનું નિર્માણ કરાશે.

### શિવરાજપુર દરિયાને બ્લુ બીચ તરીકે માન્યતા

- ડેન્માર્કમાં કાર્યરત નોન-પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન'ધ ફાઉન્ડેશન ફોર એનવાર્યમેન્ટ એજ્યુકેશન' દ્વારા ૧૧ ઓક્ટોબર-૨૦૨૦ના રોજ શિવરાજપુર બીચને 'બ્લુ ફ્લેગ બીચ' નું સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. જે ગુજરાત માટે ગૌરવની



વાત છે. બ્લુ ફલેગ બીચને દુનિયાના સૌથી સ્વચ્છ અને સુંદર બીચ તરીકે માનવામાં આવે છે. આ બીચના માળખાકીય સુવિધા અને પ્રવાસીઓને આકર્ષવા માટે 138 કરોડના ખર્ચે વિકાસકામો હાથ ધરાયાં છે.

**જંગલના રાજાનું ભવ્યાતિભવ્ય ઘર એટલે આંબરડી સફારી પાર્ક.**

- આંબરડી સફારી પાર્કમાં મુક્તપણે સિંહ હરતા-ફરતા જોવા મળે છે. અમરેલી જિલ્લાની ઉત્તર-પૂર્વ સરહદે આવેલ આંબરડી સફારી પાર્કના વિશાળ ભૌગોલિક વિસ્તારને આરક્ષિત વન તરીકે જાહેર કરાયેલ છે. આંબરડીએ એવું સ્થળ છે કે જ્યાં અંદાજિત ૪૦૦ હેક્ટર વિસ્તારમાં જંગલના રાજા સિંહ મુક્તરીતે હરતા-ફરતા જોવા મળે છે. આંબરડી સફારી પાર્કના વિકાસની કામગીરી રૂ.૨૬.૭૭ કરોડના ખર્ચે જૂન-૨૦૨૨ પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.

**બેટ દ્વારકા અને શીયાળ સવાઈ બેટ**

- ગુજરાત રાજ્યના દરિયાકિનારે ૧૫૦થી વધુ ટાપુઓ છે, આ ટાપુઓ(આઈલેન્ડ)ના વિકાસ માટે ઓગસ્ટ ૨૦૧૯માં મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને આઈલેન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટીની રચના કરવામાં આવી છે. આ ટાપુના વિકાસ માટે 6 કરોડની જોગવાઈ કરાઈ છે.

**ગુજરાતનું પુરાતન શહેરમાંનું એક શહેર એટલે વડનગર.**

- પ્રાચીન સમયમાં વડનગર આનર્તપુર, આનંદપુર સહિત વિવિધ નામોથી પ્રખ્યાત હતું. વિદ્યા, કલા, સાહિત્ય-સંગીત, નૃત્ય, શિલ્પ, સ્થાપત્ય, વાણિજ્ય અને ઉદ્યોગો માટે સુવિખ્યાત હતું. ભારત સરકારના પ્રવાસન મંત્રાલય અને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના સંયુક્ત પ્રયાસો દ્વારા સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા જૈન, બૌદ્ધ અને હિન્દુ સંસ્કૃતિના





સંગમ સ્થળ સમા આ વડનગર શહેરમાં આવેલા પ્રવાસનનાં સ્થળોને વિકસાવવામાં આવી રહ્યાં છે. હાલમાં રાજ્ય સરકારે વડનગરના વિકાસ માટેનો અંદાજિત રૂ.૧૦૦ કરોડનો માસ્ટર પ્લાન બનાવવા આવ્યો છે.

- સાપુતારા, પોળો ફોરેસ્ટ, લોથલ, ધોળાવીરા, જૂનાગઢનો ઉપરકોટ કિલ્લો ઉપરાંત સાસણગીર, કાળિયાર અભયારણ્ય, ઘુડખર અભયારણ્ય, નળ સરોવર,થોળ (મહેસાણા), ખીજડીયા (જામનગર) વગેરે સ્થળોને વિકસાવવા નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે.
- આ સાથે અંબાજી, દ્વારકા, સોમનાથનો પ્રસાદ સ્કીમ અંતર્ગત વિકાસ કરવામાં આવશે.



### નવી ટૂરિઝમ પૉલિસી-૨૦૨૧-૨૫

- ગુજરાત એક પૉલિસી ડ્રિવન સ્ટેટ છે. રાજ્ય સરકાર દ્વારા દરેક ક્ષેત્રમાં પૉલિસી જાહેર કરવામાં આવી છે. કોરોનાના સંક્રમણ કાળમાં ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા બે નવી પૉલિસી અને એક પ્રસ્તાવિત સુધારા સાથેની પોલિસીની જાહેરાત કરવામાં આવી છે.
- ગુજરાત રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રના સર્વાંગી વિકાસ અને રોકાણકારોને આકર્ષવા માટે વર્તમાન સરકાર દ્વારા પ્રવાસન નીતિ 2015-2020 ની પાંચ વર્ષની મુદત પૂર્ણ થતાં 12 જાન્યુઆરી 2021 ના રોજ નવી પ્રવાસન નીતિ 2021-2025 જાહેર કરવામાં આવી છે.
- ગુજરાત ટૂરિઝમ પૉલિસી 2021-25 દ્વારા 'વોકલ ફોર લોકલ' ના ધ્યેયને પણ પ્રોત્સાહન આપીને ગુજરાતની કલા અને સંસ્કૃતિને પ્રદર્શિત કરતી અનોખી અને ઓછી એક્સપ્લોર થયેલી પ્રોડક્ટનું પ્રમોશન કરવામાં આવશે.
- ગુજરાતને પ્રવાસન ક્ષેત્રે 'ગ્લોબલ ચોઈસ ફોર ટુરિઝમ' બનાવવા માટે રાજ્ય સરકારે આ પૉલિસી બનાવી છે. આ નીતિમાં પ્રવાસન વિભાગ દ્વારા 'પ્રવાસન વૃદ્ધિ સાથે પર્યાવરણ સમૃદ્ધિ'નો નવતર અભિગમ અપનાવ્યો છે. અમદાવાદને જ્યારે વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો મળેલ છે, સમગ્ર રાજ્યમાં અનેક સ્વરૂપમાં વિશાળ હેરિટેજની વિરાસતનો વરસો ઉપલબ્ધ છે, તેવા સંજોગોમાં હેરિટેજ ઇમારતોનું સુયોગ્ય રીતે જતન કરી શકાય તેમજ આ વારસાને વધુ સમૃદ્ધ રીતે વૈશ્વિક પ્રવાસનના નકશામાં સ્થાન આપી શકાય તે ઉદ્દેશથી માન. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં તેમજ માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રવાસન વિભાગ દ્વારા રાજ્યની પ્રથમ હેરિટેજ ટુરિઝમ પૉલિસીની જાહેરાત પણ કરવામાં આવી છે.
- 1 જાન્યુઆરી 1950 પહેલાંની ઐતિહાસિક ઇમારતો, મહેલો, કિલ્લા વગેરેમાં હેરિટેજ હોટલ, હેરિટેજ મ્યુઝિયમ, હેરિટેજ બેન્કવેટ હોલ અને હેરિટેજ રેસ્ટોરન્ટ બનાવવા માટે સબસિડી આપવાની આ પૉલિસીમાં જોગવાઈ કરવામાં આવી છે.
- આ પૉલિસીની હાલમાં જાહેરાત થઇ છે અને તેના અમલીકરણની પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ અંદાજિત રૂ. ૩૦૦ કરોડનું વધુ રોકાણ કરવાની તત્પરતા વિવિધ સ્ટેક હોલ્ડરોએ દર્શાવેલ છે. જે ગુજરાત માટે આવનારા સમયમાં એક ખૂબ જ મોટા પાયે રોજગારીનું સર્જન કરશે.

### ગૌરવ

1. ઇન્ડિયા ટુડે દ્વારા આયોજિત ટૂરિઝમ સર્વે એવોર્ડ 2020 માં ગુજરાતને 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' માટે 'આઇકોનિક લેન્ડ સ્કેપ' કેટેગરીમાં તારીખ 25 નવેમ્બર,2020 એવોર્ડ પ્રાપ્ત થયો છે.
2. આ ઉપરાંત 'ટ્રાવેલ એન્ડ લેઝર ઇન્ડિયા બેસ્ટ એવોર્ડ્સ 2020' દ્વારા 25 નવેમ્બર,2020 ના રોજ ગુજરાતને 'ડોમેસ્ટિક ટુરિઝમ કેટેગરીમાં શ્રેષ્ઠ સાંસ્કૃતિક સ્થળ' માટે એવોર્ડ પ્રાપ્ત થયો છે.
3. અમેરિકા સ્થિત વર્લ્ડ ટેલેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા 11 માર્ચ 2021 ના રોજ સોમનાથ ખાતેથી રહેલ વિકાસને ધ્યાને લઈને સોમનાથ ટ્રસ્ટને Amazing Talent - વિસ્મયકારક પ્રકૃતિદત્ત સૂઝ માટે પ્રમાણપત્ર એનાયત કરાયેલ છે. વર્લ્ડ ટેલેન્ટ ઓર્ગેનાઈઝેશને કામની કદરરૂપ પ્રમાણપત્ર એનાયત કરીને સોમનાથ ખાતેનાં વિકાસકાર્યોને આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ આપી છે.

- વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં આગામી વર્ષ માટે પ્રવાસન પ્રસિદ્ધિ અને પ્રવાસન સ્થળોની માળખાકીય સુવિધામાં વધારો કરવા નવી બાબતોનું રૂ. ૯૪ કરોડના ખર્ચે આયોજન કરવામાં આવ્યું છે. ●




# વિધાનસભામાં લોકપ્રશ્નોને મળી વાચા

*લોકહિતનાં કાર્યો કરી ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓએ લોકપ્રહરી તરીકે ખરા ઊતરવાનું હોય છે. વિધાનસભામાં વિકાસકાર્યોને વાચા આપવાનું બહૂમૂલ્ય કાર્ય આ લોકપ્રહરીઓના શિરે હોય છે. ૧૪મી વિધાનસભાના આઠમા સત્ર દરમિયાન લોકો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનું પ્રતિનિધિત્વ ધારાસભ્યશ્રીઓએ કર્યું હતું. સમગ્ર પ્રશ્નોત્તરીને સમાવવી શક્ય ન હોવા છતાં વિધાનસભા સત્રની કામગીરીની ઝલક અત્રે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.*



કરજણના ધારાસભ્ય શ્રી અક્ષયકુમાર પટેલના ચિત્રાલ માઈનોરથી સિંચાઈનું પાણી આપવા બાબતેના પ્રશ્નનો ઉત્તર આપતાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, 31 ડિસેમ્બર 2020ની સ્થિતિએ વડોદરાના પાદરા તાલુકાના મજાથણ વિશાખામાંથી નીકળી ચિત્રાલ માઈનોર દ્વારા વર્ષ 2019માં 637 એકર અને વર્ષ 2020માં 553 એકર વિસ્તારમાં સિંચાઈનું પાણી અપાયું હતું.

સુરેન્દ્રનગરમાં રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના અંગેના વઢવાણના ધારાસભ્ય શ્રી ધનજીભાઈ પટેલના સવાલના જવાબમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે માહિતી આપી હતી કે, 31 ડિસેમ્બર 2020ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના હેઠળ 355 અરજી મંજૂર કરી રૂ.17,75,000ની ચૂકવણી કરાઈ છે.





અસારવાના ધારાસભ્ય શ્રી પ્રદીપભાઈ પરમારના અમદાવાદ જિલ્લામાં વીજબીલમાં રાહત અંગેના પ્રશ્નનો પ્રત્યુત્તર પાઠવતાં ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે કુલ 1485019 ઘરવપરાશના વીજગ્રાહકોને રૂ.5776.93 લાખની વીજબીલમાં રાહત આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

રાજ્યમાં ડાયાલિસીસ સેન્ટર ચાલુ કરવાના રાજુલાના ધારાસભ્ય શ્રી અંબરીષભાઈ ડેરના સવાલના જવાબમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીએ માહિતી આપી હતી કે, રાજ્યમાં આવેલા તમામ જિલ્લા તથા પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલ્સમાં 30 સપ્ટેમ્બર 2014થી પીપીપી ધોરણે ડાયાલિસીસ સેન્ટર ચાલુ કરવા નિર્ણય કરાયો હતો. હાલ 46 ડાયાલિસીસ સેન્ટર કાર્યરત છે.





ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી શંભુજીભાઈ ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ અંગે મંત્રીશ્રીએ 31 ડિસેમ્બર 2020ની સ્થિતિએ એક વર્ષમાં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની પ્રિ.મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ 1,10,793 વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર કરી રૂ.11,27,60,050 ચૂકવવામાં આવ્યા છે.

ગઢડાના ધારાસભ્ય શ્રી આત્મારામ પરમારે બોટાદ જિલ્લામાં સંત સુરદાસ યોજનાની માહિતી માગતાં પ્રત્યુત્તરરૂપે મંત્રીશ્રીએ વર્ષ 2020માં આ યોજના અંતર્ગત આવેલી તમામ 10 અરજી મંજૂર રાખી રૂ.30,600 સહાય પેટે ચૂકવવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.



રાજ્યમાં મેડિકલ યુનિવર્સિટી સ્થાપવા બાબતેના ખેડબ્રહ્માના ધારાસભ્ય શ્રી અશ્વિનભાઇ કોટવાલના સવાલનો જવાબ આપતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ 6 નવેમ્બર 2019ના રોજ રૂ.100 લાખના ખર્ચને વહીવટી મંજૂરી અપાઇ છે અને યુનિવર્સિટી બનાવવાની વૈધાનિક પ્રક્રિયા પૂર્ણ થયે વહીવટી પ્રક્રિયા હાથ ધરાશે તેમ જણાવ્યું હતું.





રોટોવેટરની ખરીદી સંબંધિત ખંભાતના ધારાસભ્ય શ્રી મહેશકુમાર રાવલના સવાલના જવાબમાં 31 ડિસેમ્બર 2020ની સ્થિતિએ બે વર્ષમાં આણંદ જિલ્લામાં રોટોવેટરની 442 ખેડૂતોને ખરીદી માટે રૂ.1.73 કરોડ સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્ય સરકારના ફાળવાયેલા વેન્ટિલેટર અંગે દાંતાના ધારાસભ્ય શ્રી કાન્તીભાઇ ખરાડીએ પ્રશ્ન પૂછતાં તેના જવાબમાં મંત્રીશ્રીએ 31 ડિસેમ્બર 2020ની સ્થિતિએ એક વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને વિનામૂલ્યે કુલ 3196 વેન્ટિલેટર ફાળવવામાં આવ્યાં છે. જે પૈકી 15 મોબાઇલ વેન્ટિલેટર છે.





તાપી અને વલસાડમાં નદીઓ ઉપર પુલ બનાવવા બાબતે વ્યારાના ધારાસભ્ય શ્રી પુનાભાઇ ગામીતના પ્રશ્નનો ઉત્તર પાઠવતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 31 ડિસેમ્બર 2020ની સ્થિતિએ બે વર્ષમાં એક હજાર બસો પંદર કરોડ પંચાવન લાખના 942 રસ્તા અને 15 નદીઓ ઉપર પુલનાં કામ મંજૂર કર્યાં છે. રૂ.104.99 લાખનો ખર્ચ કરાયો છે.

કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઇ ચૌધરીના એસ.ટી.નિગમને નવી બસો ખરીદવા સહાયના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે વાહન વ્યવહાર મંત્રી શ્રી રણછોડભાઇ ફળદુએ 31 ડિસેમ્બર 2020ની સ્થિતિએ બે વર્ષમાં રૂ.314.6 કરોડની સહાય રૂ.1690 બસની ખરીદી માટે ચૂકવવામાં આવી હોવાની માહિતી આપી હતી.





બનાસકાંઠા જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલી રકમ અંગેના કાંકરેજના ધારાસભ્ય શ્રી કિર્તીસિંહ વાઘેલાના પ્રશ્ન અંગે વિસ્તારપૂર્વક જવાબ આપતાં સહકાર રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, 31 ડિસેમ્બર 2020ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠાની લાખણી બજાર સમિતના કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રૂ.130.55 લાખ મંજૂર કરી સંપૂર્ણ રકમ ચૂકવી દેવાઇ છે.

માંડવીના ધારાસભ્ય શ્રી વિરેન્દ્રસિંહ જાડેજાના કચ્છ જિલ્લામાં કેપિટલ ગોડાઉન સહાય હેઠળ ચૂકવાયેલી રકમ સંદર્ભે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં સહકાર મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 31 ડિસેમ્બર 2020ની સ્થિતિએ એક વર્ષમાં કચ્છ જિલ્લામાં 25 ટકા કેપિટલ ગોડાઉન સહાય હેઠળ રૂ.17.15 લાખથી વધુની સહાય ચૂકવાઇ છે. તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં 2695.30 મેટ્રિક ટન વધારો થયો છે.



# આંબેડકર યુનિ.માં 'સંસ્કૃત સંભાષણ અભ્યાસક્રમ'નો પ્રારંભ





સંસ્કૃત દેવભાષા છે. વર્તમાન સમયમાં ભારતીય સંસ્કૃતિને જાણવા સંસ્કૃતનું જ્ઞાન આવશ્યક છે. ડૉ.આંબેડકર યુનિ.માં સંસ્કૃત સંભાષણ સર્ટિફિકેટ તેમજ ડિપ્લોમાના અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યા. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ભારતીય દર્શન અને સંસ્કૃતિને જાણવા માટે સંસ્કૃત ભાષાને જાણવાની હિમાયત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, વૈદિક સંસ્કૃતિની ઉત્પત્તિ સાથે સંસ્કૃત ભાષાની ઉત્પત્તિ થઈ છે. ભારતના વેદોથી લઈને તમામ ધર્મગ્રંથોની રચના સંસ્કૃત ભાષામાં થઈ છે. વિશ્વના કોઈ પણ દેશ પાસે નથી એવો જ્ઞાનનો ભંડાર સંસ્કૃત ભાષામાં છે. સંસ્કૃત ભાષામાંનું એક એક સૂત્ર, સુભાષિત કે મંત્ર સમગ્ર જીવનને પરિવર્તિત કરવાની શક્તિ ધરાવે છે.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, ડૉ.બાબાસાહેબ આંબેડકરે સમગ્ર દેશને એકતાના સૂત્રથી બાંધવા, નૈતિકતા અને સમરસતાની સ્થાપના માટે સંસ્કૃત ભાષાને મહત્ત્વ આપ્યું હતું. તેમણે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સંસ્કૃત સંભાષણના અભ્યાસક્રમ શરૂ કરવા બદલ પ્રસંશા કરી હતી.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત સંસ્કૃત ભારતીના અખિલ ભારતીય સંગઠન મંત્રી શ્રી દિનેશ કામત, અતિથિવિશેષ તરીકે સંસ્કૃત ભારતીના શ્રી હિમાંજય પાલીવાલ, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ શ્રી જયશંકર રાવલ, આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ શ્રી અમીબહેન ઉપાધ્યાય અને બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો અને મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

કિશોર જીકાદરા

# ત્રણ માસના ધૈર્યરાજસિંહ માટે જામનગરના ઉદ્યોગપતિઓની સંવેદના



ગંભીર પ્રકારની જિનેટિક બીમારીથી પીડાતા મહીસાગર જિલ્લાના ત્રણ વર્ષીય બાળક ધૈર્યરાજસિંહના પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવા સમગ્ર દેશ આજે પોતાનો યથાયોગ્ય સહયોગ આપવા આગળ આવ્યો છે. સોશિયલ મીડિયા, જાહેર માર્ગો તેમજ ડોર ટૂ ડોર કેમ્પઈન હાથ ધરી ગુજરાતના યુવાઓ ધૈર્યરાજસિંહને મદદરૂપ થવા પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે. ત્યારે જામનગરના ઉદ્યોગપતિઓએ પણ આ બાળક માટે મદદનો હાથ લંબાવી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

શહેરના જી.આઈ.ડી.સી.દરેડ ખાતે અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા પ્રણામી સંપ્રદાયના સ્વામી શ્રી કૃષ્ણમણીજી મહારાજની પ્રેરક ઉપસ્થિતિમાં જય દ્વારકાધીશ મેટલના માલિક શ્રી રાજુભાઈ ગાગીયા દ્વારા ધૈર્યરાજસિંહની મદદ માટે રૂ.૨.૫૧ લાખ તથા હાઈટેક એક્સ્ટ્રુઝનના માલિક શ્રી વસંતભાઈ કટારીયા દ્વારા રૂ.૧.૧૧ લાખની આર્થિક મદદ જાહેર કરી જામનગર રાજપૂત યુવા સંઘને પોતાનો સહયોગ આપ્યો હતો.

રાજ્યમંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કોઈપણ વ્યક્તિને તકલીફ કે આફતના સમયે ગુજરાત હંમેશાં મોખરે રહ્યું છે ત્યારે ગુજરાતના આ બાળકને સારવાર મળી રહે તે માટે જામનગર તથા સમગ્ર રાજ્યના નાગરિકોને પોતાનો યથાયોગ્ય સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. ●



# અમદાવાદમાં સાત પગલાં ખેડૂત કલ્યાણનાં અંતર્ગત ૨૬૩૨ છત્રીનું વિતરણ



ખેડૂતોનાં આર્થિક, સામાજિક જતન અને સંવર્ધન માટે ગુજરાત સરકારે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. જેમાં વિવધ યોજનાઓના સંપૂટ સમી યોજના એટલે સાત પગલાં ખેડૂત કલ્યાણનાં.

ખેતીપ્રધાન દેશમાં ખેડૂતોની આવક વર્ષ - ૨૦૨૨ માં બમણી કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેને સુપેરે પાર પાડવાના ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા ''સાત પગલાં ખેડૂત કલ્યાણનાં'' અંતર્ગત વિવિધ યોજનાઓનો શુભારંભ કરવામા આવ્યો હતો. વાવણીથી કાપણી અને વેચાણ સુધીની ખેડૂત કલ્યાણની અનેક યોજનાઓ અમલી બનાવીને રાજય સરકાર ખેડૂત અને ખેતીનું જતન અને સંવર્ધન કરી રહી છે.

'સાત પગલા ખેડૂત કલ્યાણ'નાં અંતર્ગત ફળ, શાકભાજી,ફૂલપાકો તથા નાશવંત ખેતીપેદાશોનું લારી લઈને રોડ પર વેચાણ કરતા વેપારીઓ અને લારીધારકો, ફેરિયાઓને વિનામૂલ્યે છત્રીનું વિતરણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. અમદાવાદ જિલ્લામાં ૯ તાલુકા અને અમદાવાદ મહાનગરપાલિકામાથી આવેલી અરજી મુજબ કુલ - ૨૬૩૨ જેટલી છત્રીનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. ફેરિયાઓની શાકભાજી, ફળ અને અન્ય વસ્તુઓનો આકરા તાપમાં બગાડ થતો અટકે અને તેમનું આર્થિક સ્તર ઊંચું લાવવાનો તેનો હેતુ છે.

આમ, આ યોજનાની ફળશ્રુતિ સ્વરૂપે ઠેરઠેર શાકમાર્કેટમાં ગુજરાત સરકારે આપેલી છાયડારૂપી છત્રી શાકભાજી વિક્રેતાઓ પાસે જોઈ શકાય છે. ●



# રસીકરણ કરાવી ત્રણ પેઢીનો વૅક્સિન સલામતનો સંદેશ



રાષ્ટ્રીય રસીકરણ દિવસ ૧૬મી માર્ચના એક સાથે ત્રણ પેઢીએ રસીકરણ કરાવી વૅક્સિન સલામત હોવાનો સંદેશ આપી સ્વાસ્થ્ય જાગૃતિનું ઉત્તમ ઉદાહરણ આપવા સાથે અન્ય લોકોને પ્રેરણા પૂરી પાડી હતી. અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના તબીબ ડૉ. જયશ્રી રામજીએ કોરોનાની રસી લીધી. તેમણે ૭૦ વર્ષીય પિતા એસ.રામજીની સાથે ૯૧ વર્ષના દાદા સહસ્રરાનામન અને ૯૦ વર્ષનાં દાદી બાલમબાલ સહસ્રરાનામનને પણ રસી અપાવી હતી. એક સાથે ત્રણ પેઢીએ વૅક્સિન લીધાનો આનંદ વ્યક્ત કરતાં ડૉ.જયશ્રી રામજીએ કહ્યું હતું કે, મારાં દાદા-દાદી 90 વર્ષનાં હોવાથી વૅક્સિન આપતાં પહેલાં સિવિલના તબીબોનું માર્ગદર્શન મેળવ્યું હતુ. વૅક્સિન બાદ બધાંને ઓબ્ઝર્વેશનમાં રખાયા હતાં અને કોઈને રસીની આડઅસર વર્તાઈ નથી.

સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોરોના રસીકરણની કરવામાં આવેલી કામગીરીનો ચિતાર આપતાં કહે છે કે, અમદાવાદ સિવિલમાં આ લખાય છે ત્યાં સુધી રસીકરણ કેન્દ્રમાં ૧૦,૪૦૫ વ્યક્તિઓને રસીકરણનો પ્રથમ ડોઝ જ્યારે ૫,૩૫૮ વ્યક્તિઓને કોરોના રસીકરણનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. જેમાં ૯૮૪ જેટલા વરિષ્ઠ નાગરિકો, ૫૩૮ કોમોર્બિડ દર્દીઓને કોરોના રસીકરણનો ડોઝ આપવામાં આવ્યો છે. જ્યારે ૯૭૪૮ જેટલા હેલ્થકેર વર્કરો અને ૪૪૯૩ જેટલા કોરોના ફ્રંટલાઇન વર્કરોને પણ અભેદ્ય સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવ્યું છે.

સિવિલ હોસ્પિટલના એડિશનલ મેડિકલ સુપરિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ કોરોના રસીકરણ કરાવીને જ કોરોનાને હરાવી શકીશું તેવી ભાવના વ્યક્ત કરી હતી. ●





# બન્ની ઘાસિયાં મેદાનોની કાયાપલટે ખોલ્યાં સમૃદ્ધિના દ્વાર

આર. ડી. કમ્બોજ

ભારતના સુસંગત ઘાસનાં મેદાનોનાં સૌથી મોટો પટ્ટો, એટલે કે બન્ની ઘાસનાં મેદાનો, કચ્છના ભૂજ તાલુકામાં છે. એક સમયે તે એશિયાના શ્રેષ્ઠ ઘાસના મેદાન તરીકે ઓળખાતું હતું. ભૂજના આ વિસ્તારમાં મોટે ભાગે પશુપાલકો વસવાટ કરે છે. જેમની આજીવિકાનો મુખ્ય સ્રોત પશુધન ઉછેર છે. સમય જતાં હવામાનમાં થતા મોટા ફેરફારોને કારણે અહીં ખારાશના સ્તરમાં વધારો થયો. જેના પરિણામે અહી જીવવિવિધતા અને ઘાસના વિસ્તારમાં પણ ઘટાડો નોંધાયો છે. વધુમાં ગાંડો બાવળ (પ્રોસોપિસ જુલીફ્લોરા) ના અતિક્રમણને કારણે જમીનમાં રહેલ તમામ પોષકદ્રવ્યો ઝમી ગયા. જેને કારણે સ્થાનિક ઘાસની વિવિધતાના વિકાસને નડતરરૂપ બની ગયા અને છેવટે ઘણીખરી ઘાસની પ્રજાતિનો નાશ થવા લાગ્યો. વધી રહેલ વિપરીત આબોહવાકીય સંજોગો બદલાતા હવામાનને લીધે ઓછા અને અનિયમિત વરસાદને કારણે આ વિસ્તારમાં પાણી તેમજ ઘાસચારાની ઉપલબ્ધતા પર પણ વિપરીત અસર કરી છે. દુષ્કાળનાં વર્ષોમાં, ઉનાળાની ઋતુ દરમિયાન અહીંના માલધારીઓની સ્થિતિ ખૂબ જ કફોડી હોય છે. આ સમયે તેઓને તેમના પશુઓને પાણી-ઘાસચારો ન મળતા, ખૂબ જ કપરી પરિસ્થિતિમા જીવન ટકાવી રાખવા સંઘર્ષ કરવો પડે છે.

ગીર ફાઉન્ડેશન દ્વારા એન.એ.એફ.સી.સી. પ્રોજેક્ટ અંતર્ગત આબોહવા અનુકૂલનને લગતી કામગીરીની પહેલ દ્વારા વિપરીત પડકારોને પહોંચી વળવા ત્રણ પ્રકારે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે: (૧) લોકોનો આવાસ હોય તેવા વિસ્તારના નિવાસનતંત્રને પુન: સ્થાપિત કરવા (૨) જળસ્રોતોને સુરક્ષિત કરવા (૩) આજીવિકા સલામતી માટે વૈકલ્પિક આવક ઊભી કરવી. બન્ની ઘાસિયા વિસ્તારમાં ૫૦૦ હેક્ટરમાં ઘાસિયા મેદાનોનું પુન:સ્થાપન 'ગીર' ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ દરમ્યાન કરવામાં આવ્યું. જેમાં પરિયોજના અંતર્ગત પસંદગી પામેલા ૯ લાભાર્થી ગામ/વાંઢમાં ૫૦ હેક્ટરના ૧૦ પ્લોટ્સમાં ઘાસિયાં મેદાનોનું પુન:સ્થાપન તેમજ ૫૦-૫૦ હેક્ટરના બીજા બે પ્લોટ્સ એમ કુલ ૧૦૦ હેકટરમાં સીડબેંક પ્લોટ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી. આમ કુલ ૬૦૦ હેકટરમાં ઘાસિયાં મેદાનોના પુન: સ્થાપનની કામગીરી કચ્છ વન વર્તુળના બન્ની ગ્રાસલેન્ડ ડિવિઝનના સહકારથી પૂરી કરવામાં આવી છે. પસંદગી કરાયેલ ૧૨ ઘાસના પ્લોટસમાં બે પ્લોટને બીજ સાચવણી અર્થે રાખવામાં આવેલ હતા. આ જગ્યાએ ત્યાંના ઘાસની સ્થાનિક જાતિઓ સંગ્રહ થઇ શકે





અને વધુમાં વધુ તેનું સંરક્ષણ થાય એવો હેતુ હતો. લણણી કર્યા પછી પણ બીજને ભવિષ્યમાં વાપરી શકાય તેવી રીતે વ્યવસ્થિત સંગ્રહ કરવામાં આવ્યો છે. એનએએફસીસી પ્રોજેક્ટ અંતર્ગત પસંદગી કરાયેલા ઘાસના ૧૨ પ્લોટ્સ ૬૦૦ હેક્ટરમાં વિસ્તરિત છે; તેમાં ૫૦ હેક્ટરના ૧૦ પ્લોટ્સમાં ઘાસચારાની માંગણીને પૂર્ણ કરવા માટે વાવેતર કરવામાં આવ્યું તેમજ વધેલા ૨ પ્લોટ્સમાં બીજસંગ્રહ ઉછેર કરવામા આવેલ હતા.

બન્ની ઘાસિયાં મેદાનોની સ્થાનિક ઘાસની પ્રજાતિનું પુનઃસ્થાપન આ કામગીરી અંતર્ગત કરવામાં આવિ છે. પુનઃ સ્થાપન માટે પસંદ કરાવવામાં જગ્યામાં ફેલાયેલા ગાંડા બાવળને યાંત્રિક રીતે દૂર કરવામાં આવ્યા. ત્યારબાદ ખુલ્લા વિસ્તારને ખેડીને તેમાં બીજ વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રકારે આ વિસ્તારમાં ૧૦ થી પણ વધારે પ્રકારના સ્થાનિક ઘાસની વાવણી કરવામાં આવી હતી. જમીનને ખેડીને તૈયાર કરીને બીજારોપણ પણ કરવામાં આવ્યું હતુ. વાવેતર કરેલ વિસ્તાર લીલાછમ ઘાસિયા મેદાનમાં ફેરવાઇ ગયો હતો. ડિસેમ્બર મહિનાથી ઘાસ સુકાવાનું ચાલુ થયા પછી જાન્યુઆરીમાં ઘાસને કાપીને મશીનની મદદથી તેના પૂળા બનાવી તેનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. દરેક પૂળાનું વજન આશરે ૭૦-૭૫ કિગ્રા હતું. આ પ્રકારનું કામ કરવા માટે ત્યાંના સ્થાનિક શ્રમિકોને રૂ.૩૦૦ એક દિવસ દીઠ




આપવામાં આવ્યા છે.

ઘાસિયાં મેદાનોના પુનઃસ્થાપનની જવાબદારી કચ્છ વન વર્તુળના બન્ની ગ્રાસલેન્ડ ડિવિઝનને સોંપવામાં આવી હતી. બન્નીના પસંદ કરેલાં ૯ ગામોમાં શક્યતા સર્વેક્ષણ અને સમુદાય ક્રિયાપ્રતિક્રિયા હાથ ધરવામાં આવી હતી. સર્વે અને ગ્રામજનો સાથેની વાતચીતના આધારે, ૯ પ્રોજેક્ટ ગામોમાં વર્ષ ૨૦૧૮-૨૦૧૯ અને ૨૦૧૯-૨૦૨૦ દરમિયાન ૬૦૦ હેક્ટરમાં ઘાસ પ્લોટ વિકસાવવા નિર્ણય લેવામાં આવ્યો. જેમાં ૧૦૦ હે, ૫૦ હે ગોરેવલી ગામમાં અને ૫૦ હે આધ્યાંગ ગામમાં સીડબેંક પ્લોટનું નિર્માણ કરવામાં આવ્યું. કચ્છ જિલ્લામાં આવેલ બન્નીનાં ઘાસિયા મેદાનોને પુનઃસાધ્ય/પુનઃજીવિત કરવામાં આવેલ છે અને આ ઘાસિયા ભૂમિને હજી વધારે સુંદર રીતે ભવિષ્યમાં વિકાસ કરી શકાય તેવી શક્યતાઓ પેદા થયેલ છે.

(લેખક ગીર ફાઉન્ડેશનના નિયામકશ્રી છે)

# વાત, પડધરી સખીમંડળની મહિલાઓના આર્થિક સ્વાવલંબનની





પારૂલ આડેસરા

રાજકોટના પડધરીની મહિલાએ હસ્તકલાના જોરે દેશવિદેશમાં નામના મેળવી છે. આ મહિલા છે, રીટાબહેન ગોસ્વામી જેમણે સખીમંડળની અન્ય મહિલાઓને પણ આર્થિક સ્વાવલંબનનો માર્ગ ચીંધ્યો છે.

રીટાબહેને દીકરીના આણાની વસ્તુઓ, દિવાળીની આઇટમો બનાવવાની શરૂઆત સાવ નાના પાયે કરી હતી. તેઓ એક નાનકડા થેલામાં પોતાની વસ્તુઓ ઘરે ઘરે જઇને વેચતા હતાં. એવામાં સખીમંડળનો સહકાર મળ્યો, ને સરકારી સહાય પણ મળી. એટલે તેમણે પોતાના કામનો વ્યાપ વધાર્યો. સરકારી હસ્તકલા મેળામાં તેમને સ્ટોલ પ્રાપ્ત થવા લાગ્યા. તેમની વસ્તુઓ લોકપ્રિય થવા લાગી. હવે તેઓને તેમના માલસામાન માટે સામેથી ડિમાન્ડ રહે છે. હવે તેમને ઘરે બેઠાં ફોનથી જ ઓર્ડર પ્રાપ્ત થતા રહે છે. આ બહેન દેશનાં તમામ રાજયના હસ્તકલાના મેળામાં પોતાનો હુન્નર લોકો સુધી પહોંચાડી શકયાં છે. પોતાની ગામની બહેનોને પણ તેમણે પોતાની સાથે જોડી છે.

રીટાબહેન કહે છે કે અભ્યાસ ઓછો હતો. એટલે નોકરી તો મળે નહીં. હા, ભરતગૂંથણ સહિતની કલા આવડતી. એમાં 'નારી ગૌરવ' સખીમંડળની ૨૦૦૬માં સભ્ય બની. અમારી પ્રવૃત્તિ માટે એક વાર બાર હજારની અને પછી બે લાખ પાંસઠ હજારની વગર વ્યાજની લોન સરકાર દ્વારા મંજૂર કરાઇ હતી. જે પણ અમે ભરપાઇ કરી દીધી છે. આજ મારી સાથે મારા મંડળની દસે દસ બહેનો પગભર બની શકી છે. આ માટે અમે સરકારની સખીમંડળની કલ્યાણકારી યોજનાના આભારી છીએ.

આ સમગ્ર સખીમંડળના પ્રોજેકટ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનીલ રાણાવસીયા, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જે.કે. પટેલ સહિતના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સુપેરે કાર્યરત છે. ●

# મનરેગા યોજના બની શ્રમિકોની "સંજીવની"

સમગ્ર દેશમાં COVID-૧૯ ને કારણે લોકડાઉનમાં મનરેગા દ્વારા મનરેગાનાં વિવિધ સિંચાઈ અને જળસંચયનાં કામો થકી બોટાદ જિલ્લાના શ્રમિકોને ઘરઆંગણે રોજગારીનો અવસર પૂરો પાડવામાં આવ્યો હતો. જેના પરિણામે બોટાદ જિલ્લામાં ૬ લાખ ૧૫ હજાર ૩૭૭ શ્રમિકોને રોજગારી આપવામાં આવી હતી. જે પેટે કુલ રૂપિયા ૧૨૧૧ લાખ રોજગારી વેતન પેટે શ્રમજીવીઓના ખાતામાં સીધા જમા કરવામાં આવ્યા છે. આમ મનરેગા યોજના શ્રમિકો માટે સંજીવની પૂરવાર થઇ છે.

દેશવ્યાપી લોકડાઉનના કપરા સમયમાં બોટાદ તાલુકાના કાનીયાડ ગ્રામ પંચાયત દ્વારા રૂ.૧ કરોડ ૨૩ લાખ અને હડદડ ગ્રામ પંચાયત દ્વારા રૂ.૬૩.૫૨ લાખ જયારે રાણપુર તાલુકાના ઉમરાળા રૂ.૮૯ લાખ ઉપરાંત ગઢડા તાલુકાના ગઢાળી/કેરાળા અને લીંબાલી ગામે રૂ.૪૦ થી ૪૫ લાખ રોજગારી વેતન શ્રમિકોને પોતાનાં ખાતામાં મળ્યાં છે.

મનરેગા યોજનામાં ગ્રામ પંચાયત મહત્ત્વની ભૂમિકા હોવાનું બોટાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી લલિત નારાયણ સિંગ સાધે જણાવ્યું હતું. મનરેગા યોજના અંતર્ગત અગામી સમયમાં ખેડૂતલક્ષી કામ માટે લાભાર્થીની પસંદગી અગ્રતા યાદી કરી ગ્રામ પંચાયતના ઠરાવ દ્વારા દરેક ગામમાં અમલવારી કરવા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી બોટાદના નિયામક શ્રી એ.કે.જોશી દ્વારા જે તે ગ્રામ પંચાયતને જણાવવામાં આવ્યું છે. ●

# જલ જીવન મિશનઃગુજરાતનો બેસ્ટ પરફોર્મર રાજયોમાં સમાવેશ



ગુજરાત સરકારે રાજ્યના નાગરિકોની સુખ સુવિધાઓ માટે અનેકવિધ કાર્યો કર્યા છે. આરોગ્ય, શિક્ષણ, વિજળી, પોષણક્ષણ આહાર, પીવાનું શુદ્ધ પાણી સહિતની વ્યવસ્થા કરી છે. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના દરેક પરિવારને નલ સે જલ ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. જેમા ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રહી કાર્ય કરી રહ્યુ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાત જલ જીવન મિશન અન્વયે દેશના ૭ બેસ્ટ પરફોરમર રાજ્યોમાં અગ્રીમ રહ્યું છે.

તાજેતરમાં કેન્દ્રીય જલ શકિત મંત્રાલયે દેશના જે ૭ રાજ્યોએ જલ જીવન મિશનમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે તેને વિશેષ પ્રોત્સાહન રૂપે રૂ.૪૬૫ કરોડનું વિશેષ અનુદાન આપવાની જાહેરાત કરી છે. કેન્દ્રીય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે નવીદિલ્હીમાં આ જાહેરાત કરતા ગુજરાતની જલ જીવન મિશનની ગૌરવ સિદ્ધિ માટે કુલ રૂ.૪૬૫ કરોડ વિશેષ અનુદાનમાંથી ૧૦૦ કરોડ રૂપિયા એકલા ગુજરાતને ફાળવ્યા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં પાણી પુરવઠા વિભાગે રાજ્યના હેરક ઘરને ૨૦૨૨ સુધીમાં નલ સે જલ અંતર્ગત આવરી લેવાની કામગીરી મિશન મોડમાં ઉપાડીને આ ગૌરવ પ્રાપ્ત કર્યું છે. રાજ્યમાં કોઈને ફ્લોરાઈડયુક્ત કે ક્ષારવાળુ પાણી પીવાને કારણે હાથીપગો કે હાડકાના રોગો ન થાય, દાંત પીળાના પડી જાય તેમજ ગ્રામીણ બહેનોને માથે બેડા લઇ દૂર સુધી પાણી ભરવા જવુંના પડે તેવી પ્રતિબદ્ધતાથી શ્રી વિજયભાઈ રૂપાણીએ હર ઘર જલ પર ફોકસ કરીને સમગ્ર રાજ્યમાં ૨૦૨૨ સુધીમાં ૧૦૦ ટકા નલ સે જલ નો લક્ષ્યાંક રાખ્યો છે. રાજ્યના પાણી પુરવઠા વિભાગે આ લક્ષ્ય પૂર્તિ માટે અસરકારક આયોજન કરીને કામગીરી વેગવંતી બનાવી છે.

ગુજરાતે આ વર્ષે ૨૫ માર્ચ સુધીમાં ૧૧.૧૫ લાખ ફન્કશનલ હાઉસહોલ્ડ ટેપ કનેક્શન(FHTC)ના લક્ષ્યાંક સામે ૧૧.૫૦ લાખ ફન્કશનલ હાઉસહોલ્ડ ટેપ કનેક્શન (નળ જોડાણ) પૂરા કર્યા છે. એટલું જ નહિ રાજ્યના પાંચ જિલ્લા મહેસાણા, પોરબંદર, બોટાદ આણંદ અને ગાંધીનગર સો ટકા ગ્રામિણ ઘરોમાં નળ જોડાણ(FHTC) ધરાવતા જિલ્લા બન્યા છે.

ગુજરાત સરકારે રાજ્યના તમામ ઘરોમાં ગુણવત્તાયુક્ત ૧૦૦ લિટર પર કેપિટા પર ડે પાણી પહોંચે તે માટે નીતિઓ ઘડી છે. રાજ્ય સરકારે FHTC માટે બાકી રહેતા વિસ્તારો માટે વિવિધ યોજનાઓ હેઠળ પાણી પુરવઠા વિભાગ થકી કુલ રૂ. ૧૩ હજાર કરોડના વિકાસ કાર્યો હાથ ધર્યા છે. નર્મદા, કેનાલ, મહી, તાપી અને ધરોઈને સાંકળી વોટર ગ્રીડની મદદથી દરેક તાલુકા માટે સોર્સ અવેલેબિલીટી પણ સુનિશ્ચિત કરી છે. ●

# ટી.બી નિર્મૂલન ક્ષેત્રે ગુજરાત રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2025 સુધીમાં દેશમાંથી ટીબી જેવા રોગની નાબૂદી માટે નિર્ધાર કર્યો છે. કેન્દ્ર સરકાર પોતાના આ સંકલ્પને પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છે અને તે અંતર્ગત 'ટીબી હારેગા, દેશ જીતેગા' અભિયાન ચલાવવામાં આવ્યું છે. ગુજરાતે આ અભિયાનમાં અગ્રણી રાજ્ય બનીને રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયુ છે. ટીબી મુક્ત ભારતના અભિયાનને સાર્થક બનાવવાની દિશામાં ગુજરાતે ઉત્કૃષ્ઠ કામગીરી કરી છે. જેના પરિણામે રાજ્યના આ પાંચ જિલ્લાની રાષ્ટ્રીય સ્તરે પસંદગી કરીને સન્માનિત કરવામાં આવ્યા છે. મહેસાણા, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને બોટાદ જિલ્લાઓના ક્ષય અધિકારીશ્રીઓને સબ નેશનલ સર્ટિફિકેટ્સ અને બ્રોન્ઝ એવોર્ડ નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે રાજ્યના તમામ વિસ્તારોમાં ટીબી નિર્મૂલન માટે ઉત્કૃષ્ઠ કામગીરી થાય અને વર્ષ 2022માં ગુજરાત 'ટીબી મુક્ત' બની દેશના 'ટીબી હારેગા, દેશ જીતેગા' અભિયાનમાં અગ્રણી રાજ્ય બને તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ટીબીની સાથે-સાથે કોરોના અંગે પણ લોકોમાં જાગૃતિ ફેલાય તે માટે રાજ્ય સરકારના મંત્રીઓ અને આરોગ્ય ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓએ સમગ્ર રાજ્યમાં 'માસ્ક સેલ્ફી કેમ્પેઈન'માં ઉત્સાહપૂર્વક ભાગ લઈ લોકોમાં હકારાત્મક સંદેશનો પ્રચાર કર્યો હતો.

ગુજરાત સરકારે કેન્દ્ર સરકારના આ અભિયાનને ન માત્ર ઝીલ્યું છે પરંતુ 2022માં રાજ્યને 'ટીબી મુક્ત' બનાવવાના સંકલ્પ સાથે એક કદમ આગળ વધી 'ટીબી નિર્મૂલન'ની દિશામાં અગ્રણી રાજ્ય બનવાની પહેલ આદરી છે. આ માટે રાજ્યના અગ્ર સચિવ શ્રી ડૉ. જયંતિ રવિના માર્ગદર્શન અને આરોગ્ય કમિશ્નર શ્રી જયપ્રકાશ શિવહરેના વડપણ હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા ટીબી નાબૂદી માટે સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આમ, જન આંદોલન થકી ટીબી નાબૂદી માટે ગુજરાત સરકાર કૃતનિશ્ચયી છે. ●

# દ્વારકા મંદિર 'વર્લ્ડ અમેઝિંગ પ્લેસ'




ગુજરાત અનેક સામાજિક, સાંસ્કૃતિક, કુદરતી વિવિધતા ધરાવતું રાજ્ય છે. અહીં સાપુતારા જેવું હિલસ્ટેશન છે. ગિરનાર, પાવગઢ, અંબાજી, પાલીતાણા જેવા ધાર્મિક મહત્ત્વ ધરાવતા પર્વત છે. વિશ્વનું એકમાત્ર સફેદ રણ છે. દેશનો સૌથી લાંબો દરિયાકિનારો છે. તો વિશ્વના અજોડ એવા એશિયાટિક સિંહોની વસાહત પણ માત્ર ગુજરાતમાં છે. આ ઉપરાંત હજારો વર્ષોના ઇતિહાસને ઉજાગર કરતી સિંધુ સંસ્કૃતિના અવશેષો ઉપરાંત દ્વારકા, સોમનાથ જેવાં યાત્રાધામો માત્ર દેશના જ નહીં પરંતુ વિશ્વના પ્રવાસીઓને આકર્ષી રહ્યાં છે. ગુજરાત સરકારે રાજ્યના નાગરિકોને રોજગારી મળે અને યાત્રાધામોનું હોલિસ્ટિક ડેવલપમેન્ટ થાય એ દિશામાં કાર્ય કર્યું છે. જેને સમગ્ર દેશ દુનિયામાં નોંધ લેવાઈ રહી છે.

રાજ્યના ઐતિહાસિક ધાર્મિક સ્થળ એવા દ્વારકાનો રાજ્ય સરકાર દ્વારા પ્રવાસના દૃષ્ટિકોણથી વિકાસ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા પણ Heritage City Development and Augmentation Yojana (HRIDAY) યોજના અંતર્ગત પણ પ્રવાસીઓ માટે ખાસ સુવિધાઓ કરી વિકાસ કરાયો છે. દ્વારકા યાત્રાધામ ગુજરાત ઉપરાંત સમગ્ર વિશ્વના પ્રવાસનના નકશામાં ઉભરી આવ્યું છે. તાજેતરમાં અમેરિકાના ન્યુજર્સીના વર્લ્ડ ટેલેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા દ્વારકા જગત મંદિરને વર્લ્ડ અમેઝિંગ પ્લેસનુ સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું છે.

યાત્રાધામ દ્વારકાના પ્રસિદ્ધ જગત મંદિર ખાતે દર વર્ષે લાખો દર્શનાર્થીઓ આવે છે દ્વારકાધીશ જગત મંદિરને વર્લ્ડ અમેઝિંગ પ્લેસ તરીકેનું પ્રમાણપત્ર એનાયત કરાતા દ્વારકા યાત્રાધામ વિશ્વનાં પ્રવાસન સ્થળોની હરોળમાં મુકાયું છે. વર્લ્ડ ટેલેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા દ્વારકાનો પ્રચાર પ્રસાર કરાશે. જેના કારણે વિશ્વના અનેક દેશના લોકોને દ્વારકા અંગેની માહિતી મળી રહેશે. ●

# શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્ર અને કલાકાર કસબીઓના એવોર્ડ્સ જાહેર કરાયા

ગુજરાત સરકાર દ્વારા વર્ષ-૨૦૧૯ના ગુજરાતી ચલચિત્રોના એવોર્ડ્સની જાહેરાત કરવામાં આવી છે. શ્રેષ્ઠ ચલચિત્ર તરીકે ‘‘હેલ્લારો’’ વિજેતા છે અને ‘‘હેલ્લારો’’ના દિગ્દર્શક શ્રી અભિષેક શાહને શ્રેષ્ઠ દિગ્દર્શક જાહેર કરાયા છે. શ્રેષ્ઠ અભિનેતા શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા (ચાલ જીવી લઈએ) અને શ્રેષ્ઠ અભિનેત્રી કુ. આરોહી પટેલ (ચાલ જીવી લઈએ) જાહેર કરાયાં છે. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતી ચલચિત્રોના વિજેતા થયેલા શ્રેષ્ઠ કલાકાર -કસબીઓને અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ-૨૦૧૯ અમલી કરી છે. આ નીતિ અંતર્ગત ગુજરાતી ચલચિત્રોના કલાકાર-કસબીઓને વિવિધ કેટેગરીમાં પારિતોષિક અને રોકડ પુરસ્કાર પ્રદાન કરવામાં આવે છે. વર્ષ-૨૦૧૯ દરમિયાન સિનેમાગૃહમાં પ્રદર્શિત થયેલાં ચલચિત્રોમાંથી પારિતોષિકની પસંદગી કરવા માહિતી નિયામકની કચેરી દ્વારા એન્ટ્રી મંગાવવામાં આવી હતી. પારિતોષિક પસંદગી માટે રચાયેલી ચલચિત્ર પરીક્ષણ સમિતિ દ્વારા કરાયેલા પરીક્ષણ પછી રાજ્ય સરકાર દ્વારા એવોર્ડ્સ અને રોકડ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. ●






# VISWAS પ્રોજેક્ટને 'Smart Cities India Awards-2021' એનાયત

ગુજરાત એટલે વિકાસ, સુરક્ષા અને સલામતીનો પર્યાય. ગુજરાતની આ ઉજ્જવળ છબી પાછળ રાજ્ય સરકારની કાર્યદક્ષતા રહેલી છે. ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની ઉત્તમ સ્થિતિનું નિર્માણ કરી પ્રત્યેક નાગરિકને તેની પ્રતીતિ કરાવી છે. રાજ્યના ગૃહ વિભાગે અનેકવિધ પ્રોજેક્ટો અમલી બનાવી નાગરિકોને સલામતી, સુરક્ષાનો અહેસાસ કરાવ્યો છે. જેની માત્ર રાજ્યમાં જ નહીં પરંતુ રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવતી રહી છે. તાજેતરમાં જ દેશના વાણિજ્ય મંત્રાલયના India Trade Promotion Organization અને Exhibition India Group દ્વારા આયોજિત એક સમારોહમાં ગુજરાત પોલીસના VISWAS Project ને 'Safe City' કેટેગરીમાં Smart Cities India Awards-2021 એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.



રાજ્યના ગૃહ વિભાગ કાર્યરત Video Integration & State wide Surveillance System-VISWAS Project અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૩૪-જિલ્લાનાં મુખ્ય મથકો, ૬-પવિત્ર યાત્રાધામો જેવાં કે અંબાજી, પાવાગઢ, પાલીતાણા, સોમનાથ, દ્વારકા અને ડાકોર તેમજ Statue of Unity, કેવડિયા કોલોની એમ કુલ-૪૧ શહેરોને આવરી લેવામાં આવેલાં છે. આ શહેરોમાં ટ્રાફિક જંકશન, પ્રવેશ, એક્ઝિટ પોઈન્ટ અને અન્ય સ્ટ્રેટેજિક સ્થળોએ ૭૦૦૦થી વધુ સીસીટીવી કેમેરા લગાવી, સબંધિત જિલ્લાના "નેત્રમ" (District Level Command & Control Centre) સાથે Broad Band કનેક્ટિવિટીથી જોડવામાં આવ્યા છે. તમામ જિલ્લાઓના "નેત્રમ"ને ગાંધીનગર ખાતેના "ત્રિનેત્ર" (State Level Command & Control Centre) સાથે જોડવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ હેઠળ વિવિધ પ્રકારના Video Analytics સ્થાપિત કરવામાં આવ્યું છે.

વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત Integrated Traffic Management Systemના ઉપયોગથી e-Challan System કાર્યરત કરવામાં આવી છે. જેના થકી ટ્રાફિક નિયમના ભંગ બદલ વાહન માલિકને e-Challan ઈસ્યૂ કરવામાં આવે છે. જેની માંડવાળ રકમની ચુકવણી માટે નાગરિકોને સરળતા રહે તે માટે Online Payment Systemની સુવિધા ચાલુ કરવામાં આવી છે. રાજ્યના લોકોની સુરક્ષા વધુ મજબૂત બનાવવા અને કાયદો અને વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવામાં આ પ્રોજેક્ટ ખૂબ જ મહત્ત્વનો સાબિત થઈ રહ્યો છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત CCTV કેમેરાનું મજબૂત નેટવર્ક ગોઠવવામાં આવ્યું છે. જેના ઉપયોગથી રાજ્યભરના વિવિધ જિલ્લામાં અકસ્માત, હિટ એન્ડ રન, ચોરી, લૂંટ, ચેન સ્નેચિંગ, કિડનેપિંગ, ગુમ થયેલ વ્યક્તિ, VVIP/VIP ના બંદોબસ્ત તેમજ મેળા-ઉત્સવો પ્રસંગે ટ્રાફિક નિયમન તેમજ તપાસમાં ઉપયોગી બને છે. અત્યાર સુધીમાં કુલ ત્રણ હજારથી વધુ બનાવોના ગુના ઉકેલવામાં, તપાસના કામે તેમજ બંદોબસ્ત સમયે ગુજરાત પોલીસને આ પ્રોજેક્ટ ઉપયોગી થયો છે.

રાજ્ય સરકારના ગૃહ વિભાગના અતિ મહત્ત્વના VISWAS પ્રોજેક્ટને પ્રતિષ્ઠિત "Skoch Gold Award-2019" અને વર્ષ ૨૦૨૦માં "Governance Now India Police Awards-2020" પણ પ્રાપ્ત થયો છે. .

## VISWAS(Video Integration & State wide Surveillance System)

રાજ્યના ગૃહ વિભાગના મહત્ત્વના પ્રોજેક્ટનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ૦૭ માર્ચ, ૨૦૧૯ના બનાસકાંઠાના પાલનપુર ખાતેથી રાજ્યના સાત જિલ્લાઓમાં આરંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ પ્રોજેક્ટને રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ શરૂ કરવામાં આવ્યો. આ પ્રોજેક્ટ માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં એક કમાન્ડ કંટ્રોલ સેન્ટર-નેત્રમ બનાવવામાં આવ્યું છે.

### પ્રોજેક્ટના ફાયદાઓ:

૧. ગુનાઓની તપાસમાં મદદરૂપ.
૨. ગુનાઓ અટકાવવામાં અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મદદરૂપ.
૩. ટ્રાફિકના નિયમનમાં ઉપયોગી.
૪. ધાર્મિક સ્થળો ખાતે પૂનમ અથવા ચોક્કસ દિવસે અથવા મોટા મેળાવડામાં થતી ભીડને કાબૂમાં લેવા માટે અને યોગ્ય વ્યવસ્થા જાળવવા માટે ઉપયોગી
૫. પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, વાહન અથવા અજાણ્યા સાધનો/વસ્તુ દ્વારા થતી ઘૂસણખોરીને ડિટેક્ટ કરી શકાશે. ●

# ફૂલોની ખેતીથી મઘમઘ્યો વડોદરા જિલ્લો

એસ. જે. મિશ્રા / સોનાલી મિસ્ત્રી

વડોદરાની ખેતીમાં પુષ્પકૃષિ ફૂલીફાલી છે. વૈવિધ્યતાની વાત કરીએ તો જ્યાં કરજણ તાલુકાના સાયરનાં ખેતરો ગુલાબથી મહેંકે છે તો ડભોઇ તાલુકાના નાના ફોફળિયા ગામના ત્રણ કૃષિ સાહસિકોનાં ખેતરો રજનીગંધાની મનને તરબતર કરી દે તેવી સોડમથી મઘમઘે છે.

નાના ફોફળિયા ગામમાં ટ્યૂબરોઝ અથવા રજનીગંધા, કામિની તથા ગલગોટાની ખેતી કરવામાં આવે છે. નાના ફોફળિયામાં ટ્યૂબરોઝની એટલે કે રજનીગંધાની ખેતી કરતા જીતુભાઇએ જણાવ્યું કે તેઓ તેમની ૫થી ૮ વીઘા જમીનમાં ૧૮ વર્ષથી ફક્ત ટ્યૂબરોઝની ખેતી કરે છે. તેઓ દિલ્હીથી દોઢથી બે રૂપિયામાં ટ્યૂબરોઝના બિયારણ માટેની ગાંઠ મંગાવે છે. આ કંદમાંથી ઊગતું ફૂલ હોવાથી તેને કંદફૂલ પણ કહેવામાં આવે છે જે બૂકે બનાવવામાં, લગ્નમંડપની સજાવટમાં ખૂબ ઉપયોગી છે. આ ફૂલની છૂટી ડાળીઓનો પણ જન્મ દિવસે ભેટ આપવામાં ઉપયોગ થાય છે. તેના ઉત્પાદનને વડોદરા તથા અમદાવાદના ફૂલબજારમાં વેચાણ કરે છે. 10 ફૂલોની એક ઝૂડી બનાવવામાં આવે છે અને વેપારીઓને પૂરી પાડવામાં આવે છે.

વધુમાં જીતુભાઇએ જણાવ્યું હતું કે, સિંગલ ટ્યૂબરોઝની સુગંધ વધુ સારી આવે છે તેથી તેનું વેચાણ વધુ થાય છે. ચોમાસામાં ટ્યૂબરોઝનું ઉત્પાદન વધુ થાય છે જેનાથી તેના ભાવમાં ઘટાડો થાય છે. જ્યારે બાકીની મોસમમાં માંગ સામે ઉત્પાદન ઓછું હોવાથી ઊંચા ભાવ મળે છે.


ટ્યૂબરોઝ સિવાય જીતુભાઈએ ગુલદસ્તો બનાવવામાં બેઝ તરીકે જેની ડાળીઓ અને પાંદડીઓનો ઉપયોગ થાય છે તેવી કામિનીનું પ્રથમવાર વાવેતર કર્યું છે. તેમણે અગાઉ એકાદ વીઘામાં તેનું પ્રાયોગિક વાવેતર કર્યું હતું જેમાં સફળતા મળતાં હવે વધુ વાવેતર કરવાના છે.

માત્ર રજનીગંધા જ નહીં પરંતુ વડોદરાના કરજણ તાલુકમાં કાશ્મીરી ગુલાબ સહિતનાં ફૂલોની ખેતી વ્યાપક પ્રમાણમાં થાય છે. કરજણ તાલુકામાં મુખ્યત્વે સાયર, મોટી કોરલ અને નાની કોરલ, પૂરા, દેરોલી, રણાપૂર, કોઠીયા અને દિવેર વગેરે ગામોમાં કાશ્મીરી તથા દેશી ગુલાબની ખેતી થાય છે. કરજણ તાલુકાના સાયર ગામના મુકેશભાઇ માછી પેઢી દર પેઢી ગુલાબની ખેતી કરે છે. તેમણે જણાવ્યું હતું કે, કોરોના કાળના લોકડાઉન સમય દરમિયાન ગુલાબના ભાવ ઓછા થઈ જતાં તેમણે પહેલીવાર ગુલાબની પાંખડીઓ સૂકવીને સાવલી તાલુકાના કુંજરાવમાં વેચી આવક મેળવી હતી.

કાશ્મીરી ગુલાબની પાંખડીઓ દેશી ગુલાબની તુલનાએ મોટી અને વધુ સારી હોય છે તેથી ગુલકંદ બનાવવા માટેની ગુણવત્તા સારી રહે છે. કાશ્મીરી ગુલાબ દેશી ગુલાબની સરખામણીમાં વધુ ટકાઉ છે. કાશ્મીરી ગુલાબનું વેચાણ વડોદરા, સુરત, અમદાવાદ, ભાવનગર જેવાં શહેરોમાં ઉપરાંત પાર્સલથી મુંબઈ અને દિલ્હી જેવા મેટ્રો શહેરોમાં સુધી થાય છે.

રાજ્યના બાગાયત ખાતાની યોજના હેઠળ રજનીગંધાની ખેતી માટે પ્લાન્ટિંગ મટીરિયલ સબસિડી એટલે કે વાવેતર સહાય મળી શકે છે. આ અંગે જાણકારી આપતાં નાયબ બાગાયત નિયામકની કચેરીના બાગાયત અધિકારી યોગેશ ખોટે જણાવ્યું કે આ વર્ષે પહેલીવાર નાના ફોફળિયાના ત્રણ ખેડૂતોએ રજનીગંધાની ખેતી માટે વાવેતર સહાય એટલે કે પ્લાંટિંગ મટીરિયલ સબસિડી મેળવવા અરજી કરી છે. આ કંદ ફૂલની ખેતી માટે નાના અને સીમાંત ખેડૂતોને હેકટરે રૂ.60 હજાર અને અન્ય મોટા ખેડૂતોને હેકટરે રૂ.37500 ની સહાય યોજના હેઠળ શરતો પ્રમાણે મળી શકે છે. જ્યારે સન 2020 - 21 માં વડોદરા કચેરી દ્વારા અંદાજે 200 જેટલા ખેડૂતો ને 30 હેકટર જમીનમાં ગુલાબની ખેતી માટે વાવેતર સહાય આપવામાં આવી હતી. ●





સાવચેતીમાં જ સાચી સલામતી
હાથ વારંવાર ધુઓ
માસ્ક સાચી રીતે પહેરો
છ ફૂટનું અંતર જાળવો
હારશે કોરોના,
જીતશે ગુજરાત
જ્યાં સુધી દવા નહીં,
ત્યાં સુધી ઢીલાશ નહીં

# રાષ્ટ્રીય ચેતનાની આહલેક... દાંડીયાત્રા



R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10, LPWP No. PMG/HQ/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : MBC, Gandhinagar/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**104 + 4 Cover = Total 108 Pages** • **Editor and Published by** Ashok Kalariya (Director of Information) on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦